દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ

[પ્રથમ ખંડ]

ગાંધીજી

દક્ષિણ આફ્રિકાના

સત્યાગ્રહનો ઇતિહાસ

[પ્રથમ ખંડ]

લેખક

મોહનદાસ કરમચંદ ગાંધી

નવજીવન પ્રકાશન મન્દિર

અમદાવાદ

૭ આના

મુદ્રક અને પ્રકાશક:
વેણીલાલ છગનલાલ બૂચ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ

સં. ૧૯૮૦

આવૃત્તિ પહેલી
પ્રત ૩૦૦૦

પ્રકાશકનું નિવેદન


ગાંધીજીએ યેરવડા જેલમાં લખેલા આ ઇતિહાસનો જે ભાગ છેલ્લા ચાર માસમાં 'નવજીવન'માં કકડે કકડે પ્રસિદ્ધ થઇ ચૂકયો છે તેમાંથી પ્રથમ ખંડ અહીં પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવે છે. બાકીનો લગભગ અરધોઅરધ ભાગ ગાંધીજી હજુ હવે લખવાના છે. તે પૂરો થતાં સમય જાય તેમજ આખો ગ્રંથ એકજ પુસ્તકમાં કંઇક મોટો થઇ પડે તેથી આ ખંડ હાલ તુરત બહાર પાડવાનું દુરસ્ત ધાર્યું છે.

પુસ્તક સસ્તું અપાય એ હેતુથી 'નવજીવન'ને સારૂ ગોઠવેલાં બીબાંમાંથીજ પૃષ્ઠો પાડીને આ પુસ્તકના ફરમા છાપ્યા છે. પણ તેથી નવજીવનમાં રહી ગએલી કેટલીક ભૂલો આમાં પણ રહી જવા પામી છે અને છપાઇ પણ સંતોષકારક થઇ શકી નથી. આ ત્રૂટીઓ વાચકવર્ગ દરગુજર કરે અને આ પુસ્તકમાં છૂટા મૂકેલ શુદ્ધિપત્ર ઉપરથી મુખ્ય ભૂલો સુધારી લે એવી વિનંતિ છે.

આ ઇતિહાસમાં આવતાં સ્થળો, પ્રદેશો ઇ. સમજવામાં વાંચનારને સુગમતા પડે એ હેતુથી આફ્રિકા અને હિન્દુસ્તાનના જરૂરી ભાગો દેખાડનારા બે નકશા આ પુસ્તકમાં આપ્યા છે. આ ઇતિહાસમાં મહત્ત્વનો ભાગ ભજવનારી વ્યક્તિઓનાં ચિત્રો પણ આપવાની મનીષા હતી પણ કેટલાંક ચિત્રો વેળાસર મળવામાં મુશ્કેલી પડ્યાથી તેમજ પુસ્તકને બે વાર ખરચાળ કરવાનો ઇરાદો ન હોવાથી ચાલૂ આવૃત્તિમાં તેવાં ચિત્રો મૂકવાનો વિચાર પડતો મેલ્યો છે.

વ્યવસ્થાપક, નવજીવન

સાંકળિયું



० २० ४० ६० ८० १०० १२०
र शि या
सा य बी रि या
जर्मनी
तुर्की
ईरान
चीन
हिंदुस्तान
दिल्ली
इजिप्त
ट्रिपोली
सहरा
सुदान
केनिया
अंदामान
पासिफिक
महासागर
आटलान्टिक
महासागर
आस्ट्रेलिया
केपटाउन
डर्बन
हिंदुस्ताननां
वेपारना मार्ग

પ્રાસ્તાવિક

દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓની સત્યાગ્રહની લડત આઠ વર્ષ ચાલી. 'સત્યાગ્રહ' શબ્દ તે લડતને અંગે શોધાયો ને યોજાયો. એ લડતનો ઇતિહાસ મારે હાથે લખાય એમ હું ઘણા વખત થયાં ઇચ્છતો હતો. કેટલુંક તો હું જ લખી શકું. કઇ વસ્તુ કયા હેતુથી થઇ એ તો લડાઇનો ચલાવનાર જ જાણી શકે. અને મોટા પાયા ઉપર રાજ્યપ્રકરણી ક્ષેત્રમાં આ અખતરો પહેલો જ હતો એટલે એ સત્યાગ્રહના સિદ્ધાન્તનો વિકાસ લોકો જાણે એ ગમે તે પ્રસંગે આવશ્યક ગણાય.

પણ આ વેળા તો હિન્દુસ્તાનમાં સત્યાગ્રહનું વિશાળ ક્ષેત્ર છે. વિરમગામની જકાતની નાની સરખી લડતથી તેનો અનિવાર્ય ક્રમ થયો છે.

વિરમગામની જકાતની લડતમાં નિમિત્ત વઢવાણનો સાધુ-ચરિત પરગજુ દરજી મોતીલાલ હતો. વિલાયતથી આવેલો ૧૯૧૫ની સાલમાં હું કાઠીઆવાડ જતો હતો. ત્રીજા વર્ગમાં હતો. વઢવાણ સ્ટેશને આ દરજી પોતાની નાનીશી ટુકડી લઇને આવ્યો હતો. તેણે વિરમગામની થોડી વાત કરીને મને કહ્યું:

'આ દુઃખનો ઇલાજ કરો. કાઠીઆવાડમાં જન્મ લીધો છે એ સફળ કરો.' તેની આંખમાં દૃઢતા ને કરુણા બંને હતાં.

મેં પૂછ્યું: 'તમે જેલ જવા તૈયાર છો?'

તુરત જવાબ મળ્યો: 'અમે ફાંસી જવા તૈયાર છીએ.'

હું: 'મને જેલ જ બસ છે, પણ જોજો વિશ્વાસઘાત ન થાય.'

મોતીલાલ બોલ્યો: 'એ તો અનુભવે ખબર પડશે.'

હું રાજકોટ પહોંચ્યો, વધારે વિગતો મેળવી, સરકારની સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. બગસરા વગેરેનાં ભાષણોમાં વિરમગામની જકાત વિષે સત્યાગ્રહ કરવો પડે તો કરવા તૈયાર રહેવાની સૂચના કરી. એ ભાષણ સરકારી દફતરે તેની વફાદાર છૂપી પોલીસે પહોંચાડ્યું. પહોંચાડનારે સરકારની સેવા કરી ને કોમની પણ અજાણતાં સેવા કરી. છેવટે લૉર્ડ ચેમ્સફર્ડની સાથે તે વિષે વાત થઈ ને તેમણે આપેલું વચન પાળ્યું. બીજાઓએ પ્રયાસ કરેલો હું જાણું છું. પણ આમાંથી સત્યાગ્રહ થશે એવો સંભવ હતો તેથી જકાત રદ થઈ એવો મારો દૃઢ અભિપ્રાય છે.

વિરમગામ પછી ગીરમીટનો કાયદો. એ કાયદો રદ કરવાને સારુ ખૂબ પ્રયાસ થયા હતા. તે લડતને સારુ જાહેર ચળવળ સારી પેઠે થઈ હતી. મુંબઈમાં થએલી સભામાં ગીરમીટ બંધ કરવાની તારીખ ૩૧મી જુલાઈ ૧૯૧૭ ઠરાવવામાં આવી હતી. તે તારીખ કેમ મુકરર થઈ તેનો ઇતિહાસ અહીં ન અપાય. તે લડતને અંગે વાઇસરાય પાસે પહેલું બ્હેનોનું ડેપ્યુટેશન ગયું. તેમાં મુખ્ય પ્રયાસ કોનો હતો એ લખ્યા વિના ન જ રહી શકાય. ચિરસ્મરણીય બ્હેન જાઈજી પીટીટનો એ પ્રયાસ હતો. એ લડતમાં પણ કેવળ સત્યાગ્રહની તૈયારીથી જ વિજય થયો. પણ તેને અંગે જાહેર ચળવળની જરૂર હતી એ ભેદ યાદ રાખવાજોગ છે. ગીરમીટનો અટકાવ વિરમગામની જકાત કરતાં વજનદાર હતો. લૉર્ડ ચેમ્સફર્ડે રોલેટ એક્ટ પછી ભૂલો કરવામાં મણા નથી

રાખી. છતાં તે શાણા વાઇસરાય હતા એમ મને હજુયે લાગે છે. સિવિલ સર્વિસના સ્થાયી અમલદારોના પંજામાંથી છેવટ લગી કયો વાઇસરાય બચી શકે !

ત્રીજી લડત ચંપારણ્યની. તેનો વિગતવાર ઇતિહાસ રાજેન્દ્ર બાબુએ લખ્યો છે. આમાં સત્યાગ્રહ કરવો પડ્યો. કેવળ તૈયારીથી બસ ન હતું. પણ સામેના પક્ષનો સ્વાર્થ કેટલો બધો હતો ! ચંપારણ્યમાં લોકોએ શાંતિ કેટલી જાળવી એ નોંધવા યોગ્ય છે. નેતાઓએ બધાએ મનથી, વચનથી ને કાયાથી સંપૂર્ણ શાંતિ જાળવી એનો હું સાક્ષી છું. તેથી જ આ સૈકાઓનો સડો છ માસમાં નાબુદ થયો.

ચોથી લડત અમદાવાદના મિલમજૂરોની. તેનો ઇતિહાસ ગુજરાત ન જાણે તો કોણ જાણે ? મજૂરોની કેવી શાંતિ ! નેતાઓને વિષે મારે કંઈ કહેવું હોય ? છતાં આ જીતને મેં સદોષ ગણી છે, કેમકે મજૂરોની ટેક જાળવવા સારુ થયેલો મારો અપવાસ માલીકો ઉપર દબાણરૂપ હતો. તેમની વચ્ચેનો મારો સ્નેહ અપવાસની અસર તેઓની ઉપર પાડે જ. એમ છતાં લડતનો સાર તો ચોખ્ખો છે. મજૂરો શાંતિથી ટકી રહે તો તેની જીત થાય જ ને તેઓ માલીકોનાં મન હરણ કરે. તેઓ માલીકોનાં મન હરણ નથી કરી શકયા, કેમકે મજૂરો મન, વચન, કાયાથી નિર્દોષ—શાંત ન ગણાય. તેઓ કાયાથી શાંત રહ્યા એ પણ ઘણું મનાય.

પાંચમી લડત ખેડાની. આમાં બધા નેતાઓએ કેવળ સત્ય જાળવ્યું એમ હું નથી કહી શકતો. શાંતિ તો જળવાઈ. રૈયત-વર્ગની શાંતિ કંઈક મજૂરોના જેવી કેવળ કાયિક જ હતી. તેથી માત્ર માન જ રહ્યું. લોકોમાં ભારે જાગૃતિ આવી. પણ ખેડાએ

પૂરો શાંતિપાઠ નહોતો લીધો; મજૂરો શાંતિનું શુદ્ધ સ્વરૂપ સમજ્યા નહોતા; તેથી રોલેટ ઍક્ટના સત્યાગ્રહ વેળા લોકોને સહન કરવું પડ્યું, મારે મારી હિમાલય જેવડી ભૂલ કબૂલ કરવી પડી ને ઉપવાસ કરવા કરાવવા પડ્યા.

છઠ્ઠી લડત રોલેટ કાયદાની. તેમાં આપણામાં રહેલા દોષો ઉભરાઈ આવ્યા. પણ મૂળ પાયો સાચો હતો. દોષોમાત્ર કબૂલ કર્યા; પ્રાયશ્ચિત્ત કર્યું. રોલેટ કાયદાનો અમલ તો કદિ ન થઈ શક્યો ને છેવટે એ કાળો કાયદો રદ પણ થયો. એ લડતે આપણને મોટો પાઠ આપ્યો.

સાતમી ખિલાફત, પંજાબ ને સ્વરાજની લડત. તે ચાલી રહી છે. તેમાં એક પણ સત્યાગ્રહી સાબેત રહે તો વિજય છે જ એ મારો વિશ્વાસ અડગ છે.

પણ ચાલુ લડત મહાભારત છે. તેની તૈયારી અનિચ્છાએ કેમ થઈ તેનો ક્રમ હું આપી ગયો છું. વિરમગામની જકાત વખતે મને શી ખબર કે બીજી લડતો લડવાની રહેશે ? વિરમગામની પણ મને દક્ષિણ આફ્રિકામાં થોડી જ ખબર હતી ? સત્યાગ્રહની એ ખૂબી છે. તે આપણી પાસે આવી પડે છે, તેને શોધવા જવું પડતું નથી. એ તેના સિદ્ધાંતમાં જ રહેલો ગુણ છે. જેમાં કાંઈ છૂપું નથી, જેમાં કાંઈ ચાલાકી કરવાપણું નથી રહેતું, જેમાં અસત્ય તો હોય જ નહિ, એવું ધર્મયુદ્ધ તો અનાયાસે જ આવે છે; અને ધર્મી તેને સારૂ હમેશાં તૈયાર જ હોય છે. પ્રથમથી રચવું પડે તે ધર્મયુદ્ધ નથી. ધર્મયુદ્ધનો રચનાર ને ચલાવનાર ઇશ્વર છે. તે યુદ્ધ ઇશ્વરને નામે જ ચાલી શકે, અને જ્યારે સત્યાગ્રહીના બધા પાયા ઢીલા થઈ જાય છે, તે છેક નિર્બળ બને છે, ચોમેર અંધકાર વ્યાપે છે, ત્યારે જ ઇશ્વર સહાય કરે છે. મનુષ્ય જ્યારે

રજકણથી પણ પોતાને નીચો માને છે ત્યારે ઇશ્વર સહાય કરે છે. નિર્બળને જ બળ રામ આપે છે.

આ સત્યનો અનુભવ તો આપણને હવે થવાનો છે તેથી દક્ષિણ આફ્રિકાનો ઇતિહાસ આપણને મદદરૂપ છે એમ હું માનું છું.

જે જે અનુભવો આપણને આજ લગી ચાલુ લડતમાં થયા છે તેને લગતા અનુભવો દક્ષિણ આફ્રિકામાં થયેલા વાંચનાર જોશે. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ આપણને એ પણ બતાવશે કે હજી સુધી આપણી લડતમાં નિરાશાનું કારણ એક પણ નથી. વિજયને સારૂ કેવળ આપણી યોજનાને દઢતાપૂર્વક વળગી રહેવાની જ જરૂર છે.


આ પ્રસ્તાવના હું જુહુમાં લખી રહ્યો છું. ઇતિહાસનાં ૩૦ પ્રકરણ યરોડા જેલમાં લખ્યાં. હું બોલતો ગયો ને ભાઈ ઇન્દુલાલ યાજ્ઞિકે લખ્યાં. બાકીનાં હવે પછી લખવા ધારૂં છું. જેલમાં મારી પાસે આધારોને સારૂ પુસ્તક ન હતાં. અહીં પણ તે એકઠાં કરવા હું ઇચ્છતો નથી. વિગતવાર ઇતિહાસ આપવાને સારૂ મને અવકાશ નથી અને નથી ઉત્સાહ કે ઇચ્છા. ચાલુ લડાઈમાં મદદરૂપ થઇ પડે અને નવરાશવાળા સાહિત્યવિલાસીના હાથથી એ ઇતિહાસ વિગતવાર લખાય તો તેના કાર્યમાં મારો પ્રયત્ન સુકાનરૂપ થઈ પડે એ જ આશય છે. જો કે આધાર વિના લખેલી વસ્તુ છે તો પણ તેમાં એક પણ હકીકત બરોબર નથી અથવા એક પણ જગ્યાએ અતિશયોક્તિ છે એમ કોઇ ન સમજે એવી વિનંતિ છે.

જુહુ, બુધવાર,
સં. ૧૯૮૦ ફાગણ વદ ૧૩
ઇ. સ. ૧૯૨૪ ૨જી એપ્રિલ.

મોહનદાસ કરમચંદ ગાંધી

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૫	૧૯	મુરશિદોના	મુરીદોના
૧૭	૮	અમાનુષી	અલૌકિક
૧૮	૧	નાક	મ્હોં
૧૯	૧૯	જોવાય છે	દેખાય છે
૨૦	૨૨	ક્ષિણ	દક્ષિણ
૩૩	૨૦	ઇસ્કંબે	એસ્કંબે
૩૮	છેલ્લી	હ	હવે
૪૪	૧૪	વિસ્તીર્ણ	વિગતવાર
૫૫	૧૫	૮૯૩	૧૮૯૩
૬૯	૧૯	જ્યારે	જ્યારે સભા
૭૦	૧૨, ૧૪	ફુર્લિન્ડ	ફોર્લૅન્ડ
૭૭	૨૨	'શિક્ષા'મ.	'શિક્ષા'માં
૯૭	૨૩	યતવર્ગનો	રૈયતવર્ગનો
૯૮	૮	યથા ક્તિ	યથાશક્તિ
,,	૧૦	ઓલમાથી	ઓલમાંથી
૧૦૫	૨૧	પૅામ પૅામ	'પૅામ્ પૅામ્'
,,	૨૫	કંઇને	કંઇને કંઇ ઓથ નીચે છુપાઇ
૧૧૮	છેલ્લી	ાઅર	બોઅર
૧૧૯	૧	હતું	હતું એ
૧૫૧	૨૪	ઉપ ગ	ઉપયોગ
૧૬૨	૧૭	સિમંડઝ	સીમન્ડ્ઝ
૧૬૩	૨૧	સિમન્ડઝ	,,
૧૭૫	૧૪	હસ્કિનની	હૉસ્કિનની
૧૯૨	૩	લેત	લેતાં
૨૩૯	૨૪	કુમારીકા	કુમારિકા
૨૬૦	(કૉલમ ૨) ૧૦	સૅાડર્સ	સૅાન્ડર્સ



ब्रिटिश
साउथ आफ्रिका
२ टोंगाट
३ वेरुलम
५ पिटर मारित्सबर्ग
९ जर्मिस्टन
११ चार्ल्सटाउन
केपटाउन
डर्बन
पोर्ट एलिज़ाबेथ
केप ऑफ गुड होप
ओरेन्ज नदी
लिम्पोपो नदी
डर्बनथी मुंबई
डर्बनथी मोरेशियस
नेटाल
लेडीस्मिथ

પ્રકરણ ૧ લું

ભૂગોળ

આફ્રિકા એ દુનિયાના મ્હોટામાં મ્હોટા ખંડોમાંનો એક છે. હિન્દુસ્તાન પણ એક ખંડ જેવડો મુલક ગણાય છે છતાં આફ્રિકામાંથી કેવળ ક્ષેત્રફળની દૃષ્ટિએ ચાર અથવા પાંચ હિન્દુસ્તાન થાય. તેમાં દક્ષિણ આફ્રિકા એટલે આફ્રિકાનો છેક દક્ષિણ વિભાગ. હિન્દુસ્તાનની જેમ આફ્રિકા પણ દ્વીપકલ્પ છે. એટલે દક્ષિણ આફ્રિકાનો મ્હોટો ભાગ સમુદ્રથી વીંટળાયેલો છે. આફ્રિકા વિષે સામાન્ય ખ્યાલ એવો રહેલો છે કે ત્યાં વધારેમાં વધારે ગરમી પડે છે, અને એક દૃષ્ટિએ એ વાત સાચી છે. ભૂમધ્યરેષા આફ્રિકાની વચમાંથી જાય છે અને એ રેષાની આસપાસની ગરમીનો ખ્યાલ હિન્દુસ્તાનના રહેનારાઓને આવી ન શકે. છેક હિન્દુસ્તાનની દક્ષિણે જે ગરમીનો અનુભવ આપણે કરીએ છીએ તે ભૂમધ્યરેષાની પાસેની ગરમીનો થોડો ખ્યાલ આપણને આપે છે. પણ દક્ષિણ આફ્રિકામાં તેમાંનું કંઇ જ નથી, કેમકે એ ભાગ ભૂમધ્યરેષાથી ઘણો દૂર છે. ત્યાંના ઘણા ભાગની હવા એટલી બધી સુંદર છે અને એવી સમશીતોષ્ણ છે કે ત્યાં યુરોપની કોમો સુખેથી ઘર કરી શકે છે. હિન્દુસ્તાનમાં આમ બનવું તેઓને સારૂ લગભગ અશક્ય છે. વળી દક્ષિણ આફ્રિકામાં તિબેટ અથવા કાશ્મીરની જેમ મોટા ઉંચા પ્રદેશો છે, છતાં

તિબેટ અથવા કાશ્મીરની જેમ દશથી ચૌદ હજાર ફુટ ઉંચા નથી. એટલે ત્યાંની હવા સૂકી અને સહન થઈ શકે એવી ઠંડી રહે છે. અને તેથી જ દક્ષિણ આફ્રિકાનો કેટલોક પ્રદેશ ક્ષયથી પીડાતા રોગીઓને સારૂ અત્યુત્તમ ગણાય છે. તેવા ભાગમાંનો એક ભાગ દક્ષિણ આફ્રિકાની સુવર્ણપુરી જોહાનીસ્બર્ગ છે. જે જમીનના ટુકડા ઉપર જોહાનીસ્બર્ગ આબાદ થયું છે એ ટુકડો આજે ૫૦ વર્ષ પહેલાં કેવળ વેરાન અને સૂકા ઘાસવાળો જ હતો. પણ જ્યારે ત્યાં સોનાની ખાણોની શોધ થઈ ત્યારે જાદુથી હોય નહિ તેમ ત્યાં ટપાટપ ઘરો બંધાવા માંડ્યાં, અને આજે ત્યાં વિશાળ સુશોભિત બંગલાઓ છે. ત્યાંના ધનિક માણસોએ પોતાને ખર્ચે દક્ષિણ આફ્રિકાના ફળદ્રુપ ભાગોમાંથી અને યુરોપમાંથી પણ એક એક ઝાડના પંદર પંદર રૂપીઆ ખર્ચીને ઝાડો મંગાવી ત્યાં વાવ્યાં છે. પાછળનો ઇતિહાસ નહિ જાણનાર મુસાફરને આજે એમ જ લાગે કે ત્યાં એ ઝાડો જમાનાઓ થયાં હોવાં જોઇએ.

દક્ષિણ આફ્રિકાના બધા વિભાગો અહીંઆં આપવા હું ધારતો નથી. પણ જે વિભાગોને આપણા વિષયની સાથે સંબંધ છે તેનું જ કંઇક વર્ણન આપું છું. દક્ષિણ આફ્રિકામાં બે હકૂમત છે: (૧) બ્રિટિશ અને (૨) પોર્ટુગીઝ. પોર્ટુગીઝ ભાગ ડેલાગોઆ બે કહેવાય છે, અને તે હિન્દુસ્તાનથી જતાં દક્ષિણ આફ્રિકાનું પહેલું બંદર ગણાય. ત્યાંથી નીચે ઉતરીએ એટલે નાતાલ, પહેલું બ્રિટિશ સંસ્થાન આવે છે. તેનું બંદર પોર્ટ નાતાલ કહેવાય છે, પણ આપણે તેને ડર્બનને નામે ઓળખીએ છીએ અને દક્ષિણ આફ્રિકામાં પણ તે સામાન્ય રીતે એ જ નામે ઓળખાય છે. નાતાલનું એ મ્હોટામાં મ્હોટું શહેર છે. નાતાલની રાજધાની પીટરમારિત્સબર્ગને નામે ઓળખાય છે

અને તે ડર્બનથી અંદર જતાં લગભગ સાઠ માઈલને અંતરે સમુદ્રસપાટીથી આશરે બે હજાર ફુટની ઉંચાઈએ આવેલું છે. ડર્બનનાં હવાપાણી કંઈક મુંબઈને મળતાં ગણાય. મુંબઈના કરતાં ત્યાંની હવામાં ઠંડક કંઈક વધારે ખરી. નાતાલને છોડીને અંદર જતાં ટ્રાંસવાલ આવે છે, જેની જમીન આજે દુનિયાને વધારેમાં વધારે સોનું આપે છે. ત્યાં થોડા વરસ પહેલાં હીરાની ખાણો પણ મળી આવી જેમાંથી પૃથ્વીનો મોટામાં મોટો હીરો નીકળ્યો. કોહીનૂર કરતાં મોટો હીરો રશિયાની પાસે ગણાય છે. તેનું નામ ખાણના માલીકના નામ ઉપરથી રાખવામાં આવ્યું છે. અને તે કલીનન હીરો કહેવાય છે.

પણ જોહાનીસબર્ગ સુવર્ણપુરી હોવા છતાં અને હીરાની ખાણો પણ તેની પાસે જ હોવા છતાં એ ટ્રાંસવાલની રાજધાની નથી. ટ્રાંસવાલની રાજધાની પ્રીટોરિયા છે. એ જોહાનીસબર્ગથી ૩૬ માઈલ દૂર છે, અને ત્યાં મુખ્યત્વે કરીને રાજદ્વારી માણસો અને તેને લગતી વસ્તી વસે છે. તેથી તેનું વાતાવરણ પ્રમાણમાં શાન્ત ગણાય, જ્યારે જોહાનીસબર્ગનું અતિશય અશાન્ત ગણાય. જેમ હિન્દુસ્તાનના કોઈ શાન્ત ગામડામાંથી કે કહો તો નાના સરખા શહેરમાંથી મુંબઈ પહોંચતાં ત્યાંની ધમાલથી અને અશાંતિથી માણસ અકળાઈ જાય, તેમ પ્રીટોરિયાથી જનારને જોહાનીસબર્ગનો દેખાવ લાગે. જોહાનીસબર્ગના શહેરીઓ ચાલતા નથી પણ દોડતા જોવા લાગે છે એમ કહીએ તો અતિશયોક્તિ ન ગણાય. કોઈને કોઈની તરફ જોવા જેટલો અવકાશ હોતો નથી, અને સૌ કેમ વધારેમાં વધારે ધન થોડામાં થોડા વખતમાં મેળવી શકે એ જ વિચારમાં ગરક થઈ ગયેલા જોવામાં આવે છે! ટ્રાંસવાલને છોડીને હજી અંતરમાં જ પશ્ચિમ તરફ આપણે જઈએ તો ઑરેન્જ ફ્રી સ્ટેટ અથવા ઑરેંજીયાનું સંસ્થાન આવે છે. એની રાજધાની બ્લુમ-

ફોંટીન છે. એ અતિશય શાંત અને નાનકડું શહેર છે. ઑરેંજીયામાં આગ્રો જેવું કાંઈ નથી. ત્યાંથી થોડા કલાકની જ રેલની મુસાફરીથી આપણે કેપ કૉલોનીની સરહદ પર પહોંચી જઈએ છીએ. કેપ કૉલોની મોટામાં મોટું સંસ્થાન છે. તેની રાજધાની તેમજ મોટામાં મોટું બંદર કેપટાઉનને નામે ઓળખાય છે. ત્યાં જ કેપ ઑફ ગુડ હોપ નામની ભૂશિર આવેલી છે. ગુડ હોપ એટલે શુભ આશા. વાસ્કો ડી ગામા જ્યારે પોર્ટુગલથી હિન્દુસ્તાનની શોધ પર નીકળી પડ્યો ત્યારે તેણે અહીં બંદર કરેલું અને અહીં તેને આશા બંધાઈ કે હવે તો અવશ્ય પોતાની મુરાદ બર આવશે. તેથી આ જગ્યાને 'શુભ આશાની ભૂશિર' એવું નામ તેણે આપ્યું.

આ ચાર મુખ્ય બ્રિટિશ સંસ્થાનો ઉપરાંત બ્રિટિશ સલ્તનતના 'રક્ષણ' નીચે કેટલાક પ્રદેશ છે, જ્યાં દક્ષિણ આફ્રિકાના યુરોપીઅનોના આગમન પહેલાંના વતનીઓ વસે છે.

દક્ષિણ આફ્રિકાનો મુખ્ય ધંધો ખેતી જ ગણાય. ખેતીને સારુ એ ઉત્તમ મુલક છે. કેટલાક ભાગો તો અતિશય ફળદ્રુપ અને રળીઆમણા છે. અનાજમાં મોટામાં મોટો અને સ્હેલાઈથી ઉગનારો પાક મકાઈનો છે, અને મકાઈ એ દક્ષિણ આફ્રિકાના હબસી વતનીઓનો મુખ્ય ખોરાક છે. કેટલાક ભાગમાં ઘઉં પણ પાકે છે. ફળોને સારુ દક્ષિણ આફ્રિકા પંકાએલ છે. નાતાલમાં ઘણી જાતનાં અને ઘણાં સરસ કેળાં, પપૈયાં અને અનનાસ પાકે છે, અને તે એટલા જથામાં કે ગરીબમાં ગરીબ માણસને પણ તે મળી શકે છે. નાતાલ તેમજ બીજાં સંસ્થાનોમાં નારંગી, સંતરાં, 'પીચ' અને 'એપ્રિકૉટ' (જરદાળુ) એટલા બધા જથામાં પાકે છે કે હજારો માણસો સામાન્ય મહેનત કરે તો દેહાતોમાં તે વગરપૈસે મેળવી શકે છે. કેપ કૉલોની તો લીલી દ્રાક્ષ અને 'પ્લમ' (એક જાતનું મોટું બોર)ની

ભૂમિ છે. ત્યાંના જેવી દ્રાક્ષ બીજે ઠેકાણે ભાગ્યે જ પાકતી હોય. અને મોસમમાં એની કિંમત એટલી નજીવી હોય છે કે ગરીબ માણસ પણ એ પેટ ભરીને ખાઇ શકે. જ્યાં હિન્દુસ્તાનની વસ્તી હોય ત્યાં આંબો ન હોય એ બનવું મુશ્કેલ. હિન્દુસ્તાનીઓએ આંબાની ગોટલીઓ વાવી. પરિણામે દક્ષિણ આફ્રિકામાં ઠીક પ્રમાણમાં આંબા પણ મળી શકે છે. અને તેમાની કેટલીક જાત મુંબઇની હાફુસ પાયરી સાથે જરૂર હરિફાઇ કરી શકે. ભાજીપાલો પણ એ રસાળ ભૂમિમાં પુષ્કળ પાકે છે. અને રતિયા હિન્દીઓએ હિન્દુસ્તાનનો લગભગ બધો ભાજીપાલો ત્યાં ઉગાડેલો છે એમ કહી શકાય.

ઢોરઢાંખર પણ ઠીક જથામાં છે એમ ગણાય. ગાયો, બળદો હિંદુસ્તાનનાં ગાય બળદ કરતાં વધારે કદાવર અને વધારે જોરાવર હોય છે. ગૌરક્ષાનો દાવો કરનાર હિન્દુસ્તાનમાં અનેક ગાયો અને બળદો હિન્દુસ્તાનની વસ્તી જેવાં જ દુબળાં જોઇને હું શરમાયો છું, અને મારૂં હૃદય અનેકવાર રડ્યું છે. દક્ષિણ આફ્રિકામાં દુબળી ગાય ને દુબળા બળદ જોયા હોય એવું સ્મરણ નથી, જોકે લગભગ મારી આંખો ઉઘાડી રાખીને હું આખા ભાગમાં ફરેલો છું. કુદરતે પોતાની બીજી બક્ષિસોની સાથે આ ભૂમિને સૃષ્ટિસૌંદર્યથી શણગારવામાં મણા નથી રાખી. ડર્બનનું દૃશ્ય ઘણું સુંદર ગણાય છે, પણ કેપ કૉલોની એનાથી પણ ચડી જાય છે. કેપટાઉન એ 'ટેબલ માઉન્ટન' નામના નીચા નહિ તેમજ અતિ ઉંચા નહિ એવા પહાડની તળેટીએ આવેલું છે. દક્ષિણ આફ્રિકાને પૂજનારી એક વિદુષી બાઇ એ પહાડ વિષેના પોતાના કાવ્યની અંદર કહે છે કે જે અલૌકિકતા ટેબલ માઉંટનમાં તેણે અનુભવી છે તેવી તેણે બીજા કોઇ

પહાડમાં નથી અનુભવી. અતિશયોક્તિ ભલે હોય. છે એમ હું માનું છું. પણ એ વિદુષી બાઇની એક વાત મને ગળે ઉતરી. એ કહે છે કે ટેબલ માઉન્ટન કેપટાઉનનિવાસીના મિત્રનો અર્થ સારે છે. એ બહુ ઉંચો નહિ હોવાથી બિહામણો નથી લાગતો. લોકોને તેનું દૂરથી જ પૂજન નથી કરવું પડતું. પણ એ પહાડમાં જ પોતાનાં ઘર કરીને વસે છે, અને કેવળ દરિયાકિનારે હોવાથી સમદ્ર પોતાના સ્વચ્છ જળથી હમેશાં તેનું પાદપૂજન કરે છે અને ચરણામૃત પીએ છે. નિર્ભય થઇને બાળકો અને વૃદ્ધ સ્ત્રીઓ તેમજ પુરુષો લગભગ આખા પહાડમાં ફરી શકે છે, અને હજારો શહેરીઓના અવાજથી આખો પહાડ પ્રતિદિન ગુંજી ઉઠે છે. એનાં વિશાળ ઝાડો, સુગંધી અને રંગબેરંગી પુષ્પો આખા પહાડને એટલો બધો શણગારે છે કે માણસને જોતાં અને ફરતાં તૃપ્તિ જ ન થાય.

દક્ષિણ આફ્રિકામાં ગંગા જમનાની સાથે સરખામણી કરી શકાય એવી મ્હોટી નદીઓ નથી. થોડીઘણી છે તે પ્રમાણમાં નાની ગણાય. એ દેશમાં ઘણે ઠેકાણે નદીનાં પાણી પહોંચતાં જ નથી. ઉચ્ચ પ્રદેશોમાં નહેરો પણ ક્યાંથી લઈ જઈ શકાય? અને જ્યાં દરિયા જેવી નદીઓ ન હોય ત્યાં નહેરો ક્યાંથી હોઈ શકે? દક્ષિણ આફ્રિકામાં જ્યાં જ્યાં પાણીની તંગી કુદરતે કરી મૂકી છે ત્યાં પાતાળીઆ કુવા ખોદીને તેમાંથી ખેતરોને પાઇ શકાય એટલું પાણી પવનચક્કીઓ અને વરાળયંત્રોની મારફતે ખેંચવામાં આવે છે. ખેતીને ત્યાંની સરકાર તરફથી પુષ્કળ મદદ મળે છે. ખેડુતોને સલાહ આપવાને સરકાર ખેતીના વિજ્ઞાનશાસ્ત્રીઓ મોકલે છે. ઘણે ઠેકાણે સરકાર પ્રજાને અર્થે ખેતીના અનેક અખતરાઓ કરે છે. નમુનાનાં ખેતરો રાખે છે, લોકોને ઢોરની

અને બીયાંની સગવડ કરી આપે છે, ઘણે ઓછે દામે પાતાળીઆ કુવા શરાવી આપે છે અને તેનું મૂલ્ય હપતાઓથી ભરી આપવાની સગવડ ખેડુતોને દે છે. એ જ પ્રમાણે ખેતરોને સરકાર લોખંડના કાંટાળા વાળાની વાડ પણ કરાવી આપે છે.

દક્ષિણ આફ્રિકા ભૂમધ્યરેખાથી દક્ષિણે છે અને હિન્દુસ્તાન ઉત્તરે છે તેથી ત્યાંનું બધું વાતાવરણ હિન્દીઓને અવળું લાગે. એટલે ત્યાંની ઋતુઓ પણ અવળી. જેમકે આપણે ત્યાં ઉન્હાળો હોય ત્યારે ત્યાં શિયાળો હોય. વરસાદનો ચોક્કસ નિયમ છે એમ નહિ કહી શકાય. ગમે ત્યારે આવે. વરસાદનું સામાન્ય પ્રમાણ ૨૦ ઇંચથી વધુ નહિ હોય.

પ્રકરણ ૨ જું

ઇતિહાસ

આફ્રિકાની ભૂગોળ પર દૃષ્ટિપાત કરતાં જે વિભાગો આપણે જોઈ ગયા એ કંઈ અસલથી જ છે એમ વાંચનાર ન જ માને. છેક પુરાતન કાળમાં ત્યાંની વસ્તી કયા લોકોની હશે એ ચોક્કસ રીતે નક્કી નથી કરી શકાયું. યુરોપના લોકો દક્ષિણ આફ્રિકામાં વસ્યા તે વખતે ત્યાં હબસીઓ હતા. આ હબસીઓ અમેરિકામાં ગુલામીનો કેર વર્તતો હતો તે વખતે તેમાંથી નાસીને કેટલાક દક્ષિણ આફ્રિકામાં વસ્યા એમ મનાય છે. તેઓ જુદી જુદી જાતથી ઓળખાય છે, જેવા કે ઝુલુ, સ્વાઝી, બસૂટો, બેકવાના વગેરે. તેઓની ભાષામાં પણ ભેદ હોય છે. આ હબસીઓ જ દક્ષિણ આફ્રિકાના મૂળ વતનીઓ ગણાય. પણ દક્ષિણ આફ્રિકા એટલો બધો મોટો દેશ છે કે હાલની હબસીઓની વસ્તી છે તેના કરતાં વીસ ત્રીસ ગણી વસ્તી તેમાં સુખેથી સમાઈ શકે. ડર્બનથી કેપટાઉન રેલરસ્તે જતાં લગભગ ૧,૮૦૦ માઇલની મુસાફરી છે. દરિયારસ્તે પણ ૧,૦૦૦ માઇલથી ઓછું અંતર નથી. આ ચાર સંસ્થાનોનું ક્ષેત્રફળ ૪૭૩,૦૦૦ ચોરસ માઇલ છે.

આ વિશાળ પ્રદેશમાં હબસીઓની વસ્તી સન ૧૯૧૪માં લગભગ પચાસ લાખ અને ગોરાઓની વસ્તી લગભગ તેર લાખ હતી. હબસીઓમાં ઝુલુ વધારેમાં વધારે કદાવર અને રૂપાળા ગણી શકાય.

'રૂપાળા' વિશેષણ હબસીઓને વિષે મેં ઇરાદાપૂર્વક વાપરેલું છે. સફેદ ચામડી અને અણિયાળા નાકમાં આપણે રૂપનું આરોપણ કરીએ છીએ; આ વહેમ જો ઘડીભર બાજુએ મૂકીએ તો ઝુલુને ઘડીને બ્રહ્માએ કંઇ કચાશ રાખી હોય એમ આપણને નહિ લાગે. સ્ત્રી અને પુરુષો બંને ઊંચાં અને ઊંચાઇના પ્રમાણમાં વિશાળ છાતીવાળાં હોય છે. આખા શરીરના સ્નાયુ રીતસર ગોઠવાયેલા અને ઘણા મજબૂત હોય છે. એની પીંડલીઓ અને બાહુ માંસથી ભરેલાં હમેશાં ગોળાકાર જ જોવામાં આવે છે. સ્ત્રી અથવા પુરુષ વાંકાં વળીને કે ખૂંધ કાઢીને ભાગ્યે જ ચાલતાં જોવામા આવશે. હોઠ અવશ્ય મોટા અને જાડા હોય છે, પણ આખા શરીરના આકારના પ્રમાણમાં હોઇ જરાયે બેડોળ છે એમ હું તો નહિ કહું. આંખ ગોળ અને તેજસ્વી હોય છે. નાક ચપટું અને મ્હોટા મોઢાને શોભે એવું મ્હોટું જ હોય છે, અને તેના માથાના ગૂંચળિયા વાળ તેની શીસમ જેવી કાળી અને ચળકતી ચામડીની ઉપર શોભી નીકળે છે. જો આપણે કોઇ ઝુલુને પૂછીએ કે દક્ષિણ આફ્રિકામાં વસતી કોમોમાં સહુથી વધારે રૂપાળા એ કોને ગણશે તો એ દાવો તે પોતાની જાતને સારૂ જ કરશે, અને તેમાં હું તેનું જરાયે અજ્ઞાન નહિ જોઉં. જે પ્રયત્ન સેંડો ઇત્યાદિ આજે યુરોપમાં તેમના મુરશિદોના બાહુ, હાથ વગેરે અવયવો કેળવવાને કરે છે તેમના કંઇ જ પ્રયત્ન વિના કુદરતી રીતે જ આ કોમનાં અવયવ ઘટ્ટ અને સુંદર આકારે બંધાએલાં જોવામાં આવે છે. ભૂમધ્યરેખાની નજદીક રહેનારી વસ્તીની ચામડી કાળી જ હોવી જોઇએ એ કુદરતી નિયમ છે. અને કુદરત જે જે ઘાટો ઘડે છે તેમાં સૌંદર્ય જ હોય છે એવું આપણે માનીએ તો સૌંદર્ય વિષેના આપણા સાંકડા અને એકદેશીય વિચારોમાંથી બચી જઇએ. એટલું જ નહિ પણ હિન્દુસ્તાનમાં કેટલેક અંશે આપણને આપણી પોતાની જ ચામડી

જો કાળાશ પડતી હોય તો જે અણછાજતાં શરમ અને અણગમો ઉપજે છે તેમાંથી પણ આપણે મુક્ત થઇએ.

આ હબસીઓ ઘાસમાટીના ગોળ કુબાઓ (ઝુંપડાંઓ) માં વસે છે. એ કુબાને એક જ ગોળ દીવાલ હોય છે. અને ઉપર ઘાસનું છાપરૂં. અંદર એક થાંભલાની ઉપર છાપરાનો આધાર હોય છે. વાંકા વળીને જ જઈ શકાય એવો એક નીચો દરવાજો તે જ હવાની આવજાનું સાધન. તેને બારણું ભાગ્યે જ હોય છે. આપણી જેમ એ લોકો પણ દીવાલ અને ભોંયને માટી અને લાદ–છાણથી લીંપે છે. એમ ગણાય છે કે આ લોકો કંઈ પણ ચોરસ ચીજ બનાવી નથી શકતા. પોતાની આંખને કેવળ ગોળ વસ્તુ જોવા બનાવવામાં જ કેળવી છે. કુદરત ભૂમિતિની સીધી લીટીઓ, સીધી આકૃતિઓ, બનાવતી જોવામાં આવતી નથી. અને આ નિર્દોષ કુદરતના બાળકોનું જ્ઞાન કુદરતના તેમના અનુભવના ઉપર આધાર રાખનારૂં હોય છે.

પોતાના આ માટીના મહેલમાં રાચરચીલું પણ એને લગતું જ હોય. યુરોપનો સુધારો દાખલ થયો તેના પહેલાં તો તેઓ પહેરવા ઓઢવા સુવા બેસવાને સારૂ ચામડાનો ઉપયોગ કરતા. ખુરશી ટેબલ પેટી ઈત્યાદિ રાખવા જેટલી જગ્યા પણ એ મહેલમાં ન જ હોય, અને આજ પણ નથી હોતાં, એમ ઘણેભાગે કહી શકાય. હવે તેઓએ ઘરમાં કામળીઓ દાખલ કરેલી છે. બ્રિટિશ સત્તા દાખલ થઇ તેની પહેલાં સ્ત્રીપુરુષો લગભગ નગ્નાવસ્થામાં જ ફરતાં. હાલ પણ દેહાતોમાં ઘણા એ જ પ્રમાણે વર્તે છે. ગુહ્ય ભાગોને એક ચામડાથી ઢાંકે છે. કોઇ એટલો પણ ઉપયોગ ન કરે. પણ આનો અર્થ કોઇ વાંચનાર એવો ન કરે કે તેથી એ લોકો પોતાની ઇંદ્રિયોને વશ નથી રાખી શકતા. જ્યાં

બીજો સમુદાય એક રૂઢીને વશ થઇને વર્તતો હોય ત્યાં બીજા સમુદાયને એ રૂઢી અયોગ્ય લાગતી હોય છતાં પહેલાની દૃષ્ટિમાં મુદ્દલ દોષ ન હોય એ તદ્દન સંભવિત છે. આ હબસીઓ એક બીજાની તરફ જોયાં કરવાને નવરા હોતા જ નથી. શુકદેવજી જ્યારે નગ્નાવસ્થામાં ન્હાતી સ્ત્રીઓની વચ્ચે થઇને ચાલ્યા ગયા ત્યારે ન એમના મનમાં જરાય વિકાર થયો, ન એ નિર્દોષ સ્ત્રીઓને જરા પણ ક્ષોભ થયો, ન જરાયે શરમ જેવું લાગ્યું, એમ ભાગવતકાર કહે છે. અને તેમાં મને કંઇ જ અમાનુષી નથી લાગતું. હિન્દુસ્તાનમાં આજે આપણામાંનો કોઈ પણ એટલી સ્વચ્છતા એવે અવસરે ન અનુભવી શકે એ કંઇ મનુષ્યજાતની પવિત્રતાની હદ નથી, પણ આપણા પોતાના દુર્ભાગ્યની નિશાની છે. આમને આપણે જંગલી ગણીએ છીએ તે આપણા અભિમાનનો પડઘો છે. આપણે માનીએ છીએ એવા તેઓ જંગલી નથી.

આ હબસીઓ જ્યારે શહેરમાં આવે છે ત્યારે તેઓની સ્ત્રીઓને સારૂ એવો કાયદો છે કે તેઓએ છાતીથી ગોઠણ સુધીનો ભાગ ઢાંકવો જ જોઇએ. તેથી એ સ્ત્રીઓને અનિચ્છાએ પણ તેવું વસ્ત્ર વીંટાળવું પડે છે, અને તેને અંગે દક્ષિણ આફ્રિકામાં એ માપના કપડાનો બહોળો ઉઠાવ થાય છે અને એવી લાખો કામળો કે ચાદરો યુરોપથી દર વર્ષે આવે છે. પુરુષોને કેડથી ગોઠણ સુધી પોતાનાં અવયવો ઢાંકવાની ફરજ છે, તેથી તેઓએ તો યુરોપનાં ઉતરેલાં કપડાં પહેરવાની પ્રથા દાખલ કરી દીધેલી છે. અને એમ નથી કરતા તે નેફાવાળી ચડ્ડીઓ પહેરે છે. આ બધાં કપડાં યુરોપથી જ આવે છે.

એઓનો મુખ્ય ખોરાક મકાઇ અને મળે ત્યારે માંસ. મસાલા વગેરેથી તેઓ સદ્ભાગ્યે કેવળ અજાણ્યા છે. એમના ખોરાકમાં મસાલા હોય અથવા તો હળદરનો રંગ પણ ચડેલો હોય તો

નાક મરડશે, અને જે કેવળ જંગલી કહેવાય છે એ તો એને અડકશે પણ નહિ. મકાઇ આખી બાફેલી અને સાથે થોડું મીઠું લઇને એકી વખતે એક શેર ખાઇ જવી એ સામાન્ય ઝુલુને માટે જરાયે નવાઇની વાત ન ગણાય. મકાઇનો આટો પીસીને પાણીમાં ઉકાળી ઘેંસ બનાવી ખાઇને સંતોષ માને છે. જ્યારે જ્યારે માંસ મળી શકે ત્યારે કાચું અથવા પાકું બાફેલું અથવા ભુંજેલું માત્ર મીઠાની સાથે ખાઇ જાય છે. ગમે તે પ્રાણીનું માંસ ખાતાં તેને આંચકો નહિ આવે.

તેઓની ભાષા જાતિના નામની જ હોય છે. લેખનકળા ગોરાઓએ જ દાખલ કરી છે. હબસી કક્કા જેવી વસ્તુ નથી. રોમન લિપિમાં હાલ હબસી ભાષાઓમાં બાઇબલ વગેરે પુસ્તકો છપાયાં છે. ઝુલુ ભાષા અત્યંત મધુર છે. ઘણાખરા શબ્દોને છેડે 'આ'નો ઉચ્ચાર હોય છે, તેથી ભાષાનો અવાજ કાનને હળવો અને મધુર લાગે છે. શબ્દોમાં અર્થ અને કાવ્ય બંને રહેલાં છે એમ મેં વાંચ્યું છે ને સાંભળ્યું છે. જે થોડા શબ્દોનું મને અનાયાસે જ્ઞાન મળ્યું તે ઉપરથી ભાષા વિષેનો ઉપરનો મત મને યોગ્ય જણાયો છે. શહેરો વગેરેનાં નામો યુરોપીયનોએ પાડેલાં જે મેં આપ્યાં છે તે બધાનાં મધુર અને કાવ્યમય હબસી નામો છે જ. મને યાદ નહિ હોવાથી હું તે નથી આપી શકયો.

હબસીઓનો ધર્મ ખ્રિસ્તી પાદરીઓના મત પ્રમાણે તો કંઇ જ ન હતો અને નથી એમ કહેવાય. પણ ધર્મનો વિસ્તીર્ણ અર્થ લઇએ તો કહી શકાય કે પોતે નથી ઓળખી શકતા એવી અલૌકિક શક્તિને તેઓ જરૂર માને છે અને પૂજે છે. એ શક્તિથી ડરે છે પણ ખરા. શરીરનાશની સાથે મનુષ્યનો સર્વથા નાશ નથી થતો એમ પણ તેઓને ઝાંખું ઝાંખું ભાસે છે. જો

નીતિને આપણે ધર્મનો પાયો ગણીએ તો તેઓ નીતિ માનનારા હોઇ ધર્મી પણ ગણી શકાય. સાચ અને જૂઠનો તેમને પૂરો ખ્યાલ છે. પોતાની સ્વાભાવિક અવસ્થામાં જેટલે દરજ્જે તેઓ સત્યને જાળવે છે તેટલે દરજ્જે ગોરાઓ અથવા આપણે જાળવીએ છીએ કે નહિ એ શકભરેલી વાત છે. દેવળો વગેરે તેઓને હોતાં નથી. બીજી પ્રજાઓની જેમ તેઓમાં પણ ઘણી જાતના વહેમો જોવામાં આવે છે. વાંચનારને આશ્ચર્ય થશે કે શરીરની મજબૂતીમાં જગતમાં કોઇ પણ કોમથી ન ઉતરે એવી આ કોમ ખરે એટલી મોળી છે કે એક ગોરા બાળકને જુએ તોપણ ડરે છે. જો કોઈ તેની સામે રિવૉલ્વર તાકે તો કાં તો તે ભાગી જશે અથવા તો એવો મૂઢ બની જશે કે તેનામાં ભાગવાની તાકાત પણ નહિ રહે. આનું કારણ તો છે જ. મૂઠીભર ગોરાઓ આવી જંગી અને જંગલી કોમને વશ કરી શક્યા છે એ કોઇ જાદુ હોવું જોઈએ એમ તેને ઠસી ગયું છે. તેને ભાલાનો અને તીરકામઠાનો ઉપયોગ તો સારી રીતે આવડતો હતો. તે તો છીનવી લેવામાં આવ્યાં છે. બંદુક તો કોઇ દિવસ ન જોએલી, ન ફોડેલી. જેને નથી દીવાસળી લગાવવી પડતી, નથી હાથની આંગળી ચલાવવા સિવાય બીજી કંઇ ગતિ કરવી પડતી, છતાં એક નાની સરખી ભુંગળીમાંથી એકાએક અવાજ નિકળે છે, ભડકો જોવાય છે અને ગોળી વાગી ક્ષણમાત્રમાં માણસના પ્રાણ જાય છે એ તેનાથી સમજી શકાતું નથી. એથી એ સદાય એ વસ્તુ વાપરનારના ડરથી બેબાકળો રહે છે. તેણે અને તેના બાપદાદાઓએ અનુભવ્યું છે કે એવી ગોળીઓએ અનેક નિરાધાર અને નિર્દોષ હબસીઓના પ્રાણ લીધા છે. તેનું કારણ તેઓમાં ઘણા આજ લગી પણ જાણતા નથી.

આ કોમમાં ધીમે ધીમે 'સુધારો' પ્રવેશ કરતો જાય છે. એક તરફથી ભલા પાદરીઓ તેઓ સમજ્યા છે તે રૂપમાં ઇશુ ખ્રિસ્તનો સંદેશો તેઓને પહોંચાડે છે. તેઓને સારૂ નિશાળો ખોલે છે, અને સામાન્ય અક્ષરજ્ઞાન આપે છે. એમના પ્રયત્નથી કેટલાક ચારિત્ર્યવાન હબસીઓ પણ તૈયાર થયા છે. પણ ઘણા જેઓ અત્યાર સુધી અક્ષરજ્ઞાનની ખામીને લીધે સુધારાના પરિચયને અભાવે અનેક અનીતિઓમાંથી મુક્ત હતા તેઓ આજ પાખંડી પણ બન્યા છે. સુધારાના પ્રસંગમાં આવેલા હબસીમાંથી ભાગ્યે જ કોઇ દારૂની બદીમાંથી બચ્યા હોય. અને તેઓના મસ્તાન શરીરમાં જ્યારે દારૂનો પ્રવેશ થાય છે ત્યારે તેઓ કેવળ દીવાના બને છે અને ન કરવાનું બધું કરી નાંખે છે. સુધારો વધવો એટલે હાજતો વધવી એ તો બે ને બે ચાર જેવો સીધો મેળ છે. હાજતો વધારવાને અર્થે કહો કે તેઓને મહેનતની કિંમત શીખવવાને અર્થે કહો, બધાને માથાવેરો કુબાવેરો આપવો પડે છે. એ વેરો નાંખવામાં ન આવે તો આ પોતાનાં ખેતરોમાં રહેનારી કોમ જોખમની અંદર સેંકડો ગજ ઉંડી ખાણોમાં સોનું કે હીરા કાઢવાને ઉતરે નહિ, અને જો ખાણોને સારૂ એમની મજુરી ન મળી શકે તો સોનું અથવા તો હીરા પૃથ્વીનાં આંતરડાંમાં જ રહી જાય. તેમજ યુરોપનિવાસીઓને નોકરવર્ગ પણ તેઓની ઉપર કર નાંખ્યા વિના મળવો મુશ્કેલ હોય. પરિણામ એ આવ્યું છે કે ખાણોની અંદર કામ કરતા હજારો હબસીઓને બીજાં દરદોની સાથે એક જાતનો ક્ષયરોગ પણ થાય છે કે જે 'માઇનર્સ થાઇસીસ' ને નામે ઓળખાય છે. તે રોગ પ્રાણહર છે. તેના પંજામાં આવ્યા પછી થોડા જ ઉગરી શકે છે. આવા હજારો માણસો એક ખાણની અંદર રહે, પોતાનાં બાળબચ્ચાં સાથે ન હોય એવી

સ્થિતિમાં એ કેટલો સંયમ જાળવી શકે એ વાંચનાર સ્હેજ વિચારી શકશે. તેને પરિણામે થતાં દરદોના પણ આ લોકો ભોગ થઇ પડે છે. દક્ષિણ આફ્રિકાના વિચારશીલ ગોરાઓ પણ આ ગંભીર પ્રશ્નનો વિચાર નથી કરતા એમ નથી. તેઓમાંના કેટલાક અવશ્ય માને છે કે સુધારાની અસર આ કોમ ઉપર એકંદરે સારી પડી છે એવો દાવો ભાગ્યે જ કરી શકાય. એની નઠારી અસર તો હરકોઇ માણસ જોઇ શકે છે.

આ મહાન દેશમાં જ્યાં આવી નિર્દોષ કોમ વસતી હતી ત્યાં લગભગ ચારસો વરસ પૂર્વે વલંદા લોકોએ થાણું નાખ્યું. તેઓ ગુલામો તો રાખતા જ હતા. પોતાના જાવા સંસ્થાનમાંથી કેટલાક વલંદા તેઓના પોતાના મલાયી ગુલામોને લઇને, જેને આપણે હવે કેપ કૉલોનીના નામથી ઓળખીએ છીએ ત્યાં દાખલ થયા. આ મલાયી લોકો મુસલમાન છે. તેઓમાં વલંદાનું લોહી છે અને તે જ પ્રમાણે તેના કેટલાક ગુણો પણ છે. તેઓ છુટાછવાયા આખા દક્ષિણ આફ્રિકામાં પથરાયેલા જોવામાં આવે છે પણ તેઓનું મથક તો કેપટાઉન જ ગણાય. આજ તેઓમાંના કેટલાક ગોરાઓની નોકરી કરે છે અને બીજા સ્વતંત્ર ધંધો કરે છે. મલાયી ઓરતો બહુ ઉદ્યોગી અને હોશિયાર હોય છે. તેમની રહેણી ઘણેભાગે સ્વચ્છ જોવામાં આવે છે. ઓરતો ધોબીનું અને શીવણનું કામ ઘણું સરસ કરી શકે છે. મરદો કોઇ ન્હાનો સરખો વેપાર કરે છે. ઘણા ગાડી હાંકવાનો ધંધો કરી પોતાનો ગુજારો કરે છે. થોડાકે ઉંચા પ્રકારની અંગ્રેજી કેળવણી પણ લીધી છે. તેમાંના એક કેપટાઉનમાં ડાક્ટર અબદુલ રહેમાન પ્રખ્યાત છે. તે કેપટાઉનમાં જુની ધારાસભામાં પણ પહોંચી શક્યા હતા. નવા બંધારણ પ્રમાણે મુખ્ય ધારાસભામાં જવાનો એ હક છીનવી લેવામાં આવ્યો છે.

વલંદાનું થોડું વર્ણન કરતાં વચમાં મલાયી લોકોનું વર્ણન સ્હેજ આવી ગયું. પણ હવે આપણે વલંદા લોકો કેમ આગળ વધ્યા એ જરાક જોઇ લઇએ. વલંદા એટલે ડચ એ મારે જણાવવાની જરૂર ન હોવી જોઇએ. આ લોકો જેટલા બહાદુર લડવૈયા હતા અને છે તેટલા જ કુશળ ખેડુત હતા ને આજે પણ છે. તેઓએ જોયું કે પોતાની આસપાસનો મુલક ખેતીને સારૂ બહુ લાયક છે. તેઓએ જોયું કે ત્યાંના વતની વરસમાં થોડો જ વખત કામ કરીને સ્હેલાઇથી પોતાનો ગુજારો કરી શકે છે તેઓની પાસેથી મજૂરી કેમ ન લઇ શકાય ? વલંદાની પોતાની પાસે કળા હતી, બંદુક હતી, મનુષ્યોને બીજાં પ્રાણીઓની જેમ કેમ વશ કરવા એ તેઓ જાણી શકતા હતા. એમ કરવામાં ધર્મનો કશોયે બાધ નથી એવી તેમની માન્યતા હતી. એટલે પોતાના કાર્યની યોગ્યતાને વિષે જરાયે શંકાશીલ થયા વિના તેઓએ દક્ષિણ આફ્રિકાના વતનીઓની મજૂરી વડે ખેતી વગેરે શરૂ કર્યાં.

જેમ વલંદા દુનિયામાં પોતાનો ફેલાવો કરવાને સારૂ સારી સારી જમીનો શોધી રહ્યા હતા તેમ જ અંગ્રેજોનું હતું. ધીમે ધીમે અંગ્રેજો પણ આવ્યા. અંગ્રેજ અને ડચ પિત્રાઇ તો છે જ. બન્નેના ખવાસ એક, લોભ એક. એક જ કુંભારનાં માટલાં ભેગાં થાય ત્યારે કોઇક ફુટે પણ ખરાં. તેમ આ બન્ને કોમ પોતાનો પગપેસારો કરતાં કરતાં અને ધીમે ધીમે હબસીઓને વશ કરતાં કરતાં ભેટી પડી. તકરારો થઇ, લડાઇઓ પણ થઇ. મજુબાની ટેકરીમાં અંગ્રેજો હાર્યા પણ ખરા. આ મજુબાનો ડાઘ રહી ગયો અને તેમાંથી પાકીને જે ગુમડું થયું હતું તે સન ૧૮૯૯ થી ૧૯૦૨ સુધી જે જગપ્રસિદ્ધ લડાઇ થઇ ગઇ તેમાં ફૂટયું અને જનરલ ક્રોન્જેને જ્યારે લૉર્ડ

રૉબર્ટ્સે વશ કર્યા ત્યારે તે મરહૂમ વિક્ટોરીઆ રાણીને તાર કરી શક્યા, 'મજુબાનું વેર લીધું છે.' પણ જ્યારે પહેલી (બોઅર લડાઇ આગળની) કસાકસી આ બંને વચ્ચે થઇ ત્યારે વલંદા લોકોમાંના ઘણા અંગ્રેજની નામની સત્તા પણ કબૂલ કરવા તૈયાર ન હતા તેથી તેઓ દક્ષિણ આફ્રિકાના અંતર પ્રદેશમાં ગયા. એને પરિણામે ટ્રાંસવાલ અને ઑરેંજ ફ્રી સ્ટેટની ઉત્પત્તિ થઈ.

આ જ વલંદા અથવા ડચ લોકો એ દક્ષિણ આફ્રિકામાં 'બોઅર' ને નામે ઓળખાવા લાગ્યા. તેઓએ પોતાની ભાષા તો જેમ બાળક માતાને સેવે છે તેવી રીતે સેવીને જાળવી રાખી છે. પોતાની સ્વતંત્રતાને પોતાની ભાષાની સાથે અતિશય નિકટ સંબંધ છે એ વાત તેઓના હાડમાં પસરી ગએલી છે. ઘણા હુમલા થયા છતાં તેઓ પોતાની માતૃભાષાને સાચવી રહ્યા છે. આ ભાષાએ ત્યાંના લોકોને અનુકૂળ આવે એવું નવું સ્વરૂપ પકડયું છે. હૉલેંડની સાથે પોતાનો નિકટ સંબંધ રાખી નહિ શક્યા એટલે જેમ સંસ્કૃતમાંથી પ્રાકૃત ભાષાઓ થઇ છે તેમ ડચમાંથી અપભ્રષ્ટ ડચ બોઅર લોકો બોલતા થઈ ગયા. પણ હવે તેઓ પોતાનાં બાળકો ઉપર બિનજરૂરી બોજો મૂકવા નથી ઇચ્છતા તેથી તેઓએ આ પ્રાકૃત બોલીને સ્થાયી રૂપ આપ્યું છે અને તે 'ટાલ' નામે ઓળખાય છે. તેમાં જ ત્યાંનાં પુસ્તકો લખાય છે. બાળકોની કેળવણી તેમાં અપાય છે, અને ધારાસભામાં બોઅર સભાસદો 'ટાલ' ભાષામાં જ પોતાનાં ભાષણો આપે છે. યુનિયન પછીથી આખા દક્ષિણ આફ્રિકામાં બન્ને ભાષા—ટાલ અથવા ડચ અને અંગ્રેજી—એકસરખી પદવી ભોગવે છે, તે એટલે સુધી કે ત્યાંનાં સરકારી ગૅઝેટ બંને ભાષામાં પ્રગટ થવાં જોઇએ અને ધારાસભાનો કારભાર બંને ભાષામાં છપાવો જોઇએ. બોઅર લોકો સાદા, ભોળા અને ધર્મચુસ્ત છે. તેઓ વિશાળ ખેતરોમાં વસે છે. આપણને ત્યાંનાં ખેતરોના વિસ્તારનો

ખ્યાલ ન આવી શકે. આપણા ખેડુતનાં ખેતરો એટલે બે ત્રણ વીઘાં જમીન. એથી પણ ઓછી હોય. ત્યાંનાં ખેતરો એટલે સેંકડો અથવા હજારો વીઘાં જમીન એક એક માણસના તાબામાં હોય. એ બધી જમીનને તુરત ખેડવાનો લોભ પણ આ ખેડુતો રાખતા નથી અને કોઇ દલીલ કરે તો કહે છે કે "છો પડી. જેમાં અમે વાવેતર નહિ કરીએ તેમાં અમારી પ્રજા કરશે."

દરેક બોઅર લડવામાં પૂરેપૂરો કુશળ હોય છે. અને માંહોમાંહે ભલે વઢે ઝગડે પણ તેઓને પોતાની સ્વતંત્રતા એટલી બધી પ્રિય હોય છે કે જ્યારે તેની ઉપર હુમલો થાય ત્યારે બધા બોઅર તૈયાર થઈ જાય છે અને એક શરીરની માફક ઝૂઝે છે. તેઓને ભારે કવાયત વગેરેની જરૂર હોતી નથી કેમકે લડવું એ એ આખી કોમનો સ્વભાવ કે ગુણ છે. જનરલ સ્મટ્સ, જનરલ ડીવેટ, જનરલ હર્ઝોગ ત્રણે મોટા વકીલ અને મોટા ખેડુત છે, અને ત્રણે તેવા જ મોટા લડવૈયા. જનરલ બોથાની પાસે નવ હજાર એકરનું એક ખેતર હતું. ખેતીની બધી આંટીઘુંટીઓ એ જાણતા. જ્યારે તે સંધિને અર્થે યુરોપ ગયેલા તે વખતે એને વિષે એમ કહેવાયેલું કે ઘેટાંની પરીક્ષામાં એના જેવો કુશળ યુરોપમાં પણ કોઈ ભાગ્યે હશે. એ જનરલ બોથાએ મરહૂમ પ્રેસીડંટ ક્રુગરની જગ્યા લીધેલી. તેનું અંગ્રેજી જ્ઞાન સરસ હતું છતાં જ્યારે તે ઈંગ્લંડમાં બાદશાહને અને પ્રધાનમંડળને મળ્યા ત્યારે તેણે હમેશાં પોતાની જ માતૃભાષા મારફત વાતચીત કરવાનું પસંદ કર્યું. કોણ કહી શકે કે એ યથાર્થ ન હતું ? અંગ્રેજી ભાષાનું પોતાનું જ્ઞાન બતાવવાની ખાતર ભૂલ કરવાનું જોખમ શા સારૂ ખેડે ? પોતાની વિચારશ્રેણીમાં યોગ્ય શબ્દ ગોતવા જતાં ભંગ પડવાનું સાહસ શા સારૂ કરે ? પ્રધાનમંડળ કેવળ અજાણપણે અંગ્રેજી ભાષાની કંઇક

અપરિચિત રૂઢીનો ઉપયોગ કરે તેનો પોતે અર્થ ન સમજે ને કંઇનો કંઇ જવાબ દેવાઇ જવાય, કદાચ ગભરાઈ જવાય અને તેથી પોતાના કાર્યને નુકસાન પહોંચે એવી ગંભીર ભૂલ શાને કરે ?

જેમ બોઅર પુરુષો બહાદુર અને સાદા છે તેમ જ બોઅર સ્ત્રીઓ પણ બહાદુર અને સાદી છે. બોઅર લડાઇને વખતે જો બોઅર લોકોએ પોતાનું લોહી રેડયું તો તે ભોગ ઓરતોની હિમ્મત તેમજ તેમના ઉત્તેજનથી તેઓ આપી શકયા. ઓરતોને નહોતો વૈધવ્યનો ભય કે નહોતો ભવિષ્યનો. મેં ઉપર કહ્યું કે બોઅર લોકો ધર્મચુસ્ત છે, ખ્રિસ્તી છે. પણ તેઓ ઇશુ ખ્રિસ્તના નવા કરારને માનનારા છે એમ ન કહી શકાય. ખરૂં જોતાં તો યુરોપ જ નવા કરારને કયાં માને છે ? છતાં યુરોપમાં નવા કરારને માન આપવાનો દાવો તો થાય જ છે, જોકે કેટલાક યુરોપનિવાસી ઇશુ ખ્રિસ્તના શાંતિધર્મને જાણે છે અને પાળે છે. પણ બોઅર લોકો તો નવા કરારને નામથી જ જાણે છે એમ કહી શકાય. જૂનો કરાર ભાવપૂર્વક વાંચે છે અને તેમાં જે લડાઇઓનાં વર્ણન છે તે ગોખે છે. મુસા પેગંબરનું 'દાંતને બદલે દાંત અને આંખને બદલે આંખ'નું શિક્ષણ પૂરી રીતે માને છે. અને જે પ્રમાણે માને છે તે પ્રમાણે તેઓ વર્તે છે.

બોઅર ઓરતોએ પણ પોતાની સ્વતંત્રતા જાળવવાની ખાતર ગમે તેટલું દુઃખ સહન કરવું પડે તોપણ તે ધર્મનું ફરમાન છે એમ સમજી ધીરજથી અને આનંદથી બધી આપત્તિઓ વેઠી. ઓરતોને નમાવવાને સારૂ મરહૂમ લૉર્ડ કિચનરે ઉપાયો કરવામાં કચાશ નથી રાખી. નોખા નોખા વાડાઓમાં તેઓને પૂરી. ત્યાં તેઓની ઉપર અસહ્ય વિપત્તિઓ પડી. ખાવાપીવાના સાંસા; ટાઢથી, તડકાથી સોસાઇ જાય. કોઇ શરાબ

પી ગાંડો થયેલો અથવા તો વિષયના આવેશમાં ભાન ભૂલી ગયેલો સોલ્જર આ ધણી વિનાની ઓરતો ઉપર હુમલો પણ કરે. આ વાડાઓમાં અનેક પ્રકારના ઉપદ્રવો પેદા થાય, ઈ૦. એમ છતાં આ બહાદુર ઓરતો નમી નહિ. અને છેવટે કિંગ એડવર્ડે જ લૉર્ડ કિચનરને લખ્યું કે "આ મારાથી સહન થઈ શકતું નથી. જો બોઅરને નમાવવાનો આપણી પાસે આ જ ઇલાજ હોય તો એના કરતાં હું ગમે તેવી સુલેહ પણ પસંદ કરું છું. લડાઇને તમે જલદીથી સંકેલજો."

આ બધા દુઃખનો અવાજ જ્યારે ઇંગ્લંડમાં પહોંચ્યો ત્યારે અંગ્રેજ પ્રજાનું મન પણ દુઃખિત થયું બોઅરની બહાદુરીથી એ પ્રજા આશ્ચર્યચકિત થઇ હતી. એવડી ન્હાનકડી કોમે દુનિયાને ઘેરનારી સલ્તનતને હંફાવી એ અંગ્રેજ પ્રજાના મનને ખૂંચ્યા જ કરતું હતું. પણ જ્યારે આ વાડાઓની અંદર ગોંધાઇ રહેલી ઓરતોના દુઃખનો નાદ તે ઓરતોની મારફતે નહિ, તેમના મરદોની મારફતે પણ નહિ—તે તો રણમાં જ ઝૂઝી રહ્યા હતા—પણ છુટાંછવાયાં ઉદારચરિત અંગ્રેજ સ્ત્રીપુરુષો જે દક્ષિણ આફ્રિકામાં હતાં તેઓની મારફતે પહોંચ્યો ત્યારે અંગ્રેજ પ્રજા વિમાસવા માંડી. મરહૂમ સર હેનરી કૅમ્પબેલ બૅનરમેને અંગ્રેજ પ્રજાનું હૃદય ઓળખ્યું અને તેણે લડાઇની સામે ગર્જના કરી. મરહૂમ સ્ટેડે જાહેર રીતે ઇશ્વર પ્રત્યે પ્રાર્થના કરી અને બીજાઓને તેમ કરવા પ્રેર્યા કે એ લડાઇમાં ઇશ્વર અંગ્રેજને હરાવે. આ દશ્ય ચમત્કારિક હતું. ખરેખરું દુઃખ ખરેખરી રીતે વેઠાયેલું પત્થર જેવા હૃદયને પણ પીગળાવી નાંખે છે એ એવા દુઃખનો એટલે તપશ્ચર્યાનો મહિમા છે, અને તેમાં જ સત્યાગ્રહની ચાવી છે.

પરિણામ એ આવ્યું કે ફ્રીનિખનની સુલેહ થઇ અને છેવટે દક્ષિણ આફ્રિકાનાં ચારે સંસ્થાનો એક કારભાર નીચે આવ્યાં. જોકે આ સુલેહની વાત હરેક અખબાર વાંચનાર હિન્દીની જાણમાં છે, છતાં એક બે એવી હકીકત છે કે જેનો ખ્યાલ સરખો પણ ઘણાને હોવાનો સંભવ નથી. ફ્રીનિખનની સુલેહ થવાની સાથે જ દક્ષિણ આફ્રિકાનાં ચારે સંસ્થાનો જોડાઇ ગયાં એમ ન હતું, પણ દરેકને પોતાની ધારાસભા હતી. તેનું કારભારી-મંડળ એ ધારાસભાને પૂરેપૂરી રીતે જવાબદાર ન હતું. આવો સંકુચિત હક જનરલ બોથાને કે જનરલ સ્મટ્સને ન જ સંતોષે. છતાં લૉર્ડ મિલ્નરે વર વિનાની જાન ચલાવવાનું યોગ્ય ધાર્યું. જનરલ બોથા ધારાસભામાંથી અલગ રહ્યા. તેણે અસહકાર કર્યો. સરકારની સાથે સબંધ રાખવાની ચોખ્ખી ના પાડી. લૉર્ડ મિલ્નરે તીખું ભાષણ કર્યું, અને જણાવ્યું કે જનરલ બોથાએ એટલો બધો ભાર પોતાની ઉપર છે એમ માની લેવાની જરૂર નથી, રાજ્યવહીવટ તેના વિના પણ ચાલી શકશે.

બોઅરોની બહાદુરી, તેઓની સ્વતંત્રતા, તેઓનો આપભોગ, એ વિષે વગરસંકોચે મેં લખ્યું છે, છતાં વાંચનારની ઉપર એવી છાપ પાડવાનો મારો ઈરાદો ન હતો કે સંકટને સમયે પણ એઓમાં મતભેદ ન હોઇ શકે અથવા તો કોઇ નબળા ન જ હોય. બોઅરોમાં પણ સ્હેજે રાજી થઇ જનાર પક્ષ લૉર્ડ મિલ્નર ઉભો કરી શકયા, અને માની લીધું કે એઓની મદદ વડે ધારાસભાને પોતે દીપાવી શકશે. એક નાટકકાર પણ પોતાના નાટકને મુખ્ય પાત્ર વિના શોભાવી નથી શકતો, તો આ આકરા સંસારમાં કારભાર ચલાવનાર માણસ મુખ્ય પાત્રને વિસરી જાય અને સફળ થવાની ઉમેદ રાખે એ ગાંડો ગણાય. એવી જ

દશા ખરેખર લૉર્ડ મિલ્નરની થઇ. અને એમ પણ કહેવાતું હતું કે પોતે ધમકી તો આપી, પણ ટ્રાંસવાલ અને ફ્રી સ્ટેટનો વહીવટ જનરલ બોથા વિના ચલાવવો એટલો તો મુશ્કેલ થઈ ગયો કે લૉર્ડ મિલ્નર પોતાના બગીચામાં ચિંતાતુર અને બેબાકળા થયેલા જોવામાં આવતા હતા! જનરલ બોથાએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે ફ્રીનિબનના સુલેહનામાનો અર્થ તેઓ તો ચોખ્ખો સમજ્યા હતા કે બોઅર લોકોને પોતાની આંતરવ્યવસ્થાનો પૂરેપૂરો અધિકાર તુરત મળશે. અને તેમણે કહ્યું કે જો એવું ન હોત તો કદિ તે પર પોતે સહી ન કરત. લૉર્ડ કિચનરે તેના જવાબમાં એમ જણાવેલું કે એવી જાતનો કશોયે ભરોંસો જનરલ બોથાને તેમણે આપેલો ન હતો. ધીમે ધીમે બોઅર પ્રજા જેમ જેમ વિશ્વાસપાત્ર નીવડે તેમ તેમ તેઓને સ્વતંત્રતા મળતી જશે! હવે આ બેની વચ્ચે ઇન્સાફ કોણ કરે? કોઇ પંચની વાત કહે તોપણ જનરલ બોથા શાને કબૂલ થાય? તે વખતે વડી સરકારે જે ન્યાય કર્યો એ એમને સંપૂર્ણ રીતે શોભાવનારો હતો. એ સરકારે કબૂલ રાખ્યું કે સામેનો પક્ષ—તેમાંયે વળી નબળો પક્ષ—સમાધાનનો જે અર્થ સમજેલો હોય તે અર્થ સબળા પક્ષે કબૂલ રાખવો જ જોઇએ. ન્યાય અને સત્યને ધોરણે તો હમેશાં એ જ અર્થ ખરો હોય. મારા કહેવાનો મેં મારા મનમાં ગમે તેવો અર્થ રાખેલો હોય છતાં તેની જે છાપ વાંચનાર અથવા સાંભળનારના મન ઉપર પડતી હોય તે જ અર્થમાં મેં મારૂં વચન કે લખાણ કહ્યું કે લખ્યું એમ મારે તેઓના પ્રત્યે કબૂલ રાખવું જ જોઇએ' આ સોનેરી નિયમનું પાલન આપણે વ્યવહારમાં ઘણી વખત નથી કરતા, તેથી જ ઘણી તકરારો થાય છે અને સત્યને નામે અર્ધું સત્ય—એટલે ખરૂં જોતાં દોઢ અસત્ય—ઉપયોગમાં લેવાય છે.

આમ જ્યારે સત્યની—એટલે અહીં જનરલ બોથાની—પૂરી જીત થઈ ત્યારે તેઓ કામે વળગ્યા અને પરિણામે બધી સંસ્થાઓ એકત્ર થઇ અને દક્ષિણ આફ્રિકાને સંપૂર્ણ સ્વતંત્રતા મળી. વાવટો યુનિયન જૅક છે, નકશામાં એ પ્રદેશનો રંગ લાલ છે, છતાં દક્ષિણ આફ્રિકા સંપૂર્ણ રીતે સ્વતંત્ર જ છે એમ માનવામાં કશી અતિશયતા નથી. એક પાઇ પણ બ્રિટિશ સલ્તનત દક્ષિણ આફ્રિકાના કાર્યકર્તાઓની સંમતિ વિના દક્ષિણ આફ્રિકામાંથી લઇ ન શકે. એટલું જ નહિ પણ બ્રિટિશ પ્રધાનોએ કબૂલ કર્યું છે કે જો દક્ષિણ આફ્રિકા બ્રિટિશ વાવટો કાઢી નાંખવા ઇચ્છે અને નામથી પણ સ્વતંત્ર થવા ઇચ્છે તો તેને કોઇ રોકી શકે એમ નથી. અને જો આજે દક્ષિણ આફ્રિકાના ગોરાઓએ એ પગલું નથી ભર્યું તો તેનું સબળ કારણ છે. એક તો એ કે બોઅર પ્રજાના આગેવાનો ચાલાક અને સમજુ છે. બ્રિટિશ સલ્તનતની સાથે જેમાં પોતાને કાંઇ પણ ખોવાનું નથી એવી જાતનું સહીયારૂં અથવા એવી જાતનો સંબંધ રાખે તો કંઇ અયોગ્ય નથી. પણ એ ઉપરાંત બીજું વ્યાવહારિક કારણ પણ છે, અને તે એ કે નાતાલમાં અંગ્રેજોની સંખ્યા વધારે છે, કેપ કૉલોનીમાં અંગ્રેજોની સંખ્યા ઘણી છે જોકે બોઅર કરતાં વધારે નથી, અને જોહાનીસબર્ગમાં કેવળ અંગ્રેજી અસર જ છે. તેથી બોઅર કોમ સ્વતંત્ર પ્રજાસત્તાક રાજ્ય આખા દક્ષિણ આફ્રિકામાં સ્થાપવાને ઇચ્છે તો ઘરમાં જ તકરાર દાખલ કરવા જેવું થાય અને કદાચ માંહેમાંહે લડાઈ પણ જાગે. તેથી ક્ષિણ આફ્રિકા બ્રિટિશ સંસ્થાન ગણાય છે.

યુનિયનનો કાયદો કઇ રીતે થયો એ પણ જાણવા જેવી વાત છે. ચારે સંસ્થાનોની ધારાસભાએ એકમત થઇને યુનિયનનું બંધારણ ઘડ્યું. બંધારણ બ્રિટિશ પાર્લમેંટને અક્ષરશઃ કબૂલ

રાખવું પડયું. આમની સભાના એક સભાસદે તેમાં એક વ્યાકરણ-દોષ હતો તે તરફ ધ્યાન ખેંચી દૂષિત શબ્દ કાઢવાની સૂચના કરી. મરહૂમ સર હેનરી કૅમ્પબેલ બૅનરમૅને તેની સૂચના નામંજુર કરતાં કહ્યું કે રાજ્યવહીવટ શુદ્ધ વ્યાકરણથી નથી ચાલી શકતો; એ બંધારણ બ્રિટિશ કારભારી મંડળ અને દક્ષિણ આફ્રિકાના કારભારીઓ વચ્ચેની મસલતને પરિણામે ઘડાયું છે; તેમાં વ્યાકરણનો દોષ સુદ્ધાં દૂર કરવાનો અખત્યાર બ્રિટિશ પાર્લામેંટને સારુ રાખવામાં આવ્યો નથી. તેથી એ બંધારણ જેવું હતું તેવું ને તેવું જ આમ અને ઉમરાવ બનેની સભાઓએ કબૂલ રાખ્યું.

આ પ્રસંગે એક ત્રીજી વાત પણ નોંધવાલાયક છે બંધારણમાં કેટલીક કલમો એવી છે કે જે તટસ્થ વાંચનારને અવશ્ય નકામી લાગે. તેથી ખર્ચ પણ ઘણું વધ્યું છે. બંધારણ રચનારાઓના ધ્યાનબહાર પણ એ વાત ન હતી; છતાં તેઓનો ઉદ્દેશ સંપૂર્ણતાએ પહોંચવાનો નહિ પણ આપલે કરીને એકમત થવાનો અને પ્રયત્ન સફળ કરવાનો હતો. તેથી જ હાલ યુનિયનની ચાર રાજધાનીઓ ગણાય છે. કેમકે પેટાસંસ્થાનોમાંથી કોઇ પોતાની રાજધાનીનું મહત્ત્વ છોડી દેવા તૈયાર ન હતા. ચારે સંસ્થાનોની સ્થાનિક ધારાસભા પણ કાયમ રાખવામાં આવી છે. ચારે સંસ્થાનોને ગવર્નર જેવો કોઇક હોદ્દેદાર જોઇએ જ, તેથી ચાર હાકેમ કબૂલ રાખવામાં આવ્યા છે. સહુ સમજે છે કે સ્થાનિક ધારાસભાઓ, ચાર રાજધાનીઓ અને ચાર હાકેમો બકરીના ગળાના આંચળની જેમ નિરુપયોગી અને કેવળ આડંબરરૂપ છે. પણ તેથી દક્ષિણ આફ્રિકાના વ્યવહારકુશળ કારભારીઓ ડરે એવા ક્યાં હતા? આડંબર હોવા છતાં અને તેથી વધારે ખર્ચ થાય તોપણ ચાર સંસ્થાનો એક થાય એ ઇચ્છવાયોગ્ય હતું તેથી તેઓએ

બહારની દુનિયાની ટીકાની ચિંતા કર્યા સિવાય પોતાને યોગ્ય લાગતું હતું તે કર્યું અને બ્રિટિશ પાર્લામેંટની પાસે એ કબૂલ કરાવ્યું.

આવો દક્ષિણ આફ્રિકાનો અતિશય ટૂંકો ઇતિહાસ વાંચનારની સમજને સારૂ આપવાનો મેં પ્રયત્ન કર્યો છે. તે વિના સત્યાગ્રહની મહાન લડતનું રહસ્ય ન સમજાવી શકાય એમ મને લાગ્યું. આવા પ્રદેશમાં હિંદીઓ કેમ આવ્યા અને ત્યાં સત્યાગ્રહકાળની પૂર્વે કઇ રીતે પોતાની ઉપર પડતી આપત્તિઓની સામે ઝૂઝયા એ હવે મૂળ વિષય પર આવતા પહેલાં આપણે જોવાનું રહે છે.

પ્રકરણ ૩ જું

દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓનું આગમન

આપણે ગયા પ્રકરણમાં જોઇ ગયા કે નાતાલમાં અંગ્રેજો આવી વસ્યા. તેઓએ ઝુલુઓની પાસેથી કેટલાક હક્કો લીધા. અનુભવે તેઓ જોઇ શક્યા કે નાતાલમાં શેરડી, ચા અને કૉફીનો પાક સુંદર થઇ શકે છે. બહોળા પ્રમાણમાં એ પાક ઉતારવો હોય તો હજારો મજૂરો જોઇએ. પાંચ પચીસ અંગ્રેજ કુટુંબો એવી સહાય વિના આવા પાક તૈયાર ન કરી શકે. તેઓએ હબસીઓને કામ કરવાને લલચાવ્યા ડરાવ્યા, પણ હવે ગુલામીનો કાયદો રહ્યો ન હતો તેથી સફળતાને સારૂ જોઇએ એટલું બળ તેઓ હબસીઓ ઉપર અજમાવી ન શક્યા. હબસીઓને બહુ મહેનત કરવાની ટેવ નથી. છ મહિનાની સામાન્ય મહેનતથી તેઓ પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી શકે છે. તો પછી કોઇ માલીકની સાથે લાંબી મુદતને સારૂ કેમ બંધાય? અને જ્યાં સુધી સ્થાયી મજૂરી ન મળી શકે ત્યાં સુધી અંગ્રેજો પોતાની નેમ પૂરી કરી ન શકે. તેથી એ લોકોએ હિન્દી સરકારની સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો, અને મજૂરને સારૂ હિન્દુસ્તાનની મદદ માગી. હિન્દી સરકારે નાતાલની માગણી કબૂલ રાખી, અને ૧૮૪૦–૫૦ દરમ્યાન પહેલી આગબોટ હિન્દી મજૂરોને લઇને નીકળી.

મારી દૃષ્ટિએ હિન્દી સરકારે આ માગણી મંજૂર કરવામાં પુખ્ત વિચાર ન કર્યો. અહીંના અંગ્રેજ અમલદાર જાણ્યેઅજાણ્યે નાતાલના પોતાના ભાઇઓના તરફ ઢળ્યા. અલબત્ત, બની શકે એટલી મજૂરોની રક્ષા કરવાની શરતો કરારનામામાં દાખલ કરી ખાવાપીવાની સામાન્ય સગવડ જળવાઇ. પણ આમ દૂર ગયેલા અભણ મજૂરો જો પોતાની ઉપર કંઇ દુઃખ પડે તો કેમ મુક્તિ મેળવી શકે તેનો ખ્યાલ પૂરો તો ન જ રહ્યો. તેઓના ધર્મનું શું થશે, તેઓ પોતાની નીતિ કેમ જાળવશે, એનો તો વિચાર પણ ન થયો. અમલદારોએ એ પણ ન વિચાર્યું કે જો કે કાયદામાં ગુલામી ન રહી પણ માલીકોના હૃદયમાંથી બીજાઓને ગુલામ બનાવવાનો લોભ નાબુદ થયો ન હતો. અમલદારોએ સમજવું જોઇતું હતું પણ ન સમજ્યા, કે મજૂરો દૂર દેશ જઇ મુદતના ગુલામ બનશે. સર વિલિયમ વિલસન હંટર જેણે આ સ્થિતિનો ઊંડો અભ્યાસ કર્યો હતો તેણે એની સરખામણી કરતાં બે શબ્દો અથવા શબ્દસમૂહ વાપર્યા હતા. નાતાલના જ હિન્દી મજૂરો વિષે લખતાં એક વેળા તેમણે લખેલું કે એ અરધ ગુલામગિરીની સ્થિતિ છે. બીજી વેળા એને પત્રની અંદર લખતાં લગભગ ગુલામગિરીની હદને પહોંચનારી એ સ્થિતિ છે એવું વર્ણન તેમણે આપેલું. અને નાતાલના એક કમિશનની પાસે જુબાની આપતાં ત્યાંના મ્હોટામાં મ્હોટા ગોરાએ એટલે મરહૂમ મી. એસ્કમ્બે એવું જ કબૂલ કરેલું. આવા તો ઘણા પુરાવાઓ નાતાલના અગ્રેસર ગોરાઓને મુખેથી જ આપી શકાય એમ છે. અને તેમાંના ઘણાખરા હિન્દી સરકારને થયેલી એ વિષયની અરજીઓમાં એકઠા થયેલા છે. પણ થનાર હતું તે થયું. અને જે સ્ટીમર આ મજૂરોને લઇ ગઇ તે જ સ્ટીમર સત્યાગ્રહના મહાન વૃક્ષનું બીજ પણ સાથે લઇ ગઇ. મજૂરોને નાતાલના અહીંના હિન્દી દલાલોએ

કેવા છેતર્યાં, કેમ ભોળવાઇને એ લોકો નાતાલ ગયા, નાતાલ પહોંચતાં તેઓની આંખ કેવી ઉઘડી, આંખ ઉઘડતા છતાં તેઓ કેમ નાતાલમાં રહ્યા, કેમ બીજાઓ પણ તેમની પાછળ ગયા, ત્યાં જઇને કેમ તેઓએ બધાં ધર્મનાં અને નીતિનાં બંધનો તોડી નાંખ્યાં, અથવા તો કેમ એ બંધનો તુટી ગયાં, કેમ વિવાહિત અને વેશ્યા વચ્ચેનો ભેદ સુદ્ધાં ન રહ્યો—એની કહાણી તો આ નાના પુસ્તકમાં લખાય જ નહિ.

આ મજૂરો એગ્રીમેંટમાં ગયેલા મજૂરોને નામે નાતાલમાં ઓળખાય છે તે ઉપરથી મજૂરો પોતાને ગિરમિટીઆ તરીકે ગણાવવા લાગ્યા. તેથી હવે એગ્રીમેંટને આપણે ગિરમિટને નામે ઓળખીશું અને તેમાં ગયેલા મજૂરોને ગિરમિટીઆને નામે ઓળખીશું.

જ્યારે નાતાલમાં ગિરમિટીઆ ગયા છે એવી ખબર મોરીશિયસમાં ફેલાઇ ત્યારે એવી જાતના મજૂરોની સાથે સંબંધ રાખતા હિન્દી વેપારીઓ નાતાલ જવા લલચાયા. મોરીશિયસ નાતાલ અને હિન્દુસ્તાનની વચ્ચે છે. મોરીશિયસના ટાપુમાં હજારો હિન્દીઓ વસે છે; મજૂરો અને વેપારી. તેઓના એક વેપારી મરહુમ અબુબકર આમદે નાતાલમાં પોતાની પેઢી રાખવાનો ઇરાદો કર્યો. એ વખતે નાતાલના અંગ્રેજોને પણ હિન્દી વેપારીઓ શું કરી શકે તેનું ભાન ન હતું, દરકાર પણ ન હતી. તેઓ ગિરમિટીઆની મદદથી શેરડી, ચા, કૅાફી વગેરેનો ઘણો નફાકારક પાક ઉગાડી શક્યા. શેરડીની ખાંડ બનાવી અને દક્ષિણ આફ્રિકાને આશ્ચર્ય પમાડે એટલી ટુંકી મુદતમાં થોડા થોડા પ્રમાણમાં આ ત્રણે વસ્તુ પૂરી પાડવા લાગ્યા. પોતાની કમાણીમાંથી તેઓએ મહેલ બનાવ્યા અને જંગલમાં મંગલ કરી બેઠા. એવે સમયે શેઠ અબુબકર જેવો એક સરસ સાદો અને બાહોશ વેપારી વચમાં આવી

વસે તે તેઓને ન ખૂંચે ? વળી એમની સાથે તો એક અંગ્રેજ પણ જોડાયો ! અબુબકર શેઠે વેપાર ચલાવ્યો, જમીન ખરીદી અને તેની સારી કમાણીની અફવા તેમના વતન પોરબંદર અને તેની આસપાસનાં ગામોમાં ફેલાઇ. એટલે બીજા મેમણ નાતાલ પહોંચ્યા. તેમની પાછળ સુરત તરફના વોરાઓ પણ પહોંચ્યા. તેઓને મહેતાઓ તો જોઇએ જ. તેથી ગુજરાત કાઠીઆવાડના હિન્દુ મહેતાઓ પણ ગયા.

આમ નાતાલમાં બે વર્ગના હિન્દીઓ થયાઃ (૧) સ્વતંત્ર વેપારી અને તેનો સ્વતંત્ર નોકરવર્ગ, અને (૨) ગિરમિટીઆ. કાળે કરીને ગિરમિટીઆઓની પ્રજા થઇ. ગિરમિટના કાયદા પ્રમાણે આ પ્રજા પણ જો કે મજૂરી કરવા તો બંધાયલી નહિ, છતાં એ કાયદાની કેટલીક આકરી કલમો નીચે તો રહી જ. ગુલામીનો ડામ ગુલામની પ્રજાને લાગ્યા વિના કેમ રહે ? આ ગિરમિટીઆ પાંચ વરસના કરારથી જતા હતા. પાંચ વરસ વીત્યા બાદ મજૂરી કરવા તેઓ બંધાયેલા ન હતા. પોતાને સ્વતંત્ર મજૂરી અથવા વેપાર કરવો હોય અને નાતાલમાં સ્થાયી થવું હોય તો તેને તેમ કરવાનો હક હતો. આ હકનો ઉપયોગ કેટલાકોએ કર્યો અને કેટલાક હિન્દુસ્તાન પાછા ફર્યા. જેઓ નાતાલમાં રહી ગયા તેઓ 'ફ્રી ઇંડિયન્સ' ને નામે ઓળખાતા. તેમને આપણે ગિરમિટમુક્ત અથવા ટૂંકામાં મુક્ત હિન્દી કહીશું. આ ભેદ સમજી લેવાની જરૂર છે. કેમકે જે હક કેવળ સ્વતંત્ર હિન્દી—જેનું વર્ણન ઉપર આવી ગયું તે—ભોગવતા હતા તે બધા આ મુક્ત થએલા હિન્દીઓને ન હતા. જેમકે તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાને ઇચ્છે તો તેઓએ પરવાનો લેવો જ જોઇએ, તેઓ વિવાહ કરે અને તે વિવાહને કાયદેસર ગણાવવા ઇચ્છે તો તે વિવાહ તેણે ગિરમિટીઆઓનું રક્ષણ

કરવાને નીમાએલા અમલદારના દફતરમાં નોંધાવવા જોઇએ, ઇ૦. આ સિવાય બીજા પણ આકરા અંકુશ તેઓની ઉપર હતા. ટ્રાન્સવાલ અને ફ્રી સ્ટેટમાં ૧૮૮૦-૯૦ની સાલમાં બોઅર લોકોનાં પ્રજાસત્તાક રાજ્ય હતાં. પ્રજાસત્તાક રાજ્યનો અર્થ પણ અહીં સ્પષ્ટ કરી દેવો આવશ્યક છે. પ્રજાસત્તાક એટલે ગોરાસત્તાક. તેમાં કંઇ હબસી પ્રજાને લેવાદેવા હોય જ નહિ. હિન્દી વેપારીઓએ જોયું કે માત્ર ગિરમિટીઆઓ અને ગિરમિટમુક્ત હિન્દીઓમાં જ પોતે વેપાર કરી શકે એમ કંઇ ન હતું, પણ હબસી લોકોની સાથે પણ તેઓ વેપાર કરી શકે. હબસી લોકોને હિન્દી વેપારી તો ભારે સગવડરૂપ થઇ પડયા. ગોરા વેપારીથી એ અતિશય ડરે. ગોરા વેપારી તેની સાથે વેપાર કરવા ઇચ્છે, પણ હબસી ઘરાકને મીઠી જીભે બોલાવે એ આશા ઘરાકથી રખાય જ નહિ. જો પોતાના પૈસાનો પૂરતો અવેજ મળે તો તે ઘણું થયું માને. પણ કેટલાકને એવો કડવો અનુભવ પણ થયેલો જોવામાં આવ્યો છે કે ચાર શિલિંગની વસ્તુ લેવાની હોય, એક પાઉંડ બાંક ઉપર મૂક્યો હોય, પાછા તેને ૧૬ શિલિંગને બદલે ૪ શિલિંગ મળે અથવા કંઇયે ન મળે! પેલો ગરીબ ઘરાક વધારો પાછો માગે અથવા બાદબાકીની ભૂલ દેખાડે તો અવેજમાં ભૂંડી ગાળ મળે. તેટલેથી જ છૂટે તોયે કંઇક સંતોષ; નહિ તો ગાળની સાથે મુક્કો અથવા લાત પણ હોય! આવું કંઇ બધા અંગ્રેજ વેપારીઓ કરે એમ કહેવાનો જરાયે આશય નથી. પણ એવા દાખલાઓ ઠીક સંખ્યામાં મળે એમ તો અવશ્ય કહી શકાય. આથી ઉલટું હિન્દી વેપારી મીઠી જીભે તો બોલાવે જ; તેની સાથે હસે. હબસી ભોળા અને દુકાનની અંદર જોવા ચૂંથવા ઇચ્છનારા હોય, એ બધું હિન્દી વેપારી સહન કરે. પરમાર્થ દૃષ્ટિએ નહિ એ ખરૂં, તેમાં તેની સ્વાર્થ-

દૃષ્ટિ હોય; લાગ ફાવે તો હિન્દી વેપારી હબસી ઘરાકોને છેતરતાં ન ચૂકે; પણ હિન્દી વેપારીની હબસીઓમાં પ્રિયતાનું કારણ તેની મીઠાશ. વળી હબસી હિન્દી વેપારીથી બ્હીએ તો નહિ જ; ઉલટા એવા દાખલા મોજૂદ છે કે જ્યારે કોઈ હિન્દી વેપારીએ હબસી ઘરાકોને છેતરવાનો પ્રયત્ન કર્યો છે અને તે પેલો જાણી ગયો છે ત્યારે તેને હાથે વેપારીએ માર ખાધો છે અને ગાળો તો ઘણીયે વાર સાંભળી છે. એટલે હિન્દી હબસીના સંબંધમાં બ્હીવાનો પ્રસંગ કેવળ હિન્દીને જ રહ્યો. છેવટે પરિણામ એ આવ્યું કે હિન્દી વેપારીને હબસીઓની ઘરાકી બહુ લાભદાયક જણાઇ. હબસીઓ તો આખા દક્ષિણ આફ્રિકામાં ફેલાયેલા જ હતા. હિન્દી વેપારીઓએ સાંભળ્યું હતું કે ટ્રાંસવાલ અને ફ્રી સ્ટેટમાં બોઅર લોકોની સાથે પણ વેપાર થઈ શકે છે, બોઅર લોકો સાદા, ભોળા અને આડંબર વિનાના હોય છે, તેઓ હિન્દીઓના ઘરાક બનતાં લજવાશે નહિ. આથી કેટલાક હિન્દી વેપારીઓએ ટ્રાંસવાલ અને ફ્રી સ્ટેટ તરફ પણ પ્રયાણ કર્યું. દુકાનો ખોલી. ત્યાં એ અવસરે આગગાડી વગેરે ન હતાં તેથી નફા બહુ મ્હોટા મળી શકતા હતા. વેપારીઓની કલ્પના સાચી ઠરી અને તેઓને બોઅર તેમ જ હબસીઓની ઘરાકી પુષ્કળ મળવા માંડી. રહ્યું કેપ કોલોની. ત્યાં પણ કેટલાક હિન્દી વેપારી જઇ પહોંચ્યા અને ઠીક કમાણી કરવા લાગ્યા. આમ થોડી થોડી સંખ્યામાં ચારે સંસ્થાનોમાં હિન્દી પ્રજા વહેંચાઇ ગઇ અને હાલ સમસ્ત સ્વતંત્ર હિન્દીની સંખ્યા ચાળીસથી પચાસ હજારની ગણાય; અને ગિરમિટમુક્તની એક લાખ. આ સંખ્યામાં પણ આ લખતી વેળાએ કંઇક ઘટાડો થયો હશે પણ વધારો તો નહિ જ.

પ્રકરણ ૪ થું

મુસીબતોનું સિંહાવલોકન

(નાતાલ)

નાતાલના ગોરા માલીકોને કેવળ ગુલામ જોઇતા હતા. જેઓ નોકરી કર્યા બાદ સ્વતંત્ર થઈ શકે અને સ્હેજ અંશે પણ તેમની જોડે હરીફાઇ કરી શકે એવા મજૂરો તેઓને પરવડે એમ ન હતું. આ ગીરમીટીઆ જોકે હિંદુસ્તાનમાં પોતાની ખેતી વગેરેમાં બહુ સફળ થયા ન હતા તેથી નાતાલ ગએલા, છતાં ખેતીનું કંઇ ભાન તેમને ન હોય અથવા તો જમીન કે ખેતીની કિંમત ન સમજી શકે એવા ન હતા. તેઓએ જોયું કે નાતાલમાં જો પોતે ભાજીપાલો પણ વાવે તો સારી નીપજ કરી શકે છે, અને જો એક નાનકડો સરખો જમીનનો ટુકડો પણ લે તો તેમાંથી વળી વધારે કમાણી કરી શકે છે. તેથી ઘણા ગીરમીટીઆઓ જ્યારે છૂટા થયા ત્યારે કંઇક ને કંઇક નાનો સરખો ધંધો કરવા મંડી ગયા. આથી એકંદરે તો નાતાલ જેવા મુલકમાં વસ્તીને ફાયદો થયો. અનેક પ્રકારનો ભાજીપાલો જે યોગ્ય ખેડુતોની ખામીને લીધે પેદા નહોતો થતો તે થવા લાગ્યો. જે કોઇ જગ્યાએ છૂટોછવાયો પેદા થતો હતો તે હવે મોટે ભાગે મળવા લાગ્યો. આથી ભાજીપાલાના ભાવ એકદમ ઉતર્યા. પણ આ વાત ધનિક ગોરાઓને ન ગમી. તેઓને લાગ્યું કે આજ લગી જેનો પોતાને ઇજારો છે એમ માનતા હતા તેમાં હ

ભાગીદાર પેદા થયા. તેથી આ ગરીબડા ગીરમીટીઆઓની સામે હીલચાલ શરૂ થઇ. વાંચનારને નવાઇ લાગશે કે એક તરફથી તેઓ વધારે ને વધારે મજૂર માગતા હતા, હિંદુસ્તાનની જેટલા ગીરમીટીઆ આવતા હતા તેનો તુરત જ 'ઉપાડ' થઇ જતો હતો, અને બીજી તરફથી જેઓ ગીરમીટમુક્ત થતા હતા તેઓની ઉપર અનેક જાતનાં દબાણુ મૂકવાની હીલચાલ થતી હતી. આ તેઓની હુશિયારીનો અને તનતોડ મહેનતનો બદલો!

હીલચાલે ઘણું રૂપ પકડ્યાં. એક પક્ષે એવી માગણી કરી કે ગીરમીટમાંથી છૂટા થતા ગીરમીટીઆઓને પાછા હિંદુસ્તાન મોકલી દેવા જોઇએ, અને તેથી જૂના કરારોને બદલીને નવા કરારમાં નવા આવનાર મજૂરની પાસે એવી શરત લખાવી લેવી કે તેઓ ગીરમીટ ખલાસ થયે કાં તો હિંદુસ્તાન પાછા જશે અથવા તો ફરી પાછા ગીરમીટમાં દાખલ થશે. બીજા પક્ષે એવો વિચાર દર્શાવ્યો કે ગીરમીટમાંથી મુકત થયે તેઓ ફરી પાછા ગીરમીટમાં દાખલ થવા ન માગે તો તેઓની પાસેથી સખત વાષક માથાવેરો લેવો. આ બન્ને પક્ષનો હેતુ તો એક જ હતો કે ગમે તેમ કરીને પણુ ગીરમીટીઓ વર્ગ કોઇ પણુ કાળે નાતાલમાં સ્વતંત્રતાએ ન રહી શકે. હોહા એટલી બધી થઇ કે છેવટે નાતાલની સરકારે કમીશન નીમ્યું. બન્ને પક્ષની માગણી તદ્દન ગેરવ્યાજબી હતી અને ગીરમીટીઆઓની હસ્તી આર્થિક દૃષ્ટિએ સમસ્ત પ્રજાને સારૂ કેવળ લાભદાયી હતી તેથી કમીશનની પાસે જ સ્વતંત્ર પુરાવો પડયો તે બધો ઉપલા બંને પક્ષની વિરુદ્ધ હતો. તેથી તાત્કાળિક પરિણામ તો વિરુદ્ધ પક્ષની દૃષ્ટિએ કંઇ જ ન આવ્યું, પણુ જેમ અગ્નિ હોલાયા પછી કંઇક નિશાની તો મૂકતો જ જાય છે તેમ આ હીલચાલે પણુ તેની છાપ નાતાલની સરકાર પર પાડી. પડયા વિના કેમ રહે? નાતાલની સરકાર એટલે મુખ્યપણે

ધનિકવર્ગના હિમાયતી. હિન્દી સરકારની સાથે પત્રવહેવાર શરૂ થયો અને બન્ને પક્ષની સૂચનાઓ હિન્દી સરકાર પાસે થઇ. પણ હિન્દી સરકાર એકાએક એવી સૂચના કેમ કબૂલ કરી શકે કે જેથી ગીરમીટીઆઓ હમેશને સારૂ ગુલામગીરીમાં રહે ? ગીરમીટમાં હિન્દીઓને એટલે દૂર મોકલવાનું એક કારણ અથવા તો બ્હાનું એ હતું કે ગીરમીટીઆઓ ગીરમીટ પૂરી થયે સ્વતંત્ર થઇ પોતાની શક્તિ પૂરેપૂરી કેળવી તે પ્રમાણે આર્થિક સ્થિતિ સુધારી શકશે. આ વેળાએ નાતાલ ક્રાઉન કૉલોની હતું એટલે કૉલોનિયલ ઓફીસ પણ ક્રાઉન કૉલોનીના વહીવટ સારૂ પૂરી જવાબદાર ગણાવાથી ત્યાંથીયે નાતાલને પોતાની અન્યાયી ઇચ્છા પૂરી પાડવામાં મદદ ન મળી શકે. એથી અને એવા પ્રકારનાં બીજાં કારણોથી નાતાલમાં જવાબદાર રાજ્યાધિકાર મેળવવાની હીલચાલ શરૂ થઇ. આ સત્તા ૧૮૯૩–૯૪ માં મળી. હવે નાતાલને જોર આવ્યું. કૉલોનિયલ ઓફીસને પણ ગમે તેવી નાતાલની માગણીઓ હોય તેનો સ્વીકાર કરવામાં બહુ મુશ્કેલી ન આવે. નાતાલની આ નવી એટલે જવાબદાર સરકાર તરફથી હિન્દુસ્તાનની સરકાર સાથે મસલત કરવા એલચીઓ આવ્યા. તેઓની માગણી ૨૫ પાઉન્ડ એટલે રૂા. ૩૭૫ નો વાર્ષિક માથાવેરો ગીરમીટમુક્ત દરેક હિન્દી પર નાંખવાની હતી. એનો અર્થ જ એ થયો કે એ કર કોઇ પણ હિન્દી મજૂર ભરી શકે નહિ અને તેથી તેનાથી સ્વતંત્ર રીતે નાતાલમાં રહી શકાય નહિ. તે વખતના વાઇસરાય લૉર્ડ એલ્ગિનને આ સૂચના બહુ ભારેપડતી લાગી અને છેવટે તેમણે ત્રણ પાઉન્ડનો વાર્ષિક માથા-વેરો કબૂલ રાખ્યો. આ માથાવેરો માત્ર મજૂર ઉપર જ નહિ પણ એ તેની સ્ત્રી અને બાર વર્ષ ઉપરની છોકરી અને સોળ વર્ષ ઉપરના છોકરાએ પણ આપવો જોઇએ ! ભાગ્યે જ કોઈ મજૂર

એવો હોય કે જેને સ્ત્રી અને બે છોકરાં ન હોય. એટલે સામાન્ય રીતે દરેક મજૂરે બાર પાઉન્ડનો વાર્ષિક કર ભરવો જોઇએ. આ વેરો કેટલો ત્રાસદાયક થઇ પડ્યો એનું વર્ણન થઇ ન શકે. એનું દુઃખ અનુભવી જ જાણે અથવા એ નજરે જોયું હોય એ કંઇક સમજી શકે. નાતાલ સરકારના આ પગલાની સામે હિન્દી કોમ ખૂબ ઝૂઝી હતી. વડી (બ્રિટિશ) સરકારને અને હિન્દી સરકારને અરજીઓ ગઇ. પણ એનું પરિણામ આ પચીસના ત્રણ પાઉન્ડ થવા ઉપરાંત કંઇ જ ન આવ્યું. ગીરમીટીઆ પોતે તો એ બાબત શું કરી શકે કે શું સમજી શકે ? હીલચાલ તો કેવળ હિન્દી વેપારીવર્ગે દેશદાઝથી કહો કે પરમાર્થદષ્ટિથી કરેલી.

જેમ ગીરમીટીઆઓનું તેમ જ સ્વતંત્ર હિન્દીઓનું થયું. તેઓની સામે પણ મુખ્ય ભાગે એવાં જ કારણોથી નાતાલના ગોરા વેપારીઓએ હીલચાલ શરૂ કરેલી. હિન્દી વેપારીઓ સારી રીતે જામ્યા. તેઓએ સારા સારા લત્તાઓમાં જમીનો ખરીદ કરી. ગીરમીટમુક્ત થએલા હિન્દીઓની વસ્તી જેમ જેમ વધતી ગઇ તેમ તેમ તેઓને જોઇતી ચીજોનો ઉપાડ સારો થવા લાગ્યો. હજારો બસ્તા ચાવલ હિન્દુસ્તાનથી આવે અને તેમાંથી સારો નફો મળે. આ વેપાર મોટે ભાગે અને સ્વાભાવિક રીતે હિન્દી વેપારીના કબજામાં રહ્યો. વળી હબસીઓની સાથેના વેપારમાં પણ તેઓ ઠીક ભાગ લેવા લાગ્યા. આ નાના ગોરા વેપારીઓ-થી સહન ન થતું. વળી આ વેપારીઓને કોઇ અંગ્રેજોએ જ બતાવ્યું કે તેઓને પણ કાયદા પ્રમાણે નાતાલની ધારાસભામાં સભાસદ થવાનો અને સભાસદ ચુંટવાનો હક છે. કેટલાંક નામ પણ મતદારોમાં નોંધાયાં. આ સ્થિતિ નાતાલના રાજદ્વારી ગોરાઓ સાંખી ન શક્યા; કેમકે જો આમ હિન્દીની હાલત નાતાલમાં મજબૂત થાય, તેની પ્રતિષ્ઠા વધે તો તેઓની હરીફાઇમાં ગોરાઓ

કેમ ટકી શકે એ તેઓને ચિંતા થઇ પડી. આથી સ્વતંત્ર હિન્દીના બાબતમાં જવાબદાર સરકારનું પહેલું પગલું એ હતું કે એક પણ નવો હિન્દી મતદાર ન થઇ શકે એવો કાયદો કરવો. સન ૧૮૯૪માં આ વિષેનું પહેલું બિલ નાતાલની ધારાસભામાં આવ્યું. એ બિલ પ્રમાણે હિન્દીને હિન્દી તરીકે જ મત આપવાના હકમાંથી બાતલ રાખવાનું ધોરણ હતું. નાતાલમાં રંગભેદ ઉપર હિન્દીઓને વિષે ઘડાએલો આ પહેલો કાયદો હતો. હિન્દી પ્રજા સામે થઇ. એક રાતની અંદર અરજી તૈયાર થઈ. ચારસો માણસોની સહીઓ લેવાઈ. એ અરજી જતાં ધારાસભા ચમકી. પણ કાયદો તો પાસ થયો. તે વખતે લૉર્ડ રિપન સંસ્થાનોના પ્રધાન હતા, તેમની પાસે અરજી ગઇ. તેમાં દસ હજાર સહીઓ હતી. દસ હજાર સહી એટલે નાતાલની લગભગ કુલ સ્વતંત્ર હિન્દી વસ્તી. લૉર્ડ રિપને બિલ નામંજૂર રાખ્યું અને જણાવ્યું કે બ્રિટિશ સલ્તનત કાયદામાં રંગભેદને કબૂલ ન કરી શકે. આ જીત કેટલી મહત્ત્વની હતી એ આગળ ચાલતાં વધારે જણાશે. આના જવાબમાં નાતાલની સરકારે નવું બિલ રજૂ કર્યું. તેમાંથી રંગભેદ ગયો, પણ આડકતરી રીતે તેમાંયે હુમલો તો હિન્દીઓ ઉપર જ હતો. હિન્દી કોમે તેની સામે પણ લડત તો ચલાવી છતાં તે નિષ્ફળ ગઇ. એ કાયદો દ્વિઅર્થી હતો. તેનો અર્થ ચોક્કસ કરાવવાને સારૂ કોમ છેવટની અદાલત સુધી એટલે પ્રિવી કાઉન્સિલ સુધી લડી શકત; પણ લડવાનું દુરસ્ત ન ધાર્યું. ન લડવું યોગ્ય જ હતું એમ હજી સુધી મને લાગે છે. મૂળ વસ્તુ કબૂલ થઇ એ જ અનુગ્રહ હતો. પણ ટલેથી નાતાલના ગોરાઓને અથવા તો નાતાલની સરકારને સંતોષ થાય એમ ન હતું. હિન્દીઓની રાજદ્વારી સત્તા જામતી અટકાવવી એ તો એક આવશ્યક પ્રથમ પગલું હતું, પણ તેઓની નજર ખરેખરી તો હિન્દી વેપાર અને સ્વતંત્ર હિન્દીના આગમન

ઉપર હતી. ત્રીસ કરોડની વસ્તીવાળું હિન્દુસ્તાન જો નાતાલ તરફ ઉલટે તો નાતાલના ગોરાનું શું થાય, એ તો સમુદ્રમાં તણાઇ જાય, એ ધાસ્તીથી તેઓ બેચેન થઇ ગયા હતા. નાતાલમાં ૪ લાખ હબસી, ૪૦ હજાર ગોરા, તે વખતે ૬૦ હજાર ગીરમીટીઆ, ૧૦ હજાર ગીરમીટમુક્ત અને ૧૦ હજાર સ્વતંત્ર હિન્દી, આમ લગભગ પ્રમાણ હતું. ગોરાઓની ધાસ્તીને સારૂ સબળ કારણ તો ન જ હતું, પણ ડરેલા માણસને દાખલાદલીલથી સમજાવી શકાય જ નહિ. હિન્દુસ્તાનની લાચાર સ્થિતિનું ને હિન્દુસ્તાનના રીતરિવાજનું તેઓનું અજ્ઞાન, અને તેથી તેઓના મનમાં એક જાતનો આભાસ કે જેવા સાહસિક અને શક્તિમાન તેઓ તેવા જ હિન્દી હોવા જોઇએ; અને તેથી તેઓએ કેવળ ત્રિરાશી ગણી કહાડી. તેમાં તેઓનો દોષ કેમ કહાડી શકાય? ગમે તેમ હો, પણ પરિણામ એ આવ્યું કે નાતાલની ધારાસભાએ બીજા બે કાયદા પસાર કર્યા તેમાં પણ મત વિષેની લડતની જીતને પરિણામે રંગભેદને દૂર રાખવો પડ્યો, તેથી ગર્ભિત ભાષા વડે કામ લેવું પડ્યું. અને તેને પ્રતાપે સ્થિતિ કંઇક જળવાઇ શકી. હિન્દી કોમ આ વખતે પણ ખૂબ ઝુઝી છતાં કાયદા તો પસાર થયા જ. એક કાયદાથી હિન્દી વેપાર પર સખત અંકુશ મૂકાયો અને બીજા વડે હિન્દી પ્રવેશ પર. કાયદાની રૂએ નીમાએલા અમલદારની રજા વિના કોઇને પણ વેપારનો પરવાનો ન મળી શકે એ મતલબ પહેલા કાયદાની. વ્યવહારમાં ગમે તે ગોરો જાય ને રજાચિઠ્ઠી મેળવી શકે અને હિન્દીને મહા મુસીબતે મળે. તેમાં વકીલ વગેરેનું ખરચ તો ખરૂં જ. એટલે કાચાપોચા તો સ્હેજે વેપારના પરવાના વિના જ રહે. બીજા કાયદાની મુખ્ય શરત એ કે જે હિન્દી કોઈ પણ યુરોપની ભાષામાં દાખલ થવાની અરજી લખી શકે તે જ દાખલ થઇ શકે. એટલે

કરોડો હિન્દીની સામે તો નાતાલનો દરવાજો તદ્દન બંધ થયો. જાણેઅજાણે મારાથી નાતાલને અન્યાય થઇ જાય તેથી મારે જણાવવું જોઇએ કે જે હિન્દી એ કાયદો થતા પહેલાં નાતાલમાં ઘર કરીને રહેલો હોય તે જો નાતાલ છોડીને હિન્દુસ્તાન અથવા બીજી જગ્યાએ જાય અને પાછો ફરે તો તે તેની પોતાની સ્ત્રી અને સગીર ઉમ્મરનાં બાળક સહિત યુરોપની ભાષા જાણ્યા સિવાય દાખલ થઇ શકે. આ ઉપરાંત નાતાલમાં ગીરમીટીઆ અને સ્વતંત્ર હિન્દી ઉપર બીજી કાયદાની અને કાયદા બહારની કેટલીક આપત્તિઓ હતી અને હાલ છે, જેમાં વાંચનારને ઉતારવાની જરૂર હું નથી જોતો. જેટલી હકીકત આ પુસ્તકનો વિષય સમજાવવાને જરૂરની લાગે છે તેટલી જ આપવા ધારૂં છું. દક્ષિણ આફ્રિકાના દરેક સંસ્થાનમાંના હિન્દીની હાલતનો ઇતિહાસ બહુ વિસ્તીર્ણ હોવો જોઇએ એમ દરેક વાંચનાર જાણી શકે, પણ એવો ઇતિહાસ આપવાનો આ પુસ્તકનો મુદ્દલ આશય નથી.

પ્રકરણ ૫ મું

મુસીબતોનું સિંહાવલોકન (ચાલુ)

(ટ્રાન્સવાલ અને બીજાં સંસ્થાનો)

જેમ નાતાલમાં તેમ જ વત્તા કે ઓછા પ્રમાણમાં દક્ષિણ આફ્રિકાનાં બીજાં સંસ્થાનોમાં હિન્દીઓ તરફ અણગમો સને ૧૮૮૦ પહેલાંથી જ શરૂ થએલો, અને કેપ કૉલોનીને બાદ કરતાં બધાં સંસ્થાનોમાં એક જ મત બંધાયો હતો કે મજૂર તરીકે તો હિન્દીઓ બહુ સારા. પણ સ્વતંત્ર હિન્દીથી તો દક્ષિણ આફ્રિકાને નુકસાન જ થાય છે એ ઘણા ગોરાઓના મનમાં સૂત્રરૂપે ઠસી ગયું હતું. ટ્રાન્સવાલ તો પ્રજાસત્તાક રાજ્ય હતું. ત્યાંના પ્રેસિડેન્ટને અમે બ્રિટિશ રૈયત કહેવાઇએ એમ હિન્દીઓનું કહેવું એ તો હાંસી વહોરી લેવા સરખું હતું. હિન્દીઓને જો કંઇ પણ ફરિયાદ કરવી હોય તો તે કેવળ બ્રિટિશ એલચીની પાસે કરી શકે. એમ છતાં આશ્ચર્ય તો એ છે કે ટ્રાન્સવાલ જ્યારે બ્રિટિશ સલ્તનતથી કેવળ અળગું હતું ત્યારે જે મદદ બ્રિટિશ એલચી કરી શકતો હતો તે મદદ જ્યારે ટ્રાન્સવાલ બ્રિટિશ સલ્તનત નીચે ગણાયું ત્યારે તદ્દન નાબુદ થઇ. જ્યારે લૉર્ડ મોર્લી હિન્દી પ્રધાન હતા અને તેમની પાસે ટ્રાન્સવાલના હિન્દીઓની વકીલાત કરવા એક મંડળ ગયું હતું ત્યારે તેમણે ચોખ્ખું કહેલું કે તમે તો જાણો છો કે જવાબદારી ભોગવનારી સત્તાઓ ઉપર વડી સરકારનો કાબુ ઘણો ઓછો છે. સ્વતંત્ર રાજ્યની સાથે વડી સરકાર લડાઇની

ધમકી આપી શકે—લડાઇ પણ કરી શકે, પણ સંસ્થાનોની સાથે તો કેવળ મસલત જ થઇ શકે. એમની સાથેનો સંબંધ રેશમી દોરીથી ગંઠાએલો છે, જરા તાણવા જતાં તૂટી જાય. બળથી તો કામ લેવાય જ નહિ; કળ જેટલું કરી શકે એ બધું હું કરીશ એની તમને ખાત્રી આપું છું. જ્યારે ટ્રાન્સવાલની સાથે લડાઈ થઇ ત્યારે લડાઇ કરવાનાં કારણોમાંનું એક ત્યાંના હિન્દી-ઓની દુઃખદ સ્થિતિ પણ હતું એવું લૉર્ડ લૅન્સડાઉન, લૉર્ડ સેલબર્ન વગેરે બ્રિટિશ અમલદારો બોલ્યા હતા.

હવે આપણે એ દુઃખનું પ્રકરણ તપાસીએ. ટ્રાન્સવાલમાં હિન્દીઓ પ્રથમ સન ૧૮૮૧ માં દાખલ થયા. મરહૂમ શેઠ અબુબકરે ટ્રાન્સવાલની રાજધાની પ્રીટોરીઆમાં દુકાન ખોલી અને તેના મુખ્ય મહોલ્લામાં જમીન પણ ખરીદી. બીજા વેપારીઓ ત્યાં એક પછી એક પહોંચ્યા. તેમનો વેપાર ઘણા ઝપાટાથી ચાલ્યો. એટલે ગોરા વેપારીઓને અદેખાઇ આવી. અખબારોની અંદર હિન્દીઓની સામે લખાણો શરૂ થયાં. ધારાસભામાં હિન્દીઓને કાઢી મૂકવાની ને તેમનો વેપાર બંધ કરવાની સૂચનાઓ વાળી અરજી ગઇ. આ ગોરાઓને સારૂ કેવળ નવા મુલકમાં ધનતૃષ્ણાનો પાર નહિ. તેઓ નીતિઅનીતિનો ભેદ ભાગ્યે જ જાણે. ધારાસભાને કરેલી તેઓની અરજીની અંદર આવાં વાકયો આવે છે: “ આ લોકો (હિન્દી વેપારી) માનુષી સભ્યતા જાણતા જ નથી. તેઓ બદચાલથી થતાં દરદોથી સડે છે. દરેક ઓરતને તેઓ પોતાનો શિકાર ગણે છે; ઓરતોને આત્મારહિત સમજે છે. ” આ ચાર વાકયોની અંદર ચાર જૂઠાણાં ભર્યાં છે. એવા નમુના તો બીજા ઘણાયે આપી શકાય. જેવી પ્રજા તેવા જ પ્રતિનિધિ. આપણા વેપારીઓને તે શી ખબર હોય કે તેઓની સામે કેવી બેહૂદી અને અન્યાયી

હીલચાલ ચાલી રહી છે? તેઓ છાપાં વાંચે નહિ. અખબારમાંની હીલચાલ અને અરજીઓમાંની હીલચાલની અસર ધારાસભા ઉપર થઇ અને ધારાસભામાં એક બિલ રજૂ થયું. તેની ખબર અગ્રેસર હિન્દીઓને કાને પડી એટલે તેઓ ચોંક્યા. તેઓ પ્રેસિડેન્ટ ક્રુગરની પાસે ગયા. મરહૂમ પ્રેસિડેન્ટે તેમને ઘરમાં તો દાખલ પણ ન કર્યા. ઘરના આંગણામાં તેઓને ઉભા રાખ્યા અને તેઓનું થોડુંઘણું સાંભળ્યા પછી તેઓને કહ્યું: "તમે તો ઇસ્માઇલની ઓલાદ છો એટલે તમે ઇસોની ઓલાદની ગુલામી કરવાને જ જન્મેલા છો. અમે ઇસોની ઓલાદ ગણાઇએ તેથી તમને એકસરખા હક તો મળી જ ન શકે. અમે જે આપીએ તેથી તમારે સંતોષ માનવો જોઇએ." આમાં દ્વેષ કે રોષ હતો એમ આપણાથી નહિ કહી શકાય. પ્રેસિડેન્ટ ક્રુગરની કેળવણી જ એવા પ્રકારની હતી કે બચપણથી જ બાઇબલના જૂના કરારમાં કહેલી વાતો તેને શીખવવામાં આવી અને તેણે તે માની. અને જે માણસ જેવું માનતો હોય તેવું જ નિખાલસ દિલથી કહે તેમાં તેનો દોષ શો કહાડી શકાય? છતાં આવા નિખાલસપણે રહેલા અજ્ઞાનની પણ બૂરી અસર તો થાય જ; અને પરિણામ એ આવ્યું કે સન ૧૮૮૩ માં ઘણો આકરો કાયદો ધારાસભામાં ઉતાવળે પસાર થયો, કેમ જાણે હજારો હિન્દી તુરત જ ટ્રાન્સવાલમાં લૂંટ કરવા તાકી રહેલા હોય! એ કાયદાની સામે બ્રિટિશ એલચીને હિન્દી અગ્રેસરોની પ્રેરણાથી પગલાં ભરવાં પડ્યાં. મામલો સંસ્થાનોના પ્રધાન સુધી ગયો. એ કાયદાથી દાખલ થનાર હિન્દીની પાસેથી ૨૫ પાઉન્ડ લેવાની વાત હતી. અને એક તસુ પણ જમીન તે ન લઇ શકે, મતદાર તો તેનાથી ન જ થઇ શકાય. આ બધું એટલું અજુગતું હતું કે તેનો બચાવ દાખલાદલીલથી તો ટ્રાન્સવાલની સરકાર કરી શકે નહિ. ટ્રાન્સવાલ સરકાર અને

વડી સરકાર વચ્ચે સુલેહનામું હતું જે ' લંડન કન્વેન્શન 'ને નામે ઓળખાતું હતું. તેમાં બ્રિટિશ રૈયતના હકો જાળવવાની એક કલમ હતી. એ કલમને આધારે વડી સરકારે આ કાયદાનો વિરોધ કર્યો. ટ્રાન્સવાલની સરકારે એવી દલીલ કરી કે જે કાયદો તેણે કરેલો છે તેમાં વડી સરકારે જ પહેલેથી સ્પષ્ટ અથવા ગર્ભિત સંમતિ આપી હતી.

આમ બન્ને પક્ષ વચ્ચે મતભેદ થવાથી તકરાર પંચની પાસે ગઇ. પંચનો ફેંસલો લૂલો થયો. તેણે બન્ને પક્ષને રાજી રાખવાનો પ્રયત્ન કર્યો. પરિણામ એ આવ્યું કે હિન્દીઓએ તેમાં પણ ખોયું જ. માત્ર ફાયદો એટલો થયો કે વધારે ખોવાને બદલે ઓછું ખોયું. એ પંચના ઠરાવ પ્રમાણે સુધારો સન ૧૮૮૬માં થયો. તેની રૂએ ૨૫ પાઉન્ડને બદલે ત્રણ પાઉન્ડ લેવાનું ઠર્યું અને જમીનની માલીકી ક્યાંયે ન લઇ શકાય એવી આકરી શરત હતી તેને બદલે એવું ઠર્યું કે ટ્રાન્સવાલની સરકાર મુકરર કરે તેવા લત્તામાં કે વાડીમાં હિન્દીઓ જમીન લઇ શકે. આ કલમનો અમલ થવામાં પણ સરકારે મન ચોર્યું, તેથી આવા વાડાઓમાં પણ જલખરીદ (પસાઇતી) જમીન લેવાના હક તો ન જ આપ્યા. આ વાડાઓ દરેક શહેરમાં જ્યાં હિન્દીઓનો વસવાટ હતો તેમાં શહેરથી ઘણે દૂર અને ગંદામાં ગંદી જગ્યાએ રાખવામાં આવ્યા. ત્યાં પાણીબત્તીની સગવડ ઓછામાં ઓછી, પાયખાનાં સાફ કરવાનું પણ તેવું જ; એટલે આપણે ટ્રાન્સવાલની 'પંચમ' જાતિ બન્યા. અને તેથી આ વાડાઓ અને હિન્દુસ્તાનના ઢેડવાડાઓમાં કંઇ જ તફાવત નહિ એમ કહી શકાય. જેમ હિન્દુ ઢેડને અડકવાથી અથવા ઢેડના પડોશથી અભડાઇ જાય તેમ જ હિન્દીના સ્પર્શથી કે પડોશથી ગોરા અભડાય એવી સ્થિતિ લગભગ આવી રહી. વળી આ સન ૧૮૮૬ના કાયદાનો ટ્રાન્સવાલના

સરકારે એવો અર્થ કર્યો કે હિન્દી કોમ વેપાર પણ આ વાડાઓમાં જ કરી શકે. આ અર્થ બરોબર છે કે નથી તેનો ફેંસલો ટ્રાન્સવાલની અદાલત ઉપર પંચે રાખેલો હતો એટલે હિન્દી વેપારીઓની સ્થિતિ બહુ કફોડી હતી. છતાં મસલતો ચલાવી, કોઇ જગ્યાએ કોઇ કેસો લડી, કોઇ જગ્યાએ વગો ચલાવી હિન્દી વેપારીઓ પોતાની સ્થિતિ ઠીક ઠીક જાળવી શક્યા હતા. આ પ્રમાણે દુઃખદ અને અનિશ્ચિત હાલત બોઅર લડાઇ જાગી તે વખતે ટ્રાન્સવાલની હતી.

હવે આપણે ફ્રી સ્ટેટ તપાસીએ. ત્યાં દશ પંદરથી વધારે હિન્દી દુકાનો નહિ થઇ હોય તેવામાં જ ગોરાઓએ જબરદસ્ત હીલચાલ ચલાવી મૂકી. ત્યાંની ધારાસભાએ ચોકસીથી કામ કરી તણીને સાફ જ કર્યું. એક સખત કાયદો પસાર કરી, નજીવો નુકસાનીનો બદલો આપી, દરેક હિન્દી દુકાનદારને ફ્રી સ્ટેટમાંથી કાઢી મૂક્યો. એ કાયદાની રૂએ હિન્દી વેપારી જમીનના માલીક કે ખેડૂત તરીકે ફ્રી સ્ટેટમાં વસી જ ન શકે, મતદાર તો ન જ થવાય. ખાસ રજા મેળવીને મજૂરવર્ગ અથવા હોટેલના વેઇટર તરીકે રહી શકે! આવી રજા પણ હરેક અરજદારને મળે એવું તો હોય જ નહિ. પરિણામ એવું આવ્યું કે ફ્રી સ્ટેટમાં કોઇ પ્રતિષ્ઠિત હિન્દી બે ચાર દિવસ રહેવાને ઇચ્છે તોપણ બહુ મુસીબતે જ રહી શકે. લડાઇને સમયે ત્યાં આશરે ચાળીસેક હિન્દી વેઇટર સિવાય બીજા કોઇ હિન્દી ન હતા.

કેપ કૉલોનીમાં જોકે થોડીઘણી હીલચાલ અખબારોમાં હિન્દીઓની સામે થયાં કરતી, નિશાળો વગેરેમાં હિન્દી બાળકો ન જઇ શકે, હોટેલ વગેરેમાં હિન્દી મુસાફર ભાગ્યે જ ઉતરી શકે, —આવી હિન્દીઓની અવગણના કરનારી વર્તણૂક તો ત્યાં પણ

હતી—છતાં વેપારવણજ અથવા જમીનની માલીકી વિષે કંઈ હરકત ઘણા કાળ સુધી ન હતી.

આમ હોવાનું કારણ જણાવવું જોઈએ. એક તો કેપટાઉનમાં મુખ્યત્વે કરીને અને આખા કેપ કૉલોનીમાં સામાન્ય રીતે મલાયી લોકોની વસ્તી સારા પ્રમાણમાં હતી એ વિષે આપણે આગળ જોઈ ગયા. મલાયી પોતે મુસલમાન તેથી હિન્દી મુસલમાનોની તેઓનો સંબંધ તરત જ થયો, અને તેની વાટે હિન્દીઓનો સંબંધ પણ થોડોઘણો તો થાય જ. વળી હિન્દી મુસલમાનોમાંના કેટલાકે મલાયી ઓરતોની સાથે વિવાહનો સંબંધ જોડ્યો. મલાયીની સામે તો કોઈ પ્રકારનો કાયદો કેપની સરકારથી કેમ થઈ શકે ? એની તો કેપ કૉલોની જન્મભુમિ, એની ભાષા પણ ડચ, ડચની સાથેનો જ તેમનો પ્રથમનો વાસ, એટલે રહેણીમાં તેઓનું ઘણું અનુકરણ. આવાં કારણોથી કેપ કૉલોનીમાં ઓછામાં ઓછો રંગદ્વેષ હમેશાં રહ્યો છે. વળી કેપ કૉલોની એ જૂનામાં જૂનું સંસ્થાન હોવાથી અને દક્ષિણ આફ્રિકાનું કેળવણીનું કેન્દ્ર હોવાથી ત્યાં પ્રૌઢ વિનયી અને ઉદાર દિલના ગોરા પણ પેદા થયા. મારી માન્યતા પ્રમાણે તો દુનિયામાં એકે એવી જગ્યા નથી અને એકે એવી જાતિ નથી કે જ્યાં અથવા જેમાં યોગ્ય પ્રસંગ મળે અને સંસ્કાર પડે તો સુંદરમાં સુંદર મનુષ્યપુષ્પ ઉત્પન્ન થઈ ન શકે. દક્ષિણ આફ્રિકામાં બધી જગ્યાએ એના નમુના મેં સદ્ભાગ્યે છે. પણ કેપ કૉલોનીમાં તેનું પ્રમાણ બહુ વધારે હતું. તેમાંના સૌથી વધારે જાણીતા અને વિદ્વાન એ મિ. મેરીમૅન છે. જે દક્ષિણ આફ્રિકાના ગ્લૅડસ્ટન ગણાતા. કેપ કૉલોનીમાં પ્રધાન પણ હતા. બીજું, મિ. મેરીમૅન જેટલો જ નહિ તો તેનાથી બીજે દરજ્જે ભોગવનાર આખું શ્રાઇનર કુટુંબ અને તેવું જ મોલ્ટીનોનું કુટુંબ. શ્રાઇનર કુટુંબમાં કાયદાના

પ્રખ્યાત હિમાયતી મિ. ડબ્લ્યુ પી. શ્રાઇનર થઈ ગયા. તે કેપ કૉલોનીના પ્રધાનમંડળમાં પણ એક વખત હતા. તેમની બહેન ઑલિવ શ્રાઇનર એ દક્ષિણ આફ્રિકાની લોકપ્રિય અને જ્યાં જ્યાં અંગ્રેજી ભાષા બોલાય છે ત્યાં ત્યાં પ્રખ્યાત થએલી વિદુષી બાઇ હતી. મનુષ્યમાત્ર પરનો તેનો પ્રેમ અનહદ હતો. તેની આંખમાંથી જ્યારે જુઓ ત્યારે પ્રેમનો ઝરો જ ઝરતો હોય. એ બાઇએ જ તેનું 'ડ્રીમ્સ' નામનું પુસ્તક લખ્યું ત્યારથી તે 'ડ્રીમ્સ'ની લેખિકાને નામે ઓળખાઇ. એની સાદાઇ એટલી બધી હતી કે પોતે નામાંકિત કુટુંબની અને વિદુષી હોવા છતાં ઘરમાં વાસણ સુદ્ધાં પોતે જ સાફ કરતી. મિ. મેરીમૅન અને આ બે કુટુંબોએ હમેશાં હબસીઓનો પક્ષ લીધેલો અને જ્યારે જ્યારે તેઓના હક ઉપર ચડાઇ થતી ત્યારે ત્યારે તેઓ તેમની સખત હિમાયત કરતાં. એ તેમનો પ્રેમ હિન્દી તરફ પણ વળતો, જો કે તેમાંનાં બધાં બંને વચ્ચે ભેદ કરતાં. તેઓની દલીલ એ હતી કે હબસીઓ દક્ષિણ આફ્રિકાના ગોરાઓના આવવા પહેલાંના વતનીઓ હોઇને તેઓનો સ્વાભાવિક હક ગોરાઓથી છીનવી નહિ શકાય. પણ હિન્દનિવાસીઓને વિષે ન્યાયપૂર્વક તેઓની હરીફાઇનો ભય ટાળવાની ખાતર કંઇ કાયદાઓ ઘડાય તો એ કેવળ અન્યાયી નહિ ગણાય. એમ છતાં તેઓના લાગની તો હમેશાં હિન્દીઓની પ્રત્યે રહેતી. મરહૂમ ગોપાળ કૃષ્ણ ગોખલે જ્યારે દક્ષિણ આફ્રિકામાં આવ્યા ત્યારે તેમના માનમાં ભરાએલી દક્ષિણ આફ્રિકાની પહેલી સભા જે ત્યાં કેપટાઉનના ટાઉનહૉલમાં મળી હતી તેમાં મિ. શ્રાઇનર પ્રમુખ હતા. મિ. મેરીમૅને પણ તેમની સાથે મીઠાશથી, વિનયથી વાતો કરેલી અને હિન્દીઓ પ્રત્યેની લાગણી દર્શાવેલી. કેપટાઉનનાં અખબારોમાં પણ પ્રમાણમાં પક્ષપાત ઘણો ઓછો હતો.

મિ. મેરીમૅન વગેરેનું જે હું લખી ગયો તેવું બીજા ગોરાઓને વિષે પણ લખી શકાય. અહીં તો માત્ર દાખલા તરીકે ઉપરનાં સર્વમાન્ય નામો આપેલાં છે. આવા કારણથી કેપ કૉલોનીમાં રંગદ્વેષ હમેશાં ઓછો રહ્યો છતાં જે વાયુ દક્ષિણ આફ્રિકાનાં ત્રણ સંસ્થાનોમાં નિરંતર વાયાં કરતો હતો તેની ગંધ કેપ કૉલોનીમાં ન જ પહોંચે એવું તો કેમ બને? તેથી ત્યાં પણ નાતાલના જેવા પ્રવેશના અને વેપારના પરવાનાના કાયદા પસાર થયા. એટલે દક્ષિણ આફ્રિકાનું બારું જે હિન્દીઓને સારુ તદ્દન ખુલ્લું હતું એ બોઅર લડાઈને વખતે લગભગ બંધ થઈ ગયું હતું એમ ગણી શકાય. ટ્રાન્સવાલમાં પ્રવેશ ઉપર પેલા ત્રણ પાઉન્ડની ફી ઉપરાંત કંઈ પણ અંકુશ નહોતો. પણ જ્યારે નાતાલ અને કેપનાં બંદરો બંધ થયાં ત્યારે ટ્રાન્સવાલ જે મધ્યમાં આવ્યું ત્યાં જનારા હિન્દીઓ હિંદુસ્તાનથી ક્યાં ઉતરે? એક રસ્તો હતો. તે પોર્ટુગીઝનું ડેલાગોઆ-બે બંદર. પણ ત્યાંયે ઓછાવત્તા પ્રમાણમાં બ્રિટિશ સંસ્થાનોનું અનુકરણ થયું. ઘણી મુસીબતો વેઠી અથવા લાંચરૂશ્વત દઈ નાતાલ મારફતે તેમજ ડેલાગોઆ-બે મારફતે છૂટાછવાયા હિન્દીઓ ટ્રાન્સવાલમાં જઈ શકતા એટલું કહી દેવું જોઈએ.

*

પ્રકરણ ૬ ઠું

હિંદીઓએ શું કર્યું?

હિન્દી પ્રજાની સ્થિતિનો વિચાર કરતાં પાછલાં પ્રકરણોમાં આપણે કંઇક અંશે જોઇ ગયા કે હિન્દી પ્રજાએ પોતાની ઉપર થતા હુમલા કેવી રીતે ઝીલ્યા. પણ સત્યાગ્રહની ઉત્પત્તિનો ખ્યાલ સારી રીતે કરવાને સારૂ હિન્દી પ્રજાના સુરક્ષણને અંગે થએલા પ્રયત્નોને એક ખાસ પ્રકરણ આપવાની જરૂર છે. ૧૮૯૩ની સાલ સુધી દક્ષિણ આફ્રિકામાં હિન્દી પ્રજાને સારૂ ઝૂઝી શકે એવા સ્વતંત્ર અને ઠીક કેળવાએલા ગણી શકાય એવા હિન્દી થોડા જ હતા. અંગ્રેજી જાણનાર હિન્દીઓમાં મુખ્યત્વે મહેતાવર્ગ. તેઓ પોતાના કામ જોગું અંગ્રેજી જાણે, પણ તેઓથી અરજીઓ વગેરે ન જ ઘડી શકાય. વળી તેઓએ પોતાના શેઠને બધો વખત આપવો જ જોઇએ. આ સિવાય બીજો અંગ્રેજીમાં કેળવાએલો વર્ગ તે દક્ષિણ આફ્રિકામાં જ પેદા થએલા હિન્દીઓ. એ ઘણે ભાગે તો ગીરમીટીઆની પ્રજા. અને તેઓમાંના ઘણાખરા જરાયે કુશળતા મેળવી હોય તો કચેરીઓમાં દુભાષીઆની સરકારી નોકરી કરતા. એટલે તેઓની વધારેમાં વધારે સેવા લાગણી બતાવવા ઉપરાંત બીજી શી હોઇ શકે? વળી ગીરમીટીઆ અને ગીરમીટમુક્ત એ મુખ્ય ભાગે સંયુક્ત પ્રાંત અને મદ્રાસ ઇલાકામાંથી આવેલો વર્ગ હતો. સ્વતંત્ર હિન્દી એ ગુજરાતના મુસલમાન, તે મુખ્યત્વે કરીને વેપારી, હિંદુ મુખ્યત્વે મહેતા, એ આપણે પાછળ જોઇ

ગયા. આ સિવાય થોડા પારસી પણ વેપારી અને મહેતા વર્ગમાં હતા. પણ આખા દક્ષિણ આફ્રિકામાં પારસીઓની વસ્તી ૩૦-૪૦ થી વધારે હોવાનો સંભવ નથી. સ્વતંત્ર વેપારી વર્ગમાં એક ચોથો જથ્થો સિંધના વેપારીઓનો. આખા દક્ષિણ આફ્રિકામાં બસેં અથવા તેથી પણ વધારે સિંધીઓ હશે. તેઓનો વેપાર હિન્દુસ્તાનની બહાર જ્યાં જ્યાં તેઓ વસ્યા છે ત્યાં ત્યાં એક જ પ્રકારનો હોય છે એમ કહી શકાય. તેઓ "ફેન્સી ગુડ્ઝ" ના વેપારી તરીકે ઓળખાય છે. "ફેન્સી ગુડ્ઝ" એટલે રેશમ જરી વગેરેનો સામાન, કોતરકામવાળા મુંબઈના સીસમનાં, સુખડનાં, દાંતનાં અનેક પ્રકારનાં, પેટી વગેરે રાચરચીલાં અને એવી જાતનો સામાન તેઓ મુખ્યત્વે વેચતા હોય છે. તેઓના ઘરાકો ઘણેભાગે ગોરા જ હોય છે.

ગીરમીટીઆને ગોરાઓ 'કુલી'ને નામે જ પોકારે. કુલી એટલે હેલકરી. એ નામ એટલે સુધી પ્રચલિત થઇ ગયું કે ગીરમીટીઆ પોતે પણ પોતાને કુલી નામે ઓળખાવતાં અચકાય નહિ ! એ નામ પછી તો હિન્દીમાત્રને લાગુ પડ્યું. એટલે હિન્દી વકીલ, હિન્દી વેપારીને અનુક્રમે કુલી વકીલ અને કુલી વેપારી તરીકે સેંકડો ગોરાઓ ઓળખે ! એ વિશેષણ વાપરવામાં દૂષણ છે એમ કેટલાક ગોરા માને કે સમજે પણ નહિ, અને ઘણા તો તિરસ્કાર બતાવવાની ખાતર જ કુલી શબ્દનો ઉપયોગ કરે. તેથી સ્વતંત્ર હિન્દી પોતાને ગીરમીટીઆથી અલગ ઓળખાવવાનો પ્રયત્ન કરે. આવાં અને હિન્દુસ્તાનમાંથી જ આપણી સાથે લઇ જઇએ છીએ એવાં કારણોથી સ્વતંત્ર હિન્દી વર્ગ અને આ ગીરમીટીઆ અને ગીરમીટમુક્ત વર્ગ વચ્ચે દક્ષિણ આફ્રિકામાં ભેદ થઇ રહ્યો હતો.

આ દુ:ખદરીઆની સામે આડા હાથ દેવાનું કામ સ્વતંત્ર હિન્દી વર્ગે અને મુખ્યત્વે મુસલમાન વેપારીઓએ હાથ ધર્યું, પણ ગીરમીટીઆ

અથવા ગીરમીટમુક્તને ઇરાદાપૂર્વક હાથમાં લેવાનો પ્રયાસ ન કર્યો. કરવાનું તે વખતે સૂઝે પણ નહિ; સૂઝે તો તેમને ભેળવવાથી કામ બગડવાનો પણ ભય રહે. અને મુખ્ય આપત્તિ તો સ્વતંત્ર વેપારીવર્ગ ઉપર જ છે એમ મનાએલું, તેથી સુરક્ષણના પ્રયત્ને આવું સંકુચિત સ્વરૂપ ધારણ કર્યું. આવી મુસીબતો છતાં, અંગ્રેજી ભાષાના જ્ઞાનનો અભાવ છતાં, જાહેર કામોનો હિન્દુસ્તાનમાં અનુભવ હોવા છતાં, આ સ્વતંત્ર વર્ગ સરસ રીતે દુ:ખની સામે ઝૂઝ્યો એમ કહી શકાય. તેઓએ ગોરા વકીલોની મદદ લીધી, અરજીઓ ઘડાવી, કોઇ કોઇ વખતે ડેપ્યુટેશન લઇ ગયા અને જ્યાં જ્યાં બની શકે અને સૂઝે ત્યાં ત્યાં આડા હાથ ધર્યા. આ સ્થિતિ ૧૮૯૩ સુધીની.

વાંચનારે કેટલીક મુખ્ય તારીખો આ પુસ્તક સમજવાને સારૂ યાદ રાખવી પડશે. પુસ્તકને છેડે તારીખવાર મુખ્ય બીનાઓનું પરિશિષ્ટ આપ્યું છે એ વખતોવખત જોઇ જશે તો લડતનું રહસ્ય ને રૂપ સમજવામાં મદદ મળશે. સન ૮૯૩ની સાલ સુધીમાં ફ્રી સ્ટેટમાંથી આપણી આપણી હસ્તી નાબૂદ થઇ ચુકી હતી. ટ્રાન્સવાલમાં ૧૮૮૫નો કાયદો અમલમાં હતો અને નાતાલની અંદર કેવળ ગીરમીટીઆ હિન્દી જ રહી શકે અને બીજાનો પગ કેમ કાઢી શકાય તેના વિચાર ચાલતા હતા, અને તે અર્થે જવાબદાર રાજસત્તા લેવાઇ ચુકી હતી. ૧૮૯૩ના એપ્રીલ માસમાં દક્ષિણ આફ્રિકા જવા સારૂ મેં હિન્દુસ્તાન છોડયું. મને ત્યાંના ઇતિહાસનું કંઇ ભાન ન હતું. હું કેવળ સ્વાર્થબુદ્ધિથી ગએલો. પોરબંદરના મેમણોની દાદા અબદુલ્લા નામની એ પ્રખ્યાત પેઢી ડર્બનમાં હતી. તેટલી જ પ્રખ્યાત પેઢી તેમના હરીફ અને પોરબંદરના મેમણ તૈયબ હાજી ખાનમહમદની પ્રીટોરીઆમાં હતી. દુર્ભાગ્યે બે હરીફો વચ્ચે એક મોટો કેસ ચાલતો હતો. તેમાં દાદા અબદુલ્લાના ભાગીદાર જે

પોરબંદરમાં હતા તેમણે વિચાર્યું કે મારા જેવો નવો તોપણ બૅરીસ્ટર ત્યાં જાય તો તેમને કંઇક વધારે સગવડ મળે. હું કેવળ અજાણ્યો અને મૂઢ વકીલ તેમનું કામ બગાડું એવો કંઇ તેમને ભય નહોતો. કેમકે મારે કંઇ અદાલતમાં જઇ કામ કરવાનું નહિ હતું. મારે તો તેમણે રાખેલા ધુરંધર વકીલ બૅરીસ્ટરોને સમજાવવાનું એટલે દુભાષીઆનું કામ કરવાનું હતું. મને નવા અનુભવનો શોખ હતો. મુસાફરી ગમતી હતી. બૅરીસ્ટર તરીકે કમીશન આપવું એ ઝેર સમાન હતું. કાઠીઆવાડની ખટપટ મને અકળાવનારી વસ્તુ હતી. એક જ વરસની બંધણીથી મારે જવાનું હતું. મેં વિચાર્યું કે આ સાટામાં મને કંઈ પણ અડચણ જેવું નથી. ખોવાનું તો છે જ નહિ કેમકે મારા જવા આવવાનો અને રહેવાનો ખર્ચ દાદા અબદુલ્લા જ આપવાના હતા. અને તે ઉપરાંત ૧૦૫ પાઉંડ. મારા મરહૂમ ભાઇની મારફત આ બધી વાત થઇ હતી. મને તો એ પિતા સમાન જ હતા. એમની અનુકૂળતા એ મારી અનુકૂળતા હતી. એમને દક્ષિણ આફ્રિકા જવાની વાત રુચી. અને હું ૧૮૯૩ના મે માસમાં ડર્બન જઇ પહોંચ્યો.

બૅરીસ્ટર એટલે પૂછવું તો શું હોય ! હું માનતો હતો હતો તે પ્રમાણે ફ્રૉક-કોટ ઇત્યાદિ સરંજામ પહેરી રોફથી ઉતર્યો. પણ ઉતરતાં જ મારી આંખ કંઈ ખુલી. દાદા અબદુલ્લાના જે ભાગીદાર સાથે વાત થઈ હતી તેમણે જે વર્ણન આપ્યું હતું તે વર્ણન હું તો ઉલટું જ જોઇ શક્યો. એ કંઇ તેમનો દોષ ન હતો. એ તેમનું ભોળપણ, તેમની સાદાઇ, તેમની પરિસ્થિતિનું અજ્ઞાન. નાતાલમાં પડતી બધી તકલીફોનું તેમને ભાન ન હતું. અને જેમાં તીવ્ર અપમાનો હતાં એવી વર્તણૂક તેમને મન અપમાનવાળી નહોતી જણાઇ. પહેલે જ દહાડે હું જોઇ શક્યો કે ગોરાઓનું વર્તન આપણા લોકોની તરફ ઘણું તોછડું હતું.

નાતાલમાં ઉતર્યો પછી પંદર દિવસની અંદર જ કોરટોમાં ચયેલો મારો કડવો અનુભવ, ટ્રેનની અંદર પડેલી મુશ્કેલીઓ, રસ્તામાં ખાધેલા માર, હોટેલોમાં રહેવાની મુસીબત—લગભગ અશકયતા—વગેરેના વર્ણનમાં હું નહિ ઉતરૂં. પણ એટલું જ કહીશ કે આ બધા અનુભવો મારા હાડમાં પેસી ગયા. હું તો માત્ર એક જ કેસને અર્થે ગએલો. સ્વાર્થ અને કુતૂહલની દૃષ્ટિથી. એટલે એ વર્ષ દરમ્યાન તો હું કેવળ આવા દુ:ખોનો સાક્ષી અને અનુભવનાર રહ્યો. મારા ધર્મનો અમલ ત્યાંથી જ શરૂ થયો. મેં જોયું કે સ્વાર્થદૃષ્ટિએ દક્ષિણ આફ્રિકા મારે સારૂ નકામો મુલક હતો. જ્યાં અપમાન થાય ત્યાં પૈસા કમાવાનો કે મુસાફરી કરવાનો મને જરાયે લોભ ન હતો, એટલું જ નહિ પણ અત્યંત અણુગમો હતો. મારી સામે ધર્મસંકટ આવ્યું. એક તરફથી હું નહોતો જાણી શકતો એવી સ્થિતિ જાણવાથી શેઠ દાદા અબદુલ્લા સાથે કરેલા કરારમાંથી મુક્તિ મેળવી નાસી છૂટવું, અને બીજી તરફથી ગમે તે સંકટો સહન કરીને પણ લીધેલું કામ પાર પાડવું. કડકડતી ટાઢમાં મારિત્સબર્ગ સ્ટેશન પર રેલ્વે પોલિસના ધક્કા ખાઇ મુસાફરી અટકાવી રેલ્વેમાંથી ઉતરી વેઇટીંગ રૂમમાં બેઠો હતો. સારો સામાન કયાં છે એની મને ખબર ન હતી. કોઇને પૂછવાની હિંમત ન હતી. રખેને વળી અપમાન થશે તો ? માર ખાવો પડશે તો ? આવી સ્થિતિમાં ટાઢથી ધ્રૂજતાં ઉંઘ તો શાની જ આવે ? મન ચગડોળે ચડ્યું. મોડી રાત્રે નિશ્ચય કર્યો કે "નાસી છૂટવું એ નામર્દાઇ છે—લીધેલું કામ પાર પાડવું જોઇએ. જાતીય અપમાન સહન કરી, માર ખાવા પડે તો ખાઇને પ્રીટોરીઆ પહોંચવું જ." પ્રીટોરીઆ એ મારે સારૂ કેન્દ્રસ્થાન હતું. કેસ ત્યાં લડાતો હતો. મારૂં કામ કરતાં કંઇ ઇલાજો મારાથી લઇ શકાય તો લેવા. આ નિશ્ચય

કર્યા પછી કંઈક શાંતિ થઈ, કંઈક જોર પણ આવ્યું. પણ હું સૂઈ તો ન જ શક્યો.

સવાર પડી કે તુરત દાદા અબદુલ્લાની પેઢી પર તેમ જ રેલ્વેના જનરલ મૅનેજર પર તાર કર્યા. બંને ઠેકાણેથી જવાબ પરી વળ્યા. દાદા અબદુલ્લાએ તથા તેમના તે વખતે નાતાલમાં રહેતા ભાગીદાર શેઠ અબદુલ્લા હાજી આદમ ઝવેરીએ ચાંપતા ઉપાયો લીધેલા. મારી સંભાળ લેવા બાબત તેમના હિન્દી આડતીઆઓને જૂદે જૂદે ઠેકાણે તાર કર્યા. જનરલ મૅનેજરને પણ તેઓ મળ્યા. આડતીઆને કરેલા તારને પરિણામે મૅરિત્સબર્ગના હિન્દી વેપારીઓ મને મળ્યા. તેઓએ મને આશ્વાસન આપ્યું અને કહ્યું કે મારા જેવા કડવા અનુભવ તેમને બધાને થયેલા. પણ તેઓ ટેવાઇ ગયેલા એટલે ગણકારતા નહિ હતા. વેપાર કરવો અને નાજુક મન રાખવું એ કેમ બની શકે? એટલે પૈસાની સાથે અપમાન થાય તે પણ પેટીમાં સંઘરવાનો કાયદો કબૂલ કરી લીધો હતો! એ જ સ્ટેશન ઉપર મુખ્ય દરવાજેથી હિન્દીઓને આવવાની મનાઈ, ટીકીટો મળવામાં થતી મુશ્કેલી વગેરેનું વર્ણન પણ તેઓએ મને આપ્યું. તે રાત્રે જે ટ્રેન આવી તેમાં હું રવાના થયો. મારો નિશ્ચય બરોબર છે કે નહિ તેની પરીક્ષા અંતર્યામીએ સંપૂર્ણ કરી. પ્રીટોરીઆ પહોંચતાં પહેલાં વધારે અપમાનો અને માર સહન કરવાં પડ્યાં. પણ તે બધાની મારા મન ઉપર મારા નિશ્ચયમાં મને દૃઢ રાખવાની જ અસર થઇ.

આમ ૧૮૯૩ના વર્ષમાં મને અનાયાસે દક્ષિણ આફ્રિકાના હિન્દીઓની સ્થિતિનો બરાબર અનુભવ મળ્યો. પ્રસંગોપાત પ્રીટોરીઆના હિન્દીઓને તે વિષે હું વાતચીત કરતો,

સમજાવતો. પણ તે ઉપરાંત મેં કંઇ ન કર્યું. દાદા અબ્દુલ્લાના કેસનું રક્ષણ કરવું અને દક્ષિણ આફ્રિકાના હિન્દીઓના દુઃખમાં માથું મારવું એ ન ભળી શકે એવું મને લાગ્યું. બન્ને કરવા જતાં બન્ને બગડે એ હું જોઈ શક્યો. એમ કરતાં ૧૮૯૪ની સાલ આવી. કેસ પણ પૂરો થયો. હું ડર્બન પાછો વળ્યો. જવાની તૈયારીઓ કરી. દાદા અબ્દુલ્લાએ મારે સારૂ વિદાયગીરીની એક મિજલસ પણ કરી. ત્યાં કોઇએ ડર્બનનું 'મર્ક્યુરી' છાપું મારા હાથમાં મૂક્યું. તેમાં ધારાસભાના કારભારના વિગતવાર હેવાલમાં થોડી લીટીઓ હિન્દી મતાધિકાર—ઇન્ડિયન ફ્રેંચાઇઝ—એ મથાળા નીચે મેં વાંચી. તેમાંથી મેં જોયું કે હિન્દીના બધા હકો છીનવી લેવાનો આ પાયો છે. ભાષણોમાં જ એ ઇરાદો સ્પષ્ટ હતો. મિજલસમાં આવેલા શેઠીયાઓ વગેરેને મેં આ વસ્તુ વંચાવી, સમજાવી શકું તે પ્રમાણે સમજાવી. બધી હકીકત તો હું જાણતો ન હતો. મેં સુચવ્યું કે હિન્દીઓએ આ હુમલાની સામે સખ્ત લડત લેવી જોઇએ. તેઓએ પણ માન્યું. પણ એવી લડત લડવાની પોતાની અશક્તિ જાહેર કરી, અને મને રહી જવાનો આગ્રહ કર્યો. એ લડત લડી લેવા પૂરતું એટલે મહિનો માસ વધારે રહેવાનું મેં કબૂલ કર્યું. તે જ રાત્રે ધારાસભામાં મોકલવાની અરજી ઘડી. બિલની વધારે વંચામણી મુલતવી રાખવા તાર કર્યો. તરત એક કમિટી નીમાઇ. કમિટીના પ્રમુખ શેઠ અબદુલ્લા હાજી આદમ થયા. તેમને નામે તાર કર્યો. બિલ બે દીવસને સારૂ મુલતવી રહ્યું, અને દક્ષિણ આફ્રિકાની ધારાસભાઓમાંની આ નાતાલની ધારાસભામાં હિન્દીઓની પહેલી અરજી ગઈ. અસર તો ઠીક થઈ. પણ બિલ પાસ થયું તેનું છેવટ શું આવ્યું એ તો પ્રકરણ ચોથામાં હું કહી ગયો છું. આ પ્રમાણે લડવાનો ત્યાં પહેલો અનુભવ હતો તેથી હિન્દીઓમાં ઉત્સાહ ખૂબ જામ્યો.

જગ્યામાં સભાઓ થાય. માણસો વધારે ને વધારે આવતા જાય. આ કામને સારુ જોઇતા હતા તે કરતાં વધારે પૈસા એકઠા થયા. નકલો કરવા, સહીઓ લેવા, વગેરેના કામમાં મદદ કરવાને સારુ ઘણા સ્વયંસેવકો વગર પૈસે અને પોતાને પૈસે પણ કામ કરનારા મળ્યા. તેમાં ગિરમિટમુક્ત હિન્દીઓની પ્રજા પણ ઉત્સાહપૂર્વક ભળી. આ બધા ઇંગ્રેજી જાણનારા અને સુંદર અક્ષર લખનારા જુવાનીઆ હતા. તેઓએ નકલો કરવા વગેરેનું કામ રાતદહાડો ન ગણકારીને ઘણી હોંશથી કર્યું. મહિનાની અંદર તો લૉર્ડ રિપન પર ૧૦,૦૦૦ સહીની અરજી રવાના થઇ. અને મારું તાત્કાલિક કામ પૂરું થયું.

મેં વિદાયગીરી માગી. પણ પ્રજાને રસ એટલો બધો આવેલો કે હવે તો મને જવા જ ન દે. તેઓએ કહ્યું: "તમે જ સમજાવો છો કે આપણને જડમૂળથી કાઢવાનું આ પ્હેલું પગલું છે. વિલાયતથી શું જવાબ આવશે એ તો કોણ જાણે? અમારો ઉત્સાહ તમે જોયો. અમે કામ કરવા તૈયાર છીએ, —ઇચ્છીએ પણ છીએ. અમારી પાસે પૈસો પણ છે. પણ દોરનાર નહિ હોય તો આટલું કરેલું પણ નકામું થશે. તેથી રહેવાનો તમારો ધર્મ છે એમ અમે માનીએ છીએ." મને પણ લાગ્યું કે કંઇક સ્થાયી સંસ્થા થાય તો સારું. પણ રહેવું કયાં ને કઇ રીતે? તેઓએ મને પગાર આપવાનું સૂચવેલું પણ મેં પગાર લેવાની સાફ ના પાડી. જાહેર કામ મોટા પગાર લઇને ન થઇ શકે. તેમાંયે વળી હું પાયો નાંખનાર રહ્યો. તે વખતના મારા વિચારો પ્રમાણે બૅરીસ્ટરીને છાજે અને કોમને પણ શોભાવે એવા દમામથી મારે રહેવું જોઇએ, એટલે ખરચ પણ મોટું. લોકોની પાસેથી દાબીને પૈસો કઢાવવો, પ્રવૃત્તિઓ વધારવી, એની સાથે જો મારી આજીવિકા ભળે તો બે વિરોધી વસ્તુઓનો સંગમ થયો

ગણાય. એથી મારી પોતાની કામ કરવાની શક્તિ પણ ઓછી થાય. એવા પ્રકારનાં અનેક કારણોથી જાહેર સેવાને સારૂ મેં પૈસા લેવાની ચોખ્ખી ના પાડી. પણ મેં સૂચવ્યું "જો તમારામાંના મુખ્ય વેપારીઓ મને તમારી વકીલાત આપો અને તેને અર્થે મને અગાઉથી રટિનર આપો તો હું રહેવા તૈયાર છું. એક વરસનાં રટિનર તમારે આપવાં જોઇએ. વરસનો અનુભવ અરસપરસ આપણે લઇએ, આપણા કામનું સરવૈયું આપણે કાઢીએ અને પછી યોગ્ય લાગે તો આગળ કામ ચલાવીએ. આ સૂચના બધાએ વધાવી લીધી. મેં વકીલાતની સનદની અરજી કરી. ત્યાંની લૉ સોસાયટી એટલે વકીલમંડળ મારી અરજીની સામે થયું. તેમની દલીલ એક જ હતી કે નાતાલના કાયદાના રહસ્ય પ્રમાણે કાળા કે ઘઉંવર્ણા લોકોને વકીલાતની સનદ ન જ આપી શકાય. મારી અરજીના હિમાયત ત્યાંના પ્રખ્યાત વકીલ મરહુમ મિ. એસ્કંબે કરેલી. સામાન્ય રીતે લાંબા વખતથી એવો રિવાજ ચાલ્યો આવતો હતો કે વકીલાતની સનદની અરજી કાયદાશાસ્ત્રીઓમાંથી જે આગેવાન હોય તે જ વગર ફીએ કોરટની પાસે રજૂ કરે. એ રિવાજની રૂએ મિ. એસ્કંબે મારી વકીલાત સ્વીકારેલી. તેઓ દાદા અબ્દુલ્લાના મોટા વકીલ પણ હતા. વકીલમંડળની દલીલ વડી અદાલતે રદ કરી મારી અરજી કબૂલ રાખી. આમ અનિચ્છાએ વકીલ-મંડળનો વિરોધ એ મારી બીજી પ્રખ્યાતિનું કારણ થઇ પડ્યું. દક્ષિણ આફ્રિકાનાં અખબારોએ વકીલમંડળની હાંસી કરી અને કેટલાકે મને મુબારકબાદી પણ આપી.

જે ચાલચલાઉ કમિટી કરવામાં આવી હતી તેને સ્થાયી રૂપ અપાયું. મેં કૉંગ્રેસની એકે સભા જોયેલી તો ન હતી પણ કૉંગ્રેસ વિષે વાંચ્યું હતું. હિન્દના

દાદાનાં દર્શન કર્યાં હતાં. તેમને હું પૂજતો હતો. એટલે કૉંગ્રેસનો ભક્ત હોઉં જ. કૉંગ્રેસનું નામ લોકપ્રિય કરવું એ પણ વૃત્તિ. નવો જુવાનીઓ નવું નામ શું શોધે? ભૂલ કરવાની પણ ભારે ભીતિ: એટલે કમિટીને "નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ" એ નામ ધારણ કરવાની મેં સલાહ આપી. કૉંગ્રેસ વિષેનું મારું અધુરું જ્ઞાન મેં અધુરી રીતે લોકોને સમજાવ્યું. પણ ૧૮૯૪ના મે કે જૂન મહિનામાં કૉંગ્રેસ સ્થપાઇ. હિન્દી સંસ્થામાં અને આ સંસ્થામાં એટલે તફાવત હતો કે નાતાલની કૉંગ્રેસ એ હમેશાં ભળનારી સંસ્થા રહી. અને તેમાં વર્ષમાં ઓછામાં ઓછા ૩ પાઉંડ આપી શકે તે જ સભાસદ થાય. વધારેમાં વધારે તો જે આપે તે લેવું. વધારે લેવાનો આગ્રહ પણ ખૂબ રાખ્યો. પાંચ સાત સભાસદ વરસના ૨૪ પાઉંડ આપનારા પણ નીકળ્યા. ૧૨ પાઉંડ આપનારાની સંખ્યા તો ઠીક હતી એક મહિનાની અંદર ત્રણસેક સભાસદ નોંધાઇ ગયા. તેમાં હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી એમ બધા ધર્મ, અને બધા પ્રાંતના—એટલે જે જે પ્રાંતના હિન્દી ત્યાં હતા તેમાંના—દાખલ થયા. પહેલું આખું વર્ષ ઘણા જોશથી કામ ચાલ્યું. શેઠીઆઓ પોતાનાં વાહન લઇને દૂરદૂર ગામડાઓમાં નવા સભાસદો કરવા અને લવાજમ મંડાવવા નીકળી પડે. માગો કે તુરત સૌ આપી ન દે. તેમને સમજાવવા જોઇએ. આમ સમજાવવામાં એક પ્રકારની રાજપ્રકરણી તાલીમ મળતી હતી અને લોકો પરિસ્થિતિથી વાકેફ થતા હતા. વળી દર મહિને એક વખત તો કૉંગ્રેસની સભા ભરાય જ. તેમાં એ મહિનાનો પાઇએ પાઇનો હિસાબ સંભળાવવામાં આવે અને તે પાસ થાય. એ મહિનાની અંદર બનેલી બધી હકીકતો પણ સંભળાવવામાં આવે, અને તે મિનિટબુકમાં દાખલ થાય. સભાસદો જુદા જુદા સવાલો પૂછે. નવા કામોની મસલત થાય.

આ બધું કરતાં જેઓ કદિ આવી સભામાં બોલતા ન હોય તે બોલતા થઈ જાય. ભાષણો પણ વિવેકસર જ કરવાં જોઇએ. આ બધો નવો અનુભવ. લોકોએ ઘણો રસ લીધો. દરમ્યાન નાતાલનું બિલ લૉર્ડ રિપને નામંજૂર કર્યાની ખબર આવી એટલે લોકોનો હર્ષ અને વિશ્વાસ બન્ને વધ્યાં.

જેમ બાહ્ય કામ થતું હતું તેમ કોમની અંદર કામ કરવાની હીલચાલ પણ થતી હતી. આપણી રહેણી વિષે આખા દક્ષિણ આફ્રિકામાં ગોરાઓ ખૂબ હીલચાલ કરતા હતા. હિન્દીઓ બહુ ગંદા છે, કંજુસ છે, જે મકાનમાં વેપાર કરે તેમાં જ રહે, ઘર ઘોલક જેવાં, પોતાની સુખાકારીને સારૂ પણ પૈસો વાપરે નહિ—આવા કંજુસ મેલા માણસોની સાથે વેપારમાં ચોખ્ખો, ઘણી હાજતવાળા, અને ઉદાર ગોરા કેમ હરીફાઇ કરી શકે ? એ તેઓની હંમેશની દલીલ હતી. તેથી ઘરની ચોખ્ખાઇ વિષે, ઘર અને દુકાન નોખાં રાખવા વિષે, કપડાં સાફ રાખવા વિષે, મોટી કમાણી કરનારા વેપારીને છાજે એ પ્રમાણે રહેણી રાખવા વિષે વિવેચનો વિવાદો અને સૂચનાઓ પણ કૉંગ્રેસની સભામાં થાય. કામ બધું માતૃભાષામાં જ ચાલે.

વાંચનાર વિચારી શકશે કે આમાં લોકોને સહેજે કેટલી બધી વ્યવહારી કેળવણી અને કેટલો બધો રાજ્યપ્રકરણી અનુભવ મળતો હતો. કૉંગ્રેસને જ અંગે ગીરમીટમુક્ત હિન્દીઓની પ્રજા એટલે અંગ્રેજી બોલનારા નાતાલમાં જ જન્મેલા હિન્દી નવજુવાનોની સગવડને સારૂ એક કેળવણી મંડળ પણ ખોલ્યું. તેમાં નજીવી ફી રાખવામાં આવી. મુખ્ય ઉદ્દેશ આ નવજુવાનોને એકઠા કરવાનો, તેઓનામાં હિન્દુસ્તાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરાવવાનો અને હિન્દુસ્તાનનું સામાન્ય જ્ઞાન આપવાનો હતો. ઉપરાંત સ્વતંત્ર હિન્દી વેપારી

તેઓને પોતાના જ ગણે છે એવું બતાવવાનો અને વેપારીઓમાં પણ તેઓને વિષે આદર ઉત્પન્ન કરવાનો હેતુ પણ હતો. કૉંગ્રેસની પાસે પોતાનું ખર્ચ ચલાવતાં છતાં એક મોટી થાપણ જમા થઇ હતી. તેની જમીન લેવાઇ અને એ જમીનની આવક આજ લગી મળ્યાં જ કરે છે.

આટલી વિગતમાં હું ઇરાદાપૂર્વક ઉતરેલો છું. સત્યાગ્રહ કેમ કુદરતી રીતે ઉત્પન્ન થયો અને કેવી રીતે કોમ તૈયાર થઇ એ વસ્તુ ઉપલી વિગતો જાણ્યા વિના વાચનાર પૂરી રીતે ન સમજી શકે. કૉંગ્રેસની ઉપર આપત્તિઓ આવી. સરકારી અમલદારો તરફથી હુમલા થયા, તેમાંથી કેમ બચી ગયા, એ અને એવો બીજો જાણવા લાયક ઇતિહાસ મારે છોડવો પડે છે. પણ એક વાત જણાવવી અગત્યની છે. અતિશયોક્તિથી પ્રજા હમેશાં બચતી રહેતી હતી. પોતાની ખામી પ્રજાને જોવડાવવાનો હમેશાં પ્રયત્ન રહેતો. ગોરાઓની દલીલમાં જેટલું વજુદ હોય એ તરત સ્વીકારવામાં આવતું અને ગોરાઓની સાથે સ્વતંત્રતા અને સ્વમાન જાળવી શકાય એવો હરેક પ્રસંગ વધાવી લેવામાં આવતો. હિન્દી હીલચાલનું જેટલું ત્યાંના અખબારો લઇ શકે તેટલું આપવામાં આવતું અને અખબારોમાં હિન્દીઓ ઉપર અયોગ્ય હુમલા થતા તેના જવાબ પણ દેવામાં આવતા.

આ પ્રમાણે જેમ નાતલમાં 'નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ,' હતી તેમ તેવી પ્રવૃત્તિ ટ્રાન્સવાલમાં પણ હતી. ટ્રાન્સવાલની સંસ્થા નાતાલથી તદ્દન સ્વતંત્ર હતી. તેના બંધારણમાં પણ કંઇક તફાવત હતો. તેમાં હું વાંચનારને નથી ઉતારતો. એવા પ્રકારની સંસ્થા કેપટાઉનમાં પણ હતી. ત્યાંનું બંધારણ નાતાલ અને ટ્રાન્સવાલની

સંસ્થાઓથી પણ નોખા પ્રકારનું હતું. છતાં ત્રણેની પ્રવૃત્તિ લગભગ એક જ જાતની ગણી શકાય.

૧૮૯૪ની સાલ પૂરી થઈ. કૉંગ્રેસનું વર્ષ પણ '૯૫ના મધ્યમાં પૂરું થયું. મારું વકીલાતનું કામ પણ અસીલોને પસંદ પડયું. મારું રહેવાનું લંબાયું. '૯૬ની સાલમાં કોમની રજા લઇને છ મહિનાને સારુ હું હિન્દુસ્થાન આવ્યો. પૂરા છ મહિના તો હું રહી નહિ શકયો તેટલામાં નાતાલથી તાર મળવાથી તુરત પાછું જવું પડયું. ૧૮૯૬-૯૭ નો હેવાલ આપણે બીજા પ્રકરણમાં તપાસીશું.

પ્રકરણ ૭ મું.

હિન્દીઓએ શું કર્યું? (ચાલુ)

આમ નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસનું કામ સ્થિર થઇ ગયું. મેં પણ લગભગ અઢી વરસ મોટેભાગે રાજ્યપ્રકરણી કામમાં નાતાલમાં ગાળ્યાં, અને મેં વિચાર્યું કે જો મારે હજુ વધારે દક્ષિણ આફ્રિકામાં રહેવું હોય તો મારા કુટુંબને પણ સાથે રાખવાની જરૂર છે. દેશમાં ડુબકી મારી આવવાનું પણ મન થયું. અને તે દરમ્યાન હિન્દુસ્તાનના આગેવાનોને પણ વિસ્તારથી નાતાલની અને દક્ષિણ આફ્રિકાના બીજા ભાગમાં વસતા હિંદીઓના સ્થિતિનો મુખ્તેસર ખ્યાલ પણ આપવો. કૉંગ્રેસે છ મહિનાની રજા આપી અને મારી જગ્યાએ નાતાલના જાણીતા વેપારી મરહૂમ આદમજી મીયાંખાન સેક્રેટરી નીમાયા. તેમણે કામ અતિશય બાહોશીથી ચલાવ્યું. મરહૂમ આદમજી મીયાંખાન અંગ્રેજી ઠીક ઠીક જાણતા હતા. અનુભવે પોતાનું ચાલચલાઉ જ્ઞાન ખૂબ વધારી દીધું હતું. ગુજરાતીનો સામાન્ય અભ્યાસ. તેમનો વેપાર મુખ્યત્વે હબસીઓમાં હોવાથી ઝુલુ ભાષા અને તેમના રીતરિવાજોનું તેમને સરસ જ્ઞાન હતું. સ્વભાવ શાંત અને ઘણો મળતાવડો. જોઇએ એટલું જ બોલવાવાળા હતા. આ બધું લખવાનો હેતુ એટલો જ કે મોટી જવાબદારીનો હોદ્દો ભોગવવાને સારૂ અંગ્રેજી ભાષાનું કે બીજું ભારે અક્ષરજ્ઞાન હોવાની જરૂર હોય છે

તેના કરતાં ઘણી વધારે જરૂર તો સચ્ચાઇ, શાન્તિ, સહનશીલતા, દૃઢતા, સમયસૂચકતા, હિંમત અને વ્યવહારબુદ્ધિની હોય છે. આ ન હોય ત્યાં સારામાં સારા અક્ષરજ્ઞાનની સામાજિક કામમાં દુકાનીભર પણ કિંમત નથી હોતી.

૧૮૯૬ની સાલના મધ્યમાં હું હિન્દુસ્તાન પાછો આવ્યો. હું કલકત્તાને રસ્તે થઇને આવેલો. કારણ કે તે વખતે નાતાલની કલકત્તે જનારી સ્ટીમરો સ્હેલાઇથી મળતી હતી. ગીરમીટીઆ કલકત્તેથી અથવા તો મદ્રાસથી ચઢતા. કલકત્તેથી મુંબઇ આવતાં રસ્તામાં જ મારી ટ્રેન ચૂકાવાથી એક દિવસને સારૂ મારે અલાહાબાદ રોકાવું પડ્યું. ત્યાંથી જ મારૂં કામ મેં શરૂ કર્યું. 'પાયોનીઅર'ના મી. ચેઝની ને મળ્યો. તેમણે મારી સાથે મીઠાશથી વાત કરી. તેમનું વલણ સંસ્થાનો તરફ હતું એમ તેણે પ્રામાણિકપણે મને જણાવ્યું. પણ જો હું કંઇ લખું તો તે વાંચી જવા અને પોતાના પત્રમાં તેની નોંધ લેવાની તેમણે પ્રતિજ્ઞા કરી. મેં એટલું બસ માન્યું. દેશમાં મેં દક્ષિણ આફ્રિકાના હિન્દીઓની સ્થિતિ વિષે એક ચોપાનીઉં લખ્યું. તેની નોંધ લગભગ બધાં છાપાંઓએ લીધી. તેની બે આવૃત્તિઓ છાપવી પડી હતી. પાંચ હજાર નકલો દેશમાં જૂદે જૂદે ઠેકાણે મોકલાવી. આ જ વેળા મેં હિન્દુસ્તાનના આગેવાનોનાં દર્શન કર્યાં—મુંબઇમાં સર ફીરોઝશાહ મ્હેતા, ન્યાયમૂર્તિ બદરૂદીન તૈયબજી, મહાદેવ ગોવિંદ રાનડે વગેરે, પૂનામાં લોકમાન્ય તિલક અને એમનું મંડળ, પ્રોફેસર ભાંડારકર, ગોપાળ કૃષ્ણ ગોખલે અને તેમનું મંડળ. મુંબઇથી શરૂ કરીને પૂના મદ્રાસમાં મેં ભાષણો પણ કરેલાં. આની વિગતો આપવા નથી ઇચ્છતો.

પણ પૂનાનું એક પવિત્ર સ્મરણ આપ્યા વિના નથી રહી શકતો, જોકે આપણા વિષયની સાથે તેનો કશો સંબંધ નથી.

સાર્વજનિક સભા લોકમાન્યના હાથમાં હતી. મરહૂમ ગોખલેજીનો સંબંધ ડેક્કન સભા સાથે હતો. હું પ્રથમ મળેલો તિલક મહારાજને. તેમને મેં જ્યારે પૂનામાં સભા ભરવાની વાત કરી ત્યારે તેમણે મને પૂછ્યું: તમે ગોપાળરાવને મળ્યા છો?

પ્રથમ તો હું ન સમજ્યો. એટલે તેમણે પૂછ્યું કે મિ. ગોખલેને તમે મળ્યા છો? એમને જાણો છો?

મેં કહ્યું: હું હજુ મળ્યો નથી. એમને નામથી જ ઓળખું છું. પણ મળવાનો ઇરાદો છે.'

લોકમાન્ય: તમે હિન્દુસ્તાનના રાજ્યપ્રકરણથી વાકેફ નથી લાગતા.

મેં કહ્યું: હું ભણી આવ્યા પછી હિન્દુસ્તાનમાં થોડું જ રહેલો, અને ત્યારે પણ રાજ્યપ્રકરણી વિષયોમાં હું જરાયે પડયો ન હતો. એ મારી શક્તિની બહાર હું માનતો.

લોકમાન્ય: ત્યારે મારે તમને કંઇક પરિચય આપવો પડશે. પૂનામાં બે પક્ષ છે: એક સાર્વજનિક સભાનો અને બીજો ડેક્કન સભાનો.

મેં કહ્યું: એ વિષે તો હું કંઇક જાણું છું.

લોકમાન્ય: અહીં સભા ભરવી એ તો સહેલી વાત છે. પણ હું જોઉં છું કે તમે તમારો સવાલ બધા પક્ષની પાસે મૂકવા ઇચ્છો છો અને મદદ પણ બધાની માગો છો. એ મને પસંદ પડે છે. પણ જો તમારી સભામાં અમારામાંનો કોઇ પ્રમુખ થાય તો ડેક્કન સભાવાળા નહિ આવે અને ડેક્કન સભાવાળાનો પ્રમુખ થશે તો અમારામાંના કોઈ નહિ આવે. તેથી તમારે તટસ્થ પ્રમુખ શોધવા જોઇએ. હું તો એમાં સૂચના જ કરી શકીશ. બીજી મદદ મારાથી નહિ થઇ શકે. તમે પ્રોફેસર ભાંડારકરને ઓળખો છો?

ન ઓળખતા હો તોપણ એમની પાસે જજો. એઓ તટસ્થ ગણાય છે. રાજ્યપ્રકરણી કામોમાં ભાગ પણ નથી લેતા. પણ કદાચ તમે તેમને લલચાવી શકશો. મિ. ગોખલેની પાસે આ વાત કરજો. તેમની પણ સલાહ લેજો. ઘણું કરીને તેઓ પણ મારા જેવી જ સલાહ આપશે. જો પ્રોફેસર ભાંડારકર જેવા ગૃહસ્થ પ્રમુખ થાય તો સભા ભરી આપવી એ કામ બંને પક્ષ ઉપાડી લેશે એવી મારી ખાત્રી છે. અમારી મદદ તો એમાં તમને પૂરી મળશે.

આ સલાહ મેળવી હું ગોખલેજી પાસે ગયો. આ પહેલા મેળાપમાં તેમણે મારા હૃદયમાં કેમ રાજ્યાધિકાર મેળવ્યો એ તો હું બીજે પ્રસંગે લખી ગયો છું. જિજ્ઞાસુએ 'યંગ ઇંડિયા' અથવા 'નવજીવન'ની ફાઇલ તપાસી લેવી.* લોકમાન્યની સલાહ ગોખલેજીને પણ ગમી. હું તુરત પ્રોફેસર ભાંડારકરની પાસે પહોંચી ગયો. એ વિદ્વાન બુઝર્ગનાં દર્શન કર્યાં. નાતાલનો કિસ્સો ધ્યાનપૂર્વક સાંભળીને તેમણે કહ્યું કે 'તમે જોયું છે કે હું તો જાહેર જીંદગીમાં ભાગ્યે જ પડું છું. હવે તો બુઢ્ઢો પણ થયો. છતાં તમારી વાતે મારા મન ઉપર બહુ અસર કરી છે. બધા પક્ષની મદદ મેળવવાનો તમારો ઇરાદો મને ગમે છે. વળી તમે હિન્દુસ્તાનના રાજ્યપ્રકરણથી અજાણ્યા જણાઓ છો, અને જુવાન છો, તેથી બન્ને પક્ષને કહેજો કે તમારી માગણી મેં સ્વીકારી છે અને જ્યારે ભરાય ત્યારે મને તેઓમાંના કોઈ ખબર આપશે એટલે હું અવશ્ય હાજર થઇશ. પૂનામાં સુંદર સભા ભરાઇ હતી. બન્ને પક્ષના આગેવાનો હાજર હતા અને બન્ને પક્ષના આગેવાનોએ ભાષણ કરેલાં.

હું મદ્રાસ ગયો. ત્યાં જસ્ટીસ સુબ્રમણ્યમ્ આયરને મળ્યો તેમજ આનંદાચાર્લુ, તે વખતના 'હિન્દુ'ના અધિપતિ જી. સુબ્રહ્મ-

---

* જુઓ યં. ઇં. તા. ૧૩–૭–૨૧; નવજીવન તા. ૨૮–૭–૨૧

ણ્યમ, અને 'મદ્રાસ'ના અધિપતિ પરમેશ્વરમ્ પિલ્લૈ, પ્રખ્યાત વકીલ ભાષ્યમ્ આયંગાર, મિ. નૉર્ટન વગેરેને મળ્યો. ત્યાં પણ સભા થઇ. ત્યાંથી કલકત્તા ગયો. ત્યાં સુરેન્દ્રનાથ બૅનરજી, મહારાજા સત્યેન્દ્રનાથ ટાગોર, 'ઇંગ્લિશમેન'ના અધિપતિ મરહૂમ મિ. સૉન્ડર્સ વગેરેને પણ મળ્યો. ત્યાં સભાની તૈયારીઓ થતી હતી તેટલામાં એટલે નવેમ્બર માસમાં નાતાલથી તાર મળ્યો-'એકદમ આવો.' હું સમજી ગયો કે હિન્દીઓ વિરુદ્ધ કંઇક પણ નવી હીલચાલ શરૂ થઇ હશે. તેથી કલકત્તાનું કામ પૂરૂં કર્યાં વિના હું પાછો ફર્યો, અને મુંબઇથી મળતી પહેલી જ સ્ટીમરમાં હું ચડી ગયો. આ સ્ટીમર દાદા અબ્દુલ્લાની પેઢીએ ખરીદી હતી અને પોતાનાં અનેક સાહસમાં નાતાલ અને પોરબંદરની વચ્ચે સ્ટીમર ચલાવવાનું આ તેમનું પહેલું સાહસ હતું. એ સ્ટીમરનું નામ 'કુર્લિન્ડ' હતું. એ સ્ટીમરની પછી તરત જ તે જ દિવસે પર્શિયન કંપનીની આગબોટ 'નાદરી' પણ નાતાલ જવા રવાના થઇ. મારી ટીકીટ 'કુર્લિન્ડ' ની હતી. મારી સાથે મારૂં કુટુંબ હતું. બન્ને સ્ટીમરમાં મળી દક્ષિણ આફ્રિકા જનારા લગભગ ૮૦૦ ઉતારૂઓ હશે.

હિંદુસ્તાનમાં જે હીલચાલ મેં કરી એ એટલા બધા મોટા પાયા પર થઇ પડી—અને તેની નોંધ ઘણુંખરાં મુખ્ય અખબારોમાં લેવાએલી—કે રૂટરે તે વિષેના તાર વિલાયત મોકલાવેલા. એ ખબર મને નાતાલ પહોંચતાં પડી. વિલાયતના તાર ઉપરથી રૂટરના ત્યાંના પ્રતિનિધિએ એક ટુંકો તાર દક્ષિણ આફ્રિકામાં પણ મોકલાવ્યો. એ તારમાં મેં જે હિંદુસ્તાનમાં કહેલું તેને કંઇ ઢોળ ચડચો હતો. આવી અતિશયોક્તિ આપણે ઘણીવાર જોઇએ છીએ. એ બધું ઇરાદાપૂર્વક નથી બનતું. અનેક કામો કરનારા માણસો વસ્તુઓ ઉપરઉપરથી વાંચી જાય, કંઇક તો પોતાના ખ્યાલ હોય જ, તેનું એક તારણ થાય, તેમાં વળી મગજ બીજું

તારણ કરે, એનો વળી જ્યાં જાય ત્યાં નવો જ અર્થ થાય, આ બધું અનાયાસે જ બન્યાં કરે છે. સાર્વજનિક પ્રવૃત્તિઓનું આ જોખમ છે, અને આ તેની હદ પણ છે. હિન્દુસ્તાનમાં મેં નાતાલના ગોરાઓની ઉપર આક્ષેપો કરેલા; ગીરમીટીઆ ઉપરના ૩ પાઉંડના કર વિષે હું બહુ સખત બોલેલો. સુબ્રમણ્યમ્ નામના નિરપરાધી ગીરમીટીઆ ઉપર તેના માલીકે હુમલો કરેલો તેને થયેલા જખમો મેં જોયેલા, તેનો આખો કેસ મારા હાથમાં હતો. એટલે એનો ચિતાર મારી શક્તિ અનુસાર હું ઠીક ચિતરી શક્યો હતો. આ બધાનું તારણ જ્યારે નાતાલવાસીઓએ વાંચ્યું ત્યારે તેઓ મારી સામે ખુબ ઉશ્કેરાયા. ખૂબી એ છે કે જે મેં નાતાલમાં લખ્યું હતું તે હિન્દુસ્તાનમાં લખ્યું અને કહ્યું તેના કરતાં વધારે તીખું અને વધારે વિગતવાર હતું. હિન્દુસ્તાનમાં મેં એક પણ વસ્તુ એવી નહોતી કહી કે જેમાં જરાયે અતિશયોકિત હોય. પણ અનુભવથી હું એટલું જાણતો હતો કે કોઇ પણ કિસ્સાનું વર્ણન અજાણ્યા માણસની આગળ કરીએ ત્યારે તેમાં આપણે જેટલો અર્થ સમાવ્યો હોય તેના કરતાં અજાણ્યો સાંભળનાર કે વાંચનાર વધારે જુએ છે. તેથી ઇરાદાપૂર્વક હિન્દુસ્તાનમાં મેં નાતાલનું ચિત્ર કંઇક પણ અંશે હળવુ જ ચીતર્યું હતું. પણ નાતાલમાં મારૂં લખેલું તો ઘણા થોડા ગોરા વાંચે, તેની દરકાર તેથી પણ ઓછા કરે. હિન્દુસ્તાનમાં કહેવાયલાને વિષે ઉલટું જ બને અને બન્યું. રૂટરનું તારણ તે તો હજારો ગોરા વાંચે. વળી તારમાં નોંધ લેવાલાયક જે વિષય ગણાયો હોય તે વિષયનું મહત્ત્વ હોય તેના કરતાં વધારે ગણાય. નાતાલના ગોરા ધારે એટલી અસર જો હિન્દુસ્તાનમાં મારા કામની પડી હોય તો ગીરમીટની પ્રથા કદાચ બંધ થઇ જાય અને સેંકડો ગોરા માલીકોને તેથી નુકસાન થાય. તે ઉપરાંત વળી નાતાલના ગોરાઓની હિન્દુસ્તાનમાં નામોશી થઇ ગણાય.

આમ નાતાલના ગોરાઓ ઉશ્કેરાઈ રહ્યા હતા તેટલામાં તેઓએ સાંભળ્યું કે હું કુટુંબ સહિત 'કુર્લિન્ડ'માં પાછો ફરૂં છું. તેમાં ૩૦૦–૪૦૦ હિન્દી ઉતારૂઓ છે. તેની જ સાથે તેટલા જ ઉતારૂવાળી 'નાદરી' સ્ટીમર પણ છે. આથી તો બળતામાં ઘી હોમાયું અને મોટો ભડકો થયો. નાતાલના ગોરાઓએ મોટી સભાઓ ભરી. તેમાં લગભગ બધા અગ્રેસર ગોરાઓએ સાથ આપ્યો. મુખ્યત્વે કરીને મારી સામે અને સામાન્ય રીતે હિન્દી કોમ પર સખત ટીકાઓ થઇ. 'કુર્લિન્ડ' અને 'નાદરી'ના આગમનને 'નાતાલ પર ચડાઈ'નું રૂપ આપવામાં આવ્યું. સભામાં બોલનારાએ અર્થ એવો કાઢ્યો કે હું એ આટલો ઉતારૂઓને સાથે લઇ આવેલો છું, અને નાતાલને સ્વતંત્ર હિંદીઓથી ભરી મૂકવાના પ્રયત્નનું આ મારૂં પહેલું પગલું છે એમ સભાને મનાવવામાં આવ્યું. સભામાં એકમતે એવો ઠરાવ પસાર થયો કે બંને સ્ટીમરના ઉતારૂઓને અને મને ઉતરવા ન દેવા. જો નાતાલની સરકાર તેઓને ન રોકે અથવા ન રોકી શકે તો આ તત્કાળે થયેલી કમિટીએ કાયદો પોતાના હાથમાં જ લેવો અને પોતાના જ બળથી હિંદીઓને ઉતરતા અટકાવવા! બંને સ્ટીમર એક જ દહાડે નાતાલ બંદર–ડર્બન–પ્હોંચી.

વાંચનારને યાદ હશે કે ૧૮૯૬માં હિન્દુસ્તાનમાં મરકીએ પહેલવહેલો દેખાવ આપ્યો. નાતાલની સરકારની પાસે અમને કાયદેસર પાછા વાળવાનું સાધન તો ન જ હતું. તે વખતે પ્રવેશ-પ્રતિબંધક કાયદો હસ્તીમાં નહોતો આવ્યો. નાતાલની સરકારની લાગણી તો બધી પેલી કમિટીની તરફ જ હતી. એક સરકારી પ્રધાન મરહૂમ મિ. એસ્કંબ એ કમિટીના કામમાં પૂરો ભાગ લેતા હતા. કમિટીને ઉશ્કેરતા પણ તે જ હતા. બધાં બંદરોમાં એવો નિયમ

હોય છે કે જો કોઇ પણ સ્ટીમરમાં ચેપી રોગનો ઉપદ્રવ થાય અથવા તો કોઈ પણ સ્ટીમર ચેપી રોગ ફેલાયેલો હોય તેવા બંદરથી આવતી હોય તો તે સ્ટીમરને અમુક મુદત સુધી ક્વૉરનટાઇનમાં રાખે, એટલે કે સ્ટીમરની સાથેનો સંસર્ગ બંધ કરે અને ઉતારૂ, માલ વગેરેને અમુક મુદત સુધી ઉતારવાની મનાઇ કરે. આવો પ્રતિબંધ કેવળ આરોગ્યના નિયમોને અંગે જ અને બંદરખાતાને લગતા દાક્તરના હુકમની રૂએ જ મૂકી શકાય. આ પ્રતિબંધ મૂકવાના અધિકારનો કેવળ રાજ્યપ્રકરણી ઉપયોગ, એટલે જ દુરુપયોગ, નાતાલની સરકારે કર્યો. અને આગબોટોમાં કોઇ પણ એવો ચેપી રોગ નહિ હોવા છતાં ૨૩ દિવસ સુધી બન્ને સ્ટીમરને ડર્બનના બારામાં લટકાવી રાખી. દરમ્યાન કમિટીનું કામ જારી રહ્યું. દાદા અબદુલ્લા 'કુર્લિન્ડ'ના માલીક હતા તેમ 'નાદરી'ના એજંટ હતા. તેમને કમિટીએ ખૂબ ધમકાવ્યા. જો સ્ટીમરો પાછી વાળે તો લાલચો પણ આપી અને ન વાળે તો તેમના વેપારને પણ ધક્કો પહોંચાડવાનો ભય કેટલાકે બતાવ્યો. પણ પેઢીના ભાગીદાર ભીરુ ન હતા. ધમકી દેનારને આ સંભળાવ્યું: 'મારો બધો વેપાર ફના થઇ જશે, હું ખુવાર થઇશ ત્યાં લગી લડીશ, પણ ડરી જઇને આ નિર્દોષ ઉતારૂઓને પાછા મોકલવાનો ગુન્હો હું કરવાનો નથી. જેમ તમને તમારા દેશનું અભિમાન છે તેમ અમને પણ કંઇક હશે એમ તમે માનજો.' એ પેઢીના જે જૂના વકીલ હતા તે પણ હિંમતવાન અને બહાદુર હતા.

ભાગ્યજોગે એ જ અરસામાં મરહૂમ મનસુખલાલ નાઝર (સુરતના કાયસ્થ અને મરહૂમ નાનાભાઇ હરિદાસના ભાણેજ) આફ્રિકા પહોંચ્યા. હું તેમને નહોતો ઓળખતો. તેમના જવાની પણ મને કંઇ ખબર નહિ હતી. મારે ભાગ્યે જ કહેવું જોઇએ કે

'નાદરી' 'કુર્લિન્ડ'ના ઉતારૂઓને લાવવામાં મારો કંઇ જ હાથ ન હતો. તેઓમાંના મોટે ભાગે દક્ષિણ આફ્રિકાના જૂના રહીશ હતા. તેમાંયે ઘણા તો ટ્રાન્સવાલ જવાને ચડેલા હતા. આ ઉતારૂઓને વાસ્તે પણ ધમકીની નોટિસો કમિટીએ મોકલી. કપ્ટનોએ ઉતારૂઓને વંચાવી. તેમાં સાફ રીતે લખેલું હતું કે 'નાતાલના ગોરાઓ ઉશ્કેરાયેલા છે અને તેઓની આવી સ્થિતિ જાણ્યા છતાં પણ જો હિન્દી ઉતારૂઓ ઉતરવાનો પ્રયત્ન કરશે તો બંદર ઉપર કમિટીના માણસો ઉભા રહેશે અને એકેએક હિન્દીઓને દરીઆમાં ધકેલી દેશે." 'કુર્લિન્ડ'ના ઉતારૂઓને આ નોટિસનો તરજુમો મેં સંભળાવ્યો. 'નાદરી'ના ઉતારૂઓને ત્યાંના કોઇ અંગ્રેજી જાણનાર ઉતારૂએ સમજાવ્યો. બંનેએ પાછા જવાની ચોખ્ખી ના પાડી. એમ પણ જણાવ્યું કે "ઘણા ઉતારૂઓને તો ટ્રાન્સવાલ જવાનું છે. નાતાલમાં ઉતરવા ઇચ્છે છે તેમાંના પણ ઘણા તો નાતાલના જૂના રહીશ છે. ગમે તેમ હો, પણ દરેકને નાતાલમાં ઉતરવાનો કાયદેસર હક છે અને કમિટીની ધમકી છતાં પોતાનો હક પૂરવાર કરતા ઉતારૂઓ ઉતરશે જ."

નાતાલની સરકાર પણ થાકી. અયોગ્ય પ્રતિબંધ કેટલા દિવસ ચાલી શકે? ૨૩ દિવસ તો થઇ ગયા. ન ડગ્યા દાદા અબદુલ્લા કે ન ડગ્યા હિન્દી ઉતારૂ. એટલે ૨૩ દિવસ પછી પ્રતિબંધ છૂટચો અને સ્ટીમરોને અંદર આવવાની રજા મળી. દરમ્યાન મિ. એસ્કંબે ઉશ્કેરાએલી કમિટીને શાંત પાડી. તેમણે સભા ભરી કહ્યું, 'ડર્બનમાં ગોરાઓએ ખૂબ એકતા અને હિંમત બતાવી, તમારાથી જેટલું થયું એટલું તમે કર્યું. સરકારે પણ તમને મદદ કરી. આ લોકોને ૨૩ દિવસ સુધી પ્રતિબંધમાં રાખ્યા. તમારી લાગણીનું અને તમારા જુસ્સાનું જે દૃશ્ય તમે બતાવ્યું છે એ બસ છે. આની ઉંડી અસર વડી સરકાર પર પડશે.

તમારા કાર્યથી નાતાલની સરકારનો માર્ગ સરળ થયો છે. હવે જો તમે બળ વાપરીને એક પણ હિન્દી ઉતારૂને આવતો અટકાવો તો તમારા કામને તમે જ નુકસાન પહોંચાડશો. નાતાલની સરકારની સ્થિતિ કફોડી કરશો. એમ કરતાંયે આ લોકોને અટકાવવામાં તમે સફળ નહિ થાઓ. ઉતારૂઓનો તો કંઈ વાંક જ નથી. તેઓમાં તો સ્ત્રીઓ અને બાળકો પણ છે. મુંબઈથી ચઢ્યા ત્યારે તમારી લાગણીની તેમને ખબર પણ નહિ હતી. એટલે હવે તમારે મારી સલાહ માનીને વીખેરાઈ જવું જોઈએ, અને આ લોકોને આવતાં જરાયે અટકાયત નહિ કરવી જોઈએ. પણ હું તમને એટલું વચન આપું છું કે હવે પછી આવનારાઓના સંબંધમાં અંકુશ રાખવાનો અખત્યાર નાતાલની સરકાર ધારાસભાની પાસેથી મેળવશે.” આ તો મેં ભાષણનો સાર જ આપેલો છે. મિ. એસ્કંબના સાંભળનારા નિરાશ તો થયા, પણ મિ. એસ્કંબનો પ્રભાવ હમેશાં નાતાલના ગોરાઓ પર ઘણો હતો. તેમના કહેવાથી તેઓ વિખરાયા. બંને આગબોટો બારામાં આવી.

મારે વિષે તેમણે કહેવડાવેલું કે મારે દિવસ છતાં સ્ટીમર ન છોડવી. સાંજે પોર્ટના સુપરિન્ટેન્ડન્ટને મને લેવાને મોકલશે તેની સાથે મારે ઘેર જવું. મારૂં કુટુંબ ગમે ત્યારે ઉતરી શકે છે. એ કંઈ કાયદેસર હુકમ ન હતો, પણ કેપ્ટનને મને ન ઉતરવા દેવાની ભલામણ હતી અને મારે માથે ઝઝૂમી રહેલા જોખમની ચેતવણી હતી. કેપ્ટન મને જબરદસ્તીથી રોકી શકે એમ તો ન હતું. પણ મેં માન્યું કે મારે આ સૂચના કબૂલ રાખવી જોઈએ. મારાં બાળબચ્ચાંને મારે ઘેર નહિ મોકલતાં ડર્બનના પ્રખ્યાત વેપારી અને મારા જૂના અસીલ અને મિત્ર પારસી રૂસ્તમજીને ત્યાં મોકલી આપ્યાં અને તેઓને ત્યાં મળવાનું કહ્યું. ઉતારૂઓ વગેરે ઉતરી ગયા તેટલામાં મિ. લૉટન—દાદા અબદુલ્લાના વકીલ ને મારા મિત્ર—આવ્યા અને

મને મળ્યા. મને પૂછ્યું, "તમે હજુ કેમ નથી ઉતર્યા?" મેં મિ. એસ્કંબના કાગળની વાત સંભળાવી. એમણે કહ્યું કે "મને તો સાંજ લગી વાટ જોવી અને પછી ગુન્હેગારની અથવા ચોરની માફક દાખલ થવું પસંદ નથી આવતું. તમને જો કંઇ પણ ડર ન હોય તો હમણાં જ મારી સાથે ચાલો અને આપણે જાણે કંઇ ન થયું હોય તેમ પગપાળા જ શહેરમાં થઇને ચાલ્યા જઇશું." મેં કહ્યું, "હું માનતો નથી કે મને કોઇ જાતનો ડર હોય. મિ. એસ્કંબની સૂચનાને—સલાહને માન આપવું કે નહિ એ જ કેવળ વિવેક અવિવેકનો સવાલ મારી નજર આગળ છે. અને કેપ્ટનની એમાં કંઈ જવાબદારી છે કે નહિ એ પણ થોડું વિચારી લેવું જોઇએ." મિ. લૉટન હસીને બોલ્યા, "મિ. એસ્કંબે એવું શું કર્યું છે કે જેથી એની સૂચના ઉપર તમારે જરાયે ધ્યાન આપવું પડે? વળી એની સૂચનામાં કેવળ ભલમનસાઇ જ છે અને ભેદ નથી એમ માનવાનું પણ તમારી પાસે શું કારણ છે? શહેરમાં શું બન્યું છે અને તેમાં આ ભાઇસાહેબનો કેટલો હાથ છે તે તમે જાણો તેના કરતાં હું વધારે જાણું છું. (મેં વચમાં ડોકું ધુણાવ્યું) છતાં ભલે એણે સારા ઇરાદાથી સૂચના આપી હોય એમ પણ આપણે માની લઇએ. છતાં એ સૂચનાનો અમલ કરવાથી તમને નામોશી પહોંચે એમ હું ચોક્સ માનું છું. માટે મારી તો સલાહ છે કે તમે જો તૈયાર હો તો હમણાં જ ચાલો. કેપ્ટન તો આપણા જ છે એટલે એની જવાબદારી એ આપણી છે. એને પૂછનાર કેવળ દાદા અબદુલ્લા જ હોય. એ શું ધારશે એ હું જાણું છું કેમકે તેમણે આ લડતમાં ખૂબ બહાદુરી બતાવી છે." મેં કહ્યું, "ત્યારે આપણે ચાલો. મારે કશી તૈયારી કરવાની નથી. મારી પાઘડી માથે મૂકવાની જ બાકી છે. કેપ્ટનને કહી દઇએ અને નીકળી પડીએ." કેપ્ટનની રજા લીધી.

મિ. લૉટન ડર્બનના ઘણા જૂના અને પ્રખ્યાત વકીલ હતા. હું હિન્દુસ્તાન ગયો તેના પહેલાં જ તેમની સાથે મારે ઘણો સારો સંબંધ બંધાઈ ગયો હતો. મારા મુશ્કેલીભરેલા કેસોમાં હું તેમની જ મદદ લેતો અને ઘણીવાર મોટા વકીલ તરીકે તેમને જ રોકતો. તેઓ પોતે હિંમતવાન હતા. બાંધામાં કદાવર હતા.

અમારો રસ્તો ડર્બનના મોટામાં મોટા મહોલ્લામાં થઈને હતો. અમે નીકળ્યા ત્યારે સાંજના ચાર સાડાચાર થયા હશે. આકાશમાં સ્હેજ વાદળાં હતાં, પણ સુરજને ઢાંકવા બસ હતાં. પગપાળા શેઠ રૂસ્તમજીના મકાન સુધી પહોંચતાં કંઈ નહિ તો એક કલાક જાય એટલો રસ્તો હતો. અમે ઉતર્યા કે તરત જ કેટલાક છોકરાઓએ અમને જોયા. મોટાં માણસો તો તેમાં હતાં જ નહિ. સામાન્ય રીતે બંદર ઉપર માણસો હોય એટલાં જોવામાં આવતાં હતાં. કેટલાક છોકરાઓએ અમને જોયા. મારા જેવી પાઘડી પહેરનારો હું એક જ રહ્યો. છોકરાઓએ મને તુરત ઓળખ્યો ને 'ગાંધી' 'ગાંધી', એને 'મારો' 'ઘેરો', એમ અવાજ કરતા અમારી તરફ આવ્યા. કોઈ કાંકરા પણ ફેંકવા લાગ્યા. કેટલાક આધેડ ગોરા પણ તેમાં ભળ્યા. ધીમે ધીમે હલ્લો વધ્યો. મિ. લૉટનને લાગ્યું કે ચાલતા જવામાં જોખમ ખેડવા જેવું છે. તેથી તેમણે 'રિક્ષા' બોલાવી. 'રિક્ષા' એટલે મનુષ્યને ખેંચવાની નાની ગાડી. હું તો કોઈ દિવસ 'રિક્ષા'માં બેઠેલ જ નહિ, કારણકે મનુષ્ય ખેંચતા હોય એવા વાહનમાં બેસવા તરફ મને અતિશય અણગમો હતો. પણ આજે મને લાગ્યું કે 'રિક્ષા'મ. બેસી જવું એ મારો ધર્મ છે. પણ ઇશ્વર જેને બચાવવાનો હોય એ પડવા ઇચ્છે તોપણ નથી પડી શકતો એવું મારા જીવનમાં તો મેં પાંચ સાત મુશ્કેલીને વખતે પ્રત્યક્ષ અનુભવેલું છે. હું નથી પડ્યો તેનો જશ મુદ્દલ મારાથી લઇ જ નહિ શકાય. રિક્ષા

હાંકનારા હબસીઓ જ હોય છે. છોકરાઓએ અને મોટેરાઓએ રિક્ષાવાળાને ધમકી આપી કે તું જો આ માણસને રિક્ષામાં બેસાડશે તો તને મારશું અને રિક્ષા ભાંગી નાખશું. એટલે રિક્ષાવાળો 'ખા' (ના) કહી ચાલતો થયો અને મારું રિક્ષામાં બેસવાનું રહી જ ગયું.

હવે અમારી પાસે ચાલીને જ જવા સિવાય બીજો રસ્તો ન હતો. અમારી પાછળ સરઘસ જામ્યું. જેમ આગળ વધીએ તેમ સરઘસ પણ વધતું જ જાય. મુખ્ય રસ્તામાં આવ્યા ત્યાં તો સેંકડો નાના મોટા ભેગા થઈ ગયા. એક બળવાન માણસે મિ. લૉટનને બાથમાં લઇ મારાથી નોખા પાડ્યા. એથી મને પહોંચી વળે એવી તેમની સ્થિતિ ન રહી. મારી ઉપર ગાળોના, પત્થરોના, જે કંઇ તેઓના હાથમાં આવ્યું તેના વરસાદ થવા લાગ્યા. મારી પાઘડી ઉડાડી મૂકી. દરમ્યાન એક મોટા જાડા માણસે આવી મને થપ્પડ મારી અને પછી પાટુ મારી. તમ્મર ખાઇને પડવા જતો હતો તેટલામાં રસ્તાની પાસે રહેલી એક ઘરના આંગણાની જાળી મારે હાથ આવી. જરા સાસ લઇ તમ્મર ઉતરી એટલે ચાલવા માંડ્યું. જીવતા પહોંચવાની લગભગ આશા છોડી બેઠો હતો. પણ મને એટલું બરાબર યાદ છે કે એ વેળાએ પણ મારું હૃદય આ મારનારાઓનો દોષ લેશ માત્ર પણ કાઢતું ન હતું.

આમ મારી મુસાફરી ચાલી રહી હતી તેટલામાં ડર્બનના પોલીસ સુપરિન્ટેન્ડન્ટની ઓરત સામેથી જતી હતી. અમે એકબીજાને સારી પેઠે ઓળખતાં હતાં. એ બાઈ બહાદુર હતી. જોકે વાદળ હતું છતાં, ને હવે તો સૂરજ પણ નમવા પર હતો તોપણ એ બાઇએ પોતાની છત્રી મારા રક્ષણ સારુ ઉઘાડી અને મારી પડખે ચાલવા લાગી. બાઈ માણસનું અપમાન, અને તે પણ ડર્બનના ઘણા જૂના અને

લોકપ્રિય ફોજદારની ઓરતનું અપમાન ગોરાઓ ન જ કરે—તેને ઇજા પણ ન જ પહોંચાડે. તેથી એને બચાવીને મારા પર માર પડે એ ઘણો હળવો જ હોય. એટલામાં આ હુમલાની પોલીસ સુપરિન્ટેન્ડન્ટને ખબર પડવાથી તેણે પોલીસ પાર્ટી મોકલી, અને પોલીસે મને ઘેરી લીધો. અમારો રસ્તો પોલીસ ચોકીની પાસે થઇને જતો હતો. ત્યાં પહોંચ્યા એટલે ફોજદાર રાહ જોઇને જ ઉભો હતો. તેણે મને પોલીસ ચોકીમાં જ જવાની સલાહ આપી. મેં ઉપકાર માન્યો પણ તેમાં જવાની ના પાડી. મેં કહ્યું, “મારે તો મારે ઠેકાણે પહોંચ્યે છૂટકો છે. ડર્બનના લોકોની ન્યાયવૃત્તિ પર અને મારા સત્ય પર મને વિશ્વાસ છે. તમે પોલીસ મોકલી છે તેને સારુ હું આભારી છું. વળી મિસિસ ઍલેક્ઝાંડરે પણ રક્ષણ કરેલું છે.”

હું સહીસલામત રૂસ્તમજીને ત્યાં પહોંચ્યો. અહીંઆં પહોંચતાં લગભગ સાંજ પડી ગઇ હતી. ‘કુર્લૅન્ડ’ના દાક્તર દાજી બરજોર, રૂસ્તમજી શેઠને ત્યાં હતા, તેણે મારી સારવાર શરૂ કરી. જખમો તપાસ્યા. ઘણા જખમ નહિ હતા. એક મૂઢ ઘા પડ્યો હતો તે જ વધારે ઇજા દેતો હતો. પણ હજુ મને શાંતિ મળવાનો અધિકાર નહોતો મળ્યો. રૂસ્તમજી શેઠના ઘરની સામે હજારો ગોરા એકઠા થયા. રાત પડી એટલે લુચ્ચા લફંગા પણ તેમાં ભળ્યા. લોકોએ રૂસ્તમજી શેઠને કહેવડાવી દીધું કે જો તમે ગાંધીને અમારે હવાલે નહિ કરો તો તમને અને તમારી દુકાનને તેની સાથે જ સળગાવી મૂકીશું. એ કંઇ કોઇના ડરાવ્યા ડરે એવા હિન્દી ન હતા. સુપરિન્ટેન્ડન્ટ ઍલેક્ઝાંડરને ખબર પડી એટલે તે પોતાની છૂપી પોલીસ લઇને ધીમેથી આ ટોળામાં પેસી ગયા. એક માંચડો મગાવી તેના ઉપર ઉભા. આમ લોકોની સાથે વાતચીત કરવાને બહાને પારસી રૂસ્તમજીના ઘરના દરવાજાનો કબજો લીધો કે જેથી તેને તોડીને

કોઈ ઘુસી ન શકે. યોગ્ય ઠેકાણે છૂપી પોલીસ તો ગોઠવી જ દીધી હતી. તેણે પહોંચતાં વેંત જ પોતાના એક અમલદારને હિન્દીનો પોશાક પહેરી મોઢું રંગી હિન્દી વેપારી જેવો દેખાવ કરવા કહી દીધું હતું, અને તેને હુકમ આપ્યો હતો કે તેણે મને મળવું અને જણાવવું કે 'જો તમે તમારા મિત્રની, તેના પરોણાની, તેના માલની અને તમારા કુટુંબની રક્ષા કરવા ઇચ્છતા હો તો તમારે હિન્દી સીપાઇનો વેશ પહેરી પારસીના ગોડાઉનમાંથી નીકળી ટોળામાંથી જ મારા માણસની સાથે સરકી જઇ પોલીસ ચોકી પર પહોંચી જવું. આ શેરીને ખૂણે તમારે સારૂ ગાડી તૈયાર રાખેલી છે. તમને અને બીજાને બચાવવાનો મારી પાસે આ જ રસ્તો છે. ટોળું એટલું બધું ઉશ્કેરાયેલું છે કે તેને રોકી રાખવાને મારી પાસે કશું સાધન નથી. જો તમે તાકીદ નહિ કરો તો આ મકાન જમીનદોસ્ત થશે, એટલું જ નહિ પણ જાન-માલનું કેટલું નુકસાન થાય એનું અનુમાન સરખું હું નથી કરી શકતો."

હું સ્થિતિ તુરત સમજી ગયો. મેં તુરત જ સીપાઇનો પોશાક માગ્યો અને એ પહેરીને નીકળી ગયો અને સહીસલામત પોલીસ ચોકીમાં પેલા અમલદારની સાથે પહોંચી ગયો. દરમ્યાન ફોજદાર પ્રસંગને લગતાં ગીતોથી અને ભાષણોથી ટોળાને રીઝવી રહ્યો હતો. જ્યારે તેને ઇશારો મળ્યો કે હું પોલીસ ચોકીમાં પહોંચી ગયો છું ત્યારે તેણે પોતાનું ખરૂં ભાષણ શરૂ કર્યું:

"તમે શું માગો છો?"

"અમને ગાંધી જોઇએ."

"તમે શું કરવા ઇચ્છો છો?"

"તેને અમે સળગાવીશું."

"તેણે તમારૂં શું બૂરૂં કર્યું છે ?"

"અમારે વિષે હિન્દુસ્તાનમાં ઘણી જૂઠી વાતો કરી છે અને નાતાલમાં હજારો હિન્દીઓને દાખલ કરવા માગે છે."

"પણ એ બહાર ન નીકળે તો શું કરશો ?"

"તો અમે આ મકાનને સળગાવીશું."

"એમાં તો એનાં બાળબચ્ચાં છે. બીજાં સ્ત્રીપુરુષો છે. સ્ત્રીઓ અને બાળકોને સળગાવતાં પણ તમે નહિ શરમાઓ ?"

"એ તો દોષ તમારો. તમે અમને લાચાર કરો તો અમે શું કરીએ ? અમે તો બીજા કોઈને ઇજા કરવા નથી ઇચ્છતા. ગાંધીને સોંપો એટલે બસ છે. તમે ગુન્હેગારને ન સોંપો અને તેને પકડતાં બીજાને નુકસાન થાય તેનો દોષ અમારા ઉપર નાંખો એ ક્યાંનો ન્યાય ?"

સુપરિન્ટેન્ડન્ટે હળવેથી હસીને તેઓને ખબર આપી કે હું તો સહીસલામત એઓની વચ્ચે થઇને જ બીજી જગ્યાએ પહોંચી ગયો છું ! લોકો ખડખડ હસી પડ્યા અને "જૂઠું" "જૂઠું" એમ પોકાર્યું.

સુપરિન્ટેન્ડન્ટ બોલ્યા, "તમે જો તમારા બુઢ્ઢા ફોજદારની વાત ન માનતા હો તો તમારી ઇચ્છામાં આવે એવા ત્રણ ચાર માણસની કમિટી નીમો. બીજા બધા વચન આપો કે કોઇ મકાનની અંદર નહિ ઘુસો અને જો ગાંધીને કમિટી ન શોધી શકે તો તમે બધાય શાંત થઇને પાછા જશો. તમે ગુસ્સામાં આવીને પોલીસની સત્તાને આજે કબૂલ ન કરી એમાં નામોશી પોલીસની નથી પણ તમારી છે. તેથી પોલીસ તમારી સાથે દાવ રમી, તમારી વચમાંથી તમારા શિકારને ઉપાડી ગઈ અને તમે હારી

ગયા. એમાં પોલીસને તો તમે દોષ નહિ જ દો. જે પોલીસને તમે જ નીમેલી છે તે પોલીસે પોતાની ફરજ બજાવી છે.

આ બધી વાતચીત સુપરિન્ટેન્ડન્ટે એટલી મીઠાશથી, એટલા હાસ્યથી અને એટલી દૃઢતાથી કરી કે લોકોએ તેણે માગેલું વચન આપ્યું. કમિટી નીમી, કમિટીએ પારસી રુસ્તમજીના ઘરનો ખૂણેખૂણો તપાસી નાંખ્યો. અને લોકોને કહ્યું:—'સુપરિન્ટેન્ડન્ટની વાત સાચી છે. તેણે આપણને હરાવ્યા છે.' લોકો નિરાશ તો થયા પણ પોતાના વચન પર પણ કાયમ રહ્યા. કંઈ નુકશાન ન કર્યું અને પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. આ દિવસ ૧૮૯૭ના જાન્યુઆરીની તેરમી તારીખનો હતો.

એજ સવારે ઉતારુઓ પરનો પ્રતિબંધ છુટયો કે તરત ડર્બનના એક પત્રનો રિપોર્ટર આગબોટ પર મારી પાસે આવ્યો હતો. તે બધી હકીકત પૂછી ગયો હતો. મારી ઉપરના આરોપોનો તદ્દન સ્પષ્ટ ખુલાસો કરવો એ સાવ સહેલું હતું. સંપૂર્ણ દાખલાઓ આપી મેં બતાવ્યું હતું કે તલમાત્ર પણ અતિશયોક્તિ મેં કરી નથી. જે કંઈ મેં કર્યું એ મારો ધર્મ હતો. તેમ ન કરું તો મનુષ્યજાતિમાં ગણાવા પણ હું લાયક ન હોઉં. આ બધી હકીકત બીજે દિવસે પૂરેપૂરી પ્રગટ થઈ. અને સમજુ ગોરાઓએ પોતાનો દોષ કબૂલ કર્યો. અખબારોએ નાતાલની પરિસ્થિતિ વિષે પોતાની લાગણી બતાવી. પણ મારા કાર્યનો તેની સાથે જ તેમણે પૂરો બચાવ કર્યો. આથી વળી મારી પ્રતિષ્ઠા વધી અને સાથે સાથે હિન્દી કોમની પણ વધી. ગરીબ હિન્દીઓ પણ નામર્દ નથી, વેપારીઓ પોતાના વેપારવણજની દરકાર કર્યા વિના સ્વમાનને સારુ, સ્વદેશને સારુ લડી શકે છે એમ પણ તેઓની પાસે પૂરવાર થયું.

આથી જો કે એક તરફથી કોમને દુઃખ સહન કરવું પડ્યું, સહા અબદુલ્લાને તો મોટા નુકસાનમાં ઉતરવું પડ્યું, છતાં આ

દુ:ખને અંતે તો લાભ જ થયો એમ હું માનું છું. કોમને પણ પોતાની શક્તિનું કંઇક માપ મળ્યું અને આત્મવિશ્વાસ વધ્યો હું પણ વધારે ઘડાયો અને હવે એ દિવસનો વિચાર કરતાં એમ જોઉં છું કે ઈશ્વર મને સત્યાગ્રહને સારુ તૈયાર કરી રહ્યો હતો.

નાતાલના બનાવોની અસર વિલાયતમાં પણ થઈ. મિ. ચેમ્બરલેને નાતાલની સરકાર પર તાર કર્યો કે જે લોકોએ મારી ઉપર હુમલો કર્યો તેના ઉપર કામ ચાલવું જોઇએ અને મને ઇન્સાફ મળવો જોઇએ.

મિ. એસ્કંબ ન્યાયખાતાના પ્રધાન હતા. તેમણે મને બોલાવ્યો. મિ. ચેમ્બરલેનના તારની વાત કરી. મને ઈજા થઇ તેને સારુ દિલગીરી જણાવી, હું બચી ગયો તેને સારુ પોતાની ખુશાલી જાહેર કરી, અને કહ્યું—"હું તમને ખાત્રી આપું છું કે તમને તથા તમારી કોમના કોઇને પણ ઇજા થાય એવું હું મુદ્દલ ઇચ્છતો ન હતો. તમને ઇજા થવાનો મને ભય હતો તેથી જ તમને મેં રાતના ઉતારવા વિષે સમાચાર મોકલાવ્યા. તમને મારી સૂચના પસંદ ન પડી. મિ. લૉટનની સલાહ તમે માની તે વિષે હું જરાયે તમારો દોષ કાઢવા ઇચ્છતો નથી. તમને યોગ્ય લાગે તે કરવાનો તમને પૂરો અધિકાર હતો. મિ. ચેમ્બરલેનની માગણી સાથે નાતાલની સરકાર પૂરી સંમત છે. ગુન્હેગારોને સજા થાય એ અમે ઇચ્છીયે છીએ. હુમલાઓ કરનારામાંના કોઈને તમે ઓળખી શકશો ?" મેં જવાબ આપ્યો: "સંભવ છે કે એક બે માણસને કદાચ હું ઓળખી શકું. પણ આ વાત લંબાય તેના પહેલાં જ મારે કહી દેવું જોઇએ કે મેં મારા મનની સાથે ક્યારનો નિશ્ચય કરી મૂક્યો છે કે હું મારી ઉપર થયેલા હુમલા બાબત કોઈની સામે અદાલતમાં ફરીઆદ કરવા ઇચ્છતો જ નથી. હુમલો કરનારનો તો હું દોષ પણ નથી જોતો. તેઓને જે હકી-

ફત મળી તે તેઓના આગેવાન તરફથી. એના ખરાખોટાની તપાસ કરવા એ લોકો બેસી ન શકે. મારે વિષે જે તેઓએ સાંભળ્યું તે બધું ખરું હોય તો તેઓ ઉશ્કેરાઇ જાય અને ગુસ્સામાં આવીને ન કરવાનું કરી નાંખે એમાં હું તેમનો દોષ ન કાઢું. ઉશ્કેરાએલાં ટોળાં એ જ રીતે ઇન્સાફ લેતાં આવ્યાં છે. જો કોઇનો પણ દોષ હોય તો આ બાબતમાં થયેલી કમિટીનો અને તમારો પોતાનો છે, અને તેથી નાતાલની સરકારનો છે. રૂટરે તાર ગમે તેવો કર્યો પણ જ્યારે હું પોતે અહીંયા આવતો હતો એમ તમે જાણતા હતા તો તમારો અને કમિટીનો ધર્મ હતો કે જે જે તર્કો તમે બાંધેલા તે વિષે મને પૂછવું, મારા જવાબ સાંભળવા, અને પછી જે યોગ્ય લાગે તે કરવું. હવે મારા ઉપર હુમલો થયો તે બાબતમાં કંઇ તમારી ઉપર કે કમિટી ઉપર હું કામ ચલાવી શકું એમ છે જ નહિ. અને તેમ બનતું હોય તો પણ કોરટની મારફતે એવી દાદ હું મેળવવા ન ઇચ્છું. તમને યોગ્ય લાગ્યું તે પ્રમાણે નાતાલના ગોરાના હક જાળવવાને સારૂ તમે પગલાં લીધાં એ રાજ્યપ્રકરણી વિષય થયો. મારે પણ એ જ ક્ષેત્રમાં તમારી સામે લડવાનું રહ્યું. અને તમને અને ગોરાઓને બતાવવાનું રહ્યું કે હિન્દી કોમ બ્રિટીશ સલ્તનતના એક મોટા વિભાગ તરીકે ગોરાઓને નુકસાન પહોંચાડ્યા વિના કેવળ પોતાનું સ્વમાન અને હક જાળવવા ઇચ્છે છે." મિ. એસ્કંબ બોલ્યા: "તમે કહ્યું તે હું સમજ્યો અને મને ગમ્યું પણ છે. તમે કામ ચલાવવા નહીં ઇચ્છતા એવું સાંભળવા હું તૈયાર ન હતો અને તમે ચલાવવા ઇચ્છત તો હું જરાયે નાખુશ ન થાત. પણ જ્યારે તમે તમારો ફરીઆદ નહિ કરવાનો વિચાર દર્શાવી દીધો છે ત્યારે મને કહેતાં સંકોચ નથી થતો કે તમે યોગ્ય નિશ્ચય ઉપર આવ્યા છો. એટલું જ નહિ પણ તમારા એ સંયમથી તમે તમારી

કોમની વિશેષ સેવા કરશો. સાથે મારે એટલું પણ કબૂલ કરવું જોઈએ કે તમે નાતાલની સરકારને તમારા પગલાથી વિષમ સ્થિતિમાંથી બચાવી લેશો. તમે ઇચ્છો તો અમે પકડાપકડી વગેરે તો કરીએ પણ તમને તો કહેવું પડે એમ નથી કે એ બધું કરવામાં વળી પાછો ગોરાઓનો પિત્તો ઉછળે, અનેક પ્રકારની ટીકાઓ થાય અને આ બધું કોઈ રાજ્યસત્તાને ન જ ગમે. પણ જો તમે છેવટનો નિશ્ચય કરી લીધો હોય તો ફરીઆદ ન કરવાનો તમારો વિચાર જણાવનારી એક ચિઠ્ઠી તમારે મારા ઉપર લખવી જોઈએ. આપણી વાતચીતનો સાર જ આપીને હું મિ. ચેમ્બરલેનની પાસે મારી સરકારનો બચાવ ન કરી શકું. મારે તો તમારી ચિઠ્ઠીના ભાવાર્થનો જ તાર કરવો જોઈએ. પણ એ ચિઠ્ઠી તમે હમણાં જ આપો એમ હું નથી કહેતો. તમારા મિત્રોની સાથે મસલત કરો. મિ. લૉટનની પણ સલાહ લો. અને પછી પણ તમારા વિચાર પર તમે કાયમ હો તો મને લખજો. પણ એટલું મારે કહેવું જોઈએ કે તમારી ચિઠ્ઠીમાં ફરીઆદ ન કરવાની જવાબદારી સ્પષ્ટ રીતે તમારે પોતાને જ કબૂલ કરવી જોઈશે. તો જ મારાથી તેનો ઉપયોગ થઈ શકે." મેં કહ્યું: "આ વિષે મેં કોઈની સાથે મસલત નથી કરી; તમે આ પ્રસંગને સારુ મને બોલાવ્યો છે એ પણ હું જાણતો ન હતો, અને મારે કોઈની સાથે આ બાબતમાં મસલત કરવાની ઇચ્છા પણ નથી. મિ. લૉટનની સાથે ચાલી નીકળવાનો ઠરાવ કર્યો ત્યારે જ મારા મનની સાથે મેં નિશ્ચય કરી લીધો હતો કે મને કંઈ પણ ઈજા થાય તો તે વિષે મારા દિલમાં ખોટું લગાડવું નથી. એટલે પછી ફરીઆદ કરવાનું તો હોય જ શાનું ? મારે સારુ આ ધાર્મિક પ્રશ્ન છે, અને તમે કહો છો એ પ્રમાણે હું માનું પણ છું કે મારા આ સંયમથી હું મારી કોમની સેવા કરીશ એટલું જ નહિ પણ મને પોતાનેયે એથી

લાભ જ છે. તેથી હું મારા પોતાના ઉપર બધી જવાબદારી લઈને અહીં જ તમને ચિઠ્ઠી લખી દેવા ઇચ્છું છું." અને મેં ત્યાં જ તેમની પાસેથી કોરો કાગળ લઈને ચિઠ્ઠી લખી દીધી.

પ્રકરણ ૮ મું

હિન્દીઓએ શું કર્યું ? (ચાલુ)

(વિલાયતનો સંબંધ)

પાછલાં પ્રકરણોથી વાંચનારે જોયું હશે કે આયાસે અને અનાયાસે કોમે પોતાની સ્થિતિ સુધારવાને સારુ કેટલાક પ્રયત્નો કર્યા, અને પોતાની પ્રતિષ્ઠા વધારી. જેમ દક્ષિણ આફ્રિકામાં પોતાનાં બધાં અંગો ખીલવવામાં કોમે યથાશક્તિ પ્રયત્ન કર્યો તે જ પ્રમાણે હિન્દુસ્તાન અને વિલાયતથી મળી શકતી હોય એટલી મદદ મેળવવાનો પ્રયાસ પણ કર્યો. હિન્દુસ્થાનને વિષે તો હું થોડું લખી ગયો. વિલાયતથી મદદ મળવા સારુ શું કર્યું એ હવે નોંધવાની જરૂર છે. કૉંગ્રેસની બ્રિટિશ કમિટી સાથે સંબંધ તો જોડવો જ જોઇએ તેથી દર અઠવાડીએ હિંદના દાદાને અને કમિટીના પ્રમુખ સર વિલિયમ વેડરબર્નને સંપૂર્ણ હકીકતના કાગળ લખવામાં આવતા અને જ્યારે જ્યારે અરજીની નકલ વગેરે મોકલવાનો પ્રસંગ આવતો ત્યારે ત્યારે ત્યાંના ટપાલખર્ચ વગેરેમાં અને સામાન્ય ખર્ચમાં સહાય મળવા ઓછામાં ઓછા દશ પોંડ મોકલવામાં આવતા.

અહીં દાદાભાઈનું એક પવિત્ર સ્મરણ આપી દઉં. દાદાભાઇ એ કમિટીના પ્રમુખ ન હતા. છતાં અમને તો એમજ લાગ્યું કે પૈસા એમની મારફતે મોકલવા એ જ શોભે, અને એઓ અમારી વતી ભલે પ્રમુખને આપે. પણ પહેલા જ પૈસા જે

મોકલ્યા તે દાદાભાઇએ પાછા વાળ્યા અને સૂચવ્યું કે પૈસા મોકલવા વગેરેનું કમિટીને લગતું કામ સર વિલિયમ વેડરબર્નની મારફતે જ અમારે લેવું જોઇએ. દાદાભાઇની મદદ તો હોય જ. પણ કમિટીની પ્રતિષ્ઠા સર વિલિયમ વેડરબર્નની મારફતે જ કામ લેવામાં વધે. મેં એ પણ જોયું કે દાદાભાઇ પોતાના પત્રવ્યવહારમાં એટલા બુઢ્ઢા હોવા છતાં પણ બહુ જ નિયમિત રહેતા. એમને કંઇ કહેવાનું ન હોય તો છેવટે પહોંચ પણ વળતી ટપાલે આવી જ હોય. અને તેમાં આશ્વાસનની એક લીટી તો દાખલ હોય જ. એવા કાગળ પણ પોતે જ લખતા અને આવા પહોંચવાળા કાગળને પણ પોતાની ટીસ્યુપેપર બુકમાં છાપી લેતા.

ગયા પ્રકરણમાં હું એ પણ બતાવી ગયો છું કે જો કે કૉંગ્રેસનું નામ ઇત્યાદિ અમે રાખેલાં હતાં છતાં અમારો સવાલ એકપક્ષી કરવાનો તો કદિ ઇરાદો હતો જ નહિ. તેથી દાદાભાઇ જાણે એવી રીતે અમારો પત્રવ્યવહાર બીજા પક્ષોની સાથે પણ ચાલતો અને તેમાં બે મુખ્ય માણસો હતા. એક સર મંચેરજી ભાવનગરી અને બીજા સર વિલિયમ વિલ્સન હંટર. સર મંચેરજી ભાવનગરી, એ વેળા પાર્લામેન્ટમાં હતા. એમની મદદ સારી મળતી અને એઓ હંમેશાં સૂચના પણ કર્યાં જ કરતા. પણ દક્ષિણ આફ્રિકાના પ્રશ્નનું મહત્ત્વ હિંદીઓના કરતાં પણ સૌથી પહેલાં સમજી જનાર અને કિંમતી મદદ કરનાર સર વિલિયમ વિલ્સન હંટર હતા. એઓ 'ટાઇમ્સ'ના હિન્દી વિભાગના એડીટર હતા. તેમાં એમણે તેમની ઉપર પહેલો કાગળ ગયો ત્યારથી જ દક્ષિણ આફ્રિકાની સ્થિતિને એના ખરા સ્વરૂપમાં જાહેરમાં મૂકી. જ્યાં જ્યાં એમને ઠીક લાગ્યું ત્યાં ત્યાં ખાસ અંગત કાગળો લખ્યા. એમની ટપાલ જ્યારે જરૂરનો પ્રશ્ન ચાલતો હોય ત્યારે લગભગ દર

અજવાડીએ આવતી. એમનો પહેલો જ જવાબ આવ્યો તેમાં એમણે લખેલું. "તમે જે સ્થિતિ જણાવો છો એ વાંચીને હું દિલગીર થયો છું. તમારૂં કામ તમે વિનયથી, શાંતિથી અને નિરતિશયતાથી લઈ રહ્યા છો. મારી લાગણી સંપૂર્ણ રીતે આ પ્રશ્નમાં તમારી તરફ છે. અને ઇન્સાફ મેળવવા મારાથી જેટલું બને તેટલું ખાનગી અને જાહેર રીતે હું કરવા ધારૂં છું. મારી ખાત્રી છે કે આ બાબતમાં આપણાથી એક તસુ પણ મૂકાણ કરી શકાય નહિ. તમારી માગણી એવી છે કે જેમાંથી કાપકૂપ કરવાનું કોઇ નિષ્પક્ષપાતી માણસ સૂચવી જ ન શકે." લગભગ આવા જ શબ્દો એમણે 'ટાઇમ્સ'માંના પોતાના પહેલા લેખમાં પણ લખેલા. એ જ સ્થિતિ એમણે છેવટ સુધી કાયમ રાખેલી અને લેડી હંટરના એક કાગળમાં હતું કે એમનો મરણકાળ આવ્યો તે અરસામાં પણ હિન્દી પ્રશ્ન ઉપર એક લેખમાળા લખવાનું ખોખું તેમણે તૈયાર કર્યું હતું.

મનસુખલાલ નાઝરનું નામ ગયા પ્રકરણમાં આપી ગયો છું. પ્રશ્નની વધારે સમજ પાડવાને સારૂ એમને કોમની વતી વિલાયત મોકલવામાં આવ્યા હતા અને બધા પક્ષને સાથે રાખીને કામ લેવાની તેમને સૂચના હતી. અને એ ત્યાં રહ્યા તે દરમ્યાન મરહૂમ સર વિલિયમ વિલ્સન હંટર, સર મંચેરજી ભાવનગરી અને બ્રિટિશ કમિટીના પ્રસંગમાં રહ્યાં જ કરતા. તેમજ હિન્દુસ્તાનના બીજા પેન્શનખાતાના માજી અમલદારો, હિન્દી પ્રધાન-મંડળ, સંસ્થાનોનું પ્રધાનખાતું વગેરેના પરિચયમાં પણ રહેતા હતા. આમ એક પણ દિશા જ્યાં પહોંચી વળી શકાય તે પ્રયત્નથી ખાલી ન રાખી. એ બધાનું પરિણામ એ તો ચોખ્ખી રીતે આવ્યું કે હિન્દુસ્તાનની બહાર વસનારા હિંદવાસીઓની

સ્થિતિ એ વડી સરકારને સારુ વડો પ્રશ્ન થઈ પડી. અને તેની અસર સારી તેમજ માઠી બીજાં સંસ્થાનો ઉપર પણ પડી. એટલે કે જ્યાં જ્યાં હિન્દીઓ વસતા હતા ત્યાં ત્યાં હિન્દી અને ગોરા બન્ને જાગ્રત થયા.

પ્રકરણ ૯ મું

બોઅર લડાઈ

જે વાંચનારે પાછલાં પ્રકરણ ધ્યાનપૂર્વક વાંચ્યા હશે તેને તો ખ્યાલ હોવો જ જોઇએ કે બોઅર લડાઇ વખતે દક્ષિણ આફ્રિકાના હિન્દીઓની કેવી સ્થિતિ હતી. ત્યાં સુધી થએલા પ્રયત્નનું વર્ણન પણ અપાઇ ગયું. ૧૮૯૯ ની સાલમાં ડૉ. જેમીસને સોનાની ખાણોના માલીકોની સાથે થએલી ખાનગી મસલત પ્રમાણે જોહાનીસબર્ગ ઉપર ધાડ (રેઇડ) પાડી. બન્નેની મુરાદ તો એવી હતી કે જોહાનીસબર્ગનો કબજો લેવાઈ ગયા પછી જ બોઅર સરકારને ધાડની ખબર પડશે.

એ ગણત્રીમાં ડૉ. જેમીસન અને એમના મિત્રોએ મોટી ભુલ કરી. બીજી ગણત્રી એ હતી કે કદાચ આવડું ઉઘાડું પડી જાય તો પણ રોડેશિયામાં કેળવાએલા નિશાનબાજો (શાર્પશૂટર) ની સામે અણઘડ બોઅર ખેડુતો શું કરી શકવાના હતા? જોહાનીસબર્ગની વસ્તીનો ઘણો મોટો ભાગ તો તેમને વધાવી લેવાનો જ એમ પણ તેઓએ ધારેલું. આ ગણત્રીમાં પણ એ ભલા દાકતર ભીંત ભૂલ્યા. પ્રેસીડન્ટ ક્રુગરને વેળાસર બધી ખબર પડી ગઇ હતી. તેણે અતિશય શાંતિથી, કુશળતાથી અને છૂપી રીતે ડૉકટર જેમીસનનો ભેટો કરવાની તૈયારી કરી લીધી અને સાથે સાથે તેની સાથે કાવત્રામાં જે માણસો ભળ્યા

હતા તેઓને પકડવાની પણ તૈયારી કરી લીધી હતી. તેથી ડૉક્ટર જેમીસન જોહાનીસ્બર્ગ નજદીક પહોંચ્યા તેના પહેલાં તો તેને બોઅર લશ્કરે પોતાની ગોળીઓના બ્હારથી વધાવી લીધા. આ લશ્કરની સામે ડૉ. જેમીસનની ટુકડી ઝીક ઝાલી શકે એવું હતું જ નહિ. જોહાનીસ્બર્ગમાં કોઇ સામે ન થઇ શકે તેને સારૂ પણ સંપૂર્ણ તૈયારી હતી. તેથી વસ્તીમાંથી કોઇ માથું ઉંચકી ન શક્યું. પ્રેસીડન્ટ ક્રુગરની ચળવળથી જોહાનીસ્બર્ગના કરોડપતિઓ તો હેબતાઈ જ ગયા. આટલી સરસ તૈયારી હતી તેથી ઘણું સુંદર પરિણામ તો એ આવ્યું કે ખરચ ઓછામાં ઓછું થયું અને જાનખુવારી પણ ઓછામાં ઓછી થઇ.

ડૉક્ટર જેમીસન અને સોનાની ખાણોના માલીક મિત્રો પકડાયા. તેઓની ઉપર ઘણી જ ત્વરાથી કામ ચાલ્યું. કેટલાકને ફાંસીની સજા થઇ. આમાં ઘણા ખરા તો કરોડપતિ જ હતા. વડી સરકાર આમાં શું કરી શકે? ધોળે દહાડે ધાડ હતી. પ્રેસીડન્ટ ક્રુગરની કિંમત એકદમ વધી ગઇ. મિ. ચેમ્બરલેને દીન વચનવાળો તાર કર્યો, અને પ્રેસીડન્ટ ક્રુગરના દયાભાવને જાગૃત કરી આ બધા મોટા માણસોને સારૂ દયાની માગણી કરી. પ્રેસીડન્ટ ક્રુગરને પોતાનો દાવ રમતાં બરાબર આવડતું હતું. દક્ષિણ આફ્રિકામાંથી કોઇ પણ શક્તિ એની રાજ્યસત્તા છીનવી શકે એવી ધાસ્તી જ ન હતી. ડૉક્ટર જેમીસન અને તેના મિત્રોનું કાવત્રું તેમની પોતાની ગણત્રી પ્રમાણે તો સુંદર રીતે રચાએલું હતું, પણ પ્રેસીડન્ટ ક્રુગરની ગણત્રી પ્રમાણે બાળકમત જેવું હતું. તેથી તેણે મિ. ચેમ્બરલેનની આજીજીનો સ્વીકાર કર્યો અને કોઇને ફાંસીની સજા નહિ આપી. એટલું જ નહિ પણ બધાને સંપૂર્ણ માફી આપી છોડી મૂક્યા!

પણ ઉકળ્યું ધાન પેટમાં ક્યાં સુધી રહી શકે? પ્રેસીડંટ ક્રુગર પણ જાણતા હતા કે ડૉક્ટર જેમીસનની ધાડ એ તો

ગંભીર રોગનું એક નજીવું ચિન્હ હતું. જોહાનીસ્બર્ગના કરોડ-પતિઓ પોતાની થએલી નામોશી કોઈ પણ રીતે ધોઇ નાંખવાનો પ્રયત્ન ન કરે એ અશકય હતું. વળી, જે સુધારાને અર્થે ડૉક્ટર જેમીસનનો હુમલો ગોઠવવામાં આવ્યો હતો તે સુધારામાંનું તો હજી કંઇ થયું જ ન હતું. તેથી કરોડપતિઓ કેવળ મૂંગા બેસે તેમ ન હતું. તેઓની માગણી પ્રત્યે દક્ષિણ આફ્રિકામાં બ્રિટીશ સલ્તનતના મુખ્ય પ્રતિનિધિ (હાઇ કમિશનર) લૉર્ડ મિલ્નરને પૂરેપૂરી લાગણી હતી. તેમજ ટ્રાન્સવાલનો દ્રોહ કરનારાઓ પ્રત્યેની પ્રેસીડંટ ક્રુગરની મહા ઉદારતાની સ્તુતિની સાથે જ મિ. ચેમ્બરલેને પ્રેસીડન્ટ ક્રુગરનું ધ્યાન સુધારાઓ કરવાની જરૂરીઆત તરફ તો ખેંચ્યું જ હતું. સૌ માનતું હતું કે લડાઇ થયા સિવાય ઝગડો પતવાનો જ નથી. ખાણના માલીકોની માગણી એવા પ્રકારની હતી કે જેનું છેવટ પરિણામ તો એ જ આવે કે ટ્રાન્સવાલમાં બોઅરનું પ્રધાનપદ નાબુદ થાય. બન્ને પક્ષ સમજતા હતા કે લડાઈ એ જ છેવટનું પરિણામ છે. તેથી બન્ને તૈયારી કરતા હતા. એ વખતનું શબ્દયુદ્ધ જોવાલાયક હતું. પ્રેસીડન્ટ ક્રુગર વધારે હથિયાર વગેરે મંગાવે એટલે બ્રિટીશ એલચી ચેતવે કે સ્વરક્ષણને સારૂ અંગ્રેજ સરકારે પણ દક્ષિણ આફ્રિકામાં થોડું લશ્કર દાખલ કરવું જોઇશે. જ્યારે બ્રિટિશ લશ્કર દક્ષિણ આફ્રિકામાં આવે એટલે પ્રેસીડન્ટ ક્રુગર તરફથી ટાણો મારવામાં આવે અને વધારે તૈયારી કરવામાં આવે. આમ એક પક્ષ બીજાની ઉપર આરોપ મૂકીને બન્ને યુદ્ધની તૈયારીઓ કરતા જાય.

પ્રેસીડંટ ક્રુગરની જ્યારે પૂરી તૈયારી થઇ રહી ત્યારે તેણે જોયું કે હવે બેસી રહેવું એ તો હાથે કરીને શત્રુને શરણ જવા

જેવું છે; બ્રિટીશ સલ્તનતની પાસે પૈસાનો અને પશુબળનો અખૂટ ભંડાર છે; બ્રિટીશ સલ્તનત લાંબા કાળ સુધી ધીમે ધીમે તૈયારી કરતાં અને પ્રેસીડંટ ક્રુગરને દાદ આપવા વીનવતાં વખત ગાળી શકે, અને દુનિયાને બતાવી શકે કે જ્યારે પ્રેસીડંટ ક્રુગર કશી દાદ આપતા જ નથી ત્યારે ન છૂટકે યુદ્ધ કરવું પડ્યું છે; એમ કહી એવી તૈયારીથી યુદ્ધ કરે કે પ્રેસીડંટ ક્રુગરથી લડાઇમાં મુકાબલો થઇ જ ન શકે અને દીન બની બ્રિટીશ સલ્તનતની માગણીઓ કબૂલ કરવી પડે. જે પ્રજાનો ૧૮ થી ૬૦ વરસ સુધીની ઉંમરનો બધો પુરુષ વર્ગ લડવામાં કુશળ હોય, જેની ઓરતો પણ ધારે તો લડી શકે એવી હોય, જે પ્રજામાં જાતિસ્વતંત્રતા એ ધાર્મિક સિદ્ધાન્ત મણાતો હોય, એ પ્રજા ચક્રવર્તી રાજાના બળની સામે પણ એવી દીન સ્થિતિ ન ભોગવે. બોઅર પ્રજા એવી જ બહાદુર હતી

ઑરેંજ ફ્રી સ્ટેટની સાથે પ્રેસીડંટ ક્રુગરે પહેલેથી જ મસલત કરી રાખી હતી. આ બન્ને બોઅર રાજ્યોની એક જ પદ્ધતિ હતી. બ્રિટિશ માગણી પૂરેપૂરી રીતે કબૂલ કરવાનો અથવા તો ખાણના માલીકોને સંતોષ થાય એટલે દરજ્જે તે કબૂલ રાખવાનો પ્રેસીડંટ ક્રુગરનો ઇરાદો હતો જ નહિ. તેથી બન્ને રાજ્યોએ વિચાર્યું કે જ્યારે લડાઇ થવાની જ છે તો હવે જેટલો વખત જાય તેટલો વખત બ્રિટીશ સલ્તનતને પોતાની તૈયારીને સારૂ મળે છે. તેથી પ્રેસીડંટ ક્રુગરે પોતાના છેવટના વિચાર અને છેવટની માગણી લૉર્ડ મિલ્નરને જણાવ્યાં. તેની જ સાથે ટ્રાન્સવાલ અને ઑરેંજ ફ્રી સ્ટેટની સરહદ ઉપર લશ્કર ગોઠવી દીધું. આનું પરિણામ બીજું આવી ન જ શકે. બ્રિટીશ જેવું ચક્રવર્તી રાજ્ય ધમકીને વશ થાય જ નહિ. 'અલ્ટીમેટમ'ની મુદત પૂરી થઇ અને

વિજળી વેગે બોઅર લશ્કર આગળ વધ્યું. લેડી સ્મિથ, કિંબરલી અને મેફેકિંગને ઘેરો ઘાલ્યો. આમ ૧૮૯૯માં આ મહાન યુદ્ધ શરૂ થયું. વાંચનાર જાણે જ છે કે લડાઇનાં કારણોમાં એટલે બ્રિટીશ માગણીઓમાં બોઅર રાજ્યોમાં ચાલતી હિન્દીઓની પરિસ્થિતિ એ પણ દાખલ હતી.

આ અવસરે દક્ષિણ આફ્રિકાના હિન્દીઓએ શું કરવું ? એ મહાપ્રશ્ન તેમની સમક્ષ ખડો થયો. બોઅરમાંથી તો આખો પુરુષવર્ગ લડાઇમાં ચાલ્યો ગયો. વકીલોએ વકીલાત છોડી, ખેડુતોએ પોતાનાં ખેતર છોડયાં, વેપારીઓએ પોતાના વેપારનો ત્યાગ કર્યો, નોકરોએ નોકરી છોડી, અંગ્રેજ તરફથી બોઅરના પ્રમાણમાં તો નહિ જ છતાં કેપ કૉલોની, નાતાલ અને રોડેશિયામાંથી દીવાની વર્ગમાંના સંખ્યાબંધ માણસો સ્વયંસેવકો બન્યા. ઘણા મોટા અંગ્રેજ વકીલો અને અંગ્રેજ વેપારીઓ તેમાં જોડાયા. જે અદાલતમાં હું વકીલાત કરતો હતો તેમાં મેં હવે ઘણા થોડા વકીલો જોયા. મોટા વકીલો તો ઘણા લડાઇના કામમાં ગુંથાઇ ગયા હતા. હિન્દીઓ ઉપર જે આળ મૂકવામાં આવતાં હતાં તેમાંનું એક એ હતું કે "આ લોકો દક્ષિણ આફ્રિકામાં કેવળ પૈસા એકઠા કરવાને જ આવે છે, આપણી (અંગ્રેજો) ઉપર કેવળ બોજારૂપ છે, અને જેમ ઉધઇ લાકડામાં ભરાઇને લાકડું કોતરી કેવળ ખોખું કરી નાંખે છે તેમ આ લોકો આપણાં કલેજાં કોતરી ખાવાને જ આવેલા છે. મુલકની ઉપર જો ધાડ આવે, ઘરબાર લૂંટાવાનો સમય આવે, તો તેઓ કંઇ આપણને કામ આવવાના નથી. આપણે ધાડપાડુઓથી બચવું પડશે એટલું જ નહિ પણ સાથે આ લોકોનું રક્ષણ કરવું પડશે." આ આળનો પણ અમે બધા હિન્દીઓએ વિચાર કર્યો. એ આળમાં કંઇ વજૂદ નથી એ બતાવવાનો આ

સુંદર અવસર છે એમ તો અમને બધાને લાગ્યું. પણ બીજી તરફથી નીચેના વિચારો પણ કરવા પડ્યા.

"આપણને તો અંગ્રેજ અને બોઅર બન્ને સરખા કનડે છે. ટ્રાન્સવાલમાં દુ:ખ છે. અને નાતાલ—કેપમાં નથી એવું નથી. જે તફાવત છે તે કેવળ પ્રમાણનો. વળી, આપણે તો ગુલામ જેવી પ્રજા કહેવાઇએ. બોઅર જેવી ખોબા જેટલી કોમ પોતાની હસ્તીને સારુ લડી રહેલી છે એમ આપણે જાણીએ છીએ તે છતાં તેનો નાશ થવામાં આપણે નિમિત્તભૂત કેમ થઇએ? અને છેવટે વ્યવહારદૃષ્ટિએ વિચારતાં બોઅર હારવાના છે એવું કોઇથી કહી શકાય એમ નથી. તેઓ જીતી જાય તો આપણી ઉપર વેર લેવા કેમ ચૂકે?"

આ દલીલ સખત રીતે મૂકનાર અમારામાં એક સબળ પક્ષ હતો. હું પોતે પણ એ દલીલ સમજી શકયો હતો. તેને જોઇતું વજન પણ આપતો હતો. છતાં મને તે બરોબર ન લાગી, અને મેં એ દલીલના રહસ્યનો જવાબ મારા મનને અને કોમને નીચે પ્રમાણે આપ્યો:

"દ. આફ્રિકામાં આપણી હસ્તી કેવળ બ્રિટિશ રૈયત તરીકે જ છે. દરેક અરજીમાં બ્રિટિશ રૈયત તરીકે જ હકો માગેલા છે. બ્રિટિશ રૈયત હોવામાં માન માન્યું છે. અથવા માન છે એમ રાજ્યાધિકારીઓને અને જગતને મનાવ્યું છે, રાજ્યાધિકારીઓએ પણ હકોનો બચાવ આપણે બ્રિટિશ રૈયત હોવાથી જ કર્યો છે, અને જે કાંઇ સાચવી શકાયું છે તે બ્રિટિશ રૈયત હોવાથી. દ. આફ્રિકામાં અંગ્રેજો દુ:ખ આપે તેથી તેમનાં અને આપણાં ઘરબાર જવાનો પણ સમય આવે તે વખતે આપણે અદબ બીડી પ્રેક્ષક તરીકે તમાશો જોયાં કરવો એ આપણા મનુષ્યત્વને ન છાજે. એટલું

જ નહિ પણ એ દુઃખમાં વધુ દુઃખ વ્હોરી લેવા બરોબર છે. જે આરોપને આપણે ખોટો માન્યો છે અને ખોટો સાબિત કરવાનો આપણને અનાયાસે અવસર મળ્યો છે, તે અવસરને જતો કરવો એ આપણે હાથે જ આરોપ સાબીત કર્યા બરોબર થશે. અને પછી આપણી ઉપર વધારે દુઃખ પડે અને અંગ્રેજો વધારે કટાક્ષ કરે એ નવાઇ નહિ કહેવાય. એ તો આપણો દોષ જ ગણાય. અંગ્રેજોના જેટલા આરોપો છે તેને જરાયે પાયો જ નથી—દલીલ કરવા જેવું પણ તેમાં કંઇ નથી એમ કહેવું એ આપણને પોતાને છેતરવા બરાબર થાય. આપણે બ્રિટિશ સલ્તનતમાં ગુલામ જેવા છીએ એ વાત ખરી પણ અત્યાર સુધીની આપણી વર્તણુક બ્રિટિશ સલ્તનતમાં રહીને ગુલામી ટાળવાનો પ્રયત્ન કરવાની રહેલી છે. હિન્દુસ્તાનના બધા અગ્રેસરો એ જ પ્રમાણે કરે છે. આપણે પણ એમ જ કરી રહ્યા છીએ. અને જો બ્રિટિશ રાજ્યના ભાગ તરીકે જ આપણે આપણી સ્વતંત્રતા અને ઉન્નતિ સાધવા ઇચ્છતા હોઇએ તો એમ કરવાનો આ વખતે આપણે પણ લડાઇમાં તનમનધનથી મદદ કરવી એ સુવર્ણ અવસર છે. બોઅર પક્ષ એ ન્યાયનો પક્ષ છે એમ તો ઘણેભાગે કબૂલ કરી શકાય. પણ રાજ્યતંત્રની અંદર રહીને રૈયતવર્ગના પ્રત્યેક જણે પોતે બાંધેલા સ્વતંત્ર વિચાર અમલમાં મૂકાતા નથી. રાજ્યાધિકારી જેટલાં પગલાં ભરે તે બધાં યોગ્ય જ હોય એમ બનતું નથી, તેમ છતાં જ્યાં સુધી રૈયતવર્ગ અમુક શાસનને કબૂલ કરે ત્યાં સુધી તે શાસનનાં કાર્યોને સામાન્ય રીતે અનુકૂળ થવું અને તેમાં મદદ કરવી એ યતવર્ગનો સ્પષ્ટ ધર્મ છે.

વળી રૈયત વર્ગમાંનો કોઇ ભાગ ધાર્મિક દૃષ્ટિએ રાજ્યતંત્રના કોઈ કાર્યને અનીતિમય માને તો તે વખતે તેણે એ

કાર્યમાં વિઘ્ન નાંખતા પહેલાં અથવા સહાય દેતા પહેલાં અનીતમાંથી બચાવવાનો પ્રયત્ન સંપૂર્ણતાએ અને જીવને જોખમે પણ કરવો જોઇએ. એવું આપણે કાંઇ કર્યું નથી. એવો ધર્મ આપણી સામે ખડો પણ નથી થયો અને એવા એક સાર્વજનિક અને સંપૂર્ણ કારણને લઇને આપણે આ લડાઇમાં ભાગ લેવા નથી ઇચ્છતા એવું કોઇએ કહ્યું નથી—માન્યું નથી. તેથી આપણો રૈયત તરીકે સામાન્ય ધર્મ તો એ જ છે કે લડાઇના ગુણદોષનો વિચાર કર્યા વિના લડાઈ થઇ છે તો આપણે યથા શક્તિ મદદ કરવી. છેવટે બોઅર રાજ્યો જીતે—અને તેઓ ન જ જીતે એવું માનવાને કંઇ જ કારણ નથી—તો આપણે ઓલમાંથી નીકળીને ચૂલમાં પડીએ અને પછી તો મન માનતું વેર વાળે એમ કહેવું અથવા માનવું એ બહાદુર બોઅરને અને આપણને અન્યાય કરવા બરોબર છે. એ તો કેવળ આપણી નામર્દાઇની નિશાની ગણાય. એવો ખ્યાલ સરખો કરવો એ વફાદારીને બટ્ટો ગણાય. કોઈ અંગ્રેજ ક્ષણ ભર પણ એવો વિચાર કરી શકે કે અંગ્રેજ હારે તો તેનું પોતાનું શું થાય ? લડાઇના મેદાનમાં પડનાર કોઇ પણ માણસ પોતાનું મનુષ્યત્વ ખોયા વિના આવી દલીલ કરી જ ન શકે.”

આ દલીલ મેં ૧૮૯૯માં કરી અને તેમાં કંઇ પણ ફેરફાર કરવા જેવું મને આજે પણ નથી લાગતું, એટલે કે હું જે મોહ તે વખતે બ્રિટિશ રાજતંત્ર ઉપર રાખતો હતો, આપણી સ્વતંત્રતાની જે આશા એ રાજતંત્રની નીચે તે વખતે મેં બાંધી હતી, તે મોહ અને તે આશા જો આજે પણ કાયમ હોય તો હું અક્ષરશઃ એ જ દલીલ દક્ષિણ આફ્રિકામાં કરું અને તેવા સંજોગોમાં અહીં પણ કરું. આ દલીલની સામે ઘણા રદીયા મેં દક્ષિણ આફ્રિકામાં સાંભળેલા, ત્યાર પછી

વિલાયતમાં પણ સાંભળેલા. એમ છતાં મારા વિચારો બદલવાનું કંઈ પણ કારણ હું જોઈ શક્યો નથી. હું જાણું છું કે મારા આજના વિચારોને પ્રસ્તુત વિષયની સાથે કશો સંબન્ધ નથી, પણ ઉપરનો ભેદ જણાવવાનાં બે સબળ કારણ છે. એક તો એ કે આ પુસ્તક ઉતાવળથી હાથમાં લેનાર ધીરજથી અને ધ્યાનપૂર્વક આ પુસ્તક વાંચે એવી આશા રાખવાનો મને કંઈ હક નથી એવા વાંચનારને મારી આજકાલની હીલચાલની સાથે ઉપરના વિચારોનો મેળ મેળવતાં મુશ્કેલી પડે, અને બીજું કારણ એ કે એ વિચારશ્રેણીની અંદર પણ સત્યનો જ આગ્રહ છે. આપણે જેવા અંતરમાં છીએ તેવા જ દેખાવું, અને તે પ્રમાણે વર્તવું એ ધર્માચરણનું છેલ્લું પગથિયું નથી પણ એ પહેલું પગથિયું છે. ધર્મનું ચણતર એ પાયા વિના અસંભવિત છે.

હવે આપણે પાછા ઇતિહાસ તરફ વળીએ.

મારી દલીલ ઘણાને ગમી. એ દલીલ મારી એકલાની જ હતી એમ પણ હું વાંચનારને મનાવવા ઇચ્છતો નથી. વળી આ દલીલ પહેલાં પણ લડાઈમાં ભાગ લેવાનો વિચાર રાખનારા ઘણા હિન્દીઓ હતા જ. પણ હવે વ્યાવહારિક પ્રશ્ન એ ખડો થયો કે આ વટોળીયો વાઈ રહ્યો છે તેમાં હિન્દી તૂતીનો અવાજ કોણ સાંભળશે? હિન્દીની શી ગણતી થશે? હથિયાર તો અમારામાંના કોઈએ કોઈ દહાડો ઝાલ્યાં જ ન હતાં લડાઈનું બિનહથિયારી કામ કરવાને સારૂ પણ તાલીમ તો જોઈએ જ. એક તાલે કૂચ કરતાં પણ અમારામાંના કોઈને ન આવડે. વળી લશ્કરની સાથે લાંબી મજલો કરવી, પોતપોતાનો સામાન ઉચકીને ચાલવું એ પણ કેમ થઈ શકે? વળી ગોરાઓ અમને બધાને 'કૂલી' જ ગણે, અપમાનો પણ કરે, તિરસ્કારની નજરે જુએ.

એ કેમ સહન થઈ શકે? અને લશ્કરમાં દાખલ થવાની માગણી કરીએ તો એ માગણી કેવી રીતે સ્વીકારાવવી? છેવટે અમે બધા એવા નિશ્ચય પર આવ્યા કે સ્વીકરાવવાને સબળ પ્રયત્ન કરવો, મહેનત મહેનતને શીખવશે; ઇચ્છા હશે તો શક્તિ ઇશ્વર આપશે; મળેલું કામ કેમ થશે તેની ચિંતા છોડી દેવી; અને તેટલી તાલીમ લેવી અને એક વખત સેવાધર્મ સ્વીકારવાનો નિશ્ચય કરીએ તો પછી માન અપમાનનો વિચાર માંડી જ વાળવો; અપમાન થાય તે સહન કરીને પણ સેવા કરી શકીએ.

અમારી માગણીનો સ્વીકાર કરાવવામાં અનહદ મુશ્કેલીઓ આવી. તેનો ઇતિહાસ રસિક છે પણ એ આપવાનું આ સ્થાન નથી; તેથી એટલું જ કહી દઉં છું કે અમારામાંના મુખ્ય માણસોએ ઘવાએલાની અને દર્દીઓની સારવાર કરવાની તાલીમ લીધી. અમારી શારીરિક સ્થિતિ વિષે દાક્તરોનાં સર્ટીફીકેટ મેળવ્યાં, અને લડાઇમાં જવાની માગણી સરકારને મોકલી દીધી, એ કાગળ અને તેની પાછળ રહેલા સ્વીકાર કરાવવાના આગ્રહની અસર ઘણી સારી થઈ. કાગળના જવાબમાં સરકારે ઉપકાર માન્યો પણ તે વખતે સ્વીકાર કરવાનો ઇનકાર કર્યો. દરમ્યાન બોઅરનું બળ વધતું ચાલ્યું. તેમનો પસારો તો એક મોટી રેલની માફક થયો. અને નાતાલની રાજધાની સુધી આવી પહોંચવાનો ભય જણાયો. ઘણા જખમી થયા. અમારો પ્રયત્ન તો જારી જ હતો. છેવટે એમ્બ્યુલન્સ કોર (ઘવાએલાઓને ઉંચકનારી અને તેની સારવાર કરનારી ટુકડી) તરીકે અમારો સ્વીકાર થયો. અમે તો ઇસ્પિતાલોનાં પાયખાનાં સાફ કરવાનું અથવા ઝાડુ દેવાનું કામ પણ સ્વીકારવાનું લખી મોકલ્યું હતું, એટલે એમ્બ્યુલન્સ કોર બનાવવાને સરકારનો વિચાર અમને આવકારદાયક લાગે એમાં શી નવાઇ? અમારું

જે કહેણુ હતું તે સ્વતંત્ર અને ગીરમીટમુક્ત હિન્દીઓ વિષે હતું. અમે તો સૂચના કરી હતી કે ગીરમીટીઆઓને પણ આમાં દાખલ કરવા એ ઇચ્છવાજેવું છે. એ વખતે તો સરકારને જેટલા મળે એટલા માણસો જોઇતા હતા. તેથી બધી કોઠીઓમાં પણ નિમંત્રણ મોકલેલાં. પરિણામે લગભગ ૧૧૦૦ હિન્દીઓની શોભીતી વિશાલ ટુકડી ડર્બનથી રવાના થઇ. તેને રવાના થતાં મિ. એસ્કંબ, જેનું નામ વાંચનાર જાણે છે અને જે નાતાલના ગોરા સ્વયંસેવકોના ઉપરી હતા, તેમણે અમને ધન્યવાદ અને આશીર્વાદ આપ્યા!

અંગ્રેજી અખબારોને આ બધું ચમત્કાર જેવું જ લાગ્યું. હિન્દી કોમ લડાઇમાં કંઇ પણ ભાગ લે એવી આશા ન જ હતી. એક અંગ્રેજે ત્યાંના મુખ્ય અખબારમાં એક સ્તુતિકાવ્ય લખ્યું. તેની ટેકની એક લીટીનો અર્થ આવો છે: 'આખરે તો આપણે બધા એક જ રાજ્યના બાળ છીએ.'

આ ટુકડીમાં લગભગ ૩૦૦ થી ૪૦૦ ગીરમીટ મુક્ત હિન્દીઓ હશે કે જે સ્વતંત્ર હિન્દીઓની હીલચાલથી એકઠા થએલા. તેમાં ૩૭ જણ આગેવાન તરીકે ગણાતા હતા કેમકે એ લોકોની સહીથી સરકારને કહેણુ ગએલું. અને બીજાઓને એકઠા કરનારા એ હતા. આગેવાનોમાં બૅરીસ્ટર, મહેતાઓ વગેરે હતા બાકીનામાં કારીગર જેવા કે કડીઆ, સુતાર, મજુર વગ વગેરે હતા. આમાં હિન્દુ, મુસલમાન, મદ્રાસી, ઉત્તરના હિન્દી, એમ બધા વર્ગના હતા. વેપારીવર્ગમાંથી કોઇ જ નહિ એમ કહી શકાય. પણ વેપારીઓએ પૈસાનો ફાળો સારો આપ્યો હતો.

આવડી ટુકડીને ફોજી ભથ્થું મળે તેના ઉપરાંત બીજી હાજતે હોય છે અને તે પૂરી પડી શકે તો તેથી એ કઠણુ જીંદગીમ કંઈક રાહત મળે છે. એવી રાહતજોગી વસ્તુઓ પૂરી પાડવાનું વેપારી

વર્ગે માથે લીધેલું, અને તેની સાથે જે ઘવાએલાંની અમારે સારવાર કરવી પડે તેઓને સારુ પણ મીઠાઈ, બીડી, વગેરે આપવામાં પણ તેઓએ સારી મદદ કરેલી. વળી જ્યાં જ્યાં શહેરોની પાસે અમારો મુકામ થતો ત્યાં ત્યાં વેપારીવર્ગ આવા પ્રકારની મદદ કરવામાં પૂરો ભાગ લેતો હતો.

ગીરમીટીઆ જે આ ટુકડીમાં આવ્યા હતા તેઓને સારુ તે તે કોઠીમાંથી અંગ્રેજ સરદારો મોકલવામાં આવ્યા હતા, પણ કામ તો બધાને એક જ હતું. બધાને સાથે જ રહેવાનું હતું તેથી આ ગીરમીટીઆ અમને જોઇને ખૂબ રાજી થઇ ગયા અને એક આખી ટુકડીની વ્યવસ્થા સહેજે અમારા હાથમાં જ આવી પડી. તેથી તે આખી ટુકડી હિન્દી કોમની જ ગણાઇ અને તેના કામનો યશ કોમને જ મળ્યો. ખરું જોતાં ગીરમીટીઆઓનું તેમાં દાખલ થવું એનો યશ કોમ ન જ લઇ શકે, તેનો યશ તો કોઠીવાળાઓ જ લે. પણ એટલું ખરું કે એ ટુકડી બંધાઇ ગયા પછી તેની સુવ્યવસ્થાનો યશ તો સ્વતંત્ર હિન્દીઓ જ એટલે કોમ જ લઇ શકે અને તેનો સ્વીકાર જનરલ બુલરે પોતાનાં લખાણોમાં (ડીસ્પૅચમાં) કરેલો છે. અમને દરદીઓની સારવારની તાલીમ આપનાર ડૉક્ટર બૂથ પણ અમારી ટુકડીની સાથે હતા. એ ભલા પાદરી હતા અને હિન્દી ખ્રિસ્તીઓમાં કામ કરતા પણ બધાની સાથે ભળી જતા. અને ઉપર ૩૭ નામો મેં ગણાવ્યાં તેમાં ઘણા આ ભલા પાદરીના શિષ્યો હતા. જેવી હિન્દી ટુકડી બની હતી તેવી જ યુરોપીઅનોની ટુકડી પણ બનાવવામાં આવી હતી. અને બન્નેને એક જ જગ્યાએ કામ કરવાનું હતું.

અમારું કહેણ બિનશરતી હતું, પણ સ્વીકારપત્રમાં એમ જણાવવામાં આવ્યું હતું કે અમારે તોપ કે બંદુકના ધાની હદની

અંદર કામ કરવાનું ન હતું. એનો અર્થ એ થયો કે લડાઇના ક્ષેત્રમાં જે સીપાઇ ઘવાય તેને ફોજની સાથે રહેનારી સારવાર કરનારી કાયમી ટુકડી ઉપાડી જાય અને લશ્કરની પછાડી મૂકે. ગોરાની અને અમારી તાત્કાલિક ટુકડીઓ તૈયાર કરવાનો સબબ એ હતો કે લેડીસ્મિથમાં ઘેરાઇ રહેલા જનરલ વ્હાઇટને છોડવવાનો મહાપ્રયત્ન જનરલ બુલર કરવાના હતા અને તેમાં કાયમી ટુકડી પહોંચી વળે તેના કરતાં ઘણા વધારે જખમી હોવાની તેને ધાસ્તી હતી. લડાઇ એવા મુલકમાં ચાલી રહી હતી કે જ્યાં રણક્ષેત્ર અને મથકની વચ્ચે પાકા રસ્તાઓ પણ નહિ તેથી ઘોડાગાડી વગેરે વાહનોથી ઘવાએલા માણસોને લઇ જવાનું અશક્ય. મથક હમેશાં કોઇ પણ રેલ્વે સ્ટેશનની પાસે રાખેલું હોય. અને તે રણક્ષેત્રથી સાત આઠ માઇલથી પચીસ માઇલ સુધી પણ દૂર હોય.

અમને કામ કરવાનું તુરત જ મળ્યું અને તે ધાર્યા કરતાં સખત. સાત આઠ માઇલ સુધી જખમીઓને ઉપાડી જવા એ તો સહેજ હતું. પણ પચીસ માઇલ સુધી અને તે પણ ભયંકર જખમ ખાધેલા સીપાઇઓ અને અમલદારોને ઉંચકી જવાના. રસ્તામાં તેઓને દવા દેવી, કૂચ સવારે આઠ વાગે શરૂ થાય અને સાંજના પાંચ વાગે તો મથક ઉપર પહોંચવાનું. આ ઘણું આકરૂં કામ ગણાય. એક જ દિવસમાં પચીસ માઇલનો પંથ ઘાયલને ઉંચકીને કરવાનું તો એક જ વખત આવેલું. વળી આરંભમાં હાર ઉપર હાર થતી ગઇ અને જખમીઓ ઘણા વધી પડયા તેથી ગોળાની હદમાં અમને નહિ લઇ જવાનો વિચાર પણ અમલદારોને માંડી વાળવો પડયો હતો. પણ મારે એટલું જણાવવું જોઇએ કે જ્યારે એવો પ્રસંગ આવ્યો ત્યારે અમને કહી દેવામાં આવ્યું હતું કે

'તમારી સાથેની શરત પ્રમાણે તમારા ઉપર ગોળા પડે એવા જોખમમાં તમને મૂકવા નથી, તેથી જો તમે એ જોખમમાં ન પડવા ઇચ્છો તો તમને તેવી ફરજ પાડવાનો જનરલ બુલરનો મુદ્દલ વિચાર નથી. પણ જો તમે એ જોખમ ઉપાડો તો સરકાર જરૂર તમારો ઉપકાર માનશે.' અમે તો જોખમ ઉપાડવા ઇચ્છતા જ હતા. બહાર રહેવું એ અમને ગમેલું જ નહિ, તેથી આ પ્રસંગને બધાએ વધાવી લીધો. કોઇની ઉપર ગોળીના ઘા નહિ થએલા તેમ કોઇને બીજી રીતે પણ ઇજા નહોતી થઇ.

આ ટુકડીના રસિક અનુભવો તો ઘણા છે. પણ તે બધા આપવાની આ જગ્યા નથી. પણ એટલું કહેવું જોઇએ કે જેમાં અણઘડ મનાતા ગીરમીટીઆ પણ હતા એવી આ આપણી ટુકડીને યુરોપીઅનની તાત્કાલિક ટુકડીના તેમજ કાળા લશ્કરના ગોરા સિપાઇઓના પ્રસંગમાં અનેકવાર આવવું પડતું, છતાં અમને કોઇને એમ નહિ લાગ્યું કે ગોરાઓ અમારી સાથે અતડાઇથી વર્તતા હતા અથવા તિરસ્કાર બતાવતા હતા. ગોરાઓની તાત્કાલિક ટુકડીમાં તો દક્ષિણ આફ્રિકામાં વસેલા ગોરાઓ જ હતા. તેઓ લડાઇના પહેલાં હિન્દીવિરોધી હીલચાલમાં ભાગ લેનારા હતા. પણ આ આપત્તિના પ્રસંગે હિન્દીઓ પોતાનાં અંગત દુઃખ ભૂલીને મદદ કરવા નીકળ્યા છે એ જ્ઞાને અને એ દશ્યે તેમનાં હૃદય પણ એ ક્ષણે તો પીગળાવી દીધાં હતાં. જનરલ બુલરનાં લખાણમાં અમારા કામની તારીફ હતી એ પાછળ કહેવાઇ ગયું છે. ૩૭ આગેવાનોને લડાઇના ચાંદ પણ આપવામાં આવ્યા હતા.

લેડીસ્મિથને છોડવવાનો જનરલ બુલરનો આ હુમલો પૂરો થતાં એટલે બે મહિના દરમ્યાન અમારી ટુકડીને તેમજ ગોરાની ટુકડીને રજા આપવામાં આવી હતી. લડાઇ તો ત્યારપછી

બહુ લાંબી ચાલી. અમે તો સદાયે ફરી જોડાવા તૈયાર હતા અને વીખેરવાના હુકમની સાથે કહેવામાં આવ્યું હતું કે વળી પાછી જો એવી જબરી હીલચાલ ઉપાડવામાં આવશે તો સરકાર અમારો ઉપયોગ જરૂર કરશે.

દક્ષિણ આફ્રિકાના હિન્દીઓએ લડાઇમાં આપેલો આ હિસ્સો પ્રમાણમાં નજીવો ગણાય. જાતનું જોખમ તો કંઇજ નહી એમ કહીયે તો ચાલે. એમ છતાં શુદ્ધ ઇચ્છાની અસર થયા વિના તો રહેતી જ નથી. વળી જ્યારે એવી ઇચ્છાની કોઇએ આશા ન રાખી હોય તે વખતે તેનો અનુભવ થાય ત્યારે તો તેની કિંમત બેવડી અંકાય છે. હિન્દીઓને વિષે એવી સુવાસ લડાઇ ચાલતી હતી તે દરમ્યાન રહી.

આ પ્રકરણ પૂરૂં કરતા પહેલાં એક જાણવાજોગ કિસ્સો મારે નોંધવો જોઇએ. લેડીસ્મિથનાં ઘેરાએલા માણસોમાં અંગ્રેજો તેમજ ત્યાં વસનારા છૂટાછવાયા હિન્દીઓ પણ હતા. તેમાં વેપારી-વર્ગ તેમજ ગીરમીટીઆ, રેલ્વેમાં કામ કરનારા અથવા ગોરા ગૃહસ્થોને ત્યાં નોકર તરીકે રહેનારા પણ હતા. તેમાંનો એક ગીરમીટીઓ નામે પરભુસિંગ હતો. ઘેરાએલા માણસોમાં સૌને કંઇ કંઇ ફરજ તો ઉપરી અમલદાર સોંપે જ. ઘણું જ જોખમવાળું અને તેટલું જ કિંમતી કામ 'કૂલી'માં ખપતા પરભુસિંગને હસ્તક હતું. લેડીસ્મિથની નજીકની ટેકરી ઉપર બોઅર લોકોની પૉમ્ પૉમ્ નામની તોપ હતી. તેના ગોળાથી ઘણાં મકાનોનો નાશ થયો અને કેટલાક જાનથી પણ ગયા. તોપમાંથી ગોળો છુટે અને દૂરના નિશાન સુધી પહોંચે તેમાં એક બે મિનિટ તો અવશ્ય જાય. જો એટલી મુદતની સાવચેતી ઘેરાએલાને મળે તો ગોળો આવી પહોંચે તેના પહેલાં તેઓ કંઇ ને .

જાય, અને પોતાનો જીવ બચાવે. પરભુસિંગને એક ઝાડ તળે બેસવાનું હતું. તોપ શરૂ થાય અને ચાલ્યાં કરે ત્યાં સુધી તે બેસતો. તેણે તોપવાળા ટેકરા તરફ જોયાં જ કરવું. અને જેવો એ ભડકો જુએ કે તરત ટોકરો વગાડવો. તે સાંભળીને જેમ બિલાડીને જોઇને ઉંદર પોતાના દરમાં ધુસી જાય તેમ જીવલેણ ગોળો આવવાની સાવધાનીનો ઘંટો વાગતાં જ શહેરીઓ પોતપોતાની ઓથમાં છુપાઇ જાય અને જાન બચાવે.

પરભુસિંગની આ અમૂલ્ય સેવાની તારીફ કરતાં લેડીસ્મિથના અમલદાર જણાવે છે કે પરભુસિંગે એવી નિષ્ઠાથી કામ કરેલું કે એક પણ વખત ઘંટ વગાડતાં એ ચૂકયો નથી. એટલું ઉમેરવાની ભાગ્યે જરૂર હોય કે પરભુસિંગને પોતાને તો હમેશાં જોખમમાં જ રહેવાનું હતું. આ વાત નાતાલમાં પ્રકટ થઇ એટલું જ નહિ પણ લૉર્ડ કર્ઝનને કાને પણ પહોંચી. તેમણે પરભુસિંગને ભેટ કરવા એક કાસ્મીરી જબ્બો મોકલાવ્યો અને નાતાલની સરકારને જણાવ્યું કે જેટલી જાહેર રીતે બની શકે તેટલી જાહેર રીતે કારણ દર્શાવીને પરભુસિંગને તે ભેટ કરવો. આ કામ ડર્બનના મેયરને સોંપવામાં આવ્યું હતું. અને ડર્બનના ટાઉન હૉલમાં કાઉન્સિલ ચેમ્બરમાં જાહેરસભા ભરી એ ભેટ આપવામાં આવી હતી. આ દૃષ્ટાંત આપણને બે વસ્તુ શીખવે છે: એક તો કોઇ પણ મનુષ્યને હલકો કે નજીવો ન ગણવો. બીજું, ગમે તેવો બીરૂ માણસ હોય એ પણ અવસર આવ્યે વીર બની શકે છે.

પ્રકરણ ૧૦ મું

લડાઈ પછી

લડાઇનો મુખ્ય ભાગ ૧૯૦૦ની સાલમાં પૂરો થયો. મધ્યમાં લેડીસ્મિથ, કિમ્બલી અને મેફેકિંગનો છુટકારો થઈ ગયો હતો. જનરલ ક્રોન્જે હારી ચુક્યા હતા. બોઅરોએ જીતેલો બ્રિટિશ સંસ્થાનોનો બધો ભાગ સલ્તનતને હસ્તક પાછો આવી ચુક્યો હતો. હવે બાકી હતું તે વાનર યુદ્ધ (ગેરીલા વૉરફેર) હતું. ટ્રાન્સવાલ અને ઑરેંજ ફ્રી સ્ટેટનો પણ કબજો લૉર્ડ કિચનરે મેળવી લીધો હતો.

મેં વિચાર્યું કે મારૂં કામ હવે દક્ષિણ આફ્રિકામાં પૂરૂં થયું ગણાય. એક મહિનાને બદલે હું છ વરસ રહ્યો. કાર્યની રેખા બંધાઈ ગઇ હતી. છતાં કોમને રીઝવ્યા વિના હું નીકળી શકું એમ ન હતું. હિન્દુસ્તાનમાં સેવા કરવાનો મારો ઇરાદો મેં મારા સાથીઓને જણાવ્યો. સ્વાર્થને બદલે સેવાધર્મનો પાઠ હું દક્ષિણ આફ્રિકામાં શીખી ગયો હતો. તેની લેહ લાગી હતી. મનસુખલાલ નાઝર દક્ષિણ આફ્રિકામાં હતા જ, ખાન પણ હતા. દક્ષિણ આફ્રિકામાંથી જ ગએલા કેટલાક હિન્દી જુવાનો બૅરીસ્ટર થઇ પાછા પણ વળ્યા હતા. એટલે મારૂં દેશ આવવું કોઇ પણ રીતે અનુચિત ન ગણાય. આ બધી દલીલો કરતા છતાં એક શરતથી મને રજા મળી કે દક્ષિણ આફ્રિકામાં કંઇ પણ

અણધારેલી હરકત આવી પડે અને મારી જરૂર જણાય તો કોમ મને ગમે ત્યારે પાછો બોલાવે, અને મારે તુરત પાછું જવું. મુસાફરી અને રહેવાનું ખર્ચ કોમે ભરી દેવું. હું એ શરત સ્વીકારીને પાછો ફર્યો.

મરહૂમ ગોખલેની સલાહથી તેમની દેખરેખ નીચે જાહેર કામ કરવાના પ્રધાન હેતુથી, પણ સાથે જ આજીવિકા પણ કમાવાના હેતુથી, મુંબાઇમાં બૅરીસ્ટરી કરવાનું નક્કી કર્યું, અને ચેમ્બર લીધા. વકીલાત પણ કંઇક ચાલવા માંડી. દક્ષિણઆફ્રિકાની સાથે એટલો બધો સંબંધ જોડાએલો તેથી હું મારૂં ખર્ચ સહેજે ઉપાડી શકું તેટલું દક્ષિણ આફ્રિકાથી પાછા વળેલા અસીલો જ મને આપી રહેતા. પણ નશીબમાં સ્થિર થઇ બેસવાનું હતું જ નહિ. ભાગ્યે ત્રણચાર મહિના મુંબઇમાં સ્થિર થઇને હું બેઠો હઇશ તેવામાં દક્ષિણ આફ્રિકાનો તાર આવ્યોઃ—'સ્થિતિ ગંભીર છે. મિ. ચેમ્બરલેન થોડા વખતમાં આવશે; તમારી હાજરીની જરૂર છે.

મુંબઇની ઓફીસ અને ઘર સંકેલ્યાં. પહેલી સ્ટીમરે હું રવાના થયો. ૧૯૦૨ની આખરનો આ વખત હતો. ૧૯૦૧ની આખરમાં હું હિન્દુસ્તાન પાછો ફરેલો. ૧૯૦૨ના માર્ચ એપ્રિલમાં મુંબઇમાં ઓફીસ ખોલેલી. તાર ઉપરથી બધું તો હું જાણી નહોતો શકયો. મેં અટકળ કરેલી કે મુસીબત કંઇક ટ્રાન્સવાલમાં જ હશે. પણ ચાર છ માસની અંદર પાછો ફરી શકીશ એમ ધારીને કુટુંબ વિના જ હું ચાલી નીકળ્યો હતો. ડર્બન પહોંચતાં જ અને બધી હકીકત સાભળતાં જ હું તો દિગ્મૂઢ બની ગયો. અમે ઘણાએ ધારેલું કે લડાઈ પછી હિન્દીઓની સ્થિતિ આખા દક્ષિણ આફ્રિકામાં સુધરવી જોઇએ. ટ્રાન્સવાલ અને ફ્રી સ્ટેટમાં તો મુશ્કેલી ન જ હોઇ શકે, 'કેમકે હિન્દીઓની કફોડી સ્થિતિ એ લડાઇનું એક કારણ છે

એમ લૉર્ડ લેન્સડાઉન, લૉર્ડ સેલ્બર્ન, વગેરે મોટા સત્તાધિકારીઓએ કહેલું. પ્રીટોરીઆના બ્રિટિશ એલચી પણ મારી સમક્ષ ઘણીવાર બોલી ચુકેલા કે જો ટ્રાન્સવાલ બ્રિટિશ કૉલોની થાય તો હિન્દીઓનાં દુઃખ બધાં નાબુદ થાય. ગોરાઓએ પણ એમ જ માનેલું કે રાજ્યસત્તા બદલાતાં ટ્રાન્સવાલના જૂના કાયદા હિન્દીઓને લાગૂ ન જ પડી શકે. આ વાત એટલે સુધી સર્વમાન્ય થઇ ગઇ હતી કે જે લીલામ કરનારા જમીનના વેચાણ વખતે લડાઇ પહેલાં હિન્દીઓનો ચઢાવો કબૂલ ન જ કરતા, તેઓ ખુલ્લી રીતે કબૂલ કરતા થઇ ગયા. ઘણા હિન્દીઓએ આ પ્રમાણે લીલામમાં જમીનો ખરીદ પણ કરેલી, પણ મહેસૂલી કચેરીમાં જમીનના દસ્તાવેજ રજીસ્ટર કરાવવા જતાં ૧૮૮૫ નો કાયદો મહેસૂલી અમલદારે ખડો કર્યો અને દસ્તાવેજ રજીસ્ટર કરી આપવાની ના પાડી! ડર્બન ઉતરતાં મેં આટલું તો સાંભળ્યું. આગેવાનોએ મને કહ્યું કે તમારે ટ્રાન્સવાલ જવાનું છે. પ્રથમ તો મિ. ચેમ્બરલેન અહીં આવશે. અહીંની સ્થિતિથી પણ તેમને વાકેફ કરવાની જરૂર છે અહીંનું કામ ઉકેલ તેમની જ પાછળ પાછળ તમારે ટ્રાન્સવાલ જવું પડશે.

નાતાલમાં મિ. ચેમ્બરલેનને એક ડેપ્યુટેશન મળ્યું. તેમણે બધી હકીકત વિનયપૂર્વક સાંભળી. નાતાલના પ્રધાનમંડળની સાથે વાત કરવાનું તેમણે વચન આપ્યું. નાતાલમાં લડાઇ પહેલાં થઇ ગએલા કાયદામાં તુરત ફેરફાર થવાની મેં પોતે કંઇ આશા રાખી ન હતી. એ કાયદાઓનું વર્ણન તો આગલા પ્રકરણોમાં આવી ગયું છે.

લડાઇ પહેલાં તો ટ્રાન્સવાલમાં ગમે તે હિન્દી ગમે તે વખતે જઇ શકતો હતો, એ વાંચનાર જાણે જ છે. પણ હવે મેં જોયું કે તેમ ન હતું. છતાં જે અટકાવ હે વખતે હતો એ ગોરાને તેમજ હિન્દીઓને બધાને લાગુ પડતો હતો. ઘણા માણસો એકદમ

ટ્રાન્સવાલમાં ભરાઈ જાય તો અનાજ કપડાં પણ બધાને પૂરતાં ન મળી શકે એવી હજુ સ્થિતિ હતી. કેમકે લડાઈને અંગે દુકાનો તો બંધ હતી. દુકાનોમાંનો માલ ઘણોખરો બધો બોઅર સરકાર ગરક કરી ગઇ હતી. તેથી અમુક મુદતને સારૂ જ જો આ પ્રતિબંધ હોય તો ભય રાખવાનું કંઇ કારણ નથી એમ મારા મનની સાથે મેં વિચાર્યું. પણ ગોરા અને હિન્દીઓને સારૂ ટ્રાન્સવાલ જવાનો પરવાનો લેવાની રીતમાં ભેદ હતો. અને એ શંકા અને ભયનું કારણ થઇ પડ્યો. પરવાનો આપવાની ઓફીસ દક્ષિણ આફ્રિકાનાં જુદાં જુદાં બંદરોમાં ખોલવામાં આવી હતી. ગોરાઓને તો માગતાં જ પરવાના મળી શકતા હતા એમ કહી શકાય. પણ હિન્દીઓને સારૂ તો એક એશિયાટિક ખાતું ટ્રાન્સવાલમાં ખોલવામાં આવ્યું હતું.

આવું નોખું ખાતું એક નવો બનાવ હતો. એ ખાતાના ઉપરીને હિન્દી અરજી કરે. એ અરજી મંજૂર થાય ત્યાર પછી ડર્બન કે બીજા બંદરેથી સામાન્ય રીતે પરવાના મળી શકે. જો મારે પણ એ અરજી કરવાની હોત તો મિ. ચેમ્બરલેન ટ્રાન્સવાલ છોડે તેના પહેલાં પરવાનો મળવાની આશા ન જ રાખી શકાય. ટ્રાન્સવાલના હિન્દીઓ તેવો પરવાનો મેળવીને મને મોકલી શક્યા ન હતા. એ તેઓની શક્તિ બહારની વાત હતી. મારા પરવાનાનો આધાર તેઓએ ડર્બનની મારી ઓળખાણો ઉપર જ રાખેલો હતો. પરવાનાના અમલદારને તો હું ઓળખતો નહોતો, પણ ડર્બનના પોલીસ સુપરિન્ટેન્ડન્ટને ઓળખતો હોવાથી તેમને સાથે લઇ જઇ મારી ઓળખાણ પડાવી. ટ્રાન્સવાલમાં હું ૧૮૯૩ની સાલમાં એક વરસ સુધી રહ્યો હતો એ બતાવી પરવાનો મેળવી હું પ્રિટોરીઆ પહોંચ્યો.

અહીંયાં મેં વાતાવરણ જુદું જ જોયું. એશિયાટિક ખાતું એક ભયાનક ખાતું છે અને તે કેવળ હિન્દીઓને દબાવવાને સારૂ જ છે એમ હું જોઇ શક્યો. તેમાં નીમાએલા અમલદારો લડાઇની વખતે હિન્દુસ્તાનથી લશ્કરની સાથે આવેલા વર્ગમાંથી દક્ષિણ આફ્રિકામાં પોતાનું નસીબ અજમાવવાને રહી ગએલામાંના હતા. તેમાંના કેટલાક તો લાંચીઆ હતા. બે અમલદારની ઉપર લાંચ લેવાને સારૂ કામ પણ ચાલેલાં. પંચે તો તેમને છોડી દીધા, પણ લાંચને વિષે કાંઇ શંકા ન હતી તેથી બરતરફ થએલા. પક્ષપાતનો તો કંઇ પાર જ નહિ. અને જ્યાં આવી રીતે એક ખાતું નોખું પડે ત્યાં અને જો તે ખાતું લોકોની ઉપર અંકુશ મેલવાને સારૂ જ યોજવામાં આવ્યું હોય તો પોતાની હસ્તી કાયમ રાખવાને સારૂ તેમજ અંકુશ મૂકવાનો પોતાનો ધર્મ બરોબર બજાવે છે એ બતાવવાની ખાતર હમેશાં નવા અંકુશો શોધવા તરફ જ તેનું વલણ રહે. બન્યું પણ તેમ જ.

મેં તો જોયું કે મારે નવી પાટી ઉપર નવેસરથી જ એકડો ઘૂંટવો રહ્યો. એશિયાટિક ખાતાને તરત ખબર નહિ પડી કે હું ટ્રાન્સવાલમાં કેવી રીતે દાખલ થયો. મને પૂછવાની તો એકાએક હિંમત ચાલી નહિ. ચોરીથી તો હું દાખલ ન જ થાઉં એટલું માને એમ હું માનું છું. આડકતરી રીતે તેઓએ જાણી પણ લીધું કે હું પરવાનો કેમ મેળવી શક્યો. પ્રીટોરીઆનું ડેપ્યુટેશન પણ મિ. ચેમ્બરલેન પાસે જવા તૈયાર થયું. તેમને આપવાની અરજી તો ઘડી. પણ એશિયાટિક ખાતાએ મારૂં તેમની આગળ જવું બંધ કરાવ્યું. હિન્દી આગેવાનોને લાગ્યું કે એવી સ્થિતિમાં તેઓએ પણ ન જ જવું જોઇએ. મને એ વિચાર ન ગમ્યો. મારૂં થએલું અપમાન મારે ગળી જવું અને કોમે પણ તે ન ગણકારવું એમ મેં સલાહ આપી. અરજી તો છે જ. એ મિ. ચેમ્બરલેનને સંભળાવવી એ જરૂરનું છે એમ મે

ઠમેર્યું. ત્યાં હિન્દી બૅરિસ્ટર જ્યોર્જ ગૉડ કે હાજર હતા. તેમને અરજી વાંચવા તૈયાર કર્યા. ડેપ્યુટેશન ગયું. મારે વિષે વાત ઉખળી. મિ. ચેમ્બરલેને કહ્યું, "મિ. ગાંધીને તો હું ડર્બનમાં મળી ચૂક્યો છું. એટલે અહીંનો હેવાલ હું અહીંના લોકોને મોઢેથી જ સાંભળું એ વધારે સારૂં એમ સમજી મેં તેને મળવાની ના પાડી." મારી દૃષ્ટિએ આ તો બળતામાં ઘી હોમવા જેવું થયું. એશિયાટિક ખાતાએ ભણાવેલું મિ. ચેમ્બરલેન બોલ્યા. જે વાયુ હિન્દુસ્તાનમાં વહે છે તે જ એશિયાટિક ખાતાએ ટ્રાન્સવાલમાં વહાવ્યો. મુંબઇમાં રહેનારને ચંપારણમાં અંગ્રેજી અમલદારો પરદેશી ગણે છે એ વાતથી ગુજરાતીઓ વાકેફ હોવા જ જોઇએ. એ કાયદા પ્રમાણે ડર્બનમાં રહેનારો હું ટ્રાન્સવાલની હકીકત શું જાણી શકું?—એમ મિ. ચેમ્બરલેનને એશિયાટિક ખાતાએ શીખવ્યું. તેને શી ખબર કે હું ટ્રાન્સવાલમાં રહેલો અને ટ્રાન્સવાલમાં ન રહ્યો હોઉં તોપણ ટ્રાન્સવાલની બધી પરિસ્થિતિથી વાકેફ હતો. સવાલ કેવળ એક જ હતો—ટ્રાન્સવાલની હકીકતથી વધારેમાં વધારે વાકેફ કોણ હતું? મને ખાસ હિન્દુસ્તાનથી બોલાવીને હિન્દી કોમે તેનો જવાબ આપી દીધો હતો. પણ રાજ્યકર્તાની પાસે ન્યાયશાસ્ત્રની દલીલો ચાલી શકતી નથી, એ કંઇ નવો અનુભવ નથી. મિ. ચેમ્બરલેન એ વખતે સ્થાનિક બ્રિટિશ કારભારીઓની અસર નીચે એટલા બધા હતા અને ગોરાઓને સંતોષવા સારૂ એટલા બધા આતુર હતા કે એમના તરફથી ઇન્સાફ થવાની આશા કંઇ જ નહોતી અથવા ઘણી થોડી હતી. પણ દાદ મેળવવાને સારૂ એકે યોગ્ય પગલું ભૂલથી કે સ્વાભિમાનથી લેવાયા વિના ન રહે તેથી ડેપ્યુટેશન એમની પાસે ગએલું.

પણ મારી સાથે ૧૮૯૪ના કરતાં પણ વધારે વિષમ પ્રસંગ આવી રહ્યો. એક દૃષ્ટિએ વિચારતાં મિ. ચેમ્બરલેનની પૂઠ ફરે એટલે હું પાછો

-દુસ્તાન ફરી શકું એમ મને ભાસ્યું. બીજી તરફથી હું ચોખ્ખી
ે જોઇ શક્યો કે કોમને ભયંકર સ્થિતિમાં જોતાં છતાં હું હિન્દુ-
ાનમાં સેવા કરવાના ગુમાનથી પાછો વળી જાઉં તો જે સેવા-
ની મને ઝાંખી થઇ હતી એ દૂષિત થાય. મેં વિચાર્યું કે
.ખો જન્મારો દક્ષિણ આફ્રિકામાં નીકળી જાય તોપણ ચઢેલું
દળ વીખરાઇ ન જાય અથવા તો બધા પ્રયત્નો છતાં તે વધારે
ાઇ કોમ ઉપર તૂટી પડી અમારો બધાનો નાશ ન થાય ત્યાં
ી ટ્રાન્સવાલમાં જ રહેવું જોઇએ. આગેવાનોની સાથે મેં એવા
ારની વાત કરી. અને જેમ ૧૮૯૪માં તેમ આ વખતે પણ
ો ગુજારો વકીલાતથી કરવાનો મારો નિશ્ચય મેં જણાવ્યો.
ને તો એટલું જ જોઇતું હતું.

મેં તુરત ટ્રાન્સવાલમાં વકીલાતની અરજી દાખલ કરી. અહીં
મારી અરજીની સામે વકીલ મંડળની સંસ્થા વિરોધ કરે
ો કંઇક ભય હતો, પણ એ પાયાવિનાનો નીવડ્યો. મને સનદ
ી અને મેં જોહાનીસ્બર્ગમાં ઓફીસ ખોલી. ટ્રાન્સવાલમાં
-દીઓની મોટામાં મોટી વસ્તી જોહાનીસ્બર્ગમાં જ હતી. તેથી
ી આજીવિકા અને જાહેર કામ બંને દૃષ્ટિએ જોહાનીસ્બર્ગ જ
ુકૂળ મથક હતું. એશિયાટીક ઓફીસના સડાનો દિવસે દિવસે
ો અનુભવ હું લઇ રહ્યો હતો, અને ત્યાંના હિન્દી મંડળનું
જોર એ સડો દૂર કરવામાં જ વપરાતું હતું. ૧૮૮૫નો કાયદો
કરાવવો એ તો દૂરનું ધ્યેય થઇ પડ્યું. તાત્કાલિક કામ એશિ-
ટિક ઓફીસ રૂપી ધસી આવતા પૂરમાંથી બચી જવાનું હતું.
ે મિલ્નરની પાસે, લૉર્ડ સેલ્બોર્ન જે ત્યાં આવ્યા હતા તેમની
ે, સર આર્થર લૉલી જે ટ્રાન્સવાલમાં લેફ્ટેનંટ ગવર્નર
. અને જે પાછળથી મદ્રાસમાં ગવર્નર થએલા તેમની પાસે,
ે તેથી ઉતરતી પંક્તિના અમલદારો પાસે ડેપ્યુટેશન ગયાં

અને તેમને મળ્યાં. હું એકલો ઘણીવાર મળતો, કંઇક કંઇક રાહત મળતી પણ એ બધાં થીગડાં હતાં. લૂંટારા આપણું બધું ધન હરી જાય અને પછી આપણે કરગરીએ ત્યારે અને તેથી કંઇક તેમાંનું આપણને પાછું આપે અને આપણે સંતોષ માની શકીએ તેવા પ્રકારનો સંતોષ કંઇક કંઇક મળતો. આ લડતને અંગેજ જે અમલદારો બરતરફ થયાનું ઉપર લખી ગયો છું તેઓની ઉપર કામ ચાલેલું. જે ભય હિન્દીઓના પ્રવેશને વિષે મને થએલો મેં પાછળ જણાવ્યો તે ખરો નીવડ્યો. ગોરાઓને પરવાના લેવાનું ન રહ્યું પણ હિન્દીઓની ઉપર તો પરવાના કાયમ જ રહ્યા. ટ્રાન્સવાલની માજી સરકારે જેવો કાયદો સખત કર્યો તેવો સખત તેનો અમલ નહોતો, એ કંઈ તેની ઉદારતા કે ભલમનસાઇને લીધે ન હતું. પણ અમલી ખાતું બેદરકાર હતું. અને તે ખાતાના અમલદારો સારા હોય તો ભલમનસાઇ વાપરવાનો જેટલો તેમને માજી સરકાર નીચે અવકાશ હતો તેટલો અવકાશ બ્રિટીશ સરકાર નીચે નથી હોતો. બ્રિટિશ તંત્ર પુરાણું હોવાથી દૃઢ થઇ ગયું છે, ગોઠવાઇ ગયું છે અને અમલદારોને યંત્રની માફક કામ કરવું પડે છે. કેમકે તેઓની ઉપર એક પછી એક ચઢતા ઉતરતા અંકુશો રહેલા હોય છે. તેથી બ્રિટિશ બંધારણમાં જો રાજ્યપદ્ધતિ ઉદાર હોય તો પ્રજાને ઉદાર પદ્ધતિનો વધારેમાં વધારે લાભ મળી શકે છે અને જો એ પદ્ધતિ જુલમી અથવા કંજુસ હોય તો આ નિયંત્રિત સત્તા નીચે તેનું દબાણ પણ પૂરેપૂરું અનુભવવામાં આવે છે. એથી ઉલટી સ્થિતિ ટ્રાન્સવાલની માજી સત્તા જેવા તંત્રમાં હોય છે. ઉદાર કાયદાનો લાભ મળવો ન મળવો એ વધારે અંશે તે તે ખાતાના અમલદાર ઉપર આધાર રાખે છે. એ ધોરણ પ્રમાણે જ્યારે ટ્રાન્સવાલમાં બ્રિટિશ સત્તા કાયમ થઈ ત્યારે હિન્દીઓને લગતા બધા કાયદાનો

અમલ ઉત્તરોત્તર સખત થવા લાગ્યો. જ્યાં જ્યાં પહેલાં બારીઓ હતી ત્યાં ત્યાં બારીઓ બંધ થઈ. એશિયાટિક ખાતાનું ધોરણ તો સખ્તીનું હોવું જ જોઈએ એ તો આપણે પાછળ જોઈ ગયા. તેથી જૂના કાયદા કેમ રદ કરાવવા એ તો એકકોર રહ્યું, પણ તેમાં રહેલી સખ્તીઓ અમલમાં કેમ મોળી કરી શકાય એ જ દૃષ્ટિએ તુરતમાં તો હિન્દી કોમને નરીમે પ્રયત્ન કરવાનું રહ્યું.

એક સિદ્ધાંતની ચર્ચા વહેલી મોડી આપણે કરવી જ પડશે ને કદાચ આ જગ્યાએ કરવાથી હવે પછી થવાની પરિસ્થિતિ અને હિન્દી દૃષ્ટિબિન્દુ સમજવાને અનુકૂળ પડશે. બ્રિટિશ વાવટો ટ્રાન્સવાલમાં અને ઑરેંજ ફ્રી સ્ટેટમાં ફરકવા લાગ્યો કે તુરત લૉર્ડ મિલ્નરે એક કમિટી નીમી. તેનું કારણ બન્ને રાજ્યના પુરાણા કાયદા તપાસી તેમાંથી જે કાયદા પ્રજાની સત્તા ઉપર અંકુશ મૂકનારા હતા અથવા બ્રિટીશ બંધારણના રહસ્યથી વિરુદ્ધ હતા તેની નોંધ તૈયાર કરવી. આમાં સ્પષ્ટ રીતે હિન્દીઓની સ્વતંત્રતા ઉપર હુમલો કરનારા કાયદા પણ આવી જાત. પણ લૉર્ડ મિલ્નરનો હેતુ આ કમિટી નીમવામાં હિન્દીઓનાં દુઃખનું નિવારણ ન હતો પણ અંગ્રેજોનાં દુઃખનું નિવારણ હતો. જે કાયદાથી આડકતરી રીતે અંગ્રેજોને હરકત થતી હતી તે કાયદા બનતી ત્વરાએ કાઢી નાંખવાનો તેમનો મુદ્દો હતો. કમિટીનો રિપોર્ટ ઘણી જ ટૂંકી મુદતમાં તૈયાર થયો, અને નાના મોટા ઘણા કાયદા અંગ્રેજોના વિરોધી હતા તે એક જ હુકમથી રદ થયા એમ કહીએ તો કહી શકાય.

એ જ કમિટીએ હિન્દીઓની સામેના કાયદા તારવી કાઢ્યા. તેનું તો એક પુસ્તક છપાયું કે જેનો ઉપયોગ અથવા આપણી દૃષ્ટિએ દુરુપયોગ એશિયાટિક ખાતાએ સહેલાઈથી કરવા માંડ્યો.

હવે જો હિન્દી વિરોધી કાયદા હિન્દીઓનું નામ તેમાં દાખલ કરીને ખાસ તેની જ સામે ન કરવામાં આવ્યા હત પણ કાયદા બધાને લાગુ પડે એવા રચવામાં આવ્યા હત, માત્ર તેનો અમલ કરવા ન કરવાની પસંદગી અમલદારને સોંપવામાં આવી હોત અથવા તો એ કાયદાની અંદર એવા અંકુશ મૂકવામાં આવ્યા હોત કે જેનો અર્થ સાર્વજનિક હોત, પણ તે અર્થ કરતાં તેનું વધારે જોર હિન્દીઓની ઉપર પડે એવું હોત,—તો તેવા કાયદાથી પણ કાયદા કરનારનો અર્થ સરત; અને છતાં એ સાર્વજનિક કહેવાત. કોઇનું અપમાન તેથી ન થાત અને કાળે કરીને જ્યારે વિરોધી ભાવ ઓળો પડત ત્યારે કાયદામાં કંઇ પણ ફેરફાર કર્યા વિના તેના ઉદાર અમલથી જેના વિરોધને અર્થે તે કાયદો પસાર થયો હોત તે કોમ બચી જાત. જેમ બીજી પ્રતિના કાયદાને મેં સાર્વજનિક કાયદા કહ્યા તેમ પહેલી પ્રતિના એકદેશી અથવા કોમી કાયદા કહી શકાય. દક્ષિણ આફ્રિકામાં તેને રંગભેદી કાયદા કહેવામાં આવે છે, કારણકે તેમાં ચામડીનો ભેદ રાખી કાળી અથવા તો ઘઉંવર્ણી ચામડીની પ્રજાઓ ઉપર ગોરાઓને મુકાબલે વધારે અંકુશ મૂકવામાં આવે છે. આનું નામ 'કલર બાર' અથવા રંગભેદ કે રંગદ્વેષ.

બની ગએલા કાયદામાંથી જ એક દૃષ્ટાંત લઇએ. વાંચનારને યાદ હશે કે મતાધિકારનો પહેલો કાયદો જે નાતાલમાં થયો પણ જે છેવટે રદ થયો તેમાં કલમ એવી હતી કે એશિયાટિક માત્રને મતનો અધિકાર ભવિષ્યમાં ન હોઇ શકે. હવે આવો કાયદો બદલાવવો હોય તો પ્રજામત એટલે બધે સુધી કેળવાયલો હોવો જોઇએ કે ઘણાઓ એશિયાટિકનો દ્વેષ ન કાઢતાં તેની તરફ મિત્રભાવ રાખે. આવો સુઅવસર આવે ત્યારે જ

નવો કાયદો કરીને એ રંગનો ડાઘ ભૂંસી શકાય. આ એકદેશી અથવા રંગભેદી કાયદાનું દૃષ્ટાન્ત. હવે ઉપરનો કાયદો રદ થઈને જે બીજો કાયદો થયો તેમાં પણ મૂળ હેતુ લગભગ સચવાયો, છતાં તેમાંથી રંગભેદનો ડંખ દૂર કરવામાં આવ્યો અને તે સાર્વજનિક થયો. એ કાયદાની કલમનો ભાવાર્થ આ પ્રમાણે છે: 'જે પ્રજાને પાર્લામેન્ટરી ફ્રેંચાઇઝ એટલે બ્રિટિશ આમની સભાના સભાસદ ચૂંટવાનો મતાધિકાર છે તેવી જાતનો મતાધિકાર ન હોય, તે પ્રજાનાં માણસો નાતાલમાં મતાધિકારી ન થઈ શકે.' આમાં ક્યાંયે હિન્દીનું કે એશિયાટિકનું નામ નથી આવતું. હિન્દુસ્તાનમાં ઇંગ્લંડના જેવા મતાધિકાર છે કે નહિ એ વિષે કાયદાશાસ્ત્રીઓ તો જુદા જુદા અભિપ્રાય આપે. પણ દલીલ ખાતર માની લઈએ કે હિંદમાં મતાધિકાર તે વખતે એટલે ૧૮૯૪ માં ન હતો અથવા આજે પણ નથી, છતાં નાતાલમાં મતાધિકારીનાં નામ રજીસ્ટર કરનારો અમલદાર હિન્દીઓનાં નામ દાખલ કરે તો તેણે કંઈ ગેરકાયદે કામ કર્યું એમ કોઈ એકાએક ન કહી શકે. સામાન્ય અનુમાન હમેશાં પ્રજાના હકની તરફમાં કરવાનું હોય છે. તેથી જ્યાં સુધી તે તે વખતની સરકાર વિરોધ કરવા ન ઇચ્છે ત્યાં સુધી ઉપરનો કાયદો હસ્તી ધરાવતો હોય છતાં હિન્દી વગેરેનાં નામ મતાધિકાર પત્રકની અંદર નોંધી શકે. એટલે ધારો કે કાળે કરીને નાતાલમાં હિન્દી તરફનો અણગમો મોળો પડે તો અને સરકારને હિન્દીઓનો વિરોધ ન કરવો હોય તો કાયદામાં કંઈ પણ ફેરફાર કર્યા વિના હિન્દીઓને મતપત્રકમાં દાખલ કરી શકે. આ ખુબી સાર્વજનિક કાયદામાં રહેલી છે. એવા બીજા દાખલાઓ દક્ષિણ આફ્રિકાના જે કાયદાઓ હું આગલાં પ્રકરણોમાં ગણાવી ગયો છું તેમાંથી ઘટાવી શકાય છે. એથી ડાહી રાજનીતિ એ જ ગણાય છે કે એકદેશી કાયદા ઓછામાં ઓછા

કરવા—ન જ કરવા એ તો સર્વોત્કૃષ્ટ. એક વખત અમુક કાયદો પસાર થઈ ગયો પછી તેને બદલવામાં અનેક મુસીબતો આવી પડે. પ્રજામત ધણો કેળવાય ત્યારે જ થએલા કાયદા રદ થઈ શકે છે. જે પ્રજાતંત્રમાં હમેશાં કાયદાની રદબદલી થયાં જ કરે છે તે પ્રજાને સુવ્યવસ્થિત ન ગણી શકાય.

હવે આપણે ટ્રાન્સવાલમાં થએલા એસિયાટિક કાયદામાં રહેલા ઝેરનું માપ વધારે સારી રીતે કાઢી શકીએ છીએ. એ કાયદા તો બધા એકદેશી છે. એશિયાટિક મત ન આપી શકે સરકારે નીમેલા લત્તાની બહાર જમીનની માલીકી ન ભોગવી શકે. એ કાયદા રદ થયા વિના અમલદાર વર્ગ તો હિન્દીઓને મદદ ન જ કરી શકે. એ કાયદા સાર્વજનિક ન હતા તેથી જ લૉર્ડ મિલ્નરની કમિટી તેને નોખા તારવી શકે. પણ જો તે સાર્વજનિક હોત તો બીજા કાયદાઓની સાથે એશિયાટિકના નામ વિનાના પણ તેની ઉપર અમલ થતા કાયદાઓ નાબુદ થઈ ગયા હત. અમલદાર વર્ગ એમ તો કદિ ન કહી શકત કે 'અમે શું કરી શકીએ, લાચાર છીએ; આ કાયદાઓ નવી ધારાસભા રદ ન કરે ત્યાં સુધી અમારે તો અમલમાં મૂકવે જ છુટકો છે.'

જ્યારે એશિયાટિક ઓફીસને હસ્તક આ કાયદાઓ ગયા ત્યારે એશિઆટિક ખાતાએ તેનો પૂરો અમલ શરૂ કર્યો, એટલું જ નહિ પણ જો તે કાયદા અમલ કરવા લાયક છે એમ કારભારી મંડળી ગણે તો તેમાં રહેલી અથવા રહી ગએલી બારીઓ બંધ કરવાની વધારે સત્તા કારભારી મંડળે લેવી જોઈએ. દલીલ તો સીધી અને સાદી જણાય એમ છે. કાં તો એ કાયદા ખરાબ છે એટલે રદ કરવા, અને જો યોગ્ય હોય તો તેમાં કંઈ દોષ રહી ગયા હોય તે દોષ દૂર કરવા જોઇએ. કાયદાનો અમલ કરવાની નીતિ કારભારી મંડળે અખત્યાર કરી લીધી હતી. હિન્દી પ્રજાએ આ

લડાઈમાં અંગ્રેજની સાથે ઊભીને જાનનું જોખમ વહોર્યું હતું તો ત્રણ ચાર વરસની જૂની વાત થઈ. હિન્દી પ્રજાને સારૂ ટ્રાન્સવાલમાં બ્રિટિશ એલચીએ લડત લીધી હતી એ જૂના રાજતંત્રની વાત. લડાઈ થવાનાં કારણોમાં હિન્દીઓનાં દુઃખ એ પણ કારણ હતું એ દીર્ઘદૃષ્ટિ વાપર્યા વિના સ્થાનિક અનુભવ વિનાના અધિકારી લોકોએ કરેલી વાત હતી. સ્થાનિક અનુભવે તો સ્થાનિક અમલદારોને ચોખ્ખું બતાવી દીધું કે બોઅર રાજ્ય સમયમાં જે કાયદા હિન્દીઓ સામે ઘડાયા હતા તે પૂરતા અથવા પદ્ધતિસર ન હતા. હિન્દીઓ ફાવે તેમ ટ્રાન્સવાલમાં દાખલ થાય અને ફાવે તેમ ફાવે ત્યાં વેપાર કરે તો અંગ્રેજ વેપારીને બહુ નુકસાન થાય. આ બધી અને આવી બીજી દલીલોએ ગોરાઓ અને તેમના પ્રતિનિધિ રાજ્યાધિકારી મંડળની ઉપર ભારે કાબૂ મેળવ્યો. તેઓ બધા બની શકે એટલા ઓછા સમયમાં બની શકે તેટલું ધન એકઠું કરવા ઇચ્છતા હતા. તેમાં હિન્દીઓ જરાએ ભાગ લે એ તેમને ક્યાંથી જ ગમે? તેની સાથે તત્વજ્ઞાનનો આડંબર પણ ભળ્યો. દક્ષિણ આફ્રિકાના બુદ્ધિમાન માણસોને કેવળ વેપારીશાઇ સ્વાર્થી દલીલ સંતોષે નહિ. અન્યાય કરવાને સારુ પણ બુદ્ધિ હંમેશાં બુદ્ધિને યોગ્ય લાગે એવી દલીલ શોધે છે. એવું જ દક્ષિણ આફ્રિકાની બુદ્ધિનું પણ થયું. જનરલ સ્મટ્સ વગેરેએ જે દલીલ કરી તે નીચે પ્રમાણે હતી:

'દક્ષિણ આફ્રિકા પશ્ચિમના સુધારાનું પ્રતિનિધિ છે. હિન્દુસ્તાન પૂર્વના સુધારાનું કેન્દ્રસ્થાન છે. બન્ને સુધારાનું સંમેલન થઈ શકે એવું આ જમાનાના તત્વજ્ઞાનીઓ તો કબૂલ નથી કરતા. એટલે થોડા ઘણા પણ સમુદાયમાં એ બે સુધારાની પ્રજાનો સંગમ થાય તો તેનું પરિણામ ભડકો જ થાય. પશ્ચિમ સાદાઈનું વિરોધી છે. પૂર્વના લોકો સાદાઈને પ્રધાનપદ આપે છે. આ બેનો મેળ કેમ મળી

શકે ? આ બેમાં કઇ સભ્યતા વધારે સારી છે એ જોવાનું રાજ્ય-દ્વારી એટલે વ્યવહારી-પુરુષનું કામ નથી. પશ્ચિમનો સુધારો સારો હોય યા ખરાબ, પણ પશ્ચિમની પ્રજા તેને જ વળગી રહેવા માગે છે. તે સુધારાને બચાવવાને સારૂ પશ્ચિમની પ્રજાઓએ અથાગ પ્રયત્નો કર્યા છે. લોહીના ધોધ ચલાવ્યા છે. અનેક પ્રકારનાં બીજાં દુઃખો સહન કર્યાં છે. એટલે પશ્ચિમની પ્રજાઓને અત્યારે બીજો રસ્તો સૂઝે એમ નથી. એ વિચાર પ્રમાણે જોતાં હિન્દી-ગોરાનો સવાલ નથી વેપારદ્વેષનો કે નથી વર્ણદ્વેષનો; કેવળ પોતાની સભ્યતાનું રક્ષણ કરવાનો એટલે ઉંચામાં ઉંચા પ્રકારનો સ્વરક્ષાનો હક ભોગવવાનો અને તેને અંગે રહેલી ફરજ બજાવવાનો જ સવાલ છે. હિન્દીઓના દોષ કાઢવામાં આવે છે એ લોકોને ઉશ્કેરવાને સારૂ ભલે ભાષણકર્તાઓને રુચતું હોય, પણ રાજ્યનૈતિક દૃષ્ટિથી વિચારનાર તો એમ જ માને છે અને કહે છે કે હિન્દીઓના ગુણ એ જ દક્ષિણ આફ્રિકામાં તેના દોષરૂપે ગણવામાં આવે છે. હિન્દીઓની સાદાઈ હિન્દીઓની લાંબા વખત સુધી મહેનત કરવાની ધીરજ, તેની કરકસર, તેની પરલોકપરાયણતા, તેની સહનશીલતા ઇત્યાદિ ગુણોથી જ તેઓ દક્ષિણ આફ્રિકામાં અળખામણા થઇ પડ્યા છે. પશ્ચિમની પ્રજા સાહસિક, અધીરી, દુન્યવી હાજતો વધારવામાં અને તેમને મેળવવામાં મગ્ન, ખાવાપીવામાં શોખીન, અંગમહેનત બચાવવાને આતુર અને ઉડાઉ પ્રકૃતિની છે, તેથી તેને ભય રહે છે કે જો પૂર્વની સભ્યતાના હજારો પ્રતિનિધિ દ. આફ્રિકામાં વસે તો પશ્ચિમના લોકોએ પાછા પડવું જ જોઇએ. આપઘાત કરવા દ. આફ્રિકામાં વસતી પશ્ચિમની પ્રજા તૈયાર ન જ થાય, અને એ પ્રજાના હિમાયતી એવા જોખમમાં એ પ્રજાને કદિ પડવા ન દે.'

મને લાગે છે કે આ દલીલ સારામાં સારા અને ચારિત્રવાન ગોરાઓએ જેવી કરી છે તેવી જ મેં અહીંયાં નિષ્પક્ષપાતે મૂકી છે. એ દલીલને તત્વજ્ઞાનના આડંબર રૂપે હું ઉપર ઓળખાવી ગયો પણ તેથી હું એમ સૂચવવા નથી ઇચ્છતો કે એ દલીલમાં કંઈ વજૂદ નથી. વ્યાવહારિક દૃષ્ટિએ તો એટલે તાત્કાલિક સ્વાર્થદૃષ્ટિએ તો તેમાં પુષ્કળ વજૂદ છે. પણ તાત્ત્વિક દૃષ્ટિએ એ આડંબર માત્ર છે. તટસ્થ માણસની બુદ્ધિ આવો નિર્ણય કબૂલ ન કરે એમ મારી અલ્પમતિને તો ભાસે છે. કોઈ સુધારક પોતાની સભ્યતાને એવી લાચાર સ્થિતિમાં ન મૂકે જેવી ઉપરની દલીલ કરનારાઓએ પોતાની સભ્યતાને મૂકેલી છે. હું જાણતો નથી કે પૂર્વના કોઈ તત્ત્વજ્ઞાનીને એવો ભય હોય કે પશ્ચિમની પ્રજા પૂર્વના સંબંધમાં સ્વતંત્રતાએ આવે તો પૂર્વની સભ્યતા પશ્ચિમના પૂરમાં વેળુની માફક ઘસડાઈ જાય. ત્યાં સુધી એ તત્ત્વજ્ઞાનનો મને કંઈ પણ ખ્યાલ છે ત્યાં સુધી મને તો એમ ભાસે છે કે પૂર્વની સભ્યતા પશ્ચિમના સ્વતંત્ર સંગમથી નિર્ભય રહે છે, એટલું જ નહિ પણ તેવા સંગમને વધાવી લે. એથી ઉલટા દાખલા પૂર્વમાં જોવામાં આવે એથી મેં જે સિદ્ધાંત બતાવ્યો છે તેને આંચ આવતી નથી. કારણકે એ સિદ્ધાંતના સમર્થનમાં અનેક દૃષ્ટાંતો આપી શકાય એમ હું માનું છું. પણ એ ગમે તેમ હો. પશ્ચિમના તત્ત્વજ્ઞાનીઓનો દાવો તો એવો છે કે પશ્ચિમના સુધારાનો તો મૂળ સિદ્ધાંત એ છે કે પશુબળ સર્વોપરિ છે અને તેથી જ એ સુધારાના હિમાયતી પશુબળને કાયમ રાખવા પોતાના વખતનો મોટામાં મોટો ભાગ આપે છે. એનો તો વળી એવો પણ સિદ્ધાંત છે કે જે પ્રજા પોતાની હાજતો વગેરે વધારશે નહિ એ પ્રજાનો છેવટે નાશ જ થવાનો છે. આ સિદ્ધાંતોને અનુસરીને તો પશ્ચિમની પ્રજા દક્ષિણ આફ્રિકામાં વસી છે, અને પોતાની સંખ્યાના પ્રમાણમાં

ત્યાંના અસંખ્ય હબસીઓને તેઓએ વશ કર્યા છે. તેને હિન્દુસ્તાનની રંક પ્રજાનો ભય હોઈ જ કેમ શકે? અને એ સુધારાની દૃષ્ટિએ ભય ખરું જોતાં નથી એનો સારામાં સારો પુરાવો તો એ છે કે હિન્દીઓ જો સદાયને સારુ માત્ર મજુર તરીકે જ રહ્યા હોત તો કદિ હિન્દીઓના વસવાટની સામે હીલચાલ ન જ થાત.

તેથી જે શેષ વસ્તુ રહી જાય છે એ તો કેવળ વેપાર અને વર્ણ. હિન્દી વેપાર એ અંગ્રેજી નાનકડા વેપારીઓને દૂભવે છે અને ઘઉંવર્ણનો અણગમો એ હાલ તુરતને સારુ ગોરી પ્રજાઓના હાડમાં પેસી ગયો છે, એમ હજારો ગોરાઓએ લખ્યું છે અને કબૂલ કર્યું છે. ઉત્તર અમેરિકા જ્યાં કાયદામાં તો બધાને સરખા સરખા હક છે ત્યાં પણ બુકર વૉશીંગ્ટન જેવા ઉંચામાં ઉંચી પાશ્ચાત્ય કેળવણી પામેલ અતિશય ચારિત્રવાન ખ્રિસ્તી અને જેણે પશ્ચિમની સભ્યતાને પૂરેપૂરી રીતે પોતાની કરેલી છે એ માણસ પ્રેસીડંટ રૂઝવેલ્ટના દરબારમાં ન જઈ શક્યો, અને આજે પણ ન જઈ શકે. ત્યાંના હબસીઓએ પશ્ચિમનો સુધારો કબૂલ કર્યો છે. તેઓ ખ્રિસ્તી પણ થયા છે. પણ તેઓની કાળી ચામડી એ તેઓનો ગુન્હો છે અને ઉત્તરમાં જો તેઓનો સંસારવ્યવહારમાં તિરસ્કાર થાય છે તો દક્ષિણ અમેરિકામાં ગોરાઓ ગુન્હાના વહેમ માત્રથી તેઓને જીવતા બાળે છે. દક્ષિણ અમેરિકામાં એ દંડનીતિનું ખાસ નામ પણ છે જે આજે અંગ્રેજી ભાષામાં પ્રચલિત શબ્દ થઇ ગયો છે. તે 'લીન્ચ લૉ'. 'લીન્ચ લૉ' એટલે એ દંડનીતિ કે જેની રૂએ પ્રથમ સજા અને પછી તપાસ. "લીન્ચ" નામનો માણસ જેણે આ પ્રથા શરૂ કરી તેની ઉપરથી એ નામ પડેલું છે.

એટલે વાંચનાર સમજી શકશે કે ઉપલી તાત્ત્વિક ગણાતી દલીલમાં બહુ તત્ત્વ નથી. પણ એવો અર્થ પણ વાંચનાર ન કરે

કે બધા દલીલ કરનારાઓએ જૂદું જાણતા છતાં ઉપરની દલીલ કરેલી છે. તેઓમાંના ઘણા પોતાની દલીલ તાત્ત્વિક છે એમ પ્રામાણિકપણે માને છે. એવો સંભવ છે કે આપણે એવી સ્થિતિમાં હોઈએ તો કદાચ આપણે પણ એવી જ દલીલ કરીએ. કંઈક એવા જ કારણથી "બુદ્ધિકર્માનુસારિણી" એવી કહેવત નીકળી હશે. એવો અનુભવ કોને નહિ હોય કે આપણી અંતરવૃત્તિ જેવી ઘડાઈ હોય તેવી દલીલો આપણને સૂઝ્યાં કરે છે અને એ દલીલ બીજાને ગળે ન ઉતરે એટલે આપણને અસંતોષ, અધીરાઈ અને છેવટે રોષ આવે છે.

આટલી ઝીણવટમાં હું ઇરાદાપૂર્વક ઉતરેલો છું. હું ઇચ્છું છું કે વાંચનાર જુદી જુદી દૃષ્ટિઓ સમજે અને જેઓ આજ લગી તેમ ન કરતા આવ્યા હોય તેઓ જુદી જુદી દૃષ્ટિઓને માન આપવાની અને સમજવાની ટેવ પાડે. સત્યાગ્રહનો ભેદ જાણવાને સારૂ અને વિશેષમાં તો સત્યાગ્રહ અજમાવવાને સારૂ એવી ઉદારતાની અને એવી સહનશક્તિની ઘણી જરૂર છે. એ વિના સત્યાગ્રહ થઈ જ ન શકે. આ પુસ્તક લખવાનો હેતુ લખવાને ખાતર તો છે જ નહિ. દક્ષિણ આફ્રિકાના ઇતિહાસનું એક પ્રકરણ પ્રજાની આગળ મૂકવું એ હેતુ પણ નથી. પણ જે વસ્તુને સારૂ હું જીવું છું, જીવવા ઇચ્છું છું અને જેને સારૂ તેટલે જ દરજ્જે મરવાને પણ તૈયાર છું એમ માનું છું, તે વસ્તુ કેમ ઉત્પન્ન થઇ, તેની પહેલી સામુદાયિક અજમાયશ કેમ કરવામાં આવી એ બધું પ્રજા જાણે, સમજે અને પસંદ કરે તેટલું અને પોતાની શક્તિ હોય તે પ્રમાણે અમલમાં મૂકે એ છે.

હવે આપણે પાછા કથાપ્રસંગને લઈએ. આપણે જોયું કે બ્રિટિશ સત્તાધિકારીઓએ એવો નિર્ણય કર્યો કે ટ્રાન્સવાલમાં

નવા આવતા હિન્દીઓને અટકાવવા, અને જૂનાની સ્થિતિ એવી કફોડી કરી મૂકવી કે જેથી તેઓ કાયર થઈને ટ્રાન્સવાલ છોડે અને ન છોડે તોયે એ લગભગ મજૂર જેવા થઈને જ રહી શકે. દક્ષિણ આફ્રિકાના કેટલાક મહાન ગણાતા રાજદ્વારી પુરુષોએ એક કરતાં વધારે વખત કહેલું કે હિન્દીઓ એ દેશમાં કેવળ મજૂરીઆના અને કાવડીઆ તરીકે જ પોસાઈ શકે. ઉપર કહ્યું તે એશિયાટિક ખાતામાં બીજા અમલદારો હતા તેમ હિન્દુસ્તાનમાં રહી ગએલા અને વિભક્ત જવાબદારી (ડાયર્કી) ના શોધક અને પ્રચારક તરીકે પ્રસિદ્ધિ મેળવી ગએલા મિ. લાયનલ કર્ટિસ પણ હતા. એ ખાનદાન કુટુંબના નવજુવાન છે; અથવા તે વખતે ૧૯૦૫–૬ માં તો નવજુવાન જ હતા. લૉર્ડ મિલ્નરના વિશ્વાસપાત્ર માણસ હતા. બધું કામ શાસ્ત્રીય પદ્ધતિએ જ કરવાનો દાવો કરનાર હતા. પણ તેનાથી મહાન ભૂલો પણ થઈ શકતી હતી. જોહાનીસ્બર્ગની મ્યુનિસિપાલિટીને એવી પોતાની એક ભૂલથી ૧૪૦૦૦ પાઉંડના ખાડામાં તેમણે ઉતારેલી! એમણે શોધી કાઢ્યું કે ટ્રાન્સવાલમાં નવા હિન્દીઓને આવતા અટકાવવા હોય તો પ્રથમ પગલું તો એ ભરાવું જોઈએ કે કાંઈક એવી રીતે જૂના હિન્દીની નોંધ લેવાય કે જેથી એકને બદલે બીજો દાખલ ન થવા પામે; અને જો થાય તો તુરત પકડાઈ જાય. અંગ્રેજી સત્તા સ્થાપ્યા પછી જે પરવાના કાઢવામાં આવતા હતા તે પરવાનામાં હિન્દીની સહી અને સહી ન કરી શકે તો અંગુઠાની નિશાની લેવામાં આવી. વળી કોઈ અમલદારે સૂચવ્યું કે તેઓની છબી લેવી એ ઠીક છે. એટલે છબીઓ, અંગુઠા અને સહી એ બધું એમ ને એમ ચાલુ થયું. એને સારૂ કંઈ કાયદાની જરૂર તો હોય નહિ, એટલે આગેવાનોને તુરત ખબર પણ પડી ન શકે. ધીમે ધીમે આ નવાઈઓની ખબર પડી. કોમની વતી સત્તાધિકારીઓને લખાણ ગયાં.

ડેપ્યુટેશન પણ ગયાં. સત્તાધિકારીઓની દલીલ એ હતી કે ગમે તે માણસ ગમે તે રીતે દાખલ થાય એ અમને ન પોસાય, એટલે બધા હિન્દીઓની પાસે એક જ જાતના રહેવાના પરવાનાહોવા જોઈએ અને તેમાં એટલી વીગત હોવી જોઈએ કે તેથી એ જ પરવાનાને આધારે તેનો માલિક જ આવી શકે પણ બીજો કોઈ ન આવી શકે. મેં એવી સલાહ આપી કે જો કે કાયદો તો એવો નથી કે જેની રૂએ આપણે એવા પરવાના રાખવાને પણ બંધાએલા હોવા જોઈએ, છતાં જ્યાં સુધી સુલેહ જાળવવાનો કાયદો મોજૂદ છે ત્યાં સુધી એ લોકો પરવાના તો માગી જ શકે છે. જેમ હિન્દુસ્તાનમાં 'ડિફેન્સ ઑફ ઇંડિઆ ઍક્ટ'—હિન્દુસ્તાનના રક્ષણનો કાયદો—હતો તેમ દક્ષિણ આફ્રિકામાં સુલેહ જાળવવાનો કાયદો હતો. જેમ હિન્દુસ્તાનમાં હિન્દુસ્તાનના રક્ષણનો કાયદો લાંબી મુદત સુધી કેવળ પ્રજાપજવણીને ખાતર જ રાખવામાં આવ્યો હતો તેમ આ સુલેહ જાળવવાનો કાયદો કેવળ હિન્દીઓની પજવણીને ખાતર રાખી મૂકવામાં આવ્યો હતો. ગોરાઓની ઉપર સામાન્ય રીતે તેનો અમલ બિલકુલ નહોતો થતો, એમ કહીએ તો ચાલે. હવે જો પરવાના લેવા જ જોઈએ તો એ પરવાનામાં ઓળખની તો કંઈક નિશાની હોવી જ જોઈએ. તેથી જેઓ સહી ન આપી શકે તેઓએ તો અંગુઠાની નિશાની આપવી એ બરાબર છે. પોલીસવાળાઓએ એવું શોધી કાઢ્યું છે કે કોઈ પણ બે માણસનાં આંગળાની રેખા એક સરખી હોતી જ નથી. તેનાં સ્વરૂપ અને સંખ્યાનું તેઓએ વર્ગીકરણ કર્યું છે, અને એ શાસ્ત્રનો જાણનાર માણસ બે અંગુઠાની છાપની સરખામણી કરીને એક બે મિનિટમાં જ કહી શકે કે એ નોખી નોખી વ્યક્તિના છે કે એક વ્યક્તિના. છબિઓ આપવી એ મને તો જરાયે ગમતું ન હતું; અને મુસલમાનોની દૃષ્ટિએ તો એમાં ધાર્મિક હરકત પણ

હતી. છેવટે મસલતનું પરિણામ એ આવ્યું કે દરેક હિન્દીએ પોતાના જૂના પરવાના આપીને નવા ધોરણ પ્રમાણે પરવાના કઢાવી લેવા અને નવા આવનાર હિન્દીને નવા ધોરણના પરવાના જ આપવા. આમ કરવાની હિન્દીઓ ઉપર કાયદાની ફરજ મુદ્દલ ન હતી પણ નવા અંકુશો ન થાય, કોમ દગાથી કોઇને દાખલ કરવાને નથી ઇચ્છતી એમ બતાવી શકાય, અને સુલેહના કાયદાના અમલ નવા આવનારની પજવણીની ખાતર ન કરવામાં આવે એવી ઉમેદથી મરજીઆત પરવાના કઢાવ્યા. એમ કહી શકાય કે લગભગ બધા હિન્દીઓએ આ નવા ધોરણના પરવાના કઢાવી લીધા. આ કંઇ જેવી તેવી વાત ન ગણાય. જે કામ કરવાની કાયદામાં કોમની જરા પણ ફરજ નહિ હતી તે કામ કોમે એકસંપથી ઘણી જ ત્વરાથી કરી બતાવ્યું એ કોમની સચ્ચાઈ, વ્યવહારકુશળતા, દાનાઇ, સમજણ અને નમ્રતાની નિશાની હતી. અને એ કામથી કોમે એમ પણ સિદ્ધ કરી આપ્યું કે ટ્રાન્સવાલના કોઈ પણ કાયદાનો કોઇ પણ રીતે ઉલ્લંઘન કરવાનો તેનો ઇરાદો જ ન હતો. જે સરકારની સાથે જે કોમ આટલા બધા વિવેકથી વર્તે તે કોમને તે સરકાર સંઘરે, માનીતી ગણે અને બીજા પણ હક આપે એમ હિન્દીઓએ માન્યું. ટ્રાન્સવાલની બ્રિટિશ સરકારે આ મહાવિવેકનો બદલો કેવી રીતે આપ્યો એ આપણે આવતા પ્રકરણમાં જોઇ શકીશું.

પ્રકરણ ૧૧ મું

વિવેકનો બદલો—ખૂની કાયદો

પરવાનાઓની રદબદલ થઇ ત્યાં સુધીમાં ૧૯૦૬ની સાલને આપણે પહોંચી ગયા હતા. ૧૯૦૩ની સાલમાં હું ટ્રાન્સવાલમાં ફરી દાખલ થયો હતો. તે વરસના લગભગ મધ્યમાં મેં જોહાનિસ્બર્ગમાં ઑફિસ ખોલી. એટલે બે વરસ એશિયાટિક ઑફિસના હુમલાઓની સામે હાથ દેવામાં જ ગયાં. અમે બધાએ માની લીધું કે પરવાનાઓનું ઠેકાણે પડતાં સરકારને પૂરો સંતોષ મળશે ને કોમને કંઇક શાંતિ મળશે. પણ કોમને નશીબે શાંતિ હતી જ નહિ. મિ. લાયનલ કર્ટિસની ઓળખાણ હું પાછલા પ્રકરણમાં કરાવી ગયો. તેમને લાગ્યું કે હિન્દી કોમે નવા પરવાના કઢાવ્યા એટલેથી ગોરાઓનો હેતુ સિદ્ધ થતો નથી. તેમની દૃષ્ટિએ મહાન કાર્યો અરસપરસની સમજુતીથી થાય એ બસ નહોતું; એવાં કાર્યોની પાછળ કાયદાનું બળ જોઇએ; ત્યારે જ એ શોભી શકે, અને તેના મુદ્દાઓ જળવાઇ શકે. મિ. કર્ટિસનો ઇરાદો એવો હતો કે હિન્દીઓ ઉપર અંકુશ મૂકવાને સારૂ કંઇક એવું કાર્ય થવું જોઇએ કે જેની અસર આખા દક્ષિણ આફ્રિકા ઉપર પડે અને છેવટે બીજાં સંસ્થાન તેનું અનુકરણ પણ કરે. જ્યાં સુધી દક્ષિણ આફ્રિકાનું એક પણ બારૂં હિન્દીઓને માટે ખુલ્લું હોય ત્યાં સુધી ટ્રાન્સવાલ સુરક્ષિત ગણાય નહિ. વળી તેમની દૃષ્ટિ પ્રમાણે સરકાર અને હિન્દી કોમની વચ્ચેની સુલેહથી તો હિન્દી

કોમની પ્રતિષ્ઠા વધી ગણાય. મિ. કર્ટિસનો ઇરાદો એ પ્રતિષ્ઠા વધારવાનો નહિ પણ ઘટાડવાનો હતો. એમને હિન્દીઓની સંમતિની જરૂર ન હતી. એ તો હિન્દીઓ ઉપર બાહ્ય અંકુશ મૂકી કાયદાના રોબથી કોમને થરથરાવવા ઇચ્છતા હતા. તેથી તેમણે એશિયાટિક ઍક્ટનો મુસદ્દો ઘડ્યો અને સરકારને સલાહ આપી કે એ મુસદ્દા પ્રમાણે જ્યાં સુધી કાયદો પસાર ન થાય ત્યાં સુધી છૂપી રીતે ટ્રાન્સવાલમાં હિન્દીઓ દાખલ થવાના જ અને એવી રીતે દાખલ થાય તેને બહાર કાઢવાને સારૂ ચાલુ કાયદાઓમાં કંઇ પણ સાધનો નથી. મિ. કર્ટિસની દલીલો અને મુસદ્દો સરકારને ગમ્યાં અને મુસદ્દા પ્રમાણે ત્યાંની ધારાસભામાં દાખલ કરવાનું બિલ ટ્રાન્સવાલ સરકારી ગૅઝેટમાં પ્રગટ થયું.

આ બિલની વિગત પર હું આવું તે પહેલાં એક મહત્ત્વનો બનાવ બન્યો તે થોડા જ શબ્દોમાં વર્ણવી જવો એ જરૂરનું છે. સત્યાગ્રહનો પ્રેરક હું હોવાથી મારી સ્થિતિઓ વાંચનાર પૂરી રીતે સમજી શકે એ અગત્યનું છે. આમ ટ્રાન્સવાલના હિન્દીઓ ઉપર અંકુશો મૂકવાના પ્રયત્નો થઇ રહ્યા હતા તે જ અરસામાં નાતાલના હબસીઓ—ઝુલુ—નું બંડ નાતાલમાં જાગ્યું. એ ઝગડાને બંડ તરીકે ગણી શકાય કે નહિ એ વિષે મને શંકા હતી. આજે પણ શંકા છે; છતાં એ જ નામથી એ બનાવ નાતાલમાં હમેશાં ઓળખાયો છે. એ વખતે પણ નાતાલમાં રહેનારા ઘણા ગોરાઓ સ્વયંસેવક તરીકે એ બંડ શમાવવામાં દાખલ થયા. હું પણ નાતાલનો જ રહીશ ગણાતો; તેથી મને લાગ્યું કે મારે પણ તેમાં નોકરી કરવી જોઇએ. તેથી કોમની રજા લઇને ઘવાએલાની સારવાર કરનારી ટુકડી ઉભી કરવા દેવાને મેં સરકારને કહેણ મોકલ્યું.

એ કહેણ કબુલ થયું. તેથી ટ્રાન્સવાલનું મારું ઘર છોડ્યું, બાલ બચ્ચાંને નાતાલમાં જે ખેતર ઉપર 'ઇન્ડિયન ઓપીનિઅન' નામનું છાપું ચલાવવામાં આવતું હતું અને જ્યાં મારા સહાયકો રહેતા હતા, ત્યાં મોકલી આપ્યાં. ઑફિસ ચાલૂ રાખી હતી. હું જાણતો હતો કે મારે લાંબી નોકરી નહિ કરવી પડે.

૨૦–૨૫ માણસની નાની ટુકડી ઉભી કરી હું ફોજની સાથે જોડાઇ ગયો. આ નાની ટુકડીમાં પણ લગભગ બધી જાતિઓના હિન્દુસ્તાની હતા. આ ટુકડીએ એક મહિનો નોકરી કરી. અમારા હાથમાં જે કામ આવ્યું તેને સારૂ મેં હમેશાં ઇશ્વરનો અનુગ્રહ માનેલો છે. જે હબસીઓ જખમી થતા તેમને અમે ઉપાડીએ તો જ તે ઉપડે, નહિ તો એમને એમ રીબાય એ મેં અનુભવ્યું. આ જખમીઓના જખમની સારવાર કરવામાં કોઈ પણ ગોરાઓ સહાય થાય જ નહિ. જે શસ્ત્રવૈદના હાથ નીચે અમારે કામ કરવાનું હતું તે પોતે અત્યંત દયાળુ હતો. જખમીઓને ઉંચકીને ઇસ્પિતાલમાં લાવ્યા પછી તેમની સારવાર કરવી એ અમારા ક્ષેત્રની બહાર હતું, પણ અમારી દૃષ્ટિએ તો જે કંઇ મજૂરી સોંપે તે અમારા ક્ષેત્રમાં જ છે એમ સમજીને અમે ગયા હતા. એટલે આ ભલા દાક્તરે અમને કહ્યું કે તેને કોઇ પણ ગોરો સારવાર કરનારો મળતો નથી, એ કોઇને ફરજ પાડી શકે એવી તેની શક્તિ નથી, અને અમે જો આ દયાનું કામ કરીએ તો તે ઉપકાર માનશે. અમે એ કામને વધાવી લીધું. કેટલાક હબસીઓના જખમ પાંચ પાંચ છ છ દિવસ થયાં દુરસ્ત કરવામાં આવ્યા જ ન હતા તેથી વાસ મારતા હતા. એ બધા સાફ કરવાનું અમારે માથે આવ્યું અને અમને એ બહુ જ ગમ્યું. હબસીઓ અમારી સાથે બોલી તો શું જ શકે! હબસીઓની ચેષ્ટા અને તેઓની આંખો ઉપરથી અમે જોઇ

શકતા હતા કે તેઓને મદદ કરવા કેમ જાણે અમને ઇશ્વરે મોકલ્યા ન હોય એમ તેઓને લાગતું હતું. આ કામમાં કેટલીક વેળાએ દિવસમાં ચાળીસ ચાળીસ માઇલનો પંથ પણ અમારે કરવો પડતો.

એક મહિનામાં અમારૂં કામ પતી ગયું. અમલદારોને સંતોષ થયો. ગવર્નરે ઉપકારનો કાગળ લખ્યો. આ ટુકડીમાં ત્રણ ગુજરાતી, જેઓને સાર્જન્ટનો અધિકાર આપવામાં આવ્યો હતો તેમનાં નામ જાણી ગુજરાતીઓ ખુશી થશે જ. તેમાંના એક ઉમીઆશંકર સેલત, બીજા સુરેન્દરાય મેઢ અને ત્રીજા હરીશંકર જોશી. ત્રણે કસાએલા શરીરના હતા અને ત્રણેયે ઘણી સખત મહેનત કરેલી. બીજા હિન્દીઓનાં નામ અત્યારે મને યાદ નથી આવતાં, પણ એક પઠાણ પણ તેમાં હતો એટલું મને બરોબર યાદ છે. અને તેના જેટલો જ બોજો અમે બધા ઉંચકી શકતા ને કૂચ કરવામાં પણ અમે સાથે રહી શકતા, એ તેને આશ્ચર્યકારક લાગતું એ પણ મને યાદ છે.

આ ટુકડીના કામને અંગે મારા બે વિચારો જે મનમાં ધીમે ધીમે પાકયા કરતા હતા એ પાકીને ઉતર્યા એમ કહી શકાય. એક તો એ કે સેવાધર્મને પ્રધાનપદ આપનારે બ્રહ્મચર્યનું પાલન કરવું જ જોઇએ અને બીજો એ કે સેવાધર્મ કરનારે ગરીબી સદાયને સારૂ ધારણ કરવી જોઇએ. તે કોઇ એવા વ્યવસાયમાં ન પડે કે જેથી સેવાધર્મ કરવામાં કયાંયે તેને સંકોચ થવા વખત આવે અથવા જરાયે અટકાયત થઇ શકે.

આ ટુકડીમાં હું કામ કરતો હતો ત્યાં જ ટ્રાન્સવાલ જેમ બને તેમ જલદી જવા વિષે કાગળો અને તારો આવી જ રહ્યા હતા. એટલે ફિનિકસમાં સૌને મળીને હું તુરત જોહાનીસબર્ગ પહોંચી ગયો, અને ત્યાં હું ઉપર જણાવી ગયો તે

ાલ વાંચ્યું. બિલવાળું ગૅઝેટ હું ઑફિસેથી ઘેર લઈ ગયો હતો.
ની પાસે એક નાની સરખી ટેકરી હતી. ત્યાં મારા સાથીને
ને એ બિલનો તરજુમો 'ઇન્ડિયન ઓપીનીઅન'ને સારુ
ી રહ્યો હતો. જેમ જેમ એ બિલની કલમો હું વાંચતો ગયો
મ તેમ હું કાંપતો હતો. હું એમાં હિન્દીઓના દ્વેષ સિવાય કંઈ
ન જોઈ શક્યો. મને એમ લાગ્યું કે જો આ બિલ પસાર
જાય અને હિન્દીઓ તેને કબૂલ રાખે તો દક્ષિણ
ાફ્રિકામાં હિન્દી કોમનો જડમૂળથી પગ ઉખડી જાય. હું
ષ્ટ રીતે જોઈ શક્યો કે હિન્દી કોમને સારુ આ જીવવા-
રવાનો સવાલ છે. મને એમ પણ ભાસ્યું કે કોમ અરજીઓ
ીને સફળ ન થાય તો મૂંગી બેસી ન જ શકે. એ કાયદાને
રણ થવું તેના કરતાં તો ભલે મરવું. પણ કેમ મરાય? એવા
ા જોખમમાં કોમ ઉતરે અથવા ઉતરવાની હિંમત કરે કે
થી તેની સામે યા તો જીત અથવા તો મોત એ સિવાય ત્રીજો
તો રહે જ નાહ? મારે સારુ તો એવી ભયંકર દીવાલ ખડી
કે રસ્તો સૂઝ્યો નહિ. જે ખરડાએ મને આટલો બધો
ામલાવી દીધો તેની વિગત વાંચનારે જાણવી જ જોઈએ. તેનો
ાર નીચે પ્રમાણે છે:

ટ્રાન્સવાલમાં રહેવાનો હક ધરાવનાર દરેક હિન્દી પુરુષ, સ્ત્રી
ને આઠ વરસ અથવા આઠ વરસની ઉપરનાં બાલક બાલિકાએ
શિઆઈ દફતરમાં પોતાનાં નામ નોંધાવી પરવાના મેળવવા. એ
વાના લેતી વખતે જૂના પરવાના અમલદારને સોંપી દેવા.
ધાવવાની અરજીમાં નામ, ઠામ, જાત, ઉમર વગેરે આપવાં.
ધનાર અમલદારે અરજદારના શરીર ઉપર મુખ્ય નિશાનીઓ
ા તે નોંધી લેવી. અરજદારનાં બધાં આંગળાંની અને અંગુઠાની

છાપ લેવી. ઠરાવેલી મુદતની અંદર જે હિન્દી સ્ત્રીપુરુષ આ પ્રમાણે અરજી ન કરે તેના ટ્રાન્સવાલમાં રહેવાના હક રદ થાય. અરજી ન કરવી એ કાયદેસર ગુન્હો ગણાય. તેને સારુ જેલ મળી શકે, દંડ થઇ શકે અને કોરટની મુન્સફી મુજબ હદપાર પણ કરવામાં આવે. બચ્ચાંઓની અરજી માબાપે કરવી જોઇએ અને નિશાનીઓ આંગળાં વગેરે લેવાને સારુ બચ્ચાંને અમલદારોની સમક્ષ રજૂ કરવાની જવાબદારી પણ માબાપની ઉપર. જો માબાપે તે જવાબદારી અદા ન કરી હોય તો સોળ વરસની ઉમરે પહોંચતાં તે જવાબદારી બાળકે પોતે અદા કરવી જોઇએ અને જે જે સજાને પાત્ર માબાપ થાય તે જ સજાને પાત્ર સોળ વરસની ઉમરે પહોંચેલા જુવાનીઆ પણ ગણાય. જે પરવાના અરજદારને આપવામાં આવે તે હરકોઇ પોલીસ અમલદારની પાસે જ્યારે અને જ્યાં માગવામાં આવે ત્યારે અને ત્યાં હાજર કરવા જ જોઇએ. એ પરવાના હાજર ન કરવા એ ગુન્હો ગણાય અને તેને સારુ કેદ અથવા દંડની સજા કોરટ કરી શકે. આ પરવાનાની માગણી રસ્તે ચાલતા મુસાફરની પાસે પણ કરી શકાય. પરવાનાઓ તપાસવાને સારુ અમલદાર ઘરપ્રવેશ પણ કરી શકે. ટ્રાન્સવાલ બહારથી દાખલ થતા હિન્દી સ્ત્રીપુરુષે તપાસ કરનાર અમલદારની પાસે પોતાના પરવાના રજૂ કરવા જ જોઇએ. અદાલતોમાં કંઇ કામસર જાય અથવા મહેસુલ ઑફિસમાં વેપારની કે બાઇસીકલ રાખવાની રજાચીઠ્ઠી લેવા જાય, ત્યાં પણ અમલદાર પરવાના માગી શકે. એટલે કે કોઈ પણ સરકારી ઑફિસની અંદર તે ઑફિસને લગતું કંઇ કામ લેવાને જાય તો અમલદાર હિન્દીને દાદ આપતા પહેલાં હિન્દીની પાસેથી તેનો પરવાનો માગી શકે. આ પરવાના રજુ કરવાનો અથવા પરવાનો રાખનાર માણસની પાસેથી તે વિષેની જે કંઇ પણ હકીકત અમલદાર માગે તેનો

ઇન્કાર કરવો એ પણ ગુન્હો ગણાય, અને તેને સારૂ પણ કેદ અથવા દંડની સજા કોરટ કરી શકે.

આવી જાતનો કાયદો દુનિઆના કોઇ પણ ભાગમાં સ્વતંત્ર માણસોને સારૂ હોય એવું મેં જાણ્યું નથી. નાતાલના ગીરમિટીઆ હિન્દી ભાઇઓને વિષે પરવાનાના કાયદા ઘણા સખત છે એ હું જાણું છું, પણ તેઓ તો બિચારા સ્વતંત્ર ગણાય જ નહિ. છતાં તેઓના પરવાનાના કાયદા આ કાયદાના પ્રમાણમાં હળવા છે એમ કહી શકાય, અને એ કાયદા તોડવાના ગુન્હાની સજા આ કાયદાની સજાની પાસે તો કંઇ જ નહિ. લાખો રૂપીઆનો વેપારી એ આ કાયદાની રૂએ દેશપાર થઇ શકે. એટલે કે એની આર્થિક સ્થિતિનો જડમૂળથી નાશ થઇ શકે એવી સ્થિતિ પણ એ કાયદાના ભંગથી પેદા થઇ શકે. અને ધીરજવાન વાંચનાર આગળ જતાં જોઇ શકશે કે એવા ભંગને સારૂ દેશપાર થવાની સજાઓ પણ થઇ ચૂકેલી છે. ગુન્હા કરનારી કોમોને સારૂ હિન્દુસ્તાનમાં કેટલાક આકરા કાયદાઓ છે. આ કાયદાની સરખામણી એ કાયદાઓની સાથે સહેજે થઇ શકે એમ છે, અને એકંદર સરખામણી કરતાં સખતીમાં આ કાયદો કોઇ પણ રીતે ઉતરે એમ ન કહી શકાય. જે દસે આંગળાં લેવાની આ કાયદામાં કલમ હતી તે દક્ષિણ આફ્રિકામાં કેવળ નવી જ વાત હતી. આ બાબતનું સાહિત્ય વાંચવું જોઇએ એમ વિચારીને એક પોલીસ અમલદાર મિ. હેનરીએ 'આંગળાંની નિશાનીઓ' (ફીંગર ઇંપ્રેશન્સ) એ નામનું પુસ્તક લખ્યું છે તે હું વાંચી ગયો. તેમાં મેં જોયું કે આમ કાયદેસર આંગળાં કેવળ ગુન્હેગારોની પાસેથી જ લેવામાં આવે છે. એટલે જબરદસ્તીથી દસ આંગળાં લેવાની વાત અતિશય ભયંકર લાગી. સ્ત્રીઓએ પરવાના લેવા એ પ્રથા પણ આ ખરડામાં પહેલી દાખલ થઇ. અને તે જ પ્રમાણે ૧૬ વરસની અંદરના બાળકોનું.

બીજે દિવસે આગેવાન હિન્દીઓને ભેળા કરી મેં તેમને આ કાયદો અક્ષરે અક્ષર સમજાવ્યો. પરિણામે જે અસર મારા ઉપર થઈ હતી તેવી જ અસર તેઓની ઉપર પણ થઈ અને તેમાંના એક તો આવેશમાં બોલી ઉઠયા કે 'મારી ઓરતની પાસેથી પરવાનો માગવા આવે તે માણસને હું તો ત્યાંને ત્યાં ઠાર જ કરૂં, પછી ભલે મારૂં ગમે તે થાય' મેં તેમને શાંત પાડયા અને બધાને કહ્યું: "આ મામલો ઘણો ગંભીર છે. આ બિલ જો પસાર થાય અને આપણે તેને કબૂલ રાખીએ તો તેનું અનુકરણ આખા દક્ષિણ આફ્રિકામાં થવાનું. મને તો એનો હેતુ જ એ લાગે છે કે આપણી અહીંની હસ્તી નાબૂદ કરવી. આ કાયદો એ કંઇ છેલ્લું પગથિયું નથી, પણ આપણને રીબાવીને દક્ષિણ આફ્રિકામાંથી નસાડવાનું પહેલું પગથિયું છે. એટલે આપણી ઉપર જવાબદારી માત્ર ટ્રાન્સવાલમાં વસતા દસ પંદર હજાર હિન્દીઓની જ છે એમ નથી, પણ દક્ષિણ આફ્રિકાના હિન્દીમાત્રને વાસ્તે છે. વળી જો આપણે આ ખરડાનું રહસ્ય પૂરૂં સમજી શકીએ તો તો આખા હિન્દુસ્તાનની પ્રતિષ્ઠાની જવાબદારી પણ આપણી ઉપર આવે છે. કેમકે આ બિલથી આપણું જ અપમાન થાય છે એમ ન કહેવાય, પણ આખા હિન્દુસ્તાનનું અપમાન એમાં રહેલું છે. અપમાનનો અર્થ જ એ છે કે નિર્દોષ માણસના માનનો ભંગ થવો. આપણે આવા કાયદાને પાત્ર છીએ એમ કહેવાય જ નહિ. આપણે નિર્દોષ છીએ, અને પ્રજાના એક પણ નિર્દોષ અંગનું અપમાન તે આખી પ્રજાના અપમાન બરોબર છે. એટલે આવે કઠિન પ્રસંગે આપણે ઉતાવળ કરીશું, અધીરા થઇશું, ગુસ્સે થઇશું, તો તેટલાથી કંઈ આ હુમલામાંથી નહિ બચી શકીએ. પણ જો આપણે શાંતિથી ઇલાજો શોધી વખતસર લે લઇશું, એકત્ર રહીશું અને અપમાનની સામે થતાં પડે

તે દુ:ખ પણ સહન કરશું તો હું માનું છું કે આપણને ઈશ્વર જ મદદ કરશે. સૌ બિલનું ગાંભીર્ય સમજી શક્યા, અને એવો ઠરાવ કર્યો કે એક જાહેર સભા ભરવી અને કેટલાક ઠરાવો રજૂ કરી તે પસાર કરાવવા. યહુદીઓની એક નાટકશાળા ભાડે રાખી ત્યાં સભા બોલાવવામાં આવી.

હવે વાંચનાર સમજી શકશે કે આ પ્રકરણને મથાળે 'ખૂની કાયદો' એવા નામથી આ બિલને કેમ ઓળખાવવામાં આવ્યું છે. એ વિશેષણ મેં એ પ્રકરણને સારૂ નથી યોજેલું, પણ એ વિશેષણનો ઉપયોગ દક્ષિણ આફ્રિકામાં જ એ કાયદાને ઓળખાવવાને સારૂ પ્રચલિત થઇ ગયો હતો.

પ્રકરણ ૧૨ મું

સત્યાગ્રહનો જન્મ

આ નાટકશાળામાં સભા તો ભરી. ટ્રાન્સવાલનાં જુદાં જુદાં શહેરોમાંથી પ્રતિનિધિઓને બોલાવ્યા. પણ મારે કબૂલ કરવું જોઇએ કે જે ઠરાવો મેં ઘડયા હતા તેનો પૂરો અર્થ હું પોતે જાણી શક્યો ન હતો, તેમ જ તેમાંથી ક્યાં પરિણામ આવી શકે એ પણ એ વખતે હું નહોતો માપી શક્યો. સભા ભરાઇ, નાટકશાળામાં ક્યાંયે ખાલી જગ્યા ન રહી. કંઇક નવું કરવાનું છે, નવું થવાનું છે એમ સૌના ચહેરા ઉપરથી જોઇ શકતો હતો. ટ્રાન્સવાલ બ્રિટિશ ઇન્ડિયન એસોસીએશનના પ્રમુખ મિ. અબદુલગની ખુરશીએ વિરાજ્યા હતા. ટ્રાન્સવાલના ઘણા જ જૂના હિન્દી રહીશમાંના એ એક હતા. મહમદ કાસમ કમરુદ્દીન નામની પ્રખ્યાત પેઢીના તે ભાગીદાર અને જોહાનીસબર્ગની શાખાના વ્યવસ્થાપક હતા. સભામાં જે ઠરાવો રજૂ થયા હતા તેમાં ખરેખરો એક જ ઠરાવ હતો. એની મતલબ એવી હતી કે એ બિલની સામે બધા ઉપાયો લેવા છતાં પણ જો એ પાસ થાય તો હિન્દીઓએ તેને શરણ ન થવું, અને શરણ ન થવાથી જે જે દુ:ખો પડે તે બધાં સહન કરવાં.

આ ઠરાવ સભાને હું બરોબર સમજાવી ગયો. સભાએ શાંતિથી તે સાંભળ્યો. કારભાર તો બધો હિન્દીમાં અથવા ગુજરાતીમાં

જ હોય, એટલે કોઇ પણ કંઇ ન સમજી શકે એવું તો બને જ નહિ. હિન્દી નહિ સમજનારા તામિલ અને તેલુગુભાઇઓને સારુ તે તે ભાષાના બોલનારા પણ બધી હકીકત પૂરેપૂરી સમજાવે. નિયમપૂર્વક દરખાસ્ત થઇ. ઘણા માણસોએ ટેકો પણ આપ્યો. તેમાં એક બોલનાર શેઠ હાજી હબીબ હતા. એ પણ દક્ષિણ આફ્રિકાના ઘણા જૂના અને અનુભવી રહીશ હતા. તેમણે અતિશય જુસ્સાદાર ભાષણ કર્યું. અને આવેશમાં આવીને તેમણે એમ પણ કહ્યું કે આ ઠરાવ આપણે ખુદાને હાજરનાજર જાણીને કરવાનો છે. આપણે નામર્દ થઇને આવા કાયદાને કદિ વશ નહિ થઇએ. તેથી હું તો ખુદાના કસમ ખાઇને કહું છું કે આ કાયદાને હરગિજ તાબે નહિ થાઉં, અને આ આખી મિજલસને સલાહ આપું છું કે તેઓએ ખુદાને હાજરનાજર જાણીને કસમ લેવા.

ટેકામાં બીજાં પણ તીખાં અને જોરાવર ભાષણો થયાં. જ્યારે શેઠ હાજી હબીબ બોલતા હતા અને કસમની વાત ઉપર આવ્યા એટલે હું તરત ચમક્યો અને સાવધાન થયો. ત્યારે જ મારી પોતાની જવાબદારીનું અને કોમની જવાબદારીનું મને પૂરેપૂરું ભાન આવ્યું. આજ લગી કોમે ઘણા ઘણા ઠરાવ કર્યાં હતા. તેમાં વધુ વિચારે અથવા નવા અનુભવે ફેરફારો પણ કર્યા હતા. એવા ઠરાવોનો બધા અમલ ન કરે એવું પણ બનેલું હતું. ઠરાવના ફેરફારો, ઠરાવમાં સંમત થએલાના ઇન્કાર, વગેરે વસ્તુઓ આખી દુનિયામાં જાહેર જીંદગીના સ્વાભાવિક અનુભવ છે. પણ એવા ઠરાવોમાં કોઇ ઇશ્વરનું નામ વચમાં લાવતું નથી. તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરતાં નિશ્ચય અને ઇશ્વરનું નામ લઇને કરેલી પ્રતિજ્ઞા એ બેની વચ્ચે કંઇ ભેદ હોવો નહિ જોઇએ. બુદ્ધિશાળી માણસ વિચારપૂર્વક કંઇ નિશ્ચય કરે તો તેમાંથી એ ડગતો નથી. તેને મન તેનું વજન ઇશ્વરને સાક્ષી રાખી કરેલી પ્રતિજ્ઞાના

જેટલું જ છે. પણ દુનિયા તાત્ત્વિક નિર્ણયોથી નથી ચાલતી. ઈશ્વરને સાક્ષી રાખી કરેલી પ્રતિજ્ઞા અને સામાન્ય નિશ્ચય વચ્ચે મહાસાગર જેટલું અંતર માને છે. સામાન્ય નિશ્ચય ફેરવવામાં ફેરવનાર નથી શરમાતો, પણ પ્રતિજ્ઞા કરેલ માણસ પ્રતિજ્ઞાભંગ કરે તો પોતે શરમાય છે, સમાજ તેને ફિટકારે છે અને પાપી ગણે છે. આ વસ્તુએ એટલી બધી ઊંડી જડ ઘાલી છે કે કાયદાઓમાં પણ કસમ ખાઈને કહેલી વાત જૂઠી ઠરે તો કસમ ખાનારે ગુન્હો કર્યો ગણાય છે અને તેને સખત સજા મળે છે.

આવા વિચારોથી ભરેલો હું પ્રતિજ્ઞાઓનો અનુભવી, પ્રતિજ્ઞાનાં સારાં ફળ ચાખનાર, ઉપલી પ્રતિજ્ઞાની વાતથી હેબતાઈ જ ગયો. મેં તેનાં પરિણામો એક ક્ષણની અંદર જોઈ લીધાં. એ ગભરામણોમાંથી જુસ્સો પેદા થયો. અને જો કે હું એ સભામાં પ્રતિજ્ઞા કરવા કે લોકોની પાસે પ્રતિજ્ઞા કરાવવાના ઇરાદાથી નહિ ગએલો, છતાં મને શેઠ હાજી હબીબની સૂચના અત્યંત ગમી. પણ તેની સાથે મને એમ પણ થયું કે બધાં પરિણામોથી લોકોને વાકેફ કરવા જોઈએ, પ્રતિજ્ઞાનો અર્થ સ્પષ્ટ રીતે સમજાવવો જોઈએ અને પછી પ્રતિજ્ઞા કરી શકે તો જ તે વધાવી લેવી, અને ન કરી શકે તો મારે સમજી લેવું કે લોકો હજુ અંતિમની કસોટીએ ચઢવા તૈયાર નથી થયા. તેથી મેં પ્રમુખની રજા માગી કે શેઠ હાજી હબીબના કહેવાનું રહસ્ય મને સમજાવવા દો. મને રજા મળી અને હું ઊઠ્યો. અને જે પ્રમાણે મેં કહ્યું તેનો સાર અત્યારે મને જેવો યાદ છે તેવો હું નીચે આપું છું:—

'આજ સુધીમાં જે ઠરાવો આપણે કર્યા છે અને તે જેવી રીતે કર્યા છે, તે ઠરાવોમાં અને તે રીતમાં અને આ ઠરાવમાં અને આ ઠરાવની રીતમાં ઘણો તફાવત છે એ હું આ સભાને

સમજાવવા ઇચ્છું છું. ઠરાવ ઘણો ગંભીર છે કેમકે તેના પૂરેપૂરા અમલમાં દક્ષિણ આફ્રિકામાં આપણી હસ્તી છુપાએલી છે. એ ઠરાવ કરવાની રીત જે આપણા ભાઇએ સૂચવી છે, એ જેમ ગંભીર છે તેમજ નવીન છે. હું પોતે એ રીતે ઠરાવ કરાવવાનો વિચાર કરી અહીં આવ્યો ન હતો. તે યશના ધણી કેવળ શેઠ હાજી હબીબ છે, અને એ જવાબદારીનું જોખમ પણ એમની જ ઉપર છે. એમને હું મુબારકબાદી આપું છું. એમની સૂચના મને બહુ ગમી છે. પણ જો એમની સૂચનાને તમે ઝીલી લ્યો તો તેની જવાબદારીમાં તમે પણ ભાગીદાર થશો. એ જવાબદારી શું છે એ તમારે સમજવું જ જોઇએ, અને કોમના સલાહકાર અને સેવક તરીકે એ પૂરેપૂરી સમજાવવી એ મારો ધર્મ છે.

આપણે બધા એક જ સરજનહારને માનનારા છીએ. તેને મુસલમાન ભલે ખુદાને નામે પોકારે, હિન્દુ ભલે તેને ઇશ્વરને નામે ભજે, પણ તે એક જ સ્વરૂપ છે. એને સાક્ષી કરી, એને દરમ્યાન રાખી, આપણે પ્રતિજ્ઞા લેવી કે કસમ ખાવા એ નાનીસૂની વાત નથી. એવા કસમ ખાઇને જો આપણે ફરી જઇએ તો કોમના, જગતના અને ખુદાના ગુન્હેગાર થઇએ. હું તો માનું છું કે સાવધાનીથી શુદ્ધ બુદ્ધિથી જે માણસ પ્રતિજ્ઞા લે અને પછી તેનો ભંગ કરે તે પોતાની ઇન્સાનિયત અથવા માણસાઇ ખોઇ બેસે છે, અને જેમ પારો ચઢાવેલો તાંબાનો સિક્કો રૂપીઓ નથી એમ માલમ પડતાં તેની કંઇ કિંમત રહેતી નથી એટલું જ નહિ પણ એ ખોટા સિક્કાનો માલીક સજાપાત્ર થાય છે, તેમ ખોટા કસમ ખાનારની પણ કિંમત રહેતી નથી એટલું જ નહિ પણ તે આ લોક અને પરલોક બન્નેમાં સજાને પાત્ર થાય છે. આવા કસમ ખાવાનું શેઠ હાજી

હખીજ સૂચવે છે. આ સભામાં એવો કોઇ નથી કે જે બાળક અથવા અણસમજુ ગણાય. તમે બધા પીઢ છો, દુનિયા જોએલી છે, ઘણાઓ તો પ્રતિનિધિ છો, ઘણાએ વત્તાઓછા પ્રમાણમાં જવાબદારી ભોગવી છે એટલે આ સભામાંનો એક પણ માણસ "સમજ્યા વિના મેં પ્રતિજ્ઞા લીધી" એમ કહીને કદિ છટકી નહિ શકે.

'હું જાણું છું કે પ્રતિજ્ઞાઓ, વ્રતો વગેરે કોઈ ભારે પ્રસંગે જ લેવાય છે અને લેવાવાં જોઇએ. હાલતાં ચાલતાં પ્રતિજ્ઞા લેનાર માણસ જરૂર પાછો પડે. પણ જો આપણા સમાજજીવનમાં આ મુલકમાં પ્રતિજ્ઞાને લાયક કોઇ પણ પ્રસંગ હું કલ્પી શકું તો તો જરૂર આ પ્રસંગ છે. ઘણી સંભાળપૂર્વક અને ડરી ડરીને આવાં પગલાં ભરવાં એ ડહાપણ છે. પણ ડર અને સંભાળની પણ હદ હોય છે. એ હદે આપણે પહોંચી ગયા છીએ. સરકારે સભ્યતાની મર્યાદા મૂકી દીધી. આપણી ચોમેર જ્યારે તેણે દાવાનળ સળગાવી મૂકેલો છે ત્યારે પણ આપણે યાહોમ ન કરીએ અને વિમાસણમાં પડી રહીએ તો આપણે નાલાયક અને નામર્દ ઠરીએ. એટલે આ અવસર કસમ લેવાનો છે એ વિષે તો જરાયે શંકા નથી. પણ એ કસમ લેવાની આપણી શક્તિ છે કે નહિ તે તો દરેક માણસે પોતાને સારૂ વિચારી લેવાનું રહ્યું છે. આવા ઠરાવ ઝાઝે મતે પસાર નથી થતા. જેટલા માણસો કસમ ખાય તેટલા જ તે કસમથી બંધાય છે. આવા કસમ દેખાવને સારૂ નથી ખવાતા. તેની અસર અહીંની સરકાર, વડી સરકાર કે હિન્દી સરકાર ઉપર કેવી પડશે એનો ખ્યાલ કોઇ મુદ્દલ ન કરે. દરેકે પોતાના હૃદય ઉપર હાથ મૂકીને પોતાનું હૃદય જ તપાસવું રહ્યું અને એમ કર્યા પછી

જો એનો અંતરાત્મા જવાબ આપે કે કસમ લેવાની શક્તિ છે, તોજ કસમ લેવા, અને તે જ ફળે.

'હવે એ બોલ પરિણામ વિષે. સારામાં સારી આશા બાંધીને તો એમ કહી શકાય કે જો બધા પોતાના કસમ ઉપર કાયમ રહે અને હિન્દી કોમનો મોટો ભાગ કસમ ખાઈ શકે તો આ કાયદો પસાર પણ ન થાય, અથવા પસાર થાય તો તુરતમાં રદ થાય જ. કોમને ઘણું સહન ન કરવું પડે. એમ પણ બને કે કંઈ સહન ન કરવું પડે. પણ કસમ ખાનારનો ધર્મ એક તરફથી શ્રદ્ધાપૂર્વક આશા રાખવાનો છે તેમ જ બીજી તરફથી કેવળ નિરાશાવાન રહીને કસમ ખાવા તૈયાર થવાનો છે. તેથી જ આપણી લડતમાં જે કડવામાં કડવાં પરિણામ આવી શકે એનો ચિતાર હું આ સભાની પાસે ખડો કરવા ઇચ્છું છું. આપણે અહીંઆ રહેલા કસમ ખાઇએ. બહુમાં બહુ આપણી સંખ્યા ૩૦૦૦ ની હોય. બાકીના ૧૦,૦૦૦ કસમ ન ખાય એમ પણ બને. આરંભમાં તો આપણી હાંસી થવાની જ. વળી આટલી બધી ચેતવણી આપ્યા છતાં એમ બનવું તદ્દન સંભવિત છે કે કસમ ખાનારાઓમાંના કેટલાક અથવા ઘણા પહેલી કસોટીએ જ નબળા માલમ પડે. આપણે જેલમાં જવું પડે. જેલમાં અપમાનો સહન કરવાં પડે. ભૂખ ટાઢ તડકા પણ સેવવા પડે. સખત મજૂરી કરવી પડે. ઉદ્ધત દરોગાઓના માર પણ ખાવા પડે. દંડ થાય અને સેલ (ટાંચ)માં માલ પણ વેચાઈ જાય. લડનારા ઘણા થોડા રહી જઇએ તો આજે આપણી પાસે ઘણો પૈસો હોય છતાં કંગાલ પણ બનીએ, દેશપાર પણ થવું પડે, અને ભૂખો ખેંચતાં, જેલનાં બીજાં દુઃખો વેઠતાં કોઇ માંદા પણ પડે અને કોઇ મરે પણ ખરા. એટલે ટૂંકમાં જે દુઃખ તમે કલ્પી શકો તે બધાં

આપણે સહન કરવાં પડે એમાં કશુંયે અશક્ય નથી, અને ડહાપણ તો એ કે એ બધું સહન કરવું પડશે એમ માનીને જ આપણે કસમ લેવા. મને કોઇ પૂછે કે આ લડાઇનો અંત શું આવે અને ક્યારે આવે તો હું કહી શકું કે જો આખી કોમ કસોટીમાંથી સાંગોપાંગ ઉતરે તો આ લડાઇનો નિકાલ તુરત આવે. પણ જો આપણામાંના ઘણા ભીડ આવ્યે પડી જાય તો લડાઇ લાંબી ચાલે. પણ એટલું તો હું હિંમતથી અને નિશ્ચયપૂર્વક કહી શકું છું, કે જ્યાં સુધી મૂઠીભર માણસો પણ પ્રતિજ્ઞાને જીવંત રાખનારા હશે ત્યાં સુધી આ લડતનો એક જ અંત સમજવો; એટલે કે તેમાં આપણી જીત જ છે.

હવે મારી અંગત જવાબદારી વિષે બે શબ્દ. હું જો કે પ્રતિજ્ઞા લેવામાં રહેલાં જોખમો બતાવી રહ્યો છું છતાં તમને સોગન લેવા પ્રેરી પણ રહ્યો છું. તેમાં હું મારી જવાબદારી બરાબર સમજું છું. એવું પણ બને કે આજના આવેશથી અથવા ગુસ્સામાં આવી જઇને આ સભાનો મોટો ભાગ પ્રતિજ્ઞા લે, પણ ભીડને સમયે નિર્બળ નીવડે અને માત્ર મૂઠીભર જ છેવટનો તાપ સહન કરી શકે એવા રહે. તો પણ મારા જેવાને સારૂ તો એક જ રસ્તો રહ્યો છે,—મરી છૂટવું પણ કાયદાને વશ ન થવું. હું તો એમ માનું છું કે ધારો કે એવું બને—તેવું બનાવવાનો જરાયે સંભવ નથી જ પણ માની લઇએ—કે સૌ પડ્યા અને હું એકલો જ રહ્યો તો પણ પ્રતિજ્ઞાનો ભંગ મારાથી ન જ થાય એમ મારી ખાત્રી છે. આ કહેવાનો હેતુ સમજી લેશો. આ મગરૂરીની વાત નથી, પણ મુખ્યત્વે કરીને આ માંચડા ઉપર બેઠેલા આગેવાનોને સાવધાન કરવાની વાત છે. મારો દાખલો લઈ આગેવાનોને હું વિનયપૂર્વક કહેવા ઇચ્છું છું કે તમે એક જ બાકી રહી જાઓ તો પણ મક્કમ રહેવાનો નિશ્ચય કે તેમ કરવાની શક્તિ ન હોય તો તમે

પોતે પ્રતિજ્ઞા ન લેશો, એટલું જ નહિ પણ લોકોની સમક્ષ આ ઠરાવ મૂકી પ્રતિજ્ઞા લેવામાં આવે તે પહેલાં તમારો વિરોધ લોકોને જાહેર કરજો અને તમે પોતે તમારી સંમતિ ન આપશો. આ પ્રતિજ્ઞા જો કે આપણે બધા સાથે મળીને લેવા ઇચ્છીએ છીએ તો પણ કોઈ એવો અર્થ તો ન જ કરે કે એક અથવા ઘણા પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરે તો બીજાઓ સહેજે બંધનમુક્ત થઈ શકે છે. સૌ પોતપોતાની જવાબદારી પૂરી સમજીને સ્વતંત્ર રીતે પ્રતિજ્ઞા લે અને બીજા ગમે તેમ કરે તે છતાં પોતે તો મરતાં સુધી પણ તેનું પાલન કરશે એમ સમજીને જ લે.'

આવા પ્રકારનું બોલીને હું બેસી ગયો. લોકોએ અતિશય શાંતિથી શબ્દેશબ્દ સાંભળ્યો. બીજા આગેવાનો પણ બોલ્યા. બધાએ પોતાની જવાબદારી અને સાંભળનારની જવાબદારી ઉપર વિવેચન કર્યું. પ્રમુખ ઊઠ્યા. તેમણે પણ સમજાવ્યું અને છેવટે આખી સભાએ ઉભા રહીને હાથ ઉંચા કરીને ઇશ્વરને સાક્ષી ગણીને કાયદો પસાર થાય તો તેને શરણ ન થવાની પ્રતિજ્ઞા કરી. એ દેખાવ હું તો કોઇ દિવસ ભૂલી શકું એમ નથી. લોકોના ઉત્સાહનો પાર નહોતો. બીજે જ દિવસે એ નાટકશાળામાં કંઇ અકસ્માત થયો અને આખી બળીને ભસ્મ થઈ ગઇ. ત્રીજે દિવસે લોકો મારી પાસે એ ખબર લાવ્યા અને કોમને મુબારકબાદી દેવા લાગ્યા કે નાટકશાળાનું બળવું એ શુભ શુકન હતા; જેમ નાટકશાળા બળી ગઇ તેમ કાયદો પણ બળી જશે. આવી નિશાનીઓની કોઈ દિવસ મારી ઉપર અસર થઇ નથી એટલે મેં તેની ઉપર વજન ન આપ્યું. એ વસ્તુની અહીંઆં નોંધ લઉં છું તે લોકોનું સૌર્ય અને શ્રદ્ધા બતાવવાની ખાતર. એ બન્નેની બીજી ઘણી નિશાનીઓ હવે પછીનાં પ્રકરણોમાં વાંચનાર જોશે.

ઉપરની મહાન સભા ભરાયા બાદ કામ કરનારાઓ બેસી ન રહ્યા. ઠેકઠેકાણે સભાઓ ભરાઇ અને બધી જગ્યાએ સર્વાનુમતે પ્રતિજ્ઞાઓ લેવાઇ. "ઇન્ડિયન ઓપીનિઅન"માં હવે મુખ્ય ચર્ચાનો વિષય ખૂની કાયદો જ રહ્યો. બીજી તરફથી સ્થાનિક સરકારને મળવાને પણ પગલાં ભર્યાં. એ ખાતાના ઉપરી પ્રધાનની પાસે એક ડેપ્યુટેશન ગયું. પ્રાતજ્ઞાની વાતો પણ સંભળાવી. શેઠ હાજી હબીબ જે એ ડેપ્યુટેશનમાં હતા એમણે કહ્યું, "જો મારી ઓરતનાં આંગળાં લેવા કોઇ પણ અમલદાર આવશે તો હું મારા ગુસ્સાને જરાયે કાબુમાં રાખી શકીશ નહિ. તેને હું ઠાર મારવાનો અને હું મરવાનો." પ્રધાન ક્ષણવાર શેઠ હાજી હબીબના મુખ સામું જોઇ રહ્યા. તેણે કહ્યું: "આ કાયદો ઓરતોને લાગૂ પાડવા બાબત સરકાર વિચાર કરી જ રહેલી છે અને એટલી ખાત્રી તો હું હમણાં જ આપી શકું છું કે ઓરતોને લગતી કલમો ખેંચી લેવામાં આવશે. એ બાબતમાં તમારી લાગણી સરકાર સમજી શકી છે અને તેને માન આપવા ઇચ્છે છે, પણ બીજી કલમો વિષે તો મારે તમને દિલગીરીની સાથે જણાવવું જોઇએ કે સરકાર દૃઢ છે અને દૃઢ રહેશે. જનરલ બોથા ઇચ્છે છે કે તમે પુખ્તપણે વિચાર કરી આ કાયદાને કબૂલ રાખો. ગોરાઓની હસ્તીને સારૂ સરકાર તેની જરૂર જુએ છે. કાયદાના હેતુને જાળવીને વિગતો બાબત તમારે કંઇ પણ સૂચના કરવાની હોય તો તે ઉપર સરકાર અવશ્ય ધ્યાન આપશે અને મારી ડેપ્યુટેશનને એવી સલાહ છે કે કાયદાનો સ્વીકાર કરી વિગતો બાબત જ સૂચનાઓ કરવાનું તમે રાખશો તો તેમાં તમારૂં હિત છે." પ્રધાનની સાથે થએલી દલીલો અહીં હું નથી નોંધતો કેમ કે તે બધી દલીલો પાછળ આવી ગઇ છે. પ્રધાનની આગળ રજૂ કરવામાં માત્ર ભાષાભેદ જ હતો—

દલીલો તો એ જ હતી. પ્રધાનની સલાહ છતાં પણ કોઇ એ કાયદાનો સ્વીકાર નહિ કરી શકે એમ કહીને અને ઓરતોને કાયદામાંથી મુક્ત રાખવાના સરકારના ઇરાદાને સારૂ આભાર માનીને ડેપ્યુટેશને વિદાયગીરી લીધી. ઓરતોની મુક્તિ કોમની હીલચાલને લીધે થઇ કે સરકારે જ વધુ વિચારે મિ. કર્ટિસની શાસ્ત્રપદ્ધતિનો ઇનકાર કરી કંઇક લૌકિક વ્યવહારને પણ નજરમાં રાખ્યો એ કહેવું મુશ્કેલ છે. સરકારપક્ષનો એ દાવો હતો કે કોમની હીલચાલને લીધે નહિ પણ સ્વતંત્ર રીતે જ સરકાર એ વિચાર ઉપર આવી હતી. ગમે તેમ હો, પણ કાકતાડના ન્યાય પ્રમાણે કોમે તો માની લીધું કે કેવળ કોમની હીલચાલની જ એ અસર હતી અને તેથી લડવાનો ઉમંગ વધ્યો.

કોમના આ ઇરાદાને અથવા હીલચાલને શું નામ આપી શકાય એ અમે કોઇ જાણતા ન હતા. એ વખતે મેં એ હીલચાલને "પૅસીવ રિઝીસ્ટન્સ"ના નામથી ઓળખાવી. પૅસીવ રિઝીસ્ટન્સનું રહસ્ય પણ એ વખતે હું પૂરૂં જાણતો કે સમજતો ન હતો. કંઇક નવી વસ્તુનો જન્મ થયો છે એટલું હું સમજ્યો હતો. લડત જેમ આગળ વધતી ગઇ તેમ પૅસીવ રિઝીસ્ટન્સ નામથી ગૂંચવાડો થતો ગયો અને આ મહાન યુદ્ધને અંગ્રેજી નામે જ ઓળખાવવું એ મને શરમભરેલું લાગ્યું. વળી કોમની જીભે એ શબ્દો ચઢી પણ ન શકે એવા હતા. તેથી 'ઇન્ડિયન ઓપીનીઅન'માં સારામાં સારો શબ્દ શોધી કાઢે તેને સારૂ એક નાનુંસરખું ઇનામ જાહેર કર્યું. તેમાં કેટલાંક નામો આવ્યાં. આ વખતે લડતનું રહસ્ય 'ઇન્ડિયન ઓપીનીઅન'માં સારી રીતે ચર્ચાઇ ગયું હતું તેથી હરીફોની પાસે શોધ કરવાને સારૂ પ્રમાણમાં પૂરતો સામાન હતો એમ કહી શકાય. મગનલાલ ગાંધીએ પણ

એ હરીફાઇમાં ભાગ લીધો. તેમણે સદાગ્રહ નામ મોકલ્યું. એ શબ્દ પસંદ કરવાનું કારણ જણાવતાં તેમણે લખ્યું કે કોમની હીલચાલ એ એક ભારે આગ્રહ છે અને એ આગ્રહ સદ્ એટલે શુભ છે તેથી તેમણે એ નામ પસંદ કર્યું છે. મેં એમની દલીલનો સાર ટૂંકામાં આપેલો છે. મને એ નામ પસંદ પડ્યું છતાં હું જે વસ્તુ સમાવવા ઇચ્છતો હતો એનો સમાવેશ તેમાં નહોતો થતો. તેથી મેં દ નો ત કરી તેમાં ય જોડીને "સત્યાગ્રહ" નામ બનાવ્યું. સત્યની અંદર શાંતિનો સમાવેશ માની કંઇ પણ વસ્તુનો આગ્રહ કરતાં તેમાંથી બળ ઉત્પન્ન થાય છે તેથી આગ્રહમાં બળનો પણ સમાવેશ કરી હિન્દી હીલચાલને 'સત્યાગ્રહ' એટલે સત્ય અને શાંતિથી નીપજતા બળનું નામ આપી ઓળખાવવાનું શરૂ કર્યું. અને ત્યારથી પૅસીવ રિઝીસ્ટન્સ શબ્દનો ઉપયોગ આ લડતને અંગે બંધ કર્યો તે એટલે સુધી કે અંગ્રેજી લખાણોમાં પણ ઘણી વખતે પૅસીવ રિઝીસ્ટન્સનો ઉપયોગ તજી સત્યાગ્રહ અથવા તો કંઇ બીજા અંગ્રેજી શબ્દનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. આમ જે વસ્તુ સત્યાગ્રહને નામે ઓળખાવા લાગી તે વસ્તુનો અને સત્યાગ્રહ નામનો જન્મ થયો. પૅસીવ રિઝીસ્ટન્સ અને સત્યાગ્રહ વચ્ચેનો ભેદ આપણા ઇતિહાસને આગળ ચલાવ્યા પહેલાં જ સમજી લેવો એ આવશ્યક છે, તેથી આવતા પ્રકરણમાં આપણે એ ભેદ સમજી લઇશું.

પ્રકરણ ૧૩ મું

સત્યાગ્રહ વિ. પૅસિવ રિઝીસ્ટન્સ

હીલચાલ જેમ જેમ આગળ વધતી ગઇ તેમ તેમ અંગ્રેજો પણ તેમાં રસ લેતા થઇ ગયા. મારે એટલું કહી દેવું જોઇએ કે જો કે ટ્રાન્સવાલનાં અંગ્રેજી છાપાંઓ ખૂની કાયદાના પક્ષમાં જ ઘણે ભાગે લખતાં અને ગોરાઓના વિરોધને ટેકો આપતાં, તો પણ કોઇ જાણીતા હિન્દીઓ એ અખબારોમાં કંઇ લખે તો તે ખુશીથી છાપતાં. સરકાર પાસે હિન્દીઓ તરફથી જતી અરજીઓ પણ પૂરી છાપતાં કે છેવટે તેનું તારણ લેતાં હતાં, મોટી સભાઓ ભરાય તેમાં કોઇ કોઇ વેળા પોતાના ખબરપત્રીઓ મોકલતાં અને તેમ ન થાય તો જે રિપોર્ટ અમે ઘડી મોકલીએ તે ટૂંકો હોય તે છાપી નાંખતાં.

આ પ્રકારનો વિવેક કોમને ઘણો ઉપયોગી થઇ પડયો પણ હીલચાલ વધતાં કેટલાક ગોરાઓને પણ તેમાં રસ આવવા લાગ્યો. આવા આગેવાન ગોરાઓમાં જોહાનિસ્બર્ગના એક લક્ષાધિપતિ મિ. હૉસ્કિન હતા. એમનામાં રંગદ્વેષ તો પ્રથમથી જ નહોતો. પણ હીલચાલ શરૂ થયા પછી હિન્દી સવાલમાં તેમણે વધારે રસ લીધો. જર્મિસ્ટન નામે એક જોહાનિસ્બર્ગના પરા જેવું શહેર છે. ત્યાંના ગોરાઓએ મને સાંભળવાની ઇચ્છા બતાવી. સભા ભરાઇ. મિ. હૉસ્કિન પ્રમુખ થયા અને મેં ભાષણ કર્યું.

તેમાં મિ. હૉસ્કિને હીલચાલની અને મારી ઓળખાણ કરાવતાં જણાવ્યું, "ટ્રાન્સવાલના હિન્દીઓએ ન્યાય મેળવવા સારૂ બીજા ઉપાયો નિષ્ફળ જતાં પૅસિવ રિઝીસ્ટન્સ અખત્યાર કરેલો છે. તેઓને મતનો અધિકાર નથી. તેઓની સંખ્યા ઓછી છે. તેઓ નબળા છે. તેઓની પાસે હથિયાર નથી. તેથી પૅસિવ રિઝીસ્ટન્સ, જે નબળાનું હથિયાર છે, એ તેઓએ ગ્રહણ કર્યું છે." આ સાંભળીને હું ચમક્યો, અને જે ભાષણ કરવાને હું ગયો હતો તેણે જુદું જ સ્વરૂપ પકડ્યું. અને ત્યાં મિ. હૉસ્કિનની દલીલનો વિરોધ કરતાં મેં પૅસિવ રિઝીસ્ટન્સને 'સોલ-ફોર્સ' એટલે આત્મબળને નામે ઓળખાવ્યું. એ સભામાં હું જોઇ શક્યો કે પૅસિવ રિઝીસ્ટન્સ શબ્દના ઉપયોગથી ભયંકર ગેરસમજ થવાનો સંભવ છે. એ સભામાં વપરાએલી દલીલ અને ભેદ સમજાવવાને સારૂ જે વિશેષ કહેવાની જરૂર છે તેની મેળવણી કરીને બન્ને વચ્ચે રહેલો વિરોધ સમજાવવાનો હું પ્રયત્ન કરીશ.

પૅસિવ રિઝીસ્ટન્સ—એ બે શબ્દોનો ઉપયોગ પ્રથમ અંગ્રેજી ભાષામાં ક્યારે થયો અને કોણે કર્યો એનો તો મને ખ્યાલ નથી. પણ એ વસ્તુનો ઉપયોગ અંગ્રેજી પ્રજામાં જ્યારે જ્યારે એક નાની સમાજને કોઇ કાયદા પસંદ નથી પડ્યા ત્યારે ત્યારે તે કાયદાની સામે બંડ કરવાને બદલે તેઓએ કાયદાને શરણ ન થવાનું પૅસિવ એટલે હળવું પગલું ભર્યું છે અને તેને પરિણામે સજા થાય તે ભોગવી લેવાનું પસંદ કર્યું છે. થોડાં વર્ષ પહેલાં અંગ્રેજી ધારાસભાએ જ્યારે કેળવણીનો કાયદો પસાર કર્યો ત્યારે ડાકટર ક્લિફર્ડની આગેવાની નીચે ઇંગ્લંડના નૉન્કન્ફૉર્મિસ્ટ નામે ઓળખાતા ખ્રિસ્તી પક્ષે પૅસિવ રિઝીસ્ટન્સ આદર્યો હતો. ઇંગ્લાંડની

ઓરતોએ મતાધિકારને સારૂ ભારે હીલચાલ કરી તે પણ પૅસિવ રિઝીન્ટન્સને નામે ઓળખતી હતી. આ બન્ને હીલચાલ ધ્યાનમાં રાખીને જ મિ. હૉકિન્સને જણાવેલું કે પૅસિવ રિઝીસ્ટન્સ એ નબળાનું અથવા મતાધિકાર ન હોય તેવાનું શસ્ત્ર છે. ડૉક્ટર ક્લિફર્ડવાળો પક્ષ મતાધિકારીનો હતો પણ આમની સભામાં તેઓની સંખ્યા ઓછી તેથી તેમના મતનું વજન કેળવણીનો કાયદો અટકાવી ન શક્યું. એટલે કે એ પક્ષ સંખ્યામાં નબળો ઠર્યો. પોતાના પક્ષને સારૂ એ પક્ષ હથિયારનો ઉપયોગ ન જ કરે એવું કંઇ નથી. પણ આ કામમાં એવો ઉપયોગ કરે તો એ ફાવે નહિ, તેમ એકાએક દરેક વખતે બંડ કરીને જ હકો મેળવવાની પદ્ધતિ સુવ્યસ્થિત રાજતંત્રની અંદર ચાલી ન જ શકે. વળી ડૉક્ટર ક્લિફર્ડના પક્ષના કેટલાક ખ્રિસ્તીઓ સામાન્ય રીતે હથિયારનો ઉપયોગ થઇ શકતો હોય તો પણ કરવાનો વિરોધ કરે. ઓરતોની હીલચાલમાં મતાધિકાર તો હતો જ નહિં. સંખ્યામાં અને શરીરમાં પણ તેઓ નબળી એટલે એ દાખલો પણ મિ. હૉસ્કિનની દલીલના ટેકામાં જ હતો. ઓરતોની હીલચાલમાં હથિયારના ઉપયોગનો ત્યાગ હતો જ નહિ. ઓરતોમાં એક પક્ષે મકાનો પણ બાળેલાં અને પુરુષો ઉપર હુમલાઓ પણ કરેલા. કોઇનાં ખૂન કરવાનો ઇરાદો તેઓએ કોઇ દિવસ કર્યો હોય એવું તો મારા ધ્યાનમાં નથી. પણ પ્રસંગ આવ્યે તાડન કરવું અને એમ કરીને પણ કંઇક ને કંઇક પજવણી કરવી એ તો તેમનો હેતુ હતો. હિન્દી હીલચાલમાં હથિયારને તો કોઇ જ જગ્યાએ અને કોઇ પણ સ્થિતિમાં સ્થાન હતું જ નહિ, અને જેમ આપણે આગળ વધશું તેમ વાંચનાર જોશે કે સખ્ત દુઃખો પડયા છતાં પણ

સત્યાગ્રહીઓએ શરીરબળ વાપર્યું નથી. અને તે પણ એવે વખતે કે જ્યારે એ બળ પરિણામપૂર્વક વાપરવા તેઓ શક્તિમાન હતા. વળી હિન્દી કોમને મતાધિકાર ન હતો અને તે નબળી હતી એ બન્ને વાત ખરી છતાં હીલચાલની યોજનાને તેની સાથે કંઈ સંબંધ નહોતો. આથી હું એમ સમજાવવા નથી ઇચ્છતો કે હિન્દી કોમની પાસે મતાધિકારનું બળ હોત અથવા હથિયારબળ હોત તો પણ એ સત્યાગ્રહ જ કરત. મતાધિકારનું બળ હોય તો સત્યાગ્રહને ઘણે ભાગે અવકાશ ન હોય. હથિયારબળ હોય ત્યારે સામેનો પક્ષ જરૂર ચેતીને ચાલે. એટલે હથિયારબળ-વાળાને સત્યાગ્રહના પ્રસંગ થોડા આવે એ પણ સમજી શકાય એવી વાત છે. મારું કહેવાનું તાત્પર્ય તો એટલું જ છે કે હિન્દી હીલચાલની કલ્પનામાં હથિયારબળની શક્યતા અશક્યતાનો સવાલ મારા મનમાં તો પેદા જ નહોતો થયો, એમ હું નિશ્ચય-પૂર્વક કહી શકું છું. સત્યાગ્રહ એ કેવળ આત્માનું બળ છે, અને જ્યાં અને જેટલે અંશે હથિયાર એટલે શરીરબળ કે પશુબળનો ઉપયોગ થતો હોય અથવા કલ્પાતો હોય ત્યાં અને તેટલે અંશે આત્મબળનો ઓછો ઉપયોગ હોય છે. મારી માન્યતા પ્રમાણે એ બન્ને કેવળ વિરોધી શક્તિઓ છે, અને આ વિચાર હીલચાલના જન્મ વખતે પણ મારા હૃદયમાં તો પૂરેપૂરા ઉતરી ગયા હતા.

પણ આ સ્થાને એ વિચારો યોગ્ય છે કે અયોગ્ય એનો નિર્ણય આપણે કરવાનો નથી. આપણે તો માત્ર પૅસિવ રિઝીસ્ટન્સ અને સત્યાગ્રહ વચ્ચે જે ભેદ છે એ જ સમજી લેવાનો રહ્યો છે. અને આપણે જોયું કે મૂળમાં જ બે શક્તિઓ વચ્ચે ઘણો જ મોટો ભેદ છે. તેથી જો એ સમજ્યા વિના પોતાને પૅસિવ રિઝીસ્ટર અથવા સત્યાગ્રહી મનાવનારા બન્ને એક જ છે

એમ અરસપરસ માને તો એ બન્નેને અન્યાય થાય અને તેનાં માઠાં પરિણામ પણ આવે. અમે પોતે જ દક્ષિણ આફ્રિકામાં પૅસિવ રિઝીસ્ટન્સ શબ્દનો ઉપયોગ કરતા હતા તેથી મતાધિકારને સારૂ લડનારી ઓરતોની બહાદુરી અને આપભોગનું અમારામાં આરોપણ કરીને અમને યશ આપનારા તો ઘણા થોડા હતા, પણ એ ઓરતોની જેમ અમને પણ જાનમાલને નુકશાન પહોંચાડનારા ગણી કાઢવામાં આવતા હતા અને મિ. હૉસ્કિન જેવા ઉદાર દિલના નિખાલસ મિત્રે પણ અમને નબળા માની લીધા. માણસ પોતાને જેવો માને છે તેવો છેવટે પોતે બને છે એવું વિચારનું બળ રહ્યું છે. આપણે નબળા છીએ તેથી ન ચાલતાં પૅસિવ રિઝીસ્ટન્સનો ઉપયોગ કરીએ છીએ એમ માન્યાં જ કરીએ અને બીજાઓને મનાવ્યાં કરીએ તો પૅસિવ રિઝીસ્ટન્સ કરતાં કરતાં તો આપણે કદિ બળીઆ થઇ જ ન શકીએ અને લાગ ફાવે કે તરત એ નબળાનું હથિયાર છોડી દઇએ. એથી ઉલટું આપણે સત્યાગ્રહી હોઇએ ને આપણને પોતાને સબળ માની એ શક્તિનો ઉપયોગ કરીએ તેમાંથી બે પરિણામ ચોખ્ખાં આવી શકે છે. બળના જ વિચારને પોષતાં આપણે દિવસે દિવસે વધારે બળવાન થઇએ છીએ અને જેમ આપણું બળ વધતું જાય તેમ સત્યાગ્રહનું તેજ વધતું જાય, ને એ શક્તિને છોડી દેવાનો પ્રસંગ તો આપણે શોધતા જ ન હોઇએ. વળી પૅસિવ રિઝીસ્ટન્સમાં પ્રેમભાવને અવકાશ નથી ત્યારે સત્યાગ્રહમાં વેરભાવને અવકાશ નથી, એટલું જ નહિ પણ વેરભાવ અધર્મ ગણાય. પૅસિવ રિઝીસ્ટન્સમાં પ્રસંગ મળે તો હથિયારબળનો ઉપ ગ કરી શકાય; સત્યાગ્રહમાં હથિયારના ઉપયોગને સારૂ ઉત્તમમાં ઉત્તમ સંયોગો પેદા થાય તો પણ તે કેવળ ત્યાજ્ય છે.

પૅસિવ રિઝીસ્ટન્સ ઘણી વખતે હથિયારબળની તૈયારી તરીકે ગણવામાં આવે છે. સત્યાગ્રહનો ઉપયોગ એવી રીતે કરાય જ નહિ. પૅસિવ રિઝીસ્ટન્સ હથિયારબળની સાથે સાથે ચાલી શકે. સત્યાગ્રહ તો હથિયારબળનું કેવળ વિરોધી હોઈ બેને મેળ મળે જ નહિ એટલે એક સાથે નભી જ ન શકે. સત્યાગ્રહનો ઉપયોગ પોતાનાં વ્હાલાંઓની સાથે પણ થઈ શકે છે અને થાય છે. પૅસિવ રિઝીસ્ટન્સનો ઉપયોગ ખરી રીતે વ્હાલાંઓની સાથે થાય જ નહિ—એટલે કે વ્હાલાંઓને વેરી ગણીએ ત્યારે જ પૅસિવ રિઝીસ્ટન્સનો ઉપયોગ કરાય. પૅસિવ રિઝીસ્ટન્સમાં વિરુદ્ધ પક્ષને દુઃખ દેવાની, પજવવાની કલ્પના હમેશાં મોજૂદ હોય છે અને દુઃખ દેતાં પોતાને સહન કરવું પડે તે દુઃખ સહન કરવાની તૈયારી હોય છે, ત્યારે સત્યાગ્રહમાં વિરોધીને દુઃખ દેવાનો ખ્યાલ સરખો પણ ન હોવો જોઇએ. તેમાં તો દુઃખ વ્હોરીને—વેઠીને—વિરોધીને વશ કરવાનો ખ્યાલ જ હોવો જોઇએ.

આમ આ બે શક્તિઓ વચ્ચેના મુખ્ય ભેદ હું ગણાવી ગયો. પૅસિવ રિઝીસ્ટન્સના જે ગુણો,—અથવા તો દોષો કહો—હું ગણાવી ગયો, તે બધા દરેક પૅસિવ રિઝીસ્ટન્સમાં અનુભવવામાં આવે છે એમ કહેવાની મારી મતલબ નથી. પણ પૅસિવ રિઝીસ્ટન્સના ઘણા દાખલામાં એ દોષો જોવામાં આવ્યા છે એમ બતાવી શકાય એવું છે. એ પણ મારે વાંચનારને જણાવવું જોઇએ કે ઈશુ ખ્રિસ્તને ઘણા ખ્રિસ્તીઓ પૅસિવ રિઝીસ્ટન્સના આદિ નેતા તરીકે ઓળખાવે છે પણ ત્યાં તો પૅસિવ રિઝીસ્ટન્સનો અર્થ કેવળ સત્યાગ્રહ જ ગણાવો જોઇએ. એ અર્થમાં ઐતિહાસિક પૅસિવ રિઝીસ્ટન્સના દાખલા ઘણા જોવામાં નહિ આવે. રશિયાના દુખોબોરનો દાખલો ટૉલસ્ટૉયે ટાંકેલો છે એ એવા જ પૅસિવ

રિઝીસ્ટન્સનો એટલે સત્યાગ્રહનો છે. ઈશુ ખ્રિસ્તની પછી જે જુલમની બરદાસ હજારો ખ્રિસ્તીઓએ કરી તે વખતે પૅસિવ રિઝીસ્ટન્સ શબ્દનો ઉપયોગ થતો જ ન હતો એટલે તેઓના જેટલા નિર્મળ દાખલા મળી આવે છે તેને હું તો સત્યાગ્રહ તરીકે જ ઓળખાવું. અને જો એને આપણે પૅસિવ રિઝીસ્ટન્સના નમૂના તરીકે ગણીએ તો તો પૅસિવ રિઝીસ્ટન્સ અને સત્યાગ્રહની વચ્ચે કંઇ ભેદ ન રહ્યો. આ પ્રકરણનો હેતુ તો અંગ્રેજી ભાષામાં સામાન્ય રીતે પૅસિવ રિઝીસ્ટન્સ શબ્દ જે રીતે વપરાય છે તેનાથી સત્યાગ્રહ-ની કલ્પના તદ્દન જુદી છે એ બતાવવાનો છે.

જેમ પૅસિવ રિઝીસ્ટન્સનાં લક્ષણો ગણાવવા જતાં એ શક્તિનો ઉપયોગ કરનારને કોઇ પણ રીતે અન્યાય ન થાય તેટલા સારૂ મારે ઉપરની સાવચેતી આપવી પડી છે, તેમ સત્યાગ્રહના ગુણો ગણાવતાં જેઓ પોતાને સત્યાગ્રહી નામે ઓળખાવે છે તેઓના તરફથી એ બધા ગુણોનો દાવો હું નથી કરતો એ સૂચવવાની પણ જરૂર છે. મારી જાણ બહાર નથી કે ઘણા સત્યાગ્રહીઓ સત્યાગ્રહના જે ગુણો હું નોંધી ગયો છું તેથી કેવળ અજાણ્યા છે. ઘણા એમ માને છે કે સત્યાગ્રહ એ નબળાનું હથિયાર છે. ઘણાને મ્હોડેથી મેં સાંભળ્યું છે કે સત્યાગ્રહ એ હથિયાર-બળની તૈયારી છે. પણ મારે ફરીથી કહેવું જોઇએ કે મેં સત્યાગ્રહી કેવા ગુણવાળા જોવામાં આવ્યા છે એ નથી બતાવ્યું પણ સત્યાગ્રહની કલ્પનામાં શું ભરેલું છે અને તે પ્રમાણે સત્યાગ્રહી કેવા હોવા જોઇએ એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે. ટૂંકામાં જે શક્તિનો ઉપયોગ ટ્રાન્સવાલના હિન્દીઓએ શરૂ કર્યો તે શક્તિની સ્પષ્ટ સમજને સારૂ અને તે શક્તિ પૅસિવ રિઝીસ્ટન્સને નામે

ઓળખાતી શક્તિની સાથે ભેળવી ન દેવામાં આવે તેથી એ શક્તિનો અર્થસૂચક શબ્દ શોધવો પડ્યો અને તેમાં તે વખતે કઇં કઇ વસ્તુઓનો સમાવેશ માનવામાં આવ્યો હતો એ બતાવવા પૂરતો આ પ્રકરણનો હેતુ છે.

પ્રકરણ ૧૪ મું
વિલાયતમાં ડેપ્યુટેશન

ટ્રાન્સવાલમાં ખૂની કાયદાની સામે અરજી ઇત્યાદિનાં જે જે પગલાં ભરવાં જોઇએ તે તો લઇ લીધાં. ધારાસભાએ ઓરતો વિષેની કલમ કાઢી નાંખી. બાકી ખરડો જેવો બહાર પડ્યો હતો તેવો જ લગભગ પસાર કર્યો એમ કહી શકાય. કોમમાં એ વખતે તો ઘણી હિંમત હતી અને તેટલો જ એકસંપ અને એકમત હતો એટલે કોઇ નિરાશ ન થયું. એમ છતાં કાયદેસર જે જે પગલાં ભરવાનાં હોય તે તો લેવાં જ એ નિશ્ચય પણ કાયમ રહ્યો. આ વખતે ટ્રાન્સવાલ ક્રાઉનકૉલોની હતું. ક્રાઉન કૉલોનીનો શબ્દાર્થ સલ્તનતી સંસ્થાન. એટલે એવું સંસ્થાન કે જેના કાયદા, વહીવટ વગેરે સારૂ વડી સરકાર જવાબદાર ગણાય. એટલે કે જે કાયદાઓ સલ્તનતી સંસ્થાનની ધારાસભા પસાર કરે તેમાં બાદશાહી સંમતિ કેવળ વ્યવહાર અને વિવેકને જાળવવાને ખાતર જ મેળવવાની હોય છે એમ નહિ, પણ પોતાના પ્રધાનમંડળની સલાહથી બાદશાહ જે કાયદા બ્રિટિશતંત્રના સિદ્ધાંતની વિરુદ્ધ હોય તેવા કાયદાને સંમતિ આપવાનો ઇન્કાર કરી શકે, અને એ પ્રમાણે કરવાના પ્રસંગો પણ ઘણા મળી આવે. આથી ઉલટું જવાબદારી સત્તાવાળાં સંસ્થાન (એટલે

રીસ્પોન્સિબલ ગવર્મેન્ટ) ની ધારાસભા જે કાયદાઓ પસાર કરે તેમાં બાદશાહી સંમતિ મુખ્યત્વે કેવળ વિવેકને સારૂ જ લેવાય છે.

ડેપ્યુટેશન વિલાયત જાય તો કોમ પોતાની જવાબદારી વધારે સમજે એ બતાવવાનો બોજો મારે શિર જ રહ્યો હતો. તેથી મેં અમારા મંડળની પાસે ત્રણ સૂચનાઓ રજૂ કરી. એક તો એ કે જો કે પેલી નાટકશાળા વાળી સભામાં પ્રતિજ્ઞાઓ લેવાઇ હતી તો પણ ફરી પાછી છેવટે મુખ્ય મુખ્ય હિન્દીઓની વ્યક્તિગત પ્રતિજ્ઞા મેળવી લેવી જોઇએ, કે જેથી જો લોકોમાં કંઇ પણ શંકા આવી હોય અથવા નબળાઇએ ઘર કર્યું હોય તો ખબર પડી જાય. આ સૂચના કરવાના સમર્થનમાં મારી એક દલીલ એ હતી કે ડેપ્યુટેશન સત્યાગ્રહના બળથી જાય તો નિર્ભય થઇને જાય અને નિર્ભયતાથી કોમનો નિશ્ચય વિલાયતમાં સંસ્થાનોના અને હિન્દના વજીરને બતાવી શકે. બીજું, ડેપ્યુટેશનના ખર્ચનો સંપૂર્ણ બંદોબસ્ત પહેલેથી જ થવો જોઇએ. અને ત્રીજું, ડેપ્યુટેશનમાં થોડામાં થોડા માણસો જવા જોઈએ. વધારે જવાથી વધારે કામ થઇ શકે એવી માન્યતા ઘણી વાર જોવામાં આવે છે. તેથી આ સૂચના કરવામાં આવી હતી. ડેપ્યુટેશનમાં જનાર પોતાના માનને ખાતર ન જાય પણ કેવળ સેવાની ખાતર એ વિચારને આગળ લાવવો, ખર્ચ બચાવવું, એવી વ્યવહારદૃષ્ટિ આ સૂચનામાં હતી. એ ત્રણે સૂચનાઓ મંજૂર થઇ. સહીઓ લેવાઇ. ઘણી સહીઓ થઇ. પણ તેમાં હું જોઇ શક્યો કે સભામાં પ્રતિજ્ઞા લેનારાઓમાંથી પણ કેટલાક એવા હતા કે જે સહી આપતાં સંકોચાતા હતા. એક વખતે પ્રતિજ્ઞા લીધા પછી પચાસ વખતે તે જ ફરી લેવી પડે તો એમાં સંકોચ હોવો જ ન જોઇએ. એમ છતાં કોને અનુભવ નહિ હોય કે માણસો વિચારપૂર્વક પ્રતિજ્ઞા લીધી હોય તેમાં પણ મોળા પડે છે અથવા મોઢેથી લીધેલી પ્રતિજ્ઞા લખવા જતાં

અકળાય છે? પૈસા પણ અંદાજ કાઢ્યા હતો તે પ્રમાણે એકઠા થયા. સૌથી વધારે મુશ્કેલી પ્રતિનિધિઓની ચૂંટણીમાં આવી. મારૂં નામ તો હતું જ. પણ મારી સાથે કોણ જાય? આમાં કમિટીએ ઘણો કાળ કાઢ્યો. કેટલીયે રાતો વીતી અને સમાજોમાં જે જે બૂરી આદતો જોવામાં આવે છે તેનો અનુભવ સંપૂર્ણ રીતે થયો. કોઇ કહે હું એકલો જ જાઉં, એટલે બધાનું સમાધાન થાય. એમ કરવાની મેં ચોખ્ખી ના પાડી. હિન્દુ–મુસલમાનનો સવાલ દક્ષિણ આફ્રિકામાં નહોતો એમ સામાન્ય રીતે કહી શકાય ખરૂં. પણ બન્ને કોમ વચ્ચે જરાયે અંતર નહોતું એવો દાવો ન જ કરી શકાય, અને જો એ ભેદે કદિ ઝેરી સ્વરૂપ ન પકડ્યું તો તેનું કારણ ત્યાંના વિચિત્ર સંજોગો એ કેટલેક દરજ્જે ભલે હોઇ શકે પણ તેનું ખરૂં અને નિશ્ચિત કારણ તો એ જ કે આગેવાનોએ એકનિષ્ઠાથી અને નિખાલસપણે પોતાનું કામ કર્યું અને કોમને દોરી. મારી સલાહ એ પડી કે મારી સાથે એક મુસલમાન ગૃહસ્થ હોવા જ જોઇએ અને બેથી વધારેની જરૂર નથી. પણ હિન્દુ તરફથી તુરત કહેવામાં આવ્યું કે હું તો આખી કોમનો પ્રતિનિધિ ગણાઉં એટલે હિન્દુ તરફથી એક હોવો જ જોઇએ. વળી કોઇ એમ પણ કહે કે એક કોંકણી મુસલમાન તરફથી, એક મેમણ તરફથી, અને હિન્દુઓમાંથી એક પાટીદાર તરફથી, એક અનાવિલ તરફથી. એમ અનેક જાતના દાવા થયાં કરતા હતા પણ છેવટે બધા સમજ્યા અને એકમતે મિ. હાજી વજીરઅલી અને હું એમ બે જ જણ ચૂંટાયા.

હાજી વજીરઅલ્લી અર્ધા મલાયીમાં ગણી શકાય. એમના બાપ હિન્દી મુસલમાન અને મા મલાયણ હતી. એમની માદરી જબાન ડચ કહીએ તો ચાલી શકે. પણ અંગ્રેજી કેળવણી પણ

એટલે સુધી લીધેલી કે ડચ અને અંગ્રેજી બન્ને સારી રીતે બોલી શકે. અંગ્રેજીમાં ભાષણ કરતાં એમને ક્યાંયે અટકવું ન પડતું. અખબારોમાં પત્રો લખવાની આદત પણ કેળવી હતી. ટ્રાન્સવાલ બ્રિટિશ ઇન્ડિઅન એસોસીએશનના મેમ્બર હતા, અને લાંબા વખતથી જાહેર કામમાં ભાગ લેતા આવતા હતા. હિન્દુસ્તાની પણ છૂટથી બોલી શકતા. એક મલાયી બાઇની સાથે તેમનો વિવાહ થયો હતો અને એને પરિણામે એને બહોળી પ્રજા હતી. અમે બન્ને વિલાયત પહોંચ્યા કે તુરત કામમાં જોડાઈ ગયા. પ્રધાનને આપવાની અરજી તો સ્ટીમરમાં જ ઘડી કાઢી હતી એ છપાવી નાંખી. લૉર્ડ એલ્ગિન સંસ્થાનોના પ્રધાન હતા. લૉર્ડ મોર્લી હિન્દી પ્રધાન હતા. અમે હિન્દના દાદાને મળ્યા. તેમની મારફતે બ્રિટિશ કમિટીને મળ્યા. એમને અમારો કેસ સંભળાવ્યો અને જણાવ્યું કે અમારે તો બધા પક્ષને સાથે રાખીને કામ લેવાનો વિચાર છે. દાદાભાઈની તો એ સલાહ હતી જ. કમિટીને પણ એ બરાબર લાગ્યું. એ જ પ્રમાણે સર મંચેરજી ભાવનગરીને મળ્યા. એમણે પણ ખૂબ મદદ કરી. એમની તેમજ દાદાભાઈની સલાહ હતી કે લૉર્ડ એલ્ગિન પાસે જે ડેપ્યુટેશન જાય તેમાં આગેવાન કોઈ તટસ્થ અને જાણીતા ઍંગ્લો—ઇન્ડિઅન મળે તો સારૂં. સર મંચેરજીએ કેટલાંક નામો પણ સૂચવેલાં. તેમાં સર લેપલ ગ્રીફીનનું નામ હતું. વાંચનારને જણાવવું જોઇએ કે આ વખતે સર વિલિયમ વિલ્સન હંટર તો હયાત ન હતા. એ હત તો દક્ષિણ આફ્રિકાના હિન્દીઓની સ્થિતિ સાથેના એમના ગાઢ પરિચયને લીધે એ જ આગેવાન થયા હત, અથવા તો એમણે જ કોઈ ઉમરાવ વર્ગના મહાન નેતાને શોધી કાઢ્યો હોત.

સર લેપલ ગ્રીફીનને અમે મળ્યા. તેમની રાજ્યનીતિ તો હિન્દુસ્તાનમાં ચાલતી જાહેરચળવળોની વિરોધી જ હતી. પણ આ સવાલમાં તેમને બહુ રસ આવ્યો અને વિવેકને ખાતર નહિ પણ ન્યાયદૃષ્ટિથી જ આગળ પડતો ભાગ લેવાનું તેમણે કબૂલ કર્યું. બધા કાગળીઆ વાંચ્યા અને સવાલથી માહિત થયા. અમે બીજા ઍંગ્લોઇન્ડિઅનોને પણ મળ્યા. આમની સભાના ઘણા મેમ્બરોને મળ્યા, અને કંઇ પણ વગ ધરાવનારા એવા બીજા જેટલા માણસો અમને મળી શકે તે બધાને અમે મળ્યા. લૉર્ડ એલ્ગિનની પાસે ડેપ્યુટેશન ગયું. તેમણે બધી હકીકત ધ્યાનપૂર્વક સાંભળી, પોતાની દિલસોજી જાહેર કરી, તેની જ સાથે પોતાની મુશ્કેલીઓ બતાવી છતાં બની શકે એટલું કરવાનું વચન આપ્યું. એ જ ડેપ્યુટેશન લૉર્ડ મોર્લીને પણ મળ્યું. તેમણે પણ દીલસોજી બતાવી. તેના ઉદ્‌ગારોનો સાર હું પાછળ આપી ગયો છું. સર વિલિયમ વૅડરબર્નના પ્રયાસથી આમની સભાના હિન્દુસ્તાનના કારોબારની સાથે સંબંધ રાખનારા સભાસદોની સભા આમની સભાના એક દિવાનખાનામાં મળી અને તેઓની પાસે પણ અમારો કેસ યથાશક્તિ રજૂ કર્યો. એ વેળા આઇરીશ પક્ષના મુખી મિ. રેડમંડ હતા. તેથી તેઓને પણ અમે ખાસ મળવા ગયા હતા. ટૂંકામાં આમની સભાના પણ બધા પક્ષના જે જે સભાસદોને મળી શકાય તેઓને અમે મળેલા. વિલાયતની અંદર અમને કૉંગ્રેસની બ્રિટિશ કમિટીની મદદ તો પુષ્કળ હતી જ. પણ વિલાયતના રીતરિવાજ પ્રમાણે તેમાં તો અમુક પક્ષના અને અમુક મતના જ માણસો આવે. એમાં નહિ આવનારા એવા ઘણા હતા કે જેઓ અમારા કામમાં પૂરી મદદ આપતા હતા. એ બધાને જો એકઠા કરીને આ કામમાં રોકી

શકાય તો વધારે સારું કામ થઈ શકે એ માન્યતાથી અને એ ઇરાદાથી અમે સ્થાયી સમિતિ નીમવાનો નિશ્ચય કર્યો. બધા પક્ષના માણસોને એ ગમ્યું.

દરેક સંસ્થાનો આધાર મુખ્યત્વે તેના મંત્રી ઉપર રહે છે. મંત્રી એવો હોવો જોઇએ કે જેનો એ સંસ્થાના હેતુ ઉપર પૂરેપૂરો વિશ્વાસ હોય એટલું જ નહિ પણ તેને એ હેતુની સફળતા મેળવવા સારુ પોતાનો ઘણોખરો વખત આપવાની શક્તિ હોય અને કામ કરવાની લાયકાત હોય. મિ. રિચ જે દક્ષિણ આફ્રિકાના જ હતા, જે મારી ઑફિસમાં જ મહેતાગીરી કરતા હતા અને જે આ વખતે લંડનમાં બૅરિસ્ટરનો અભ્યાસ કરતા હતા તેમનામાં આ બધા ગુણ હતા. તે વિલાયતમાં હતા ને આ કામ કરવાની તેમની ઇચ્છા પણ હતી. તેથી કમિટી નીમવાની અમે હિંમત કરી શક્યા.

વિલાયતમાં અથવા તો પશ્ચિમમાં એક એવો મારી દૃષ્ટિએ અસભ્ય રિવાજ છે કે સારાંસારાં કામનાં મુહૂર્ત ખાણાંને સમયે મંડાય છે. બ્રિટિશ પ્રધાન પોતાની વાર્ષિક કારકીર્દિની અને ભવિષ્યના પોતાના વર્તારાનું આખી દુનિયાનું ધ્યાન ખેંચનારું ભાષણ દર વર્ષે નવમી-નવેમ્બરે મૅન્શન હાઉસ નામના મહાન વેપારીઓના સ્થાનકમાં કરે. પ્રધાન મંડળ વગેરેને લૉર્ડ મેયર તરફથી ખાણાનું નિમંત્રણ આપવામાં આવે છે, અને ત્યાં ખાણું થઇ રહ્યા પછી શરાબની બાટલીઓ ખુલે અને યજમાન અને અતિથિની તંદુરસ્તી ઇચ્છવાને સારુ શરાબ પીવામાં આવે અને આ શુભ અથવા તો અશુભ (સૌ પોતાની દૃષ્ટિ પ્રમાણે વિશેષણ ચૂંટી લેશે) કાર્ય ચાલતું હોય ત્યારે ભાષણો પણ થાય. તેમાં બાદશાહી પ્રધાન મંડળનો (તંદુરસ્તીનો આશીર્વાદ) ટોસ્ટ પણ દાખલ થાય. એ ટોસ્ટના જવાબમાં મેં ઉપર જણાવ્યું એ મુખ્ય પ્રધાનનું મહત્ત્વનું

ભાષણ કરવામાં આવે છે. અને જેમ જાહેરમાં તેમજ ખાનગીમાં જો કોઇની સાથે ખાસ મસલત કરવી હોય તો તેને જમવાને નોતરવાનો રિવાજ હોય છે, અને કોઇ વેળા જમતાં જમતાં તો કોઇ વેળા જમણ પૂરૂં થયા બાદ એ મસલત છેડવામાં આવે છે. અમારે પણ એક વખત નહિ પણ અનેક વખત આ રિવાજને વશ થવું પડ્યું હતું. પણ કોઇ વાંચનાર એવો અર્થ ન કરે કે અમારામાંના એકેયે અપેય પીધેલું કે અખાદ્ય ખાધેલું. એટલે અમે આ પ્રમાણે એક સવારના ખાણાનાં નોતરાં કાઢ્યાં, અને તેમાં બધા મુખ્ય સહાયકોને નોતર્યાં. લગભગ સો એક નોતરાં મોકલ્યાં હતાં. આ ખાણાનું નિમિત્ત સહાયકોનો ઉપકાર માનવાનું અને તેમની વિદાયગીરી લેવાનું હતું, અને સાથે જ સ્થાયી કમિટી બનાવવાનું હતું. તેમાં પણ શિરસ્તા મુજબ ખાણા પછી ભાષણો થયાં, અને કમિટીની સ્થાપના પણ થઇ. એથી પણ અમારી હીલચાલને વધારે જાહેરાત મળી.

છ એક અઠવાડીઆં આ પ્રમાણે ગાળી અમે દક્ષિણ આફ્રિકા તરફ પાછા ફર્યા. મદિરા પહોંચતાં અમને મિ. રિચનો તાર મળ્યો કે લૉર્ડ એલ્જિને જાહેર કર્યું છે કે ટ્રાન્સવાલનો એશિયાટિક ઍક્ટ નામંજુર રાખવાની પ્રધાનમંડળે બાદશાહને ભલામણ કરી છે. અમારા હર્ષનું તો પછી પૂછવું જ શું હોય ? મદિરાથી કેપટાઉન પહોંચતાં ૧૪-૧૫ દિવસ લાગે છે. એ તો અમે બહુ ચેનમાં ગાળ્યા અને ભવિષ્યમાં બીજાં દુઃખો ટાળવાને સારૂ શેખસલ્લી જેવા હવાઈ મહેલો બાંધવા માંડયા. પણ દૈવગતિ ન્યારી જ છે. અમારા મહેલો કેવા ધસી પડયા એ હવે પછીના પ્રકરણમાં વિચારીશું.

પણ આ પ્રકરણ પૂરૂં કરતા પહેલાં એક બે પવિત્ર સ્મરણ છોડી શકાય એવાં નથી. મારે એટલું તો કહેવું જ જોઇએ કે વિલાયતમાં એક ક્ષણ પણ અમે નકામી તો જવા દીધી જ ન હતી. ઘણા સરક્યુલરો વગેરે મોકલવા એ બધું એકલે હાથે ન થઇ શકે. તેમાં મદદ ખૂબ જોઇએ જ. પૈસા ખર્ચતાં ઘણીખરી મદદ મળી શકે. પણ શુદ્ધ સ્વયંસેવકની મદદ જેવી એ મદદ ફળી નથી નીકળતી એવો મારો ૪૦ વર્ષનો અનુભવ છે, એમ કહી શકાય. સદ્‌ભાગ્યે એવી મદદ અમને મળી. ઘણા હિન્દી યુવકો જે ત્યાં અભ્યાસ કરતા હતા તે અમારી આસપાસ વીંટળાઈ રહેતા અને તેમાંના કેટલાક સાંજ સવાર ઇનામની કે નામની આશા રાખ્યા વિના અમને મદદ દેતા. સરનામાં કરવાનું, નકલો કરવાનું, ટીકીટો ચોંટાડવાનું કે ટપાલે જવાનું—કંઇ પણ કામ પોતાના દરજ્જાને ન છાજે એવું છે એવા બ્હાનાથી યુવકોમાંથી કોઇએ ન કર્યું એવું મને યાદ જ નથી. પણ એ બધાને એક કોરે મૂકી દે એવી મદદ કરનાર એક દક્ષિણ આફ્રિકામાં મળેલો અંગ્રેજ મિત્ર હતો. તે હિન્દુસ્તાનમાં રહેલ. તેનું નામ સિમંડ્ઝ હતું. અંગ્રેજીમાં એક કહેવત છે કે દેવતાઓ જેઓની ઉપર વ્હાલ રાખે છે તેઓને તે પોતાની પાસે વહેલા લઈ જાય છે. ભરજુવાનીમાં આ પરદુઃખભંજન અંગ્રેજને યમદૂત લઈ ગયો. પરદુઃખભંજન વિશેષણ વાપરવાનું ખાસ કારણ છે. આ ભલો ભાઈ જ્યારે મુંબઇમાં હતો ત્યારે એટલે ૧૮૯૭ ની સાલમાં મરકીના હિન્દી દર્દીઓમાં બેધડક થઇને રખડેલ, અને તેઓને તેણે મદદ કરેલ. ચેપી રોગવાળાઓને સહાય કરતાં મરણનો લેશમાત્ર પણ ડર ન રાખવો એ તો તેના ખમીરમાં ઘડાઇ ગએલું હતું. તેનામાં જાતિ કે રંગદ્વેષનો છાંટોએ ન હતો. તેનો

મિજાજ અતિશય સ્વતંત્ર હતો. તેનો એક સિદ્ધાંત હતો કે નાના પક્ષ એટલે માઇનોરિટીની સાથે જ હમેશાં સત્ય વસે છે. એ સિદ્ધાંતને વશ થઇને તે જોહાનીસબર્ગમાં મારી તરફ ખેંચાએલ, અને વિનોદમાં મને ઘણી વખત સંભળાવેલું કે જો તમારો પક્ષ મોટો હોય તો તમે ખચીત માનજો કે હું તમને મુદ્દલ સાથ ન દઉં. કેમકે મેજોરિટીના હાથમાં સત્ય પણ અસત્યનું સ્વરૂપ લઇ લે છે, એમ હું માનનારો છું. એનું વાચન મહોળું હતું. જોહાનીસબર્ગના એક કરોડપતિ સર જ્યોર્જ ફેરરનો તે અંગત વિશ્વાસુ મંત્રી હતો. શોર્ટહેન્ડ લખવામાં તે એક્કો હતો. વિલાયતમાં અમે પહોંચ્યા ત્યારે તે અનાયાસે જ આવી પહોંચેલ. મને તેના ઠેકાણાની પણ ખબર ન હતી. પણ અમે તો જાહેર માણસ રહ્યા એટલે અખબારે ચઢેલા, તેથી આ ભલા અંગ્રેજે અમને શોધી કાઢયા અને જે કંઇ મદદ બની શકે તે કરવા તૈયારી બતાવી 'મને પટાવાળાનું કામ સોંપશો તો એ પણ હું કરીશ અને જો શૉર્ટહેન્ડનો ખપ હોય તો તો તમે જાણો જ છો કે મારા જેવો કુશળ માણસ તમને બીજો ન જ મળે.' અમને તો બન્ને મદદ જોઇતી હતી અને આ અંગ્રેજે રાત અને દહાડો વગર પૈસે અમારૂં વૈતરૂં કર્યું છે એમ કહેવામાં હું લેશ માત્ર અતિશયોક્તિ નથી કરતો. રાતના બાર બાર અને એક એક વાગ્યા સુધી તો એ હમેશાં ટાઇપ રાઇટર ઉપર હોય જ. સંદેશા લઇ જવા, ટપાલે જવું, એ પણ સિમન્ડ્ઝ કરે અને બધું હસતે મુખે. મને ખબર હતી કે એની કમાણી મહિનાની લગભગ ૪૫ પૌંડ હતી પણ એ બધું મિત્રો વગેરેને મદદ કરવામાં એ વાપરી નાંખતો. તેની ઉમર તે વખતે ત્રીસેક વર્ષની હશે પણ તે અવિવાહીત રહેલો અને એમ જ જીંદગી ગાળવા તેણે વિચાર રાખેલો. કંઇક પણ સેવા

મેં એને ઘણો આગ્રહ કરેલો પણ એમ કરવાની એણે ચોખ્ખી ના પાડી. 'જો હું આ સેવાનો અવેજ લઉં તો હું ધર્મભ્રષ્ટ થાઉં' એ તેનું વચન હતું. મને યાદ છે કે છેલ્લી રાત્રે અમારૂં બધું કામ આટોપતાં, સામાન વગેરે બાંધતાં, અમને સવારના ત્રણ વાગેલા, ત્યાં સુધી તે પણ જાગેલ. અમને બીજે દિવસે સ્ટીમર ઉપર વળાવીને જ તે અમારાથી વિખૂટા પડ્યા. એ વિયોગ બહુ દુઃખદાયી હતો. પરોપકાર એ ઘઉંવર્ણી ચામડીનો જ વારસો નથી એ મેં તો ઘણે પ્રસંગે અનુભવેલું છે.

જાહેર કામ કરનારા જુવાનીઆઓને સૂચના ખાતર હું એ પણ જણાવી જાઉં કે ડેપ્યુટેશનના ખર્ચનો હિસાબ રાખવાનું કામ અમે એટલી બધી ચોકસાઈથી કરેલું કે સ્ટીમરોમાં સોડાવોટર પીધું હોય તો તેની જે પહોંચ મળે તે પણ એટલા પૈસાના ખર્ચની નિશાની દાખલ સાચવવામાં આવી હતી. તે જ પ્રમાણે તારોની પહોંચો. વિગતવાર હિસાબમાં પરચુરણ ખર્ચને નામે એક પણ રકમ રાખ્યાનું મને યાદ નથી. એ ધારો તો ન જ હતો. "યાદ નથી" એટલું ઉમેરવાનું કારણ એ જ કે કદાચ દિવસને અંતે ખર્ચ માંડતાં બે ચાર પેની કે બે ચાર શીલીંગ યાદ ન રહ્યા હોય અને પરચુરણ તરીકે મંડાઈ ગયા તો ન કહી શકાય તેથી જ અપવાદ રૂપે "યાદ નથી" એ શબ્દો વાપર્યા છે.

આ જીંદગીમાં એક વસ્તુ મને ચોકખી જણાઈ છે કે આપણે સમજણા થઈએ છીએ ત્યારથી જ ટ્રસ્ટી અથવા જવાબદાર બનીએ છીએ. મા બાપની સાથે હોઈએ ત્યાં સુધી તેઓ જે કંઈ કામ સોંપે કે પૈસા સોંપે તેનો હિસાબ આપણે તેઓને આપવો જ જોઈએ. વિશ્વાસ રાખી તે ન માગે તેથી આપણે મુક્ત નથી થતા. આપણે સ્વતંત્ર રહીએ છીએ ત્યારે સ્ત્રી પુત્રાદિક પ્રત્યે આપણી જવાબ-

દારી પેદા થાય છે. આપણી કમાણીના માલીક કેવળ આપણે જ નથી. તેઓ પણ ભાગીદાર છે. તેઓની ખાતર આપણે પાઇએ પાઇનો હિસાબ રાખવો જોઇએ. ત્યારે જાહેર જીંદગીમાં પડીએ પછીનું તો કહેવું જ શું ? મેં જોયું છે કે સ્વયંસેવકોમાં એક આદત પડી જાય છે કે કેમ જાણે તેઓ પોતાના હાથમાં રહેલાં કામ અથવા નાણાંનો વિગતવાર હિસાબ આપવાને બંધાએલા જ નથી, કેમકે તેઓ અવિશ્વાસને પાત્ર હોઇ જ ન શકે. આ ઘોર અજ્ઞાન જ ગણાય. હિસાબ રાખવાને અવિશ્વાસ કે વિશ્વાસની સાથે કંઇ જ સંબંધ નથી. હિસાબ રાખવો એજ સ્વતંત્ર ધર્મ છે. તે વિના આપણું પોતાનું કામ આપણે જ મેલું ગણવું જોઇએ, અને જે સંસ્થામાં આપણે સ્વયંસેવક હોઇએ તે સંસ્થાના નેતા જો ખોટા વિવેકને કે ડરને વશ થઇને હિસાબ ન માગે તો તે પણ દોષને પાત્ર છે. કામનો અને પૈસાનો હિસાબ રાખવાની પગારદારની જેટલી ફરજ છે તેના કરતાં બેવડી ફરજ સ્વયંસેવકની છે કેમકે તેણે તો પોતાનું કામ એ જ પગાર માની લીધેલો છે. આ વસ્તુ બહુ મહત્ત્વની છે અને સામાન્ય રીતે એ બાબત ઉપર ઘણી સંસ્થાઓમાં પૂરતું ધ્યાન નથી આપવામાં આવતું એમ હું જાણું છું તેથી મેં તેને સારૂ આ પ્રકરણમાં આટલી જગ્યા રોકવાની હિંમત કરી છે.

પ્રકરણ ૧૫ મું

વક્ર રાજનીતિ અથવા ક્ષણિક હર્ષ

કેપટાઉન ઉતરતાં અને વિશેષમાં જોહાનીસબર્ગ પહોંચતાં અમે જોયું કે મદીરામાં અમને મળેલા તારની જે કિંમત અમે આંકી હતી તે કિંમત તેની નહોતી. તેમાં મોકલનાર મિ. રીચનો દોષ ન હતો. તેમણે તો જે પ્રમાણે કાયદો નામંજુર થવા વિષે સાંભળ્યું તે જ પ્રમાણે તાર કર્યો. આપણે ઉપર જોયું કે એ વખતે એટલે ૧૯૦૬ની સાલમાં ટ્રાન્સવાલ સલ્તનતી સંસ્થાન હતું. એવા સંસ્થાનોના એલચીઓ હમેશાં સંસ્થાનોના પ્રધાનને માહીતગાર રાખવા વિલાયતમાં રહે છે. ટ્રાન્સવાલની વતી એલચી સર રીચર્ડ સૉલોમન દક્ષિણ આફ્રિકામાં પ્રખ્યાતિ પામેલા વકીલ હતા. ખૂની કાયદો નામંજુર કરવાનો ઠરાવ સર રીચર્ડ સૉલોમનની સાથે મસલત કરીને લૉર્ડ એલ્ગિને કરેલો. ૧૯૦૭ના જાન્યુઆરીની પહેલી તારીખથી ટ્રાન્સવાલને જવાબદાર સત્તા મળવાની હતી. તેથી લૉર્ડ એલ્ગિને સર રીચર્ડ સૉલોમનને વિશ્વાસ આપ્યો કે " આ જ કાયદો જો જવાબદાર ધારાસભામાં પસાર થશે તો વડી સરકાર તે નામંજુર નહિ કરે. પણ જ્યાં

સુધી ટ્રાન્સવાલ સલ્તનતી સંસ્થાન ગણાય છે ત્યાં સુધી આવા ભેદભાવવાળા કાયદાને સારૂ વડી સરકાર સીધી જવાબદાર ગણાય છે; અને વડી સરકારના બંધારણમાં ભેદવાળી રાજ્યનીતિને સ્થાન નથી અપાતું તેથી એ સિદ્ધાંતને માન આપવા ખાતર મારે હાલ તો આ કાયદો નામંજુર રાખવાની જ સલાહ બાદશાહને આપવી જોઇએ."

આમ નામની ખાતર માત્ર કાયદો રદ થાય અને સાથે ટ્રાન્સવાલના ગોરાઓનું પણ કામ થાય તો સર રીચર્ડ સૉલોમનને કંઇ હરકત ન નહતી. કેમ હોઇ શકે ? આ રાજ્યનીતિને મેં 'વક્ર' વિશેષણથી ઓળખાવી છે પણ ખરૂં જોતાં એનાથી વધારે તીખું વિશેષણ વાપરીએ તોપણ એ નીતિ ચલાવનારાઓને કશો અન્યાય ન થાય એવી મારી માન્યતા છે. સલ્તનતી સંસ્થાનના કાયદાઓ વિષે વડી સરકારની સીધી જવાબદારી છે. તેના બંધારણમાં રંગ અને જાતિભેદને સ્થાન નથી. એ બન્ને વાત તો બહુ સુંદર છે. જવાબદાર રાજસત્તા ભોગવતા સંસ્થાનોએ ઘડેલા કાયદા એકાએક વડી સરકાર રદ ન કરી શકે એ પણ સમજાય એવું છે. પણ સંસ્થાનના એલચીઓની સાથે છુપી મસલતો કરવી, તેમને પહેલેથી વડી સરકારના બંધારણ વિરુદ્ધના કાયદાઓને નામંજુર ન કરવાનું વચન આપવું, એમાં જેઓના હક્ક છીનવાતા હોય તેઓના તરફ દગો અને અન્યાય નથી ? લૉર્ડ એલ્ગિને વચન આપીને ખરૂં જોતાં ટ્રાન્સવાલના ગોરાઓને તેઓની હિન્દીઓ વિરુદ્ધની હીલચાલ જારી રાખવાનું ઉત્તેજન આપ્યું. એમ જ કરવું હતું તો હિન્દી પ્રતિનિધિઓની સાથે ચોખવટ કરવાની જરૂર હતી. વસ્તુતાએ જવાબદાર સંસ્થાનોના કાયદાને સારૂ

પણ સલ્તનત જવાબદાર તો છે જ. બ્રિટિશ બંધારણના મૂળ સિદ્ધાંતો જવાબદાર સંસ્થાનોએ પણ કબૂલ રાખવા જ પડે છે. જેમ કે કોઇ પણ જવાબદાર સંસ્થાનથી કાયદેસર ગુલામગીરીની પદ્ધતિનો પુનરુદ્ધાર ન કરી શકાય. જો ખૂની કાયદો અયોગ્ય છે એમ ધારીને લૉર્ડ એલ્ગિને તે રદ કર્યો હોય—અને એમ ધારીને જ રદ કરી શકાય—તો લૉર્ડ એલ્ગિનની ચોખ્ખી ફરજ હતી કે તેણે સર રીચર્ડ સૉલોમનને ખાનગીમાં બોલાવીને એમ કહેવું જોઇતું હતું કે આવો અન્યાયી કાયદો જવાબદારી મળ્યા પછી ટ્રાન્સવાલની સરકાર નહિ ઘડે, અને જો ઘડે એવો તેમનો વિચાર હોય તો વડી સરકારે જવાબદારી સોંપવી કે નહિ એ ફરી વિચારવું પડે, અથવા તો હિન્દીઓના હક પૂરા જાળવવાની શરતે જ જવાબદાર સત્તા ટ્રાન્સવાલને આપવી જોઇતી હતી. આમ કરવાને બદલે લૉર્ડ એલ્ગિને બહારથી હિન્દીઓની હિમાયત કરવાનો ડોળ કર્યો અને તે જ વખતે અંદરથી ટ્રાન્સવાલ સરકારની ખરેખર હિમાયત કરી અને જે કાયદો પોતે રદ કર્યો તે જ ફરી પસાર કરવા તેને ઉશ્કેરી. આવી વક્ર રાજનીતિનો આ એક જ અથવા પહેલો દાખલો નથી. બ્રિટિશ સલ્તનતનો સામાન્ય અભ્યાસી પણ એવા બીજા દાખલાઓ યાદ કરી શકે છે.

તેથી જોહાનીસબર્ગમાં અમે એક જ વાત સાંભળી. લૉર્ડ એલ્ગિને અને વડી સરકારે આપણને છેતર્યા. અમને તો મદીરામાં જેટલો ઉમંગ થયો હતો તેટલી જ દ. આફ્રિકામાં નિરાશા થઈ. છતાં આ વક્રતાનું તાત્કાલિક પરિણામ તો એ આવ્યું કે કોમમાં વધારે જુસ્સો ફેલાયો અને સૌ કહેવા લાગ્યા, "હવે આપણને શી ફીકર છે? આપણે ક્યાં વડી સરકારની મદદ ઉપર ઝૂઝવાનું છે? આપણે તો આપણા બળ ઉપર ને જેને નામે પ્રતિજ્ઞા લીધેલી

; તે ઈશ્વરના આશ્રય ઉપર ઝુઝવું છે. અને જો આપણે ખરા
હીશું તો વાંકી નીતિ પણ સીધી જ થઈ જશે."

ટ્રાન્સવાલમાં જવાબદાર સત્તા સ્થપાઈ. એ જવાબદાર ધારા-
ભાનો પહેલો કાયદો બજેટ હતો, અને બીજો કાયદો એ ખૂની
ાયદો. અને એક કે બે શબ્દના ફેરફાર સાથે જેવો એ પ્રથમ
ડાયો હતો અને પાસ થયો હતો, તેવો જ પાસ થયો. આ શબ્દ-
રને કાયદાની સખ્તીની સાથે કશોયે સંબંધ ન હતો. તે તો
ેવી હતી તેવી જ કાયમ રહી. એટલે કાયદો રદ થયો હતો, એ
l કેવળ સ્વપ્નવત્ થઈ ગયું. હિન્દી કોમે રિવાજ મુજબ
ારજીઓ વગેરે તો કર્યાં પણ એ તુતીનો અવાજ કોણ સાંભળે
ામ હતું? એ કાયદા પ્રમાણે નવા પરવાના લેવાનું શરૂ કરવાની
ારીખ એ જ વર્ષ (૧૯૦૭)ની પહેલી ઑગસ્ટ રાખવામાં આવી
તી. એટલી મુદત રાખવાનું કારણ કોમની ઉપર મહેરબાની ન
તું. પણ એ કાયદામાં ધોરણ પ્રમાણે વડી સરકારની પણ સંમતિ
ાવી જોઈએ. તેને કંઈક વખત જાય. વળી તેના પરિશિષ્ટ પ્રમાણે
ત્રકો, ચોપડીઓ, પરવાનાઓ, વગેરે તૈયાર કરાવવાં, જુદે જુદે
ાણે પરવાનાની ઑફિસો ખોલવી વગેરેમાં પણ વખત જાય.
થી એ પાંચ છ મહીનાની મુદત ટ્રાન્સવાલ સરકારે પોતાની જ
ગવડને ખાતર લીધી હતી.

પ્રકરણ ૧૬ મું

અહમદ મહમદ કાછલીઆ

ડેપ્યુટેશન વિલાયત જતું હતું ત્યારે દક્ષિણ આફ્રિકામાં
હેલા એક અંગ્રેજ મુસાફરે જ્યારે ટ્રાન્સવાલના કાયદાની વાત
ારે મોઢેથી સાંભળી અને અમારૂં વિલાયત જવાનું કારણ પણ
ાંભળ્યું ત્યારે તે બોલી ઉઠયો, "તમે કુતરાનો પટ્ટો (ડૉગ્સ કોલર)
ાહેરવાનો ઇન્કાર કરવા માગો છો." આ અંગ્રેજે ટ્રાન્સવાલના
ારવાનાને આવું નામ આપ્યું, પોતાનો પટ્ટા વિષેનો હર્ષ ને હિન્દીઓ
ત્યેનો તિરસ્કાર જણાવવા કે પોતાની લાગણી દર્શાવવા એ વચન
ઢ્યું એ હું તે વખતે સમજી નહોતો શકયો અને આજે પણ
ે બનાવની નોંધ લેતાં કંઇ નિશ્ચય નથી કરી શકતો. કોઇ પણ
નુષ્યના કહેવાનો તેને અન્યાય થાય એવો અર્થ આપણે ન
ારવો જોઇએ એ સુનીતિને અનુસરીને હું એમ માની લઉં છું
ે એ અંગ્રેજે પોતાની લાગણી બતાવવાને જ પેલા તાદશ ચીતાર
આપનારા શબ્દો ઉચ્ચારેલા. એ ગળપટ્ટો પહેરાવવાની તૈયારી એક
તરફથી ટ્રાન્સવાલની સરકાર કરી રહી હતી અને બીજી તરફથી
હિન્દી કોમ એ પટ્ટો ન પહેરવાનો નિશ્ચય કેમ કાયમ રહી શકે

ે ટ્રાન્સવાલ સરકારની કુનીતિની સામે પોતે કેમ ઝૂઝી શકે તેની
ારીઓ કરી રહી હતી. વિલાયત અને હિન્દુસ્તાનના સહાયકોને
વગેરે લખવા અને ચાલુ સ્થિતિથી માહીતગાર રાખવા એ
ન તો ચાલી જ રહ્યું હતું, પણ સત્યાગ્રહની લડત બાહ્યોપચાર
ર ઘણો થોડો આધાર રાખે છે. આંતર ઉપચાર એ જ
યાગ્રહમાં અકસીર ઉપચાર છે. તેથી કોમનાં બધાં અંગ તાજાં
ને ચુસ્ત રહે એ ઉપાયોમાં જ આગેવાનોનો વખત
ો હતો.

એક મહત્ત્વનો પ્રશ્ન સત્યાગ્રહનું કામ કયા મંડળની મારફતે
એ કોમની સામે ખડો થયો હતો. ટ્રાન્સવાલ બ્રિટિશ ઇન્ડિયન
ોસીએશનમાં તો ઘણા સભાસદો હતા. તેની સ્થાપના વખતે
યાગ્રહનો જન્મ પણ નહોતો થયો. તે મંડળને એક નહિ પણ
નેક કાયદાઓની સામે હાથ દેવા પડતા હતા, અને હજુ દેવાના
ા. કાયદાઓની સામે થવા ઉપરાંત બીજાં રાજ્યદ્વારી,
માજિક અને એવી જાતનાં કામ તેને કરવાનાં હતાં. વળી
મંડળના બધા સભાસદોએ પ્રતિજ્ઞા લીધી હતી એવું પણ ન
ા શકાય. તેની સાથે તે મંડળને અંગે બહારના જોખમનો
વિચાર કરવાની જરૂર હતી. સત્યાગ્રહની લડતને ટ્રાન્સવાલની
કાર રાજ્યદ્રોહી ગણે તો? એમ ગણીને એ લડતને ચલાવનારી
થાઓને ગેરકાયદેસર ગણે તો? એ સંસ્થામાં રહેલા જે
યાગ્રહી ન હોય તેમનું શું? સત્યાગ્રહની પૂર્વે જેણે પૈસા
પેલા હોય તેઓના પૈસાનું શું? આ વિચારો પણ કરવા યોગ્ય
ા. છેવટમાં સત્યાગ્રહીનો દૃઢ નિશ્ચય હતો કે જેઓ અશ્રદ્ધાને
ે, અશક્તિને લીધે કે બીજાં ગમે તે કારણસર સત્યાગ્રહમાં
ડાય નહિ તેઓના પ્રત્યે દ્વેષભાવ ન રાખવો, એટલું જ નહિ

ણ તેઓની સાથે વર્તતા સ્નેહભાવમાં કંઇ પણ ફેરફાર ન થવા વો અને સત્યાગ્રહ સિવાયની બીજી હીલચાલોમાં તેઓની સાથે ાથે જ કામ કરવું.

આવી જાતના વિચારોથી એકે ચાલુ મંડળોની મારફતે ત્યાગ્રહની હીલચાલ ન ચલાવવી એ નિશ્ચય પર આખી કોમ માવી. બીજાં મંડળો આપી શકાય તેટલું ઉત્તેજન આપે, બીજાં મંડળો ણ સત્યાગ્રહ સિવાયના બીજા જે જે ઉપાયો ખૂની કાયદાની સામે ઈ શકાય તે લે. એથી પૅસિવ રિઝીસ્ટન્સ એસોસીએશન અથવા ત્યાગ્રહ મંડળ એ નામનું નવું મંડળ સત્યાગ્રહીઓએ ઉભું કર્યું. ંગ્રેજી નામ ઉપરથી વાંચનાર સમજી લેશે કે જે વખતે આ નવું ંડળ હસ્તીમાં આવ્યું તે વખતે સત્યાગ્રહ નામની શોધ થઇ ન તી. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ માલમ પડ્યું કે નોખું ંડળ કાઢવાથી દરેક રીતે પ્રજાને ફાયદો જ થયો, અને જો ેમ ન થયું હોત, તો સત્યાગ્રહની હીલચાલને તો કદાચ નુકશાન જ થાત. આ નવા મંડળમાં સંખ્યાબંધ સભાસદો થયા અને ્રજાએ પૈસો પણ છુટે હાથે ભર્યો.

મારા અનુભવે મને તો એ જ બતાવ્યું છે કે કોઇ પણ હીલચાલ પૈસાને અભાવે નથી પડી ભાંગતી, નથી અટકતી કે નથી નેસ્તેજ થતી. આનો અર્થ એવો નથી કે દુન્યવી કોઇ પણ હીલચાલ ૈસા વિના ચાલી શકે, પણ એનો અર્થ અવશ્ય એ છે કેજ્યાં ખરા સંચાલકો હોય છે ત્યાં પૈસો એની મેળે જ આવે છે. એથી ઉલટો અનુભવ પણ એવો પણ થયો છે કે જે હીલચાલને પૈસાની ોળ થઇ પડે છે તે હીલચાલની તે જ સમયથી અવનતિ ુરૂ થાય છે. અને તેથી મારા અનુભવમાં તો એક એ સિદ્ધાંત પણ આવેલો છે કે કોઇ પણ સાર્વજનિક સંસ્થાએ

મૂડી એકઠી કરીને આજથી પોતાનો વહીવટ ચલાવવો એ પાપ છે એમ કહેતાં તો મારી હિંમત નથી ચાલતી તેથી અયોગ્ય છે એટલું જ કહું છું. સાર્વજનિક સંસ્થાની મૂડી એ જનસમુદાયજ છે. જ્યાં સુધી તેઓ ઇચ્છે છે ત્યા સુધી જ એવી સંસ્થાઓ નભવી જોઇએ. મૂડી એકઠી કરી વ્યાજ ઉપર કામ ચલાવનારી સંસ્થા સાર્વજનિક નથી રહેતી, પણ સ્વતંત્ર અને આપમતીલી બની જાય છે. જાહેર ટીકાના અંકુશને એ વશ નથી રહેતી. વ્યાજ ઉપર ચાલતી અનેક ધાર્મિક અને સંસારી સંસ્થાઓમાં કેટલો બધો સડો પેસી ગયો છે, એ બતાવવાનું આ સ્થાન નથી. એ લગભગ સ્વયંસિદ્ધ જેવી વાત છે.

ફરી આપણે મૂળ વિષય ઉપર આવીએ. ઝીણી દલીલો કરવાનો અને નુક્તેચીનીઓ શોધવાનો ઇજારો કેવળ વકીલોને ઘેર જ નથી, નથી અંગ્રેજી ભણેલા સુધરેલાઓને ત્યાં. દક્ષિણ આફ્રિકાના અભણ હિન્દીઓ પણ બહુ જ ઝીણી દલીલો કરી શકે છે એમ મેં જોયું. પ્રથમ થએલો ખૂની કાયદો રદ થયો એટલે નાટકશાળામાં લીધેલી પ્રતિજ્ઞા પૂરી થઇ એવી દલીલ કેટલાકે કાઢી. જેઓ નબળા પડયા હતા તેઓએ તો આ દલીલની છાયામાં આશ્રય લીધો. દલીલમાં કંઇ વજૂદ ન હતું એમ તો ન જ કહી શકાય. છતાં જેઓ કાયદાની સામે કાયદા તરીકે નહિ પણ તે કાયદામાં રહેલા તત્ત્વની સામે થયા હતા તેઓની ઉપર તો આ નુક્તેચીની કંઇ અસર કરી શકે એમ ન હતું. આમ છતાં સલામતીને ખાતર, વધારે જાગૃતિ કરવા ખાતર અને લોકોમાં જો કમજોરી આવી ગઇ હોય તો તે કયાં સુધી આવી ગએલી છે તે તપાસી જોવાની ખાતર ફરીથી પ્રતિજ્ઞા લેવડાવવી જરૂરી જણાઇ. તેથી ઠેકઠેકાણે સભાઓ ભરી

લોકોને પરિસ્થિતિ સમજાવવામાં આવી અને ફરીથી પ્રતિજ્ઞાઓ પણ લેવડાવવામાં આવી. લોકોનો જુસ્સો કંઈ ઓછો થયો હોય એવું જોવામાં ન આવ્યું.

દરમ્યાન જુલાઇ મહિનો નજીક આવતો જતો હતો એજ અરસામાં ટ્રાન્સવાલની રાજધાની પ્રીટોરીઆમાં એક જંગી સભા ભરવાનો ઠરાવ થયો હતો. બીજાં શહેરોમાંથી પ્રતિનિધિઓ પણ નોતરવામાં આવ્યા હતા. સભા પ્રીટોરીઆની મસ્જીદના ચોગાનમાં ખુલ્લામાં રાખવામાં આવી હતી. સત્યાગ્રહ શરૂ થયા પછી સભામાં માણસો એટલા બધા આવવા લાગ્યા કે કોઈ પણ મકાનમાં સભા ભરાવી એ અશક્ય હતું. આખા ટ્રાન્સવાલમાં હિન્દીઓની વસ્તી ૧૩૦૦૦ થી વધારે ન ગણાય તેમાંની દશ હજારથી વધારે તો જોહાનીસ્બર્ગ અને પ્રીટોરીઆમાં જ સમાઇ જાય. તેટલી સંખ્યામાંથી પાંચ છ હજાર લોકો સભામાં હાજર થાય એ પ્રમાણ દુનિયાના કોઇ પણ ભાગમાં ઘણું જ મોટું અને ઘણું સંતોષકારક ગણી શકાય. સાર્વજનિક સત્યાગ્રહની લડત બીજી કોઇ શરતે લડી પણ ન શકાય. કેવળ પોતાની જ શક્તિ ઉપર જે લડતનો આધાર રહ્યો છે ત્યાં તે તે વિષયની સાર્વજનિક તાલીમ ન અપાઇ હોય તો લડત ચાલી જ ન શકે. તેથી આવી હાજરી એ અમને કામદારોને નવાઇ ભરેલી નહોતી લાગતી. અમે પ્રથમથી જ નિશ્ચય કરી લીધો હતો કે જાહેર સભાઓ મેદાનમાં જ ભરવી જેથી ખરચ કંઈ લાગે નહિ અને જગાની તંગીને લીધે એક પણ માણસને પાછા ન જવું પડે. અહીં એ પણ નોંધવા યોગ્ય છે કે આ બધી સભાઓ ઘણે ભાગે અત્યંત શાન્ત રહેતી. આવનારાઓ બધું ધ્યાનપૂર્વક સાંભળતા. કોઇ સભાને છેવાડે ઉભા હોય તે ન સાંભળે તો બોલનારને ઉંચા સાદે બોલવાનું સૂચવે. વાંચનારને

જણાવવાની જરૂર ન હોવી જોઇએ કે આવી સભાઓમાં ખુરશીઓ વગેરેની ગોઠવણ તો હોય જ નહિ. સૌ જમીન ઉપર બેસી જાય. માત્ર પ્રમુખ, બોલનાર અને બેચાર બીજા પ્રમુખની પડખે બેસી શકે એવો માંચડો ગોઠવવામાં આવતો અને તેની ઉપર એક નાનકડું ટેબલ અને બે ચાર ખુરશીઓ કે સ્ટુલ હોય.

આ પ્રીટોરીઆની સભાના પ્રમુખ પ્રીટોરીઆની એસોસીએશનની શાખાના પ્રમુખ શેઠ તૈયબ હાજી ખાનમહમદ હતા. ખૂની કાયદાની રૂએ પરવાના કાઢવાનો વખત નજીક આવતો હતો તેથી જેમ હિન્દીઓ ઘણો જુસ્સો છતાં ચિંતાતુર હતા તેમ જનરલ બોથા અને જનરલ સ્મટ્સ પણ પોતાની સરકારની પાસે અમોઘ બળ હોવા છતાં ચિંતાતુર હતા. એક આખી કોમને બળાત્કારે નમાવવી એ કોઇને ગમે તો નહિ જ. તેથી જનરલ બોથાએ આ સભામાં મિ. હૉસ્કીનને અમને સમજાવવા સારૂ મોકલ્યા હતા. મિ. હસ્કિનની ઓળખાણ હું પ્રકરણ ૭ મા કરાવી ગયો છું. સભાએ તેમને વધાવી લીધા. તેમણે પોતાના ભાષણમાં કહ્યું, "હું તમારો મિત્ર છું, એ તમે જાણો છો. મારી લાગણી તમારી સાથે છે એ કહેવાની જરૂર ન હોય. મારાથી બની શકતું હોય તો હું તમારી માગણી કબૂલ કરાવી આપું. પણ અહીંના સામાન્ય ગોરાઓના વિરોધ વિષે મારે કંઇ તમને ચેતવવાનું હોય જ નહિ. આજે તમારી પાસે જનરલ બોથાનો મોકલ્યો આવ્યો છું. જનરલ બોથાએ મને આ સભામાં આવી તેમનો સંદેશો સંભળાવવાનું કહ્યું છે. હિન્દી કોમને માટે તેમને માન છે. કોમની લાગણીઓ તે સમજે છે પણ તે કહે છે 'હું લાચાર છું. ટ્રાન્સવાલના બધા ગોરાઓ કાયદો માગે છે. હું પોતે પણ એ કાયદાની જરૂર જોઉં છું. ટ્રાન્સવાલની

સરકારની શક્તિથી હિન્દી કોમ વાકેફ છે. આ કાયદામાં વડી સરકારની સંમતિ છે. હિન્દી કોમે જેટલું કરવું જોઇએ તેટલું કર્યું. ને પોતાનું માન જાળવ્યું છે. પણ જ્યારે કોમનો વિરોધ સફળ ન થયો અને કાયદો પસાર થયો ત્યારે હવે કોમે એ કાયદાને વશ થઇને પોતાની વફાદારી અને શાંતિપ્રિયતા સાબિત કરી દેવાં જોઇએ. એ કાયદાના રૂએ જે ધારાઓ ઘડાએલા છે તેમાં કંઇ નાનોસુનો ફેરફાર કરવો હોય તો તે વિષે કોમનું કહેવું જનરલ સ્મટ્સ ધ્યાનપૂર્વક સાંભળશે.' " આમ સંદેશો આપી મિ. "હૅરિકને કહ્યું, હું પણ તમને સલાહ આપું છું કે જનરલ બોથાના સંદેશાને તમે માન આપો. હું જાણું છું કે ટ્રાન્સવાલની સરકાર આ કાયદા વિષે મક્કમ છે. તેની સામે થવું એ ભીંત સામે માથું અફાળવા જેવું છે. તમારી કોમ સામે થઈ ખુવાર ન થાય અને ફોકટ દુઃખ ન ભોગવે એમ હું ઇચ્છું છું." આ ભાષણનો અક્ષરેઅક્ષર તરજુમો મેં કોમને કહી સંભળાવ્યો. મારી પોતાની વતી પણ સાવચેતી આપી. મિ. હૅરિકન તાળીઓના અવાજ વચ્ચે વિદાય થયા.

હિન્દીઓનાં ભાષણો શરૂ થયાં. આ પ્રકરણના અને ખરું જોતાં આ ઇતિહાસના નાયકની ઓળખાણ તો મારે હવે કરાવવી રહી. જે બોલનાર ઉભા થયા તેમાં મરહૂમ અહમદ મહમદ કાછલીઆ હતા. એમને હું તો એક અસીલ તરીકે અને દુભાષીઆ તરીકે ઓળખતો. એઓ અત્યાર સુધી જાહેર કામમાં અગ્રેસર થઇને ભાગ નહોતા લેતા. એમનું અંગ્રેજી જ્ઞાન કામચલાઉ હતું પણ અનુભવથી એટલે સુધી મેળવી લીધેલું કે પોતાના મિત્રોને અંગ્રેજ વકીલોને ત્યાં લઇ જાય ત્યારે તે પોતે જ દુભાષીઆનું કામ કરવા. દુભાષીઆપણું એ કંઇ તેમનો ધંધો ન હતો. એ

કામ તો તે મિત્ર તરીકે જ કરતા. ધંધો પ્રથમ કાપડની ફેરીનો હતો અને પાછળથી તેમના ભાઇની સાથે ભાગમાં નાનકડા પાયા પર વેપાર કરતા. પોતે સુરતી મેમણ હતા. સુરત જીલ્લામાં તેમનો જન્મ થયો હતો. સુરતી મેમણોમાં તેમની પ્રતિષ્ઠા સરસ હતી. ગુજરાતીનું જ્ઞાન પણ એવું જ હતું. અનુભવે તેમાં ખૂબ વધારો કર્યો હતો. પણ એમની બુદ્ધિ એટલી બધી તેજ હતી કે ગમે તે વસ્તુ એ ઘણી સહેલાઇથી સમજી જતા. કેસોની આંટીઓ એવી રીતે ઉકેલી શકતા કે હું ઘણી વેળા આશ્ચર્યચકિત થતો. વકીલોની સાથે કાયદાની દલીલ કરતાં પણ એ અચકાય નહિ. અને ઘણી વેળા તેમની દલીલમાં વકીલોને પણ વિચારવા જેવું હોય જ.

બહાદુરી અને એકનિષ્ઠામાં તેમનાથી ચડી જાય એવા કોઇ પણ માણસનો અનુભવ મને નથી થયો દક્ષિણ આફ્રિકામાં કે નથી થયો હિન્દુસ્તાનમાં. કોમને અર્થે તેમણે સર્વસ્વ હોમ્યું હતું. મને તેમની સાથે જેટલા પ્રસંગો પડ્યા તેમાં મેં હમેશાં તેમને એકવચની તરીકે જ જાણ્યા છે. પોતે ચુસ્ત મુસલમાન હતા. સુરતી મેમણ મસ્જીદના મુતવલ્લીમાંના તે પણ એક હતા. પણ તેની સાથે જ એ હિન્દુ મુસલમાન પ્રત્યે સમદર્શી હતા. મને એવો એક પણ પ્રસંગ યાદ નથી કે જેમાં તેમણે ધર્માંધપણે અને અયોગ્ય રીતે હિન્દુ સામે મુસલમાનનો પક્ષ ખેંચ્યો હોય. તદ્દન નીડર અને નિષ્પક્ષપાતી હોવાને લીધે જરૂરી જણાય ત્યારે હિન્દુ મુસલમાન બન્નેને તેમના દોષ બતાવવામાં જરાયે સંકોચ ન કરતા. તેમની સાદાઇ ને તેમનું નિરભિમાન અનુકરણ કરવા લાયક હતાં. તેમની સાથેના મારા વરસોના ગાઢ પરિચય પછી બંધાએલો મારો દઢ અભિપ્રાય છે કે મરહૂમ અહમદ મહમદ કાછલીઆ જેવું માણસ કોમને મળવું દુર્લભ છે.

પ્રીટોરીઆની સભામાં બોલનારમાં આ નર પણ એક હતો. તેણે ઘણું જ ટૂંકું ભાષણ કર્યું. તે બોલ્યા, "આ ખૂની કાયદો દરેક હિન્દી જાણે છે. તેનો અર્થ આપણે બધા સમજીએ છીએ. મિ. હૉસ્કિનનું ભાષણ મેં ધ્યાનપૂર્વક સાંભળ્યું. તમે પણ સાંભળ્યું. મારી ઉપર તેની એક જ અસર થઇ છે. હું મારા કસમમાં વધારે દૃઢ થયો છું. ટ્રાન્સવાલની સરકારની સત્તા આપણે જાણીએ છીએ. પણ આ ખૂની કાયદાના ડર કરતાં વધારે ડર આપણને એ શું બતાવી શકે એમ છે? જેલમાં નાંખશે, આપણો માલ વેચશે, આપણને દેશપાર કરશે, ફાંસી દેશે. એ બધું સહન થઈ શકે એમ છે પણ આ કાયદો તો સહન ન જ થાય." હું જોતો હતો કે આ બધું બોલતાં અહમદ મહમદ કાછલીઆ ખૂબ ઉશ્કેરાતા જતા હતા. તેમનો ચહેરો લાલ થઇ ગયો હતો. ગળાની અને માથાની રગો લોહીના જોરથી ઉપસી નીકળી હતી. શરીર કાંપતું હતું. પોતાના જમણા હાથના ખુલ્લાં આંગળાં ગળા ઉપર ફેરવતા તે ગરજી ઉઠયા, "હું ખુદાની કસમ ખાઇને કહું છું કે હું કતલ થઇશ પણ આ કાયદાને વશ નહિ થાઉં, અને હું ઇચ્છું છું કે આ સભા પણ એ જ નિશ્ચય પર આવે." એમ કહીને તે બેસી ગયા. માંચડા ઉપર બેઠેલા કેટલાકનું મોઢું, ગળા ઉપર જ્યારે તેમણે આંગળાં ફેરવ્યાં ત્યારે મલક્યું. મને સ્મરણ છે તે પ્રમાણે હું પણ તેમાં ભળ્યો. જેટલું બળ કાછલીઆ શેઠે પોતાના શબ્દોમાં મૂક્યું હતું તેટલું તે પોતાની કરણીમાં બતાવી શકશે કે નહિ એ વિષે મારા મનમાં જરા શંકા હતી. એ શંકાનો વિચાર કરું છું ત્યારે અને એ વિચાર અહીં ઉતારતી વેળા પણ હું શરમાઉં છું. એ મહાન લડતમાં જે ઘણાઓએ પોતાની પ્રતિજ્ઞાનું અક્ષરશઃ પાલન કર્યું એ બધામાં કાછલીઆ શેઠ હમેશાં અગ્રેસર રહ્યા. કોઇ દિવસે

તેમનો રંગ બદલાએલો મેં જોયો જ નહિ.

સભાએ તો આ ભાષણ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું. હું તેમને જાણતો હતો તેના કરતાં બીજા સભાસદો એ વખતે તેમને ઘણા વધારે જાણતા હતા. કારણકે તેઓમાંના ઘણાને તો એ ચીંથરે વીંટેલા રત્નનો અંગત પરિચય હતો. તેઓ જાણતા હતા કે કાછલીઆ કરવા ધારે છે તે જ કરે છે અને જે કહે છે તે કરે છે જ. બીજાં પણ જુસ્સાદાર ભાષણો થયાં. કાછલીઆ શેઠના ભાષણને તારવી કાઢ્યું છે કેમકે તેમની પાછળની કારકીર્દીથી એ ભાષણ ભવિષ્યવાણી રૂપ નીવડ્યું. જુસ્સાવાળાં ભાષણ કરનારા બધાય ટકી ન શક્યા. આ પુરુષ સિંહનું મરણ કોમની ધૂંસરી ઉંચકતાં જ સન ૧૯૧૮માં એટલે લડત થઇ રહ્યા પછી ચાર વરસે થયું.

એમનું એક સ્મરણ બીજે ક્યાંય આવવા સંભવ નથી એટલે તે પણ અહીં જ આપી દઉં છું. વાંચનાર ટૉલ્સ્ટૉય ફાર્મની વાત આગળ ઉપર વાંચશે. તેમાં સત્યાગ્રહીઓનાં કુટુંબો વસતાં હતાં. કેવળ દાખલો બેસાડવાની ખાતર અને પોતાના દીકરાને પણ સાદો અને પ્રજાસેવક બનાવવાને સારૂ તેમણે તેને એ ફાર્મમાં કેળવણી લેવા મોકલ્યો હતો. અને તેને લીધે જ કહીએ તો ચાલે કે બીજા મુસલમાન બાળકોને પણ તેમનાં માબાપોએ ફાર્મમાં મોકલ્યાં હતાં. જુવાન કાછલીઆનું નામ અલી હતું. તેની ઉમર તે વખતે ૧૦–૧૨ વરસની હશે. અલી નમ્ર, ચંચળ ને સત્યવાદી તથા સરળ છોકરો હતો. કાછલીઆ શેઠના પહેલાં, પણ લડાઈ પછી, તેને પણ ફિરસ્તાઓ ખુદાના દરબારમાં લઇ ગયા. જો તે જીવતો રહ્યો હોત તો પોતાના બાપને જરૂર શોભાવત એમ હું માનું છું.

પ્રકરણ ૧૭ મું

પહેલી ફુટ

૧૯૦૭ ના જુલાઇનો અંત આવ્યો. પરવાના કાઢ
ઑફિસો ખુલી. કોમી હુકમ હતો કે દરેક ઑફિસને ખુલ્લી
પિકેટ કરવી એટલે કે ઑફિસે જવાના રસ્તાઓ પર સ્વયંસેવ
રાખવા અને તેઓએ ઑફિસમાં જનાર લોકોને સાવ
કરવા. દરેક સ્વયંસેવકને અમુક નિશાની રાખવાની
અને દરેકને ખાસ શિક્ષણ આપવામાં આવ્યું હતું કે પર
કઢાવનાર કોઇ પણ હિન્દીની સાથે તે બેઅદબીથી ન વર્તે. તે
નામ પૂછે; ન આપે તો બળાત્કાર કે અવિનય ન કરે. કાયદાને
થવાથી થતા નુકશાનનો છાપેલો ખરડો દરેક એશિયાટિક ઑફિ
જનાર હિન્દીને આપે. તેમાં શું લખ્યું છે તે સમજાવે, પોલી
સાથે પણ અદબથી વર્તે. પોલીસ ગાળ દે, માર મારે
શાંતિથી સહન કરે. માર સહન ન થઇ શકે તો ત્યાંથી
જાય, પોલીસ પકડે તો ખુશીથી પકડાઇ જાય. જોહાનિસ્બ
એવું કંઇ બને તો મને જ ખબર આપે. બીજી જગ્યાએ

કે તે જગ્યાએ નીમાએલા મંત્રીઓને ખબર આપે અને તેની સૂચના પ્રમાણે કરે. દરેક ટુકડીનો મુખી નીમાતો. મુખીના હુકમ પ્રમાણે બીજા પહેરેગીરોએ (પિકેટ) વર્તવું.

આવો અનુભવ કોમને પ્રથમ જ થયો હતો. પહેરેગીર તરીકે બાર વરસ ઉપરાંતના બધાને પસંદ કરવામાં આવતા હતા, એટલે બારથી અઢાર વરસ સુધીના જુવાનીઆઓ પણ સ્વયંસેવક તરીકે ઘણા નોંધાયા હતા. પણ કોઇ સ્થાનિક કામદારોથી અજાણ્યો હોય એવા માણસને લેવામાં આવતો જ નહિ. આટલી ચોકશી ઉપરાંત દરેક સભામાં અને બીજી રીતે લોકોને જણાવવામાં આવતું હતું કે જેને નુકશાનના ભયથી કે બીજા કંઈ પણ કારણસર નવો પરવાનો કાઢવાની ઇચ્છા હોય પણ પિકેટનો ડર લાગે તેને આગેવાન તરફથી એક સ્વયંસેવક સોંપવામાં આવશે કે જે તેની સાથે જઇને તેને એશિયાટિક ઑફિસમાં મૂકી આવશે, અને તેનું કામ પૂરૂં થયે તેને પાછો સ્વયંસેવકોની બહાર વળાવી આવશે. આ સહીસલામતીનો કેટલાકે લાભ પણ લીધો હતો. સ્વયંસેવકોએ દરેક જગ્યાએ કામ અતિશય ઉમંગથી કરેલું. તેઓ સદાય પોતાના કાર્યમાં ચપળ અને જાગૃત રહેતા. સામાન્ય રીતે એમ કહી શકાય કે પોલીસની પજવણી બહુ ન હતી. કોઇ કોઇ વખતે એવી પજવણી થતી તેને સ્વયંસેવકો સહી લેતા.

આ કામમાં સ્વયંસેવકોએ હાસ્યરસ પણ રેડયો હતો. તેમાં કોઈ કોઈ વખત પોલીસ સુદ્ધાં ભળતી. પોતાનો વખત આનંદમાં ગાળવાને સારૂ સ્વયંસેવકો અનેક પ્રકારના ટુચકાઓ શોધી કાઢતા. એક વખત રસ્તો રોકવાને બ્હાને રાહદારીના

ધારાની રૂએ તેમને પકડવામાં આવ્યા હતા. ત્યાંના સત્યાગ્રહમાં અસહકાર ન હતા તેથી અદાલતામાં બચાવ ન કરાય એવા નિયમ ન હતા, જો કે કામી પૈસા ખરચીને વકીલ રાખી બચાવ ન કરાય એવા સામાન્ય નિયમ તા રાખવામાં આવ્યા હતા. આ સ્વયંસેવકાને અદાલતે નિરપરાધી ઠરાવી છોડી મૂકયા હતા. તેથી વળી તેઓના જુસ્સા વધ્યા.

આમ જો કે જાહેરમાં અને સ્વયંસેવકા તરફથી પરવાના કઢાવવા ઇચ્છતા હિન્દીઓ પ્રત્યે કશા અવિવેક કે બળાત્કાર નહાતા થતા છતાં મારે એટલું કબૂલ કરવું પડશે કે લડતને અંગે એવી પણ એક ટાળી ઉભી થઇ હતી કે જેનું કામ સ્વયંસેવક બન્યા વિના છુપી રીતે પરવાના કઢાવનારને મારપીટની ધમકી આપવાનું, કે તેને બીજી રીતે નુકસાન પહોંચાડવાનું હતું. આ દુઃખદ હતું. આની ખબર પડતાં એ અટકાવવાને સારૂ ખૂબ ચાંપતા ઉપાયા લેવામાં આવ્યા. પરિણામે ધમકી આપવાનું લગભગ નાબુદ થયું, પણ તેના જડમૂળથી નાશ ન થયા. ધમકીની અસર રહી ગઇ, અને એટલે અંશે લડતને નુકસાન થયું એ હું જોઇ શકયા. જેઓને બીક લાગતી હતી તેમણે તુરત જ સરકારી રક્ષણ શોધ્યું અને તે મળ્યું. આમ કામમાં ઝેર દાખલ થયું, અને જેઓ નબળા હતા તે વધારે નબળા બન્યા. આથી ઝેરને પોષણ મળ્યું, કારણકે નબળાઇના સ્વભાવ વેર વાળવાના હોય જ છે.

આ ધમકીની અસર ઘણી જ થોડી હતી, પણ જાહેર પ્રજામતની તેમ જ સ્વયંસેવકાની હાજરીને લીધે પરવાના કઢાવનારનાં નામ કામમાં જાહેર થશે, એ બે વસ્તુની અસર ઘણી ઉંડી પડી. ખૂની કાયદાને વશ થવું સારૂં છે એમ માનનાર તા એક પણ હિન્દીને

તો નથી. જે ગયા તે કેવળ દુઃખ કે નુકશાન સહન પોતાની અશક્તિને લીધે. તેથી એ જતાં શરમાયા.

કતરફથી શરમ અને બીજી તરફથી મોટા વેપારવાળા હિન્દી- પોતાના વેપારને નુકશાન પહોંચવાનો ભય. એ બે મુશ્કેલીઓ- નીકળવાનો કેટલાક આગેવાન હિન્દીઓએ રસ્તો શોધ્યો. ાટિક ઑફિસની સાથે તેઓએ ગોઠવણ કરી કે તેઓને ાનગી મકાનમાં અને તે પણ રાતના નવદસ વાગ્યા પછી ાટિક અમલદાર જઈને પરવાના કાઢી આપે. તેઓની હતી કે આમ થાય તો કેટલાક વખત સુધી તો તેઓ કાયદાને તાબે થયાની કોઈને ખબર જ નહિ પડે, અને પોતે આગેવાન રહ્યા એટલે તેઓનું જોઈને બીજા પણ કાયદાને શે એટલે કંઈ નહિ તોયે શરમનો ભાર તો ઓછો થશે જ થી વાત જાહેરમાં આવે તેની ચિન્તા નહિ.

સ્વયંસેવકોની ચોકસાઈ એટલી બધી સખત હતી, કે પળેપળની કોમને પડતી. એશિયાટિક ઓફિસમાં પણ એવા તો કોઈ હોય જે સત્યાગ્રહીઓને આવી જાતની ખબર આપે. બીજા નબળા છતાં એવા હોય કે આગેવાનોનું કાયદાને શરણુ થવું ન કરી શકે અને જો તેઓ મક્કમ રહે તો પોતે પણ રહી મેવા સદ્ભાવથી સત્યાગ્રહીઓને ખબર આપી દે. આમ એકવાર ચોકસાઈને લીધે કોમને તુરત ખબર મળી કે અમુક અમુક દુકાનમાં અમુક માણસો પરવાના કઢાવવાના છે. એવો ઇરાદો રાખનારાને કોમે પ્રથમ તો સમજાવવાનો પ્રયત્ન એ દુકાનની ચોકી પણ કરી. પણ માણસ પોતાની ઇને ક્યાં સુધી દબાવી શકે? રાતના દસ અગીઆર વાગે

મા પ્રમાણે કેટલાક આગેવાનોએ પરવાના કઢાવ્યા. અને એકસૂર ાલતી વાંસળીમાં એક ફુટ પડી. બીજે જ દિવસે એ નામો પણ ામે પ્રકટ કર્યાં. પણ શરમનેયે હદ હોય છે. સ્વાર્થ જ્યારે સામો આવીને ઉભો રહે છે, ત્યારે શરમ વગેરે કામ નથી આવતાં અને ાણસ લથડી પડે છે. આ પહેલી ફુટને અંગે ધીમે ધીમે પાંચસો-એક માણસોએ પરવાના લીધા. કેટલાક દિવસ સુધી તો પરવાના કાઢવાનું કામ ખાનગી મકાનોમાં જ ચાલ્યું પણ જેમ જેમ શરમ મોળી પડતી ગઇ તેમ તેમ આ પાંચસોમાંના કેટલાક જાહેર રીતે પણ પોતાનાં નામ નોંધાવવા એશિયાટિક ઑફિસમાં ગયા.

પ્રકરણ ૧૮ મું

પહેલો સત્યાગ્રહી કેદી

અથાગ પ્રયત્ન કર્યા પછી જ્યારે એશિયાટિક ઑફિસને ૫૦૦થી વધારે નામ ન મળી શક્યાં ત્યારે કોઇકને પણ પકડવા જોઇએ એ નિશ્ચય પર એશિયાટિક અમલદારો આવ્યા. વાંચનાર જર્મીસ્ટન નામ જાણે છે. ત્યાં ઘણા હિન્દીઓ રહેતા હતા. તેમાં રામસુંદર પંડિત કરીને એક હિન્દી પણ હતો. તે દેખાવમાં બહાદુર જેવો અને વાચાળ હતો. થોડા ઘણા શ્લોક પણ જાણતો હતો. ઉત્તર હિન્દુસ્તાનનો એટલે રામાયણના દુહાચોપાઇ તો જાણે જ, અને પંડિત કહેવાય તેથી લોકોમાં તેની પ્રતિષ્ઠા પણ હતી. તેણે ભાષણો ઠેકઠેકાણે કર્યાં અને ભાષણોમાં એ ખૂબ જુસ્સો રેડી શકતો. ત્યાંના કેટલાક વિઘ્નસંતોષી હિન્દીઓએ એશિયાટિક ઑફિસને જણાવ્યું કે જો રામસુંદર પંડિતને પકડવામાં આવે તો જર્મીસ્ટનના ઘણા હિન્દીઓ એશિયાટીક ઑફિસમાંથી પરવાના લે. રામસુંદર પંડિતને પકડવાને સારૂ આ લાલચને વશ થયા વિના તે ઑફિસનો

અમલદાર ન જ રહી શકે. રામસુંદર પંડિત પકડાયા. આવી જાતનો આ પહેલો જ કેસ હોવાથી સરકારમાં તેમ જ કોમમાં ખૂબ ખળભળાટ થયો. રામસુંદર પંડિત જેને માત્ર જર્મીસ્ટન જ જાણતું હતું તેને એક ક્ષણમાં આખું દક્ષિણ આફ્રિકા જાણતું થયું. એક મહાન પુરુષનો કેસ ચાલતો હોય અને બધાની નજર તેની ભણી વળે તેમ સૌની નજર રામસુંદર પંડિત તરફ વળી. કોઈ પણ જાતનો સુલેહ જાળવવાનો બંદોબસ્ત રાખવાની સરકારને જરૂર ન હતી, છતાં તેવો બંદોબસ્ત પણ કર્યો. અદાલતમાં પણ રામસુંદર કોમનો એક પ્રતિનિધિ છે અને સામાન્ય ગુન્હેગાર નથી એવી રીતે તેનો આદર થયો. અદાલત ઉત્સુક હિન્દીઓથી ભરાઈ ગઈ હતી. રામસુંદરને એક મહીનાની સાદી જેલ મળી. તેને જોહાનિસ્બર્ગની જેલમાં રાખવામાં આવ્યા હતા. તેને સારૂ યુરોપીઅન વૉર્ડમાં અલગ કોટડી હતી. તેને મળવામાં જરાયે મુશ્કેલી નહોતી આવતી. બહારથી ખાવાનું જવા દેતા હતા અને કોમ તરફથી હમેશાં સુંદર ખાણું પકાવીને મોકલવામાં આવતું હતું. તે જે પ્રચ્છે તે પૂરૂં પાડવામાં આવતું હતું. કોમે તેની જેલનો દિવસ ભારે ધામધુમથી ઉજવ્યો. કોઈ હતાશ ન થયું પણ ઉત્સાહ વધ્યો. જેલ જવાને સેંકડો રાજી હતા. એશિયાટિક ઑફિસની આશા ફળીભૂત ન થઈ. જર્મીસ્ટનના હિન્દી પણ પરવાનો લેવા ન ગયા. ફાયદો કોમને જ મળ્યો. મહીનો પૂરો થયો, રામસુંદર છુટયા અને વાજતે ગાજતે સરઘસમાં તેમને જ્યાં સભા ભરવાનું મુકરર કર્યું હતું ત્યાં લઈ ગયા. ઉત્સાહ-પૂર્વક ભાષણો થયાં. રામસુંદરને ફુલના હારોથી ઢાંકી દીધા. સ્વયંસેવકોએ તેમને તેમના માનમાં મિજબાની આપી, અને સેંકડો હિન્દીઓ આપણે પણ જેલમાં ગયા હોત તો કેવું સારૂં

એમ માનતા રામસુંદર પંડિતનો મીઠો દ્વેષ કરવા લાગ્યા.

પણ રામસુંદર ફુટી બદામ નીવડયા. તેનું જોર ખોટી સતીના જેવું હતું. એક મહીનાની જેલમાંથી નીકળી શકાય તેમ તો હતું જ નહિ કેમકે તેનું પકડાવું અનાયાસે થયું હતું. જેલમાં તો બહાર નહિ તેટલી સાહેબી તેણે ભોગવી હતી. છતાં છુટો ફરનાર અને વળી વ્યસની માણસ જેલના એકાંતવાસની અને અનેક પ્રકારના ખોરાકો મળવા છતાં ત્યાં રહેલા સંયમની બરદાસ ન કરી શકે. એવું રામસુંદર પંડિતનું થયું. કોમની અને જેલના અમલદારોની ભારે ખુશામત ભોગવ્યા છતાં તેને જેલ કડવી લાગી. અને તેણે ટ્રાન્સવાલને અને લડતને છેલ્લી સલામ કરી રાત લીધી. દરેક કોમમાં ખેલાડીઓ તો હોય જ છે. અને જેમ કોમમાં તેમ લડતમાં. તેઓ રામસુંદરની રગેરગ જાણતા હતા. પણ તેનાથી પણ કોમનો કંઇક અર્થ સરે છે એમ સમજીને તેઓએ રામસુંદર પંડિતનો છૂપો રહેલો ઇતિહાસ મને તેનું પોકળ ઉઘડયા પહેલાં કોઇ દિવસ જાણવા દીધો જ નહિ. પાછળથી મને માલમ પડયું કે રામસુંદર તો પોતાની ગીરમીટ પૂરી કર્યા વિના ભાગી આવેલ ગીરમીટીઓ હતો. તેના ગીરમીટીઆ હોવાની વાત હું અહિયાં ધૃણાથી નથી લખતો. ગીરમીટીઆ હોવામાં કંઇ એબ નથી. લડતને અતિશય શોભાવનાર તો ગીરમીટીઆ જ હતા, એ વાંચનાર છેવટે જોશે. લડત જીતવામાં પણ તેઓનો મોટામાં મોટો હિસ્સો હતો. ગીરમીટમાંથી ભાગી નીકળવું એ જરૂર દોષ હતો.

પણ રામસુંદરનો આખો ઇતિહાસ તેની એબ બતાવવાને સારૂ મેં નથી ટાંક્યો, પણ તેમાં જે રહસ્ય રહેલું છે એ બતાવવાને

અર્થે જ એ ઇતિહાસ દાખલ કર્યો છે. દરેક શુદ્ધ લડતનાં આગેવાનોની ફરજ છે કે તેઓએ શુદ્ધ માણસોને જ શુદ્ધ લડતમાં દાખલ કરવા જોઇએ. પણ ગમે તેવી સાવચેતી રાખતાં છતાં અશુદ્ધ માણસોને અટકાવી નથી શકાતા. એમ છતાં સંચાલકો નીડર અને સાચા હોય, તો અશુદ્ધ માણસોના અજાણપણે દાખલ થઇ જવાથી લડતને છેવટે નુકસાન નથી પહોંચતું. રામસુંદર પંડિતનું પોત કળાયું એટલે તેની કિંમત ન રહી. તે તો બિચારો પંડિત મટી કેવળ રામસુંદર જ રહ્યો. કોમ તેને ભુલી ગઇ પણ લડતને તો જોર જ મળ્યું. લડતને નિમિત્તે ભોગવાએલી જેલ જમે ખાતામાંથી ખાતલ ન થઇ, તેના જેલ જવાથી જે જોર આવ્યું તે તો કાયમ રહ્યું અને તેના દાખલાથી બીજા નબળા માણસો પોતાની મેળે લડતમાંથી સરી ગયા. આવી નબળાઇના બીજા કેટલાક દાખલાઓ પણ બન્યા ખરા. તેનો ઇતિહાસ હું નામ ઠામ સહિત આપવા ધારતો નથી. એ આપવાથી કંઇ અર્થ સરે તેમ નથી. કોમની નબળાઇ સબળાઇ બધી વાંચનારના ધ્યાન બહાર ન રહી શકે તેથી એટલું કહી દેવાની જરૂર છે. કે રામસુંદર તે એક જ રામસુંદર ન હતા પણ મેં એમ જોયું કે બધા રામસુંદરોએ લડતની તો સેવા જ કરી.

વાંચનાર રામસુંદરનો દોષ ન જુએ. આ જગતમાં મનુષ્ય માત્ર અપૂર્ણ છે. કોઇની અપૂર્ણતા વિશેષ જોવામાં આવે છે, ત્યારે આપણે તેનું આંગળીચીંધણું કરીએ છીએ. વાસ્તવિક રીતે એ ભુલ છે. રામસુંદર કાંઇ જાણીજોઇને નબળો નહિ બન્યો. માણસ પોતાના સ્વભાવની દશા બદલી શકે, તેની ઉપર અંકુશ મૂકી શકે, પણ તેને જડમૂળથી કોણ કાઢી શકે? જગતકર્તાએ

એટલી સ્વતંત્રતા તેને આપી જ નથી. વાઘ જો તેની ચામડીની વિચિત્રતા બદલી શકે તો મનુષ્ય પોતાના સ્વભાવની વિચિત્રતા બદલી શકે. ભાગી જવા છતાં પણ રામસુંદરને પોતાની નબળાઇને સારૂ કેટલો પશ્ચાતાપ થયો હશે એ આપણને કેમ ખબર પડે? અથવા તેનું ભાગી જવું એ જ તેના પશ્ચાત્તાપનો એક સબળ પુરાવો ન ગણાય? જો તે બેશરમ હોય તો તેને ભાગવાની શી જરૂર હતી? પરવાનો કઢાવીને ખૂની કાયદાની રૂએ તે હમેશાં જેલમુક્ત રહી શકત, એટલું જ નહિ પણ તેણે ધાર્યું હોત તો એશિયાટિક ઑફિસનો દલાલ બનીને બીજાઓને ભમાવી શકત, અને સરકારનો માનીતો પણ થઇ શકત. એવું કરવાને બદલે પોતાની નબળાઇ કોમને બતાવતાં શરમાવાથી તેણે મ્હોં છુપાવ્યું અને એમ કરીને પણ તેણે સેવા જ કરી એવો ઉદાર અર્થ આપણે કેમ ન કરીએ?

પ્રકરણ ૧૯ મું

'ઇન્ડિઅન ઓપીનિઅન'

સત્યાગ્રહની લડતમાં બહારનાં અને અંદરનાં બધાં સાધનો વાંચનારની પાસે મૂકવાનાં છે, તેથી "ઇન્ડિઅન ઓપીનિઅન" નામનું જે સાપ્તાહિક દક્ષિણ આફ્રિકામાં હજુ નીકળ્યાં કરે છે, તેની ઓળખાણ પણ કરાવવાની જરૂર છે. દક્ષિણ આફ્રિકામાં પહેલું હિન્દી છાપખાનું કાઢવાનો જશ મદનજીત વ્યાવહારિક નામના ગુજરાતી ગૃહસ્થને છે. એ છાપખાનું થોડાં વરસ સુધી મુસીબતો વચ્ચે ચલાવ્યા બાદ તેમણે એક છાપું કાઢવાનો પણ ઇરાદો કર્યો. તેમણે મરહૂમ મનસુખલાલ નાઝરની અને મારી સલાહ લીધી. છાપું ડર્બનમાં નીકળ્યું. મનસુખલાલ નાઝર બીનપગારી અધિપતિ થયા. છાપામાં પ્રથમથી જ ખોટ આવવા લાગી. છેવટે તેમાં કામ કરનારાઓને ભાગીદાર અથવા ભાગીદાર જેવા બનાવી એક ખેતર લઇ તેમાં તે લોકોને વસાવી ત્યાંથી એ છાપું કાઢવાનો નિશ્ચય થયો. એ ખેતર ડર્બનથી તેર માઇલ છેટે એક સુંદર ટેકરી પર આવેલું છે. તેની પડખેનું રેલ્વે સ્ટેશન ખેતરથી ત્રણ માઇલ છેટે છે અને તેનું

નામ ફિનિક્સ છે. છાપાનું નામ પ્રથમથી જ "ઇન્ડિઅન ઓપીનિઅન" છે. એક વેળા તે અંગ્રેજી, ગુજરાતી, તામિલ અને હિન્દીમાં પ્રકટ થતું હતું. તામિલ અને હિન્દીનો બોજો દરેક રીતે વધારે લાગવાથી, ખેતર ઉપર રહે એવા તામિલ અને હિન્દી લેખકો ન મળવાથી અને તેનાં લખાણો ઉપર અંકુશ નહિ રહી શકવાથી એ બે વિભાગ બંધ કરવામાં આવ્યા, અને અંગ્રેજી તથા ગુજરાતી ચાલુ રાખવામાં આવ્યા. સત્યાગ્રહની લડાઈ શરૂ થઈ ત્યારે આ પ્રમાણે છાપું ચાલતું હતું. તેમાં સંસ્થાવાસીઓમાં ગુજરાતી હિન્દી, તામિલ અને અંગ્રેજ એમ બધા હતા. મનસુખલાલ નાઝરના અકાલ મૃત્યુ પછી એક અંગ્રેજ મિત્ર હર્બર્ટ કિચન અધિપતિ રહેલા. ત્યાર પછી ભલા પાદરી મરહૂમ જોસફ ડોક પણ થોડો વખત સુધી હતા. હેનરી પોલાક તો ઘણાં વર્ષ સુધી અધિપતિ રહેલા. આ અખબારની મારફતે કોમને દરેક અઠવાડીએ સંપૂર્ણ ખબર આપવાનું કામ સારી રીતે બની શકતું હતું. અંગ્રેજી વિભાગ મારફતે જેઓ ગુજરાતી ન જાણતા એવા હિન્દીઓને થોડી ઘણી લડતની કેળવણી મળતી અને હિન્દુસ્તાન, વિલાયત તેમજ દક્ષિણ આફ્રિકાના અંગ્રેજોને સારૂ તો 'ઇન્ડિઅન ઓપીનિઅન' એક સાપ્તાહિક ખબરપત્રની ગરજ સારતું. મારી એવી માન્યતા છે કે આંતરિક બળ ઉપર જે લડતનો મુખ્ય આધાર હોય તે લડત અખબાર વિના લડી શકાય; પણ એની સાથે મારો એ અનુભવ પણ છે કે 'ઇન્ડિઅન ઓપીનિઅન'ની હસ્તીથી જે સગવડો મળી હતી, જે કેળવણી કોમને સહેલાઇથી આપી શકાતી હતી, જે ખબરો દુનિયામાં જ્યાં જ્યાં હિન્દીઓ વસે છે ત્યાં ત્યાં બધે ફેલાવી શકાતી હતી, તે બીજી રીતે કદાચ ન જ બની શકત. તેથી એટલું તો ચોક્કસ કહી શકાય કે લડત લડવાનાં સાધનોમાં

'ઇન્ડિઅન ઓપીનિઅન' એ પણ એક બહુ ઉપયોગી અને પ્રબળ સાધન હતું

જેમ કામમાં લડતને અંગે ;અને અનુભવ લેતાં લેત પરિવર્તનો થયાં તેમજ 'ઇન્ડિઅન ઓપીનિઅન'માં પણ બન્યું. એ અખબારમાં પ્રથમ જાહેરખબરો લેવામાં આવતી. છાપખાનાને અંગે બહારનું પરચુરણ છાપવાનું કામ લેવામાં આવતું. મેં જોયું કે એ બન્ને કામમાં સારામાં સારા માણસોને રોકવા પડતા હતા. જાહેરખબરો લેવી જ તો પછી કઇ લેવી અને કઇ ન લેવી એનો વિચાર કરવામાં હમેશાં ધર્મસંકટો પેદા થતાં. વળી અમુક જાહેરખબર ન લેવાનો વિચાર થાય ને છતાં જાહેરખબર આપનાર કોમનો આગેવાન હોય, તેને દુઃખ લગાડવાના ભયથી પણ ન લેવા યોગ્ય જાહેરખબર લેવાની લાલચમાં ફસાવું પડે. જાહેરખબરો મેળવવામાં અને તેના દામ વસૂલ કરવામાં સારામાં સારા માણસનો વખત જાય અને ખુશામતો કરવી પડે તે નોખું. અને સાથે એ પણ વિચાર આવ્યો કે જો છાપું કમાઇને અર્થે નહિ પણ કેવળ કોમની સેવાને અર્થે ચાલતું હોય તો તે સેવા જબરદસ્તીથી નહિ થવી જોઇએ પણ કોમ ઇચ્છે તો જ થવી જોઇએ. અને કોમની ઇચ્છાનો ચોખ્ખો પુરાવો તો એ જ ગણાય કે કોમ ઘટતી સંખ્યામાં ઘરાક થઇ તેનું ખર્ચ ઉપાડી લે. વળી એમ પણ વિચાર્યું કે છાપાને ચલાવવા સારૂ માસિક ખર્ચ કાઢવામાં થોડા વેપારીઓને સેવાભાવને નામે પોતાની જાહેરખબરો આપવા સમજાવવા તેના કરતાં કોમના આમવર્ગને છાપું લેવાની ફરજ સમજાવવી એ લલચાવનાર અને લલચાનાર બન્ને સારૂ કેટલી બધી સુંદર કેળવણી થઇ પડે ? વિચાર થયો

અને તુરત અમલમાં મૂક્યો. પરિણામ એ આવ્યું કે જેઓ જાહેરખબર વગેરેની ભાંજગડમાં પડયા હતા તેઓ અખબાર સારૂં બનાવવાની મહેનતમાં ગૂંથાયા. કોમ તરત સમજી ગઇ કે 'ઇન્ડિઅન ઓપીનિઅન'ની માલીકી અને તે ચલાવવાની જવાબદારી બન્ને તેને હસ્તક રહ્યાં. અમે બધા કામદારો નિશ્ચિંત થયા. કોમ છાપું માગે તો પૂરેપૂરી મહેનત કરી છૂટવા જેટલી જ ફિકર અમારે વેઠવી રહી, અને હરકોઇ હિન્દીને તેની બાંય પકડી ઇન્ડિઅન ઓપીનિઅન લેવાનું કહેતાં શરમ તો ન જ રહી. એટલું જ નહિ પણ કહેવું એ અમે ધર્મ સમજવા લાગ્યા. 'ઇન્ડિઅન ઓપીનિઅન'નાં આંતરિક બળ અને સ્વરૂપ પણ ફર્યાં અને એ એક મહાશક્તિ થઇ પડયું. તેની સામાન્ય ઘરાકી ૧૨૦૦–૧૫૦૦ સુધી હતી, તે દિવસે દિવસે વધવા લાગી. તેનો દર વધારવો પડ્યો હતો તેમ છતાં લડાઇએ જ્યારે ઉગ્ર સ્વરૂપ પકડયું તે વખતે ૩૫૦૦ નકલો સુધી ગ્રાહક વધ્યા હતા. 'ઇન્ડિઅન ઓપીનિઅન'નો વાચકવર્ગ વધારેમાં વધારે ૨૦,૦૦૦ ગણી શકાય, તેમાં ૩૦૦૦ ઉપરાંત નકલોનું ખપવું એ અજાયબી ભરેલો ફેલાવો ગણી શકાય. કોમે એ વખતે એ છાપું એટલે સુધી પોતાનું કરી મૂકયું હતું કે જો ધારેલે વખતે તેની નકલો જોહાનિસબર્ગમાં ન પહોંચી હોય તો મારી ઉપર ફરીયાદની ધાડ આવેલી જ હોય. ઘણે ભાગે રવિવારે સવારે એ જોહાનિસબર્ગમાં પહોંચતું. મને ખબર છે કે ઘણા માણસો છાપું આવે ત્યારે પ્રથમ કામ પહેલેથી તે છેલ્લે સુધી તેનો ગુજરાતી ભાગ વાંચી લેવાનું કરે. એક જણ વાંચે અને પાંચ પંદર તેને વીંટાઇને બેઠા હોય તે સાંભળે. આપણે ગરીબ રહ્યા એટલે કેટલાક એ છાપું ભાગમાં પણ લેતા.

છાપખાનાના અંગે પરચુરણ કામ નહિ લેવા વિષે પણ લખી ગયો. તે બંધ કરવાનાં કારણો પણ ઘણે ભાગે જાહેરખબરના જેવાં જ હતાં, અને તે બંધ કરવાથી બીબા ગોઠવનારાનો જે વખત બચ્યો તેનો ઉપયોગ છાપખાના મારફતે પુસ્તકો પ્રગટ કરવામાં થયો, અને એ પ્રવૃત્તિમાં ધન મેળવવાનો હેતુ ન હતો એમ કોમ જાણતી હતી, અને પુસ્તકો કેવળ લડતને મદદ રૂપે જ છપાતાં હતાં તેથી પુસ્તકોનો ઉઠાવ પણ સારી રીતે થવા લાગ્યો. આમ છાપું અને છાપખાનું બન્નેએ લડતમાં ફાળો ભર્યો, અને સત્યાગ્રહની જડ જેમ જેમ કોમમાં બાઝતી ગઈ તેમ તેમ છાપાની અને છાપખાનાની, સત્યાગ્રહની દૃષ્ટિએ નૈતિક પ્રગતિ પણ થતી ગઈ એમ સ્પષ્ટ રીતે જોઈ શકાતું હતું.

પ્રકરણ ૨૦ મું

પકડાપકડી

રામસુંદરનું પકડાવું સરકારને મદદગાર ન બન્યું એ આપણે જોઇ ગયા. બીજી તરફથી કોમ એકસાસે ઉત્સાહમાં આગળ જવા લાગી, એ પણ અમલદારો જોઇ રહ્યા. 'ઇન્ડિઅન ઓપીનિઅન'નાં લખાણો એશિયાટિક ખાતાના અમલદારો તો ધ્યાનપૂર્વક વાંચતા જ હતા. લડતને અંગે કંઇ પણ વાત છુપી તો રાખવામાં આવતી જ ન હતી. કોમની નબળાઇ સબળાઇ બધું શત્રુ, મિત્ર, કે ઉદાસી જે કોઇ જોવા ઇચ્છે તે એ અખબારમાંથી જોઇ શકતા. કામદારો પ્રથમથી જ શીખી ગયા હતા કે જે લડતમાં ખોટું કરવાનું કંઇ છે જ નહિ, જ્યાં ફરેબ અથવા ચાલાકીને અવકાશ જ નથી, અને જેમાં બળ હોય તો જ જીતવાનું છે, તેમાં છુપું રાખવાનું કંઇ હોય જ નહિ. કોમનો સ્વાર્થ જ એ સૂચવે કે નબળાઇરૂપી રોગ નાબૂદ કરવો હોય તો નબળાઇની પરીક્ષા કરી તેને બરોબર પ્રકટ કરવો. છાપું એવા જ ધોરણથી ચાલે છે એમ જ્યારે અમલદારોએ જોયું ત્યારે તે તેઓને સારૂ હિન્દી કોમના

ચાલુ ઇતિહાસની આરસીરૂપ થઇ પડયું, અને તેથી તેઓએ વિચાર્યું કે જ્યાં સુધી અમુક આગેવાનોને તે નહિ પકડે ત્યા સુધી લડતનું બળ તૂટવાનું જ નથી. તેથી ૧૯૦૭ ના ડિસેમ્બરમાં કેટલાક આગેવાનોને કોરટમાં હાજર થવાની નોટીસ મળી. આવી નોટીસ આપવામાં અમલદારોએ સભ્યતા વાપરેલી એમ મારે કબૂલ કરવું જોઇએ. તેઓ ધારત તો આગેવાનોને વારંટથી પકડી શકત. તેમ કરવાને બદલે હાજર રહેવાની નોટીસો આપી અમલદારોએ સભ્યતાની સાથે પોતાનો વિશ્વાસ પણ જાહેર કર્યો કે આગેવાનો પકડાવાને તત્પર છે. મુકરર કરેલે દિવસે નોટીસ મળી હતી. તેઓ કોરટમાં હાજર થયા.

આમાં ક્વીન નામના શખ્સ જોહાનિસ્બર્ગમાં વસતા ચીના લોકોના પ્રમુખ હતા. જોહાનિસ્બર્ગમાં તેઓની વસ્તી ૩૦૦-૪૦૦ માણસોની હશે. તેઓ બધા વેપાર કે ઝીણીમોટી ખેતીનું કામ કરતા. હિંદુસ્તાન ખેતીને સારૂ પ્રખ્યાત મુલક છે, પણ મારી માન્યતા છે કે જેટલે દરજ્જે ચીનના લોકોએ ખેતીને આગળ વધારી છે તેટલે દરજ્જે આપણે નથી પહોંચ્યા. અમેરિકા વગેરે દેશોમાં ખેતીની આધુનિક પ્રગતિ થએલી છે. એનું વર્ણન થઇ જ ન શકે. તેમ પશ્ચિમની ખેતીને હું હજુ અખતરા રૂપે માનું છું. પણ ચીન તો આપણા જેવો જ પ્રાચીન દેશ છે અને ત્યાં પ્રાચીન જમાનાથી જ ખેતી કેળવવામાં આવેલી છે. તેથી ચીન અને હિન્દુસ્તાન વચ્ચે સરખામણી કરીને આપણે કંઇ શીખી શકીએ છીએ. જોહાનિસ્બર્ગના ચીનાઓની ખેતી જોઇને અને તેઓની વાતો સાંભળીને મને એમ તો લાગ્યું કે ચીનાઓનાં જ્ઞાન અને ઉદ્યમ

આપણા કરતાં બહુ વધારે છે. જ્યાં આપણે જમીનને પડતર ગણી તેનો કંઇ ઉપયોગ નથી કરતા ત્યાં ચીનાઓ પોતાનાં જુદાં જુદાં ખેતરોના સૂક્ષ્મ જ્ઞાનને લીધે સારા પાક ઉપજાવી શકે છે. આ ઉદ્યોગી અને ચતુર કોમને પણ ખૂની કાયદો લાગુ થતો હતો તેથી તેઓએ લડતમાં હિન્દીઓની સાથે જોડાવાનું યોગ્ય ધાર્યું. એમ છતાં શરૂથી તે આખર સુધી બન્ને કોમોનો બધો વહીવટ વગેરે તદ્દન અલગ રહ્યાં. બન્ને પોતપોતાની સંસ્થાઓની મારફતે લડી રહ્યા હતા. તેથી શુભ પરિણામ એ આવ્યું કે જ્યાં સુધી બન્ને કોમ ટકી રહે ત્યાં સુધી બેઉને લાભ થાય, પણ જો એક પડે તો બીજીને કંઇ નુકસાનનું કારણ રહે નહિ; પડવાનું તો હોય જ નહિ. છેવટે ચીનાઓ તો ઘણા પડી ગયા હતા, કેમકે તેમના પ્રમુખે તેમને દગો દીધેલો. પ્રમુખ કાયદાને વશ તો ન થયા, પણ એક દિવસે મને કોઇએ ખબર આપી કે પ્રમુખ તો હિસાબ કીતાબ આપ્યા વિના નાસી ગયા છે. સરદાર ગયા પછી અનુયાયીઓએ ટકી રહેવું હમેશાં મુશ્કેલ તો હોય જ છે, અને તેમાં વળી સરદારમાં કંઇ મેલ જોવામાં આવે ત્યારે તો બમણી નિરાશા ઉત્પન્ન થાય છે. પણ જ્યારે પકડાપકડી શરૂ થઇ ત્યારે તો ચીનાઓ અતિશય જોરમાં હતા. તેઓમાંથી તો ભાગ્યે કોઇએ પરવાના કઢાવ્યા હોય. તેથી જેમ હિન્દી આગેવાનોને પકડ્યા તેમ ચીનાઓના કર્તાહર્તા મિ. ક્વીનને પણ પકડવામાં આવ્યા. કેટલાક વખત સુધી તો તેણે બહુ સારૂં કામ કરેલું એમ કહી શકાય.

પકડાએલાઓમાંથી બીજા જે આગેવાનની ઓળખાણ આ સ્થળે કરાવવા ઇચ્છું છું તે થંબી નાયડુ. થંબી નાયડુ એ તામિલ હતા. તેમનો જન્મ મોરીશીઅસમાં થએલો. પણ માબાપ મદ્રાસ

ઇલાકામાંથી આજીવિકા માટે મોરીશીઅસ ગએલાં. થંબી નાયડુ સામાન્ય વેપારી હતા. નિશાળની કેળવણી કંઇ જ નહિ એમ કહી શકાય. પણ અનુભવજ્ઞાન ઉંચા પ્રકારનું. અંગ્રેજી ઘણી સારી રીતે બોલી લખી શકે, જો કે ભાષા બોલવામાં અને લખવામાં ભાષાશાસ્ત્રીની દૃષ્ટિએ તેમાં દોષ જણાય. તામિલનું જ્ઞાન પણ અનુભવથી જ મેળવેલું. હિન્દુસ્તાની પણ સારી રીતે સમજે અને બોલે. તેલુગુનું પણ ઠીક જ્ઞાન, જો કે હિન્દી અથવા તેલુગુ લિપિ સુદ્ધાં ન જાણે. મોરીશીઅસની ભાષા જે ક્રીઓલને નામે ઓળખાય છે, અને જે અપભ્રષ્ટ ફ્રેંચ ગણી શકાય તે ભાષાનું ઘણું સારૂં જ્ઞાન થંબી નાયડુને હતું. આટલી ભાષાઓનું વ્યાવહારિક જ્ઞાન દક્ષિણના હિન્દીઓમાં હોવું એ અપવાદ રૂપે ન હતું. દ૦ આફ્રિકામાં સેંકડો હિન્દીઓ આ બધી ભાષાઓનું સામાન્ય જ્ઞાન ધરાવનારા જોવામાં આવશે. વળી આ બધી સાથે હબસીની ભાષાનું જ્ઞાન તો હોય જ. આ બધું ભાષાજ્ઞાન તેઓ અનાયાસે મેળવે છે, અને મેળવી શકે છે. તેનું કારણ મેં તો એ જોયું કે પરભાષાની મારફતે કેળવણી લઇને તેઓનાં મગજ થાકી ગએલાં નથી હોતાં. તેઓની યાદશક્તિ તીવ્ર હોય છે. અને તે તે ભાષાના માણસોની સાથે બોલીબોલીને અને અવલોકન કરીને જ તેઓ જુદી જુદી ભાષાનું જ્ઞાન મેળવે છે. તેમાં તેઓના મગજને બહુ તસ્દી નથી પડતી પણ મગજના આવા સહેલા વ્યાયામથી બુદ્ધિ સ્વાભાવિક રીતે ખીલી નીકળે છે. એવું જ થંબી નાયડુનું થયું હતું. તેની બુદ્ધિ ઘણી તીવ્ર હતી. નવા નવા પ્રશ્નો ઘણી ચપળતાથી સમજી લે. તેની હાજરજવાબી આશ્ચર્ય પમાડે. હિન્દુસ્તાન ન જોએલું છતાં હિન્દુસ્તાન ઉપર તેમને અગાધ પ્રેમ હતો. સ્વદેશાભિમાન તેમની રગે રગે વ્યાપી રહ્યું હતું. તેમની દૃઢતા તેના

ચહેરામાં ચીતરાએલી હતી. તેમના શરીરનો બાંધો ઘણો મજબુત અને કસાએલો હતો. મહેનત કરતાં થાકે જ નહિ. ખુરશીએ બેસી આગેવાની કરવી હોય તો એ પદને શોભાવી શકે, અને એટલી જ સ્વાભાવિક રીતે હેલકરીનું કામ પણ કરે. સરીઆમ રસ્તેથી બોજો ઉચકી જતાં થંબી નાયડુ જરાયે શરમાય નહિ. મહેનત કરવી હોય ત્યારે રાતદિવસનો ભેદ જાણે જ નહિ. અને કોમને અર્થે સર્વસ્વ હોમવામાં સૌની સાથે હરિફાઈ કરી શકે. જો થંબી નાયડુ હદ કરતાં વધારે સાહસિક ન હોત અને તેનામાં ક્રોધ ન હોત તો અત્યારે એ વીરપુરુષ ટ્રાન્સવાલમાં કાછલીઆની ગેરહાજરીમાં કોમની આગેવાની સહેજે લઈ શકત. ટ્રાન્સવાલની લડત ચાલી ત્યાં સુધી તેના ક્રોધનું વિપરીત પરિણામ આવ્યું નહોતું શક્યું. અને તેનામાં જે અમૂલ્ય ગુણો હતા તે જવાહીરોની માફક ચળકી રહ્યા હતા. પણ પાછળથી મેં જાણ્યું કે તેનો ક્રોધ અને સાહસિકતા તેનાં પ્રબળ શત્રુ નીવડ્યાં છે અને તેણે તેના ગુણોને ઢાંકી દીધા છે. તે ગમે તેમ હો, પણ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડતમાં થંબી નાયડુનું નામ હમેશાં પહેલા વર્ગમાં જ રહેશે.

અમારે બધાને અદાલતમાં સાથે જ હાજર થવાનું હતું. પણ બધાના કેસ નોખા નોખા ચલાવવામાં આવ્યા હતા. અમારે કોઈને કંઈ બચાવ કરવાનો તો હતો જ નહિ. સૌએ પોતાના ગુન્હા કબૂલ કરવાના હતા. મેં કોર્ટની પાસે કંઈ એકરાર પણ રજુ નહોતો કર્યો. વિચારપૂર્વક અને ધર્મ સમજીને જ હું ખૂની કાયદાની સામે થએલો છું અને તેને સારુ સજા મળે એ સહન કરવામાં માન સમજીશ, એવા ભાવાર્થનું જ હું બોલ્યો હતો. બે

માસની આસન કેદની સજા થઈ. જે અદાલતમાં હું સેંકડો વખત વકીલ તરીકે ઉભો રહેલો, વકીલમંડળની સાથે બેસતો તે આજે તહોમતદારના પીંજરામાં ખડો છું, એ વિચાર કંઇક વિચિત્ર લાગ્યો ખરો. પણ એટલું તો મને બરાબર યાદ છે કે વકીલમંડળની બેઠકમાં બેસવામાં જે કંઇ માન મેં માન્યું હશે તેના કરતાં અપરાધીના પીંજરામાં ઉભા રહેવામાં મેં ઘણું વધારે માન માન્યું. તેમાં દાખલ થતાં લેશમાત્ર પણ ક્ષોભ થયાનું મને સ્મરણ નથી. અદાલતમાં તો સેંકડો હિન્દી ભાઇઓ, વકીલ મિત્રો વગેરેની સમક્ષ હું ઉભો હતો. જેવી સજા સંભળાવવામાં આવી કે તરત કેદીઓને લઇ જવાને દરવાજેથી લઇ જતા પહેલાં જ્યાં કેદીઓને રાખવામાં આવે છે ત્યાં મને એક સિપાઇ લઇ ગયો.

તે વખતે મેં બધું મારી આસપાસ સુમસામ જોયું. કેદીઓને બેસવાનો એક બાંકડો હતો ત્યાં બેસવાનું કહી પોલીસ અમલદાર દરવાજો બંધ કરીને ચાલતો થયો. અહીં મને ક્ષોભ થયો ખરો. હું ઉંડા વિચારમાં પડી ગયો. કયાં ઘરબાર! ક્યાં વકીલાત! ક્યાં સભાઓ! એ બધું શું સ્વપ્નવત્ અને આજે હું કેદી! બે મહિનામાં શું થશે? બે મહિના પૂરા કાઢવા જ પડશે? લોકો થોકબંધ પોતાનાં વચન પ્રમાણે ચાલ્યા આવે તો બે મહિના કાઢવા જ શેના પડે? પણ જો ન જ આવે તો બે મહીના કેટલા બધા લાંબા જશે? આ અને આવા વિચારો લખાવતાં મને જેટલો વખત લાગે છે તેના સોમા ભાગનો વખત પણ આવતાં નહિ લાગેલો. એ વિચારો આવ્યા તેવો જ હું શરમાયો. આ કેટલું બધું મિથ્યાભિમાન! હું તો જેલને મહેલ ગણાવનારો! ખૂની કાયદાની સામે થતાં જે સહન કરવું પડે તે દુઃખ નહિ પણ સુખ ગણાવું જોઇએ, તેની

સામે થતાં જાનમાલ વગેરેનું અર્પણ કરવું એ તો સત્યાગ્રહમાં વિલાસ ગણાવો જોઇએ, એ બધું જ્ઞાન આજે ક્યાં ચાલ્યું ગયું? એ વિચાર આવતાની સાથે જ હું અક્કડ બની ગયો અને મારી મૂર્ખાઇ તરફ હસવા લાગ્યો. બીજા ભાઇઓને કેવી કેદ મળશે? તેઓને પણ મારી સાથે જ રાખશે કે કેમ? એ બધા વ્યાવહારિક વિચારોમાં પડી ગયો. એ બધી ભાંજગડ કરૂં છું તેવામાં દરવાજો ખુલ્યો, પોલીસ અમલદારે મને તેની પાછળ જવા ફરમાવ્યું. હું ચાલ્યો. પછી મને આગળ કર્યો, તે પાછળ ચાલ્યો અને મને જેલની પીંજરાગાડી આગળ લઇ ગયો અને તેમાં બેસી જવાનું કહ્યું. મને જોહાનિસ્બર્ગની જેલ તરફ હાંકી ગયા.

જેલમાં લઈ ગયા ત્યાં મારાં કપડાં ઉતરાવ્યાં. મને ખબર હતી કે જેલમાં કેદીઓને નગ્ન કરવામાં આવે છે. બધાનો નિશ્ચય હતો કે જેલના ધારાઓ જ્યાં સુધી વ્યક્તિગત અપમાન કરનારા ન હોય અથવા ધર્મવિરુદ્ધ ન હોય ત્યાં સુધી તેને ઇરાદાપૂર્વક માન આપવાનું છે. એવો અમે સત્યાગ્રહીનો ધર્મ માન્યો હતો. જે કપડાં પહેરવાને મળ્યાં તે બહુ મેલાં હતાં. એ પહેરવાં તો જરાયે ન ગમ્યાં. એ પહેરતાં અને મનને વાળતાં દુ:ખ થયું, પણ મેલની કેટલીક બરદાસ કરવી પડશે એમ સમજી મન ઉપર અંકુશ રાખ્યો. નામઠામ નોંધી મને એક વિશાળ ઓરડીમાં લઇ ગયા. થોડો વખત ત્યાં રહ્યા તેટલામાં મારા સાથીઓ પણ હસતા બોલતા આવી પહોંચ્યા અને મારી પાછળ તેઓનો કેસ કેવી રીતે ચાલ્યો અને શું થયું એ તેઓએ કહી સંભળાવ્યું. મારો કેસ થઈ ગયા પછી લોકોએ કાળા વાવટા હાથમાં ઝાલીને સરઘસ કાઢેલું, કોઇક ઉશ્કેરાયલા પણ ખરા, પોલીસ વચમાં

પડેલી, બે ચારને માર પણ પડ્યો એટલું જાણી શક્યો. અને બધાયને એક જ જેલમાં અને એક જ કોટડીમાં રાખ્યા તેથી અમે બધા ખૂબ રાજી થયા.

છએક વાગ્યા એટલે અમારો દરવાજો બંધ કરવામાં આવ્યો. ત્યાંની જેલની કોટડીના દરવાજામાં સળીઆ વગેરે હોતા નથી. છેક ઉંચે દીવાલમાં એક નાનું જાળીઉં હવાને સારૂ રાખવામાં આવે છે. એટલે અમે તો તીજોરીમાં પૂરાયા એવું લાગ્યું. વાંચનાર જોશે કે જે આદરસત્કાર જેલઅધિકારીઓએ રામસુંદરનો કર્યો હતો તેવો કંઈ અમારો ન કર્યો. એમાં નવાઇ પણ ન હોય. રામસુંદર એ પહેલા સત્યાગ્રહી કેદી. એથી સત્તાધિકારીઓને પૂરૂં ભાન પણ ન હોય કે કઇ રીતે તેની સાથે વર્તવું જોઇએ. અમારી તો પહેલેથી જ ઠીક સંખ્યા ગણાય અને બીજાઓને પકડવાનો ઇરાદો તો હતો જ, તેથી અમને હબસી જેલખાનામાં રાખવામાં આવ્યા. દક્ષિણ આફ્રિકામાં વિભાગ જ બે હોય છે: ગોરા અને કાળા (હબસી). અને હિન્દી કેદીની ગણત્રી પણ હબસી વિભાગમાં જ થાય છે. મારા સાથીઓને પણ મારા જેટલી જ અને સાદી જેલ હતી. સવાર પડ્યું એટલે અમને માલમ પડ્યું કે સાદી કેદવાળાને પોતાનો પોશાક પહેરી રાખવાનો હક હોય છે. અને તે ન પહેરવા ઇચ્છે તો સાદી કેદવાળાને સારૂ જે ખાસ પોશાક હોય છે તે આપવામાં આવે છે. અમે નિશ્ચય કર્યો હતો કે ઘરનો પોશાક પહેરવો એ અયોગ્ય જ છે અને જેલનો જ પહેરવો એ શોભે. એ અમે અધિકારીઓને જણાવી દીધું. તેથી અમને સાદી કેદવાળા હબસી કેદીઓનો પોશાક આપવામાં આવ્યો. પણ એવી સાદી કેદવાળા સેંકડો કેદી દક્ષિણ

આફ્રિકાની કેદમાં હોતા જ નથી, તેથી જ્યારે બીજા સાદી કેદવાળા હિન્દીઓ આવવા લાગ્યા ત્યારે સાદી કેદનાં કપડાં જેલમાં ખુટી પડયાં ! અમારે તે વિષે કંઈ તકરાર કરવાની હતી જ નહિ તેથી અમે મજુરીવાળા કેદીઓનાં કપડાં પહેરવામાં આનાકાની ન કરી. કેટલાક જે પાછળથી આવ્યા તેઓએ એવાં કપડાં પહેરવાને બદલે પોતાનાં જ પહેરી રાખવાનું પસંદ કર્યું. એ મને ઠીક તો ન લાગ્યું, પણ એ બાબતમાં આગ્રહ કરવો એ દુરસ્ત ન જણાયું.

બીજે કે ત્રીજે દિવસથી જ સત્યાગ્રહી કેદીઓ ભરાવા લાગ્યા. તેઓ તો જાણીજોઇને પકડાતા હતા. ઘણાખરા બધા ફેરી કરનારા જ હતા. દાક્ષિણ આફ્રિકામાં દરેક ફેરી કરનારને—પછી તે ગોરો હોય કે કાળો—ફેરીના પરવાના લેવા પડે છે, અને તે હમેશાં સાથે રાખવા જ જોઇએ અને પોલીસ માગે ત્યારે બતાવવા જોઇએ. ઘણેભાગે હમેશાં કોઇ ને કોઇ પોલીસ તો એવા પરવાના માગે જ, અને ન બતાવે તેને પકડે. અમારા પકડાયા પછી જેલ ભરી દેવી એવો નિશ્ચય કોમે કર્યો હતો. ફેરીવાળાઓ તેમાં આગળ પડયા. તેઓને પકડાવું પણ સહેલું હતું. ફેરીના પરવાના ન બતાવે એટલે પકડાય. એમ પકડાઇને એક અઠવાડીઆની અંદર તો ૧૦૦ થી વધારે સત્યાગ્રહી કેદી થઇ ગયા. અને થોડાઘણા હમેશાં આવતા જ જાય, તેથી અમને તો વગરઅખબારે અખબાર મળ્યા જેવું પણ થઇ ગયું. હમેશના ખબર આ ભાઇઓ લાવતા હોય. જ્યારે ખૂબ સત્યાગ્રહી પકડાવા લાગ્યા ત્યારે યા તો ન્યાયાધીશ થાકયો અથવા જેમ અમે માન્યું હતું તેમ ન્યાયાધીશને સરકાર તરફથી સૂચના મળી કે સત્યાગ્રહીઓને હવે પછી સાદી જેલ

આપવી જ નહિ, મજુરીવાળી જ આપવી, તેથી એ ગમે તેમ હો, પણ હવે સખત મજૂરીની જેલ મળવા માંડી. આજ પણ મને લાગે છે કે કોમનું અનુમાન ખરૂં હતું, કારણકે પ્રથમના કેસોમાં જે સાદી જેલ અપાઈ ત્યારપછી એ જ વખતની લડતમાં અને પછી વખતોવખત લડત જાગી તેમાં કોઇ પણ વખતે પુરુષોને કે સ્ત્રીઓને પણ સાદી જેલ ટ્રાન્સવાલની કે નાતાલની એક પણ કોરટમાં આપવામાં આવી નથી. જ્યાં સુધી બધાને એક જ પ્રકારની સૂચના કે હુકમ ન હોય ત્યાં સૂધી દરેક મેજીસ્ટ્રેટ દરેક વેળાએ દરેક પુરુષને અને સ્ત્રીને મજુરીવાળી જ સજા આપે એ જો કેવળ આકસ્મિક સંયોગ હોય તો લગભગ ચમત્કાર ગણાય.

આ જેલમાં સાદી જેલના કેદીઓને ખોરાકમાં સવારે મકાઇના લોટની રાબડી મળે. તેની અંદર મીઠું ન હોય પણ દરેક કેદીને થોડું નિમક આપવામાં આવે. બપોરે બાર વાગે પાશેર ભાત, ઉપરથી મીઠું અને અધોળ ઘી અને પાશેર ડબલરોટી. સાંજે મકાઇના આટાની રાબ અને તેની સાથે થોડું શાક અને તે મુખ્યત્વે કરીને બટાટા, તે નાના હોય તો બે ને મોટા હોય તો એક. આ ખોરાકથી કોઇનું પેટ નહિ ભરાતું. ચાવલ ચીકણા રંધાતા. ત્યાંના દાકતરની પાસે કંઇક મસાલાની માગણી કરી. હિન્દની જેલોમાં પણ મળે છે એમ સૂચવ્યું. "અહીં હિન્દુસ્તાન નથી, અને કેદીને સ્વાદ હોય નહિ એટલે મસાલો પણ હોય નહિ" આમ કડક જવાબ મળ્યો. દાળની માગણી કરી કેમકે મજકુર ખોરાકમાં સ્નાયુ બાંધી શકે તેવો ગુણ નથી હોતો, ત્યારે દાકતરે કહ્યું કે "કેદીઓએ દાકતરી દલીલ કરવી નહિ જોઇએ. સ્નાયુબંધક ખોરાક આપવામાં આવે છે કેમકે અઠવાડીઆમાં બે વખત મકાઇને બદલે સાંજે બાફેલા વાલ આપવામાં આવે

છે." અને જો માણસની હોજરી એમ અઠવાડીઆમાં અથવા પખવાડીઆમાં જુદા જુદા ગુણવાળા ખોરાક જુદે જુદે વખતે એકસાથે લઇને તેમાં રહેલાં સત્ત્વો ખેંચી લઇ શકે તો દાકતરની દલીલ બરોબર હતી. વાત એ હતી કે દાકતરનો ઇરાદો અમને કોઇ રીતે અનુકૂળ થવાનો હતો જ નહિ. અમારો ખોરાક અમે પોતે રાંધીએ એ માગણી સુપરિન્ટેન્ડન્ટે કબૂલ રાખી. રસોઇઆ તરીકે અમે થંબી નાયડુને ચૂંટી કાઢ્યા. રસોડામાં તેને ઘણાયે ઝગડા કરવા પડતા. શાકનું વજન ઓછું મળે તો પૂરું માગે, તેમજ બીજી વસ્તુઓનું માત્ર બપોરનું રાંધવાનું જ અમારે હસ્તક આવ્યું હતું. રાંધવાનું અમારે હસ્તક આવ્યા પછી, ખોરાક કાંઇક સંતોષથી ખાવા લાગ્યા.

પણ એવી સગવડો મેળવી શકાય કે ન મેળવી શકાય છતાં સુખેથી જેલ ભોગવવી છે એ નિશ્ચયમાં આ મંડળીમાંથી કોઇ ડગ્યું ન હતું. વધતાં વધતાં સત્યાગ્રહી કેદીની સંખ્યા ૧૫૦ ઉપર ગઇ હતી. સાદી કેદવાળા રહ્યા એટલે પોતાની કોટડી વગેરે સાફ રાખવા સિવાયનું અમને કંઇ કામ ન હતું. અમે કામની માગણી કરી. સુપરિન્ટેન્ડન્ટે કહ્યું, "જો હું તમને કામ આપું તો મેં ગુન્હો કર્યો ગણાય, તેથી હું લાચાર છું. સાફસુફ કરવામાં તમારી મરજીમાં આવે તેટલો વખત તમે ગાળી શકો છો. ડ્રીલ વગેરે કસરતની માગણી કરી કેમકે અમે જોતા હતા કે હબસી મજુરીવાળા કેદીઓને પણ ડ્રીલ આપવામાં આવતી હતી. "તમારા રખેવાળ (વૉર્ડર) ને વખત મળે અને એ તમને કસરત કરાવે તો હું વિરોધ નહિ કરૂં તેમ હું તેને ફરજ પણ ન પાડું. તેને કામ ઘણું હોય છે અને તે તમારી અણધારેલી સંખ્યા આવવાથી વધ્યું છે" આવો જવાબ મળ્યો.!

રખેવાળ બહુ ભલો માણસ હતો. તેને તો એટલી પરવાનગી જોઈતી હતી. તેણે રસપૂર્વક હમેશાં સવારના ડ્રીલ આપવાનું શરૂ કર્યું. એ બધું અમારી કોટડીના નાના સરખા આંગણામાં જ થઈ શકે એમ હતું તેથી અમારે તો કુદડી ફરવાનું જ રહ્યું. એ ભલો રખેવાળ શીખવી જાય તે પ્રમાણે એક પઠાણ ભાઈ નવાબખાન ડ્રીલ શરૂ રાખતા અને ડ્રીલના અંગ્રેજી શબ્દોનો તેનો ઉચ્ચાર કરી અમને હસાવી મૂકતા. 'સ્ટૅન્ડ ઍટ ઈઝ' તે 'ટંડલીઝ' કહેતા! થોડા દિવસ તો એ કયો હિન્દુસ્તાની શબ્દ હશે તે અમે સમજી જ ન શક્યા. પાછળથી બંધ બેઠું આ તો નવાબખાનની અંગ્રેજી છે!

પ્રકરણ ૨૧ મું

પહેલી સમાધાની

આ પ્રમાણે જેલમાં એક પખવાડીઉં ગયું હશે તેટલામાં નવા આવનારાઓ ખબર લાવવા લાગ્યા કે સરકારની સાથે સુલેહ કરવાની કંઇ મસલત ચાલી રહેલી છે. બે ત્રણ દિવસ બાદ જોહાનિસબર્ગના 'ટ્રાન્સવાલ લીડર' નામના દૈનિકના અધિપતિ આલબર્ટ કાર્ટરાઇટ મને મળવા આવ્યા. જોહાનિસબર્ગનાં બધાં દૈનિક જે તે વખતે ચાલતાં હતાં તેની માલીકી સોનાની ખાણવાળા કોઇ ને કોઇ ગોરાના હાથમાં હતી. તેઓના ખાસ સ્વાર્થ નો વિષય ન હોય તેવી બધી બાબતમાં અધિપતિઓ પોતાનો સ્વતંત્ર વિચાર જાહેર કરી શકતા. આ છાપાંઓના અધિપતિઓ વિદ્વાન અને પ્રખ્યાતિ પામેલામાંથી જ પસંદ કરવામાં આવે છે. જેમકે 'સ્ટાર' નામના દૈનિકના અધિપતિ એક વખતે લૉર્ડ મિલ્નરના ખાસ મંત્રી હતા. અને 'સ્ટાર' માંથી 'ટાઇમ્સ' ના અધિપતિ મિ. બકલની જગ્યા લેવા તે વિલાયત ગયા. આલબર્ટ કાર્ટરાઇટ બાહોશ હોવા ઉપરાંત અતિશય ઉદાર દિલના હતા. તેમણે ઘણેભાગે હમેશાં

તેમના અગ્રલેખોમાં પણ હિન્દીઓનો પક્ષ લીધેલો. તેમની ને મારી વચ્ચે ગાઢ સ્નેહ બંધાઇ ગયો હતો, અને મારા જેલમાં જવા પછી તે જનરલ સ્મટ્સને મળી આવ્યા હતા. જનરલ સ્મટ્સે તેમની દરમ્યાનગીરી કબૂલ રાખી હતી. કોમના આગેવાનોને પણ તેઓ મળેલા. આગેવાનોએ એક જ જવાબ આપ્યો, "કાયદાની બારીઓની અમને ખબર ન પડે. ગાંધી જેલમાં છે ને અમે કંઇ મસલત કરીએ તે ન બનવાજોગ છે. અમે સમાધાની ઇચ્છીએ છીએ, પણ અમારા માણસોને જેલમાં રહેવા દઇને જો સરકાર સમાધાની કરવા માગતી હોય તો તમારે ગાંધીને મળવું જોઇએ. તે જે કરશે તે અમે બહાલ રાખીશું." એ ઉપરથી આલ્બર્ટ કાર્ટરાઇટ મને મળવા આવ્યા. સાથે જનરલ સ્મટ્સે ઘડેલો અથવા પસંદ કરેલો સમાધાની વિષેનો કાગળ પણ લઇ આવ્યા. તેની ભાષા ગોળગોળ હતી. તે મને નહિ ગમેલી, છતાં એક ફેરફારની સાથે એ લખાણ ઉપર સહી કરવા હું પોતે તો તૈયાર હતો. પણ મેં જણાવ્યું કે બહારનાઓની પરવાનગી છતાં મારી સાથેના જેલીઓનો મત લીધા વિના હું સહી કરી શકું નહિ. એ ખરડાની મતલબ એવી હતી કે હિન્દીઓએ પોતાના પરવાના મરજીઆતપણે બદલવા, તેની ઉપર કાયદાનો અમલ ન થઈ શકે. પરવાનાનું રૂપ હિન્દીઓની સાથે મસલત કરીને સરકારે ઘડવું અને જો હિન્દી કોમનો મુખ્ય ભાગ મરજીઆત પરવાના લઇ લે તો સરકાર ખૂની કાયદો રદ કરશે અને મરજીઆત પરવાનાને કાયદેસર ગણવા સારુ એક નવો કાયદો પસાર કરશે. આવી મતલબનો એ ખરડો હતો. ખૂની કાયદો રદ કરવાની વાત આ ખરડામાં સ્પષ્ટ ન હતી. તે મારી દૃષ્ટિએ સ્પષ્ટ કરવા પૂરતો ફેરફાર મેં તેમાં સૂચવ્યો. આલ્બર્ટ કાર્ટરાઇટ

એટલું પણ ન ગમ્યું. તેમણે કહ્યું કે "એ ખરડો જનરલ સ્મટ્સે છેવટનો ગણ્યો છે. મેં પોતે પણ એ પસંદ કર્યો છે અને એટલી તો હું તમને ખાત્રી આપું છું કે જો તમે સૌ પરવાના લઇ લેશો તો ખૂની કાયદો રદ થયો જ સમજજો." મેં જવાબ આપ્યો, "સમાધાન થાઓ યા ન થાઓ પણ તમારી લાગણી અને મદદને સારૂ અમે તમારા સદાયના આભારી રહીશું. હું એક પણ બીનજરૂરી ફેરફાર નથી કરવા ઇચ્છતો. સરકારની પ્રતિષ્ઠા જળવાય એવી ભાષાનો હું વિરોધ નહિ કરૂં. પણ જ્યાં હું પોતે પણ અર્થને વિષે શંકિત થાઉં ત્યાં તો મારે ફેરફાર સૂચવવો જ જોઇએ, અને આખરમાં જો સમાધાની થવાની હોય તો બન્ને પક્ષને ફેરફાર કરવાનો અધિકાર હોવો જ જોઇએ. 'આ છેવટનું છે' એમ કહીને જનરલ સ્મટ્સે અમારી સામે પિસ્તોલ ધરવી નહિ જોઇએ. ખૂની કાયદા રૂપી પિસ્તોલ તો અમારી સામે પડી જ છે, એટલે બીજી પિસ્તોલની અસર પણ અમારી ઉપર શું થાય?' મિ. કાર્ટરાઇટ આ દલીલની સામે કંઇ કહી નહિ શક્યા અને મેં સૂચવેલો ફેરફાર જનરલ સ્મટ્સ સમક્ષ મૂકવાનું તેમણે કબૂલ કર્યું. સાથીઓની જોડે મેં મસલત કરી. તેઓને પણ ભાષા ન ગમી પણ ફેરફારની સાથે ખરડો જનરલ સ્મટ્સ કબૂલ રાખે તો સમાધાની કરવી એ તેમને પણ ગમ્યું. બહારથી જેઓ આવ્યા હતા તેમણે મને આગેવાનોનો સંદેશો આપ્યો હતો કે યોગ્ય સમાધાની થતી હોય તો તેઓની સંમતિની રાહ જોયા વિના મારે કરી નાંખવી. આ ખરડામાં મેં મિ. ક્વીનની અને થંબી નાયડુની સહી લીધી ને અમારી ત્રણેની સહી વાળો કાગળ કાર્ટરાઇટને સોંપ્યો.

બીજે કે ત્રીજે દિવસે જોહાનિસબર્ગનો પોલીસ સુપરિન્ટેન્ડન્ટ

મને જનરલ સ્મટ્સની પાસે લઈ ગયો. અમારી વચ્ચે ઘણી વાતો થઈ. મિ. કાર્ટરાઇટની સાથે તેને મસલત થએલી એ તેણે મને જણાવ્યું. કેમ મારા જેલમાં ગયા પછી પણ મક્કમ રહી એને સારૂ તેણે મુબારકબાદી આપી અને મને કહ્યું, "મને તમારા લોકોની સામે અણગમો હોય જ નહિ. હું પણ બૅરિસ્ટર છું એ તમે જાણો જ છો. મારા વખતમાં મારી સાથે કેટલાક હિન્દી પણ ભણતા હતા. મારે તો માત્ર મારી ફરજ બજાવવાની રહેલી છે. ગોરાઓ આ કાયદો માગે છે. અને તેમાં પણ મુખ્યત્વે બોઅર લોકો નથી પણ અંગ્રેજો છે એ તમે કબૂલ કરશો. તમે કરેલો ફેરફાર હું કબૂલ રાખું છું. જનરલ બોથાની સાથે પણ મેં વાતચીત કરી લીધેલી છે. અને હું ખાત્રી આપું છું કે તમારામાંના ઘણા પરવાના લઇ લેશો એટલે એશિયાટિક ઍક્ટ રદ કરીશ. મરજીઆત પરવાનાને બહાલ રાખવાનો કાયદો ઘડીશ ત્યારે તેની નકલ તમારી ટીકાને સારૂ મોકલીશ. હું આ લડત ફરી પાછી જાગે એમ ઇચ્છતો નથી અને તમારા લોકોની લાગણીને માન આપવા ઇચ્છું છું." આ પ્રમાણે વાત થયા પછી જનરલ સ્મટ્સ ઉઠયા. મેં પૂછયું, "હવે મારે ક્યાં જવાનું છે? અને મારી સાથેના બીજા કેદીઓનું શું?" તો એણે હસીને કહ્યું, "તમે તો હમણાંથી જ છુટા છો. તારા સાથીઓને કાલે સવારે છોડી મૂકવાનો ટેલીફોન કરૂં છું. પણ મારી એટલી સલાહ છે કે તમે લોકો બહુ જલસા અને તમાશા ન કરો. કરો તો સરકારની સ્થિતિ કંઇક કફોડી થવાનો સંભવ છે." મેં કહ્યું, "જલસાને ખાતર એક પણ જલસો નહિ થવા દઉં એવી તમે ખાત્રી રાખજો પણ સમાધાની કેવી રીતે થઇ છે, એનું સ્વરૂપ શું છે અને હવે હિન્દીઓની જવાબદારી કેટલી બધી વધી પડી છે એ સમજાવવા

મારે સભાઓ તો ભરવી જ પડશે." જનરલ સ્મટ્સે કહ્યું, "એવી સભા તો જેટલી ભરવી હોય તેટલી ભરજો. મારી માગણી તમે સમજ્યા છો એટલું જ બસ છે."

આ વખતે સાંજના સાતેક વાગ્યા હશે. મારી પાસે તો એક પાઇ સરખી પણ ન હતી. જનરલ સ્મટ્સના મંત્રીએ મને જોહાનિસબર્ગ જવાના ભાડાના પૈસા આપ્યા. આ મસલત પ્રીટોરીઆમાં થઇ હતી. પ્રીટોરીઆમાં હિન્દીઓની પાસે રોકાઇ જઇ ત્યાં સમાધાની જાહેર કરવી એ જરૂરનું ન હતું. મુખ્ય માણસો જોહાનિસબર્ગમાં જ હતા. મથક પણ જોહાનિસબર્ગ. જોહાનિસબર્ગ જવાની છેલ્લી જ ટ્રેન બાકી હતી. એ ટ્રેન હું લઇ શક્યો.

પ્રકરણ ૨૩ મું

સમાધાનીનો વિરોધ-મારી ઉપર હુમલો

રાતના નવેક વાગે જોહાનિસ્બર્ગ પહોંચ્યો. પરબારો પ્રમુખ શેઠ ઇસપમિયાંને ત્યાં ગયો. મને પ્રીટોરીઆ લઇ ગયા છે એ ખબર તેઓને પડી ગઇ હતી. તેથી કંઇક મારી રાહ પણ જોતા હશે. છતાં મને એકલો પહોંચેલો જોઇ સૌ આશ્ચર્ય પામ્યા અને ખુશી થયા. મેં સૂચના કરી કે જેટલાં બની શકે તેટલાં માણસોને બોલાવીને તે જ વખતે સભા તો ભરવી જોઇએ. ઇસપમિયાં વગેરે મિત્રોને પણ એ ગમ્યું. ઘણાઓ એક જ લત્તામાં રહેનારા હોય તેથી ખબર આપવી મુશ્કેલ ન જ પડે. પ્રમુખનું મકાન મસ્જીદની પાસે જ હતું અને સભાઓ તો મસ્જીદના ફળિઆમાં જ થતી. એટલે ગોઠવણ કરવાપણું બહુ રહ્યું જ નહિ. માંચડા ઉપર એક બત્તી લઇ જવી એ જ ગોઠવણ. રાતના લગભગ ૧૧ કે ૧૨ વાગે સભા ભરાઇ. વખત ટૂંક છતાં લગભગ હજારેક માણસ ભેળાં થઇ ગયાં હશે.

સભા ભરાતા પહેલાં જે આગેવાનો હાજર હતા તેઓને મેં સમાધાનીની શરતો સમજાવી હતી. કોઇક તેનો વિરોધ કરતા હતા. છતાં એ મંડળમાંના બધા મારી દલીલ પછી સમાધાની સમજી શક્યા. પણ એક શક તો બધાને હતો, "જનરલ સ્મટ્સ દગો દેશે તો? ખૂની કાયદો ભલે અમલમાં ન આવે. પણ આપણા ઉપર મોસલની માફક ઉભો તો રહેશે જ. દરમ્યાન આપણે મરજીઆત પરવાના લઇને આપણાં હાંડાં કાપી દેવાં એટલે તો આપણી પાસે એ કાયદાનો વિરોધ કરવાનું જે એક મોટું શસ્ત્ર છે તે આપણે હાથે છોડી દેવું! આ તો જાણી જોઇને શત્રુના પંજામાં ફસાવા જેવું થયું. ખરી સમાધાની તો એ કહેવાય કે ખૂની કાયદો પહેલો રદ કરે અને પછી આપણે મરજીઆત પરવાના કઢાવીએ." મને આ દલીલ ગમી. દલીલ કરનારાઓની તીક્ષ્ણ બુદ્ધિ અને તેઓની હિંમતને સારૂ મને અભિમાન આવ્યું અને મેં જોયું કે સત્યાગ્રહીઓ એવા જ હોવા જોઇએ. એ દલીલના જવાબમાં મેં કહ્યું. "તમારી દલીલ સરસ છે અને વિચારવા જેવી છે. ખૂની કાયદો રદ કર્યા પછી જ આપણે મરજીઆત પરવાના લઇએ. એના જેવું સરસ તો બીજું કંઇ ગણાય જ નહિ, પણ એને હું સમાધાનીનું લક્ષણ ન ગણું. સમાધાનીનો અર્થ જ એ કે જ્યાં સિદ્ધાંતનો ભેદ ન હોય ત્યાં બન્ને પક્ષ પુષ્કળ આપલે કરે ને છૂટ મેલે. આપણો સિદ્ધાંત એ છે કે આપણે ખૂની કાયદાને વશ થઇને તેની રૂએ તો કરવામાં વાંધો ન હોય તેવું કામ પણ ન કરીએ. આ સિદ્ધાંતને આપણે વળગી રહેવાનું છે. સરકારનો સિદ્ધાંત એ છે કે ખોટી રીતે હિન્દીઓ ટ્રાન્સવાલમાં દાખલ ન થાય તે સારૂ ઓળખાણની નિશાનીઓવાળા અને જેની અદલાબદલી ન થઇ શકે તેવા પરવાના પુષ્કળ હિન્દીઓ કઢાવે, ગોરાઓના વ્હેમને શમાવે અને

તેઓને નિર્ભય કરે. આ સિદ્ધાંતને સરકાર ન છોડે. એ સિદ્ધાંત આપણે આજલગી આપણી વર્તણૂકથી કબૂલ પણ રાખ્યો છે, એટલે તેની સામે થવા જેવું આપણને લાગે તોપણ જ્યાં સુધી નવાં કારણો ઉત્પન્ન ન થાય ત્યાં સુધી તેની સામે ન લડી શકાય. આપણી લડત એ સિદ્ધાંતને કાપવા સારૂ નથી, પણ કાયદાનો કાળો ડાઘ દૂર કરવા ખાતર છે. એટલે જો હવે આપણે કોમમાં પ્રગટ થએલા નવા અને પ્રચંડ બળનો ઉપયોગ કરવા સારૂ એક નવો મુદ્દો આગળ કરીએ તો સત્યાગ્રહીના સત્યને ઝાંખપ લાગે. એટલે વાસ્તવિક રીતે તો આ સમાધાની સામે થઇ શકાય એવું નથી. હવે ખૂની કાયદો રદ થયા પહેલાં આપણે કેમં આપણાં કાંડાં કાપી દઇએ, શસ્ત્રહીન બની જઇએ? આ દલીલ વિચારીએ આનો જવાબ તો બહુ સીધો છે. સત્યાગ્રહી ભયને તો કોરે જ મૂકે છે, તેથી વિશ્વાસ કરતાં તે કદિ ડરે જ નહિ. વીસ વાર વિશ્વાસનો ઘાત થાય તોપણ એકવીસમી વાર વિશ્વાસ કરવા એ તૈયાર રહે છે, કેમકે સત્યાગ્રહી પોતાનું વહાણ વિશ્વાસથી જ ચલાવે છે, અને વિશ્વાસ રાખવામાં તે પોતાનાં કાંડાં કાપી દે છે એમ કહેવું એ સત્યાગ્રહને ન સમજવા બરોબર છે. ધારો કે આપણે નવા મરજીઆત પરવાના કઢાવ્યા. પછી સરકાર વિશ્વાસઘાત કરે, ખૂની કાયદો રદ ન કરે, તો શું આપણે તે વખતે સત્યાગ્રહ ન કરી શકીએ? એ પરવાના કઢાવ્યા છતાં યોગ્ય વખતે આપણે તે બતાવવાની ના પાડીએ તો એની શી કિંમત? તો હજારો હિન્દીઓ ગુપ્ત રીતે ટ્રાન્સવાલમાં દાખલ થઇ જાય તેમની વચ્ચે અને આપણી વચ્ચેનો સરકાર કઇ રીતે તફાવત કરી શકે? એટલે કાયદા સાથે કે કાયદા વિના, કોઇ પણ સ્થિતિમાં આપણી મદદ વિના સરકાર આપણા ઉપર અંકુશ ન જ ચલાવી શકે. કાયદાનો અર્થ માત્ર એટલો જ કે જે અંકુશ

મૂકવા સરકાર ઇચ્છે છે તે આપણે કબૂલ ન કરીએ એટલે આપણે સજાપાત્ર થઇએ, અને સામાન્ય રીતે એવું બને છે કે મનુષ્ય પ્રાણી સજાના ભયથી અંકુશને તાબે થાય છે. પણ એ સામાન્ય નિયમનું સત્યાગ્રહી ઉલ્લંઘન કરે છે. જો તે અંકુશને તાબે થાય છે તો ત્યાં પણ તે કાયદાની સજાના ભયને લીધે નહિ પણ તે અંકુશ માનવામાં લોકકલ્યાણ છે એમ સમજીને પોતાની ઇચ્છાએ તેમ કરે છે. અને એવી જ સ્થિતિ આપણી અત્યારે આ પરવાનાઓને વિષે છે, એ સ્થિતિ સરકાર ગમે તેવો દગો દઇને પણ બદલાવી નહિ શકે. એ સ્થિતિના ઉત્પન્નકર્તા આપણે છીએ, અને તેને બદલી પણ આપણે જ શકીએ છીએ. જ્યાં સુધી સત્યાગ્રહનું હથિયાર આપણા હાથમાં છે ત્યાં સુધી આપણે સ્વતંત્ર અને નિર્ભય છીએ, અને મને જો કોઇ એમ કહે કે આજે કોમમાં જે બળ આવ્યું છે તે કંઇ ફરી પાછું આવવાનું નથી, તો હું એમ જવાબ આપું કે એ માણસ સત્યાગ્રહી નથી—સત્યાગ્રહને સમજતો નથી. એના કહેવાનો અર્થ તો એવો થાય કે આજે પ્રગટ થએલું બળ એ સાચું નથી પણ એક નીશા જેવું ખોટું અને ક્ષણિક છે, અને જો એ વાત ખરી હોય તો આપણને જીતવું ઘટતું જ નથી, અને જીતશું તો જીતેલી બાજી પણ આપણે હારી જવાના. માનો કે સરકારે ખૂની કાયદો રદ કર્યો, પછી આપણે મરજીઆત પરવાના કઢાવ્યા અને ત્યાર બાદ સરકારે એ જ ખૂની કાયદો ફરી પસાર કર્યો અને ફરજીઆત પરવાના કઢાવવાનું શરૂ કર્યું—તો તે વેળાએ સરકારને કોણ રોકી શકનાર છે? અને જો આ વખતે આપણા બળને વિષે આપણને શંકા હોય તો તે વખતે પણ આપણી એવી જ દુર્દશા હશે. એટલે ગમે તે દૃષ્ટિએ આ સમાધાનીને આપણે તપાસીએ તોપણ એમ કહી શકાય કે એવી સમાધાની કરવામાં કોમને કશું ખોવાનું જ નથી,

પણ કોમ તો ખાટશે જ. અને હું તો એમ પણ માનું છું કે આપણા વિરોધીઓ પણ આપણી નમ્રતા અને ન્યાયબુદ્ધિ ઓળખ્યા પછી તેઓનો વિરોધ છોડશે અથવા ઓછો કરશે." આમ જે એક બે માણસોએ એ નાનકડી મંડળીમાં વિરોધ દર્શાવ્યો હતો તેમના મનનું તો હું સંપૂર્ણ સમાધાન કરી શક્યો, પણ જે વંટોળીઓ મધરાતની મોટી સભામાં વાવાનો હતો તેનું તો મને સ્વપ્નુંએ ન હતું. મેં સભાને આખી સમાધાની સમજાવી અને સૂચવ્યુઃ "આ સમાધાનીથી કોમની જવાબદારી ઘણી વધી પડે છે. આપણે દગાથી અથવા ખોટી રીતે એક પણ હિન્દીને ટ્રાન્સવાલમાં દાખલ નથી કરવા ઇચ્છતા એ બતાવવાની ખાતર મરજીઆત પરવાના કઢાવવાના છે. કોઇ ન કઢાવે તો તેને હાલ તો સજા પણ નથી થવાની, પણ ન કઢાવવાનો અર્થ એ જ થવાનો કે કોમ સમાધાની કબૂલ નથી રાખતી. તમે અત્યારે હાથ ઉંચા કરીને સમાધાનીને વધાવશો એ જરૂરનું છે, એ હું માગું પણ છું, પણ એનો અર્થ એ જ હોય અને હું એ જ કરવાનો કે તમે હાથ ઉંચા કરનારા નવા પરવાના કાઢવાની ગોઠવણ થાય કે તરત પરવાના કઢાવવા મંડી જશો અને આજલગી પરવાના ન કઢાવવાનું સમજાવવાને સારૂ જેમ તમારામાંના ઘણા સ્વયંસેવકો બન્યા હતા તેમ હવે પરવાના કઢાવવાનું લોકોને સમજાવનારા સ્વયંસેવકો બનશો. અને આપણે ભજવવાનો ભાગ આપણે ભજવી લઇશું ત્યારે જ આ થએલી જીતનું ફળ આપણે ખરેખરૂં જોઇ શકશું."

હું ભાષણ કરી રહ્યો કે તુરતજ એક પઠાણભાઇ ઉભા થયા અને સવાલોનો વરસાદ મારી ઉપર વરસાવ્યોઃ "આ સમાધાની હેઠળ દશ આંગળાં આપવાં પડશે ખરાં?"

'હા અને ના. મારી સલાહ તો એમ જ પડવાની છે કે બધાએ દશ આંગળાં આપવાં. પણ જેને ધર્મનો બાધ હશે અથવા જે તેવાં આંગળાં આપવામાં સ્વમાન ઘટે છે એમ માનતો હશે તે નહિ આપે તોપણ ચાલશે. "

" તમે પોતે શું કરશો ? "

" મેં તો દશ આંગળાં આપવાનો નિશ્ચય કર્યો જ છે. હું ન આપું અને બીજાને આપવાની સલાહ આપું એ મારાથી તો ન જ બને. "

" તમે દશ આંગળાંને વિષે ઘણું લખતા હતા. એ તો ગુન્હેગારોની પાસેથી જ લેવામા આવે છે ઇ૦ શીખવનાર પણ તમે. આ લડત દશ આંગળાંની છે એવી વાત કહેનાર પણ તમે. એ બધું આજ ક્યાં ગયું ?"

" મેં દશ આંગળાં વિષે પહેલાં જે જે લખ્યું છે તેની ઉપર આજે પણ કાયમ છું. દશ આંગળાં હિન્દુસ્તાનમાં ગુન્હેગાર કોમો પાસેથી લેવામાં આવે છે એ વાત હું આજે પણ કહું છું; ખૂની કાયદાની રૂએ દશ આંગળાં તો શું પણ સહી આપવામાં પણ પાપ છે એમ મેં કહ્યું છે અને આજે પણ કહું છું. દશ આંગળાંની ઉપર મેં બહુ ભાર મૂક્યો એ વાત પણ સાચી છે અને એ ભાર મૂકવામાં પણ મેં ડહાપણ વાપર્યું એમ હું માનું છું. ખૂની કાયદાની ઝીણી બાબતો જે આપણે આજ સુધી પણ કરતા આવ્યા હોઇએ તેની ઉપર ભાર દઇને હું કોમને સમજાવું તેના કરતાં દશ આંગળાં જેવી મોટી અને નવી બાબત ઉપર ભાર દેવો એ સહેલું હતું અને અનુભવે પણ મેં જોયું કે કોમ એ વાત તુરત સમજી ગઈ. પણ આજની સ્થિતિ જુદી છે. જે

વસ્તુ ગઈ કાલે ગુન્હો હતો તે વસ્તુ આજે નવી સ્થિતિમાં ગૃહસ્થાઈ અથવા ખાનદાનીનું નિશાન છે એમ હું ભાર દઈને કહેવા ઇચ્છું છું. મારી પાસેથી તમે બળાત્કારે સલામ માગો અને હું કરૂં તો તમારી, લોકોની તેમ જ મારી નજરે પણ હું હલકો જ ઠરૂં. પણ મારી પોતાની મેળે તમને મારા ભાઈ અથવા તો ઇન્સાન સમજી સલામ કરૂં એમાં મારી નમ્રતા અને મારી ખાનદાની જાહેર થાય, અને ખુદાના દરબારમાં પણ એ વાત મારી તરફમાં નોંધાય. એ જ દલીલથી હું કોમને દશ આંગળાં આપવાની સલાહ આપું છું;"

"અમે સાંભળ્યું છે કે તમે કોમને દગો દીધો છે અને ૧૫૦૦૦ પૌંડ લઈને જનરલ સ્મટ્સને વેચી છે. અમે કદિ દશ આંગળાં દેવાના નથી અને કોઈને દેવા દઈશું પણ નહિ. હું ખુદાના કસમ ખાઈને કહું છું કે જે માણસ એશિયાટિક ઑફિસમાં જવાની પહેલ કરશે તે માણસને હું ઠાર મારીશ."

"પઠાણભાઈઓની લાગણી હું સમજી શકું છું; હું લાંચ ખાઈને કોમને વેચું એવું કોઈ ન જ માને એવી મારી ખાત્રી છે. જેઓએ દશ આંગળાં નહિ દેવાના સોગન ખાધા હોય તેઓને આંગળાં આપવાની કોઈ ફરજ પાડી શકે એમ નથી, એ હું પહેલેથીજ સમજાવી ગયો છું; અને હરકોઈ પઠાણ અથવા બીજા આંગળાં આપ્યા વિના પરવાના કઢાવવા ઇચ્છે તેઓને પરવાના કઢાવી દેવામાં હું પૂરેપૂરી મદદ કરીશ. અને હું ખાત્રી આપું છું કે વગર આંગળાં આપ્યે તેઓ મરજીઆત પરવાના કઢાવી શકશે. ઠાર મારવાની ધમકી મને નથી ગમતી એ મારે કબુલ કરવું જોઇએ. કોઈને મારી નાંખવાના કસમ ખુદાને નામે ન લઇ શકાય એમ પણ હું માનું છું; તેથી હું તો એમ જ સમજી લઈશ કે

ગુસ્સાના આવેશમાં આવી જઈને જ આ ભાઈએ ઠાર મારવાના કસમ ખાધા છે. પણ તે કસમ અમલમાં મૂકવાના હોય યા ન મૂકવાના હોય પણ આ સમાધાન કરવામાં મુખ્ય માણસ તરીકે અને કોમના સેવક તરીકે મારી ચોખ્ખી ફરજ છે કે આંગળાં આપવાની પહેલ મારે જ કરવી જોઈએ, અને હું તો ઈશ્વરની પાસે માગીશ કે તે મને જ એ પહેલ કરવા દે. મરવું તો સૌને નસીબે છે જ. રોગથી મરવું કે તે બીજા એવી જાતના કારણથી મરવું તેના કરતાં મારા કોઈ પણ ભાઈને હાથે મરૂં તેમાં મને દુઃખ હોય જ નહિ. અને જો તેવે સમયે પણ હું જરાયે ગુસ્સો ન કરૂં અથવા મારનાર પ્રત્યે દ્વેષ ન કરૂં તો હું જાણું છું કે મારૂં તો ભવિષ્ય જ સુધરે, અને મારનાર પણ પાછળથી તો સમજી જ જાય કે હું તદ્દન નિર્દોષ હતો. ”

ઉપરના સવાલો થવાનું કારણ સમજાવવાની જરૂર છે. જેઓ કાયદાને વશ થયા હતા તેઓના પ્રત્યે જો કે કંઈ પણ વેરભાવ રાખવામાં નહોતો આવ્યો છતાં એ કાર્યને વિષે તો સ્પષ્ટ અને આકરા શબ્દોમાં ઘણું કહેવાયું હતું અને ઘણું ‘ઇન્ડિઅન ઓપીનિઅન'માં લખાયું હતું. એથી કાયદાને વશ થનારાઓનું જીવન અળખામણું જરૂર થઈ ગયું. તેઓ કદિ ધારતા ન હતા કે કોમનો મોટો ભાગ આબાદ રહી જશે અને એટલે સુધી જોર બતાવશે કે સમાધાન થવાનો પણ વખત આવે. પણ જ્યારે ૧૫૦ ઉપરાંત સત્યાગ્રહીઓ જેલમાં પહોંચી ગયા અને સમાધાનીની વાતો ચાલવા લાગી ત્યારે કાયદાને શરણ થનારાઓને વધારે વસમું લાગ્યું અને તેમાં કોઈ એવાએ નીકળે કે જે સમાધાની ન ઇચ્છે. અને થઈ જાય તો તેમાં ભંગાણ પણ

છે. ટ્રાન્સવાલમાં રહેનારા પઠાણોની સંખ્યા ઘણી ઓછી હતી. બધા મળીને ૫૦ થી વધારે નહિ હોય, એમ મારી માન્યતા છે. તેઓમાંના ઘણા લડાઈને વખતે આવેલા સીપાઈઓ હતા અને જેમ લડાઈને વખતે આવેલા ઘણા ગોરા દક્ષિણ આફ્રિકામાં વસી ગયા હતા તેમ લડાઈમાં આવેલા પઠાણો તેમજ બીજા હિન્દીઓ પણ વસી ગયા હતા. તેમાંના કેટલાક મારા અસીલો પણ થયા હતા. અને બીજી રીતે પણ હું તેઓને ખૂબ ઓળખતો થઈ ગયો હતો. તેઓ જાતે બહુ ભોળા હોય છે. શૂરવીર તો હોય છે જ. મારવું અને મરવું એ તેઓની નજરમાં ઘણી સામાન્ય વસ્તુ છે અને જો તેઓને કોઈની ઉપર રોષ ચડે તો તેને માર મારે—તેઓની ભાષામાં—તેની પીઠ ગરમ કરે અને કોઈવાર મારી પણ નાખે. આમાં તેઓ કેવળ નિષ્પક્ષપાતી હોય છે. સગો ભાઈ હોય તો તેની સાથે પણ એ જ પ્રમાણે વર્તે. પઠાણોનો એટલો સમુદાય હોવા છતાં તેઓમાં તકરાર થાય ત્યારે એકબીજા રામારી કરે જ. આવી મારામારીના કિસ્સા કેટલીક વાર મારે શમાવવા પડતા. તેમાંયે જ્યારે દગાની વાત આવે ત્યારે તો તેઓ પોતાનો ગુસ્સો જીરવી જ ન શકે. ન્યાય મેળવવાને સારુ માર એ જ તેઓની પાસે કાયદો હતો. પઠાણો આ લડતમાં પૂરો ભાગ લેતા હતા. તેઓમાંના કોઈ કાયદાને વશ થયા ન હતા. તેઓને ભમાવવા એ સહેલું હતું. દશ આંગળાંની બાબતમાં તેઓને ગેરસમજુતી થાય એ તદ્દન સમજી શકાય એવી વાત હતી અને એ દ્વારા તેઓને ઉશ્કેરવા એ જરાયે મુશ્કેલ ન હતું. લાંચ લીધી ન હોય તો દશ આંગળાં આપવાની વાત હું કેમ કરું આટલું સૂચવવું એ પઠાણોને વહેમમાં નાંખવાને સારુ બસ હતું.

એક બીજો પક્ષ પણ ટ્રાન્સવાલમાં મોજુદ હતો. તે પક્ષ

ટ્રાન્સવાલમાં વગર પરવાને છુપી રીતે આવેલાઓનો અને જેઓ છુપી રીતે વગર પરવાને અગર ખોટે પરવાને હિન્દીઓને દાખલ કરતા હતા તેવાઓનો હતો. આ પક્ષનો સ્વાર્થ સમાધાની ન થાય તેમાં જ રહેલો હતો. લડાઇ ચાલ્યાં કરે ત્યાં સુધી કોઇએ પરવાના દેખાડવાના હતા જ નહિ અને તેથી નિર્ભય થઇને આ પક્ષ પોતાનો વ્યાપાર ચલાવ્યાં જ કરે, અને લડાઇ ચાલૂ રહે તે દરમ્યાન આવા માણસો જેલમાં જવામાંથી તો સહેલાઇથી બચી શકે, એટલે લડાઇ લંબાય ત્યાં સુધી આ પક્ષ પોતાને સારૂ સુકાળ માને. આમ આ લોકો પણ પઠાણોને સમાધાનીની સામે ઉશ્કેરી શકે. હવે વાંચનાર સમજી શકશે કે પઠાણો એકાએક કેમ ઉશ્કેરાઇ ગયા હતા.

પણ આ મધરાતી કટાક્ષની અસર સભાની ઉપર કંઇ થઇ નહિ. મેં સભાનો મત માગ્યો હતો. પ્રમુખ અને બીજા આગેવાનો મક્કમ હતા. આ સંવાદ થઇ રહ્યા પછી પ્રમુખે સમાધાની સમજાવનારૂં અને તે કબૂલ રાખવાની આવશ્યકતા જણાવનારૂં ભાષણ કર્યું અને પછી સભાનો મત લીધો. બે ચાર પઠાણો જે એ વખતે હાજર હતા તે સિવાય બધાએ એકમતે સમાધાની બહાલ રાખી. અને હું સવારના બે કે ત્રણ વાગે ઘેર પહોંચ્યો. સૂવાનું તો ક્યાંથી જ મળી શકે? કારણકે મારે વહેલાં ઉઠી બીજાઓને છોડાવવા જેલ જવાનું હતું. હું સાત વાગે જેલપર પહોંચી ગયો. સુપરિન્ટેન્ડન્ટને ટેલીફોનથી હુકમ મળી ગયો હતો અને તે મારી રાહ જ જોઇ રહ્યા હતો. એક કલાકની અંદર બધા સત્યાગ્રહી કેદીઓને છોડી મૂક્યા. પ્રમુખ વગેરે બીજા હિન્દીઓ બધાને લેવાને આવ્યા હતા. અને જેલથી અમારૂં સરઘસ પાયદળ સભાસ્થાને ગયું. ત્યાં પાછી સભા થઇ. એ

દિવસ અને બીજા બે ચાર દિવસ મિજબાનીઓમાં અને સાથે સાથે લોકોને સમજાવવામાં ગયા. જેમ જેમ વખત થતો ગયો તેમ તેમ એક તરફથી સમાધાનીનું રહસ્ય સમજાવા લાગ્યું, અને બીજી તરફથી ગેરસમજુતી પણ વધવા લાગી. ઉશ્કેરણીનાં કારણો તો આપણે ઉપર તપાસી જ ગયા. તે સિવાય જનરલ સ્મટ્સને લખેલા કાગળમાં પણ ગેરસમજુતીને સારૂ કારણ હતું જ. તેથી અનેક પ્રકારની જે દલીલો ઉઠતી હતી તે સમજાવવામાં મને જે તકલીફ પડી તે લડાઈ ચાલુ હતી તે દરમ્યાન પડેલી તકલીફના પ્રમાણમાં ઘણી વધારે હતી. લડાઈને વખતે જેને પોતાનો દુશ્મન માન્યો છે તેની સાથેના વ્યવહારમાં મુશ્કેલીઓ ઉભી થાય છે. પણ મારો અનુભવ એવો છે કે તે મુશ્કેલીઓનો નિકાલ તો હમેશાં સહેલાઈથી થઈ શકે છે. તે વખતે માંહેમાંહેના ઝગડા, અવિશ્વાસ વગેરે હોતા જ નથી અથવા પ્રમાણમાં જુજ હોય છે. પણ લડાઈ પૂરી થયા પછી માંહેમાંહેના વિરોધો વગેરે જે સામે આવેલી આપત્તિને લીધે શમી રહેલા હોય છે તે બહાર આવે છે, અને લડાઈનો અંત જો સમાધાનીથી આવ્યો હોય છે તો તેમાં ખોડ કાઢવાનું કામ હમેશાં સહેલું હોવાથી ઘણા હાથમાં લઈ લે છે. અને જ્યાં તંત્ર કોમી અથવા પ્રજાસત્તાક હોય ત્યાં નાના મોટા બધાને જવાબો આપવા પડે છે અને સંતોષવા પડે છે એ યથાર્થ જ છે. જેટલો અનુભવ માણસ આવે સમયે એટલે મિત્રો વચ્ચેની ગેરસમજ અથવા ઝગડાને સમયે મેળવી શકે છે તેટલો વિરોધી પક્ષ સામેની લડાઈમાં નથી મળી શકતો. વિરોધી સામેની લડાઈમાં એક પ્રકારનો નીશો રહ્યો છે અને તેથી તેમાં ઉલ્લાસ હોય છે. પણ મિત્રોની વચ્ચે જ્યારે ગેરસમજુતી અથવા વિરોધ પેદા થાય છે ત્યારે તે અસાધારણ બનાવ ગણાય છે, અને તે હમેશાં દુઃખકર જ

છે. છતાં પણ મનુષ્યની કસોટી આવે જ સમયે થાય છે. મારો આવો અપવાદરહિત અનુભવ છે, અને મને લાગે છે કે જ સમયે હું હમેશાં બધી આંતરિક સંપત્તિ વધારે મેળવી | છું. લડતનું શુદ્ધ સ્વરૂપ જે લોકો લડતાં લડતાં સમજી શક્યા ।। તે સમાધાનીને અંગે અને સમાધાની પછી ખુબ સમજ્યા. વિરોધ તો પઠાણોથી આગળ ન ગયો.

આમ કરતાં બે ત્રણ માસમાં એશિયાટિક ઑફિસ મરજીઆત ।ના કાઢવા તૈયાર થઇ ગઈ. પરવાનાનું રૂપ તદ્દન બદલાયું તે ઘડવામાં સત્યાગ્રહી મંડળની સાથે મસલત કરવામાં | હતી.

તા. ૧૦-૨-૧૯૦૮ ની સવારે અમે કેટલાક જણ પરવાના ।। સારૂ જવા તૈયાર થયા. લોકોને ખુબ સમજાવવામાં આવ્યું કે પરવાના કાઢવાનું કામ ક્રમે ઝપાટાબંધ ઉકેલી નાંખવું. પ્રથમને દિવસે આગેવાનોએ જ સૌ પ્હેલા પરવાના કઢાવી એવી પણ મસલત હતી. તેમાં હેતુ ભડક ભાગવાનો, એશિયાટિક ।લદારો પોતાનું કામ વિવેકથી કરે છે કે નહિ તે પણ સવાનો અને એ કામની બીજી રીતે દેખરેખ રાખવાનો |. મારી આફિસ તે જ સત્યાગ્રહની પણ ઑફિસ હતી. હું પહોંચ્યો તેવા જ ઑફિસની દીવાલની બહાર મીરઆલમ | તેના સાથીઓને મેં જોયા. મીરઆલમ મારો જૂનો અસીલ |. પોતાનાં બધાં કામોમાં મારી સલાહ લેતો. ઘણા પઠાણો સવાલમાં ઘાસનાં કે વાળાનાં ગાદલાં બનાવવાનું કામ કરતા. ં સારો ફાયદો મેળવતા. આ ગાદલાંઓ મજુરોની મારફતે ।।વડાવે અને પછી નફો ખાઇને વેચે. મીરઆલમ પણ એવું

કામ કરતો. તે છ ફુટથી વધારે ઉંચો હશે. વિશાળ કદનો એવડા બાંધાનો હતો. આજે પહેલી જ વાર મેં મીરઆલમને ઑફિસની અંદરને બદલે બહાર જોયો, અને અમારી આંખો મળ્યા છતાં તેણે પહેલી જ વાર સલામ ભરવાનું મોકુફ રાખ્યું. પણ મેં સલામ ભરી એટલે એણે વાળી. મારા રિવાજ મુજબ મેં પૂછ્યું, "કૈસે હો ?" મને એવો આભાસ છે કે "અચ્છા હું" એવો તેણે જવાબ આપ્યો. પણ આજે તેનો ચહેરો હમેશની માફક ખુશનુમા ન હતો. તેની આંખમાં ગુસ્સો હતો એમ હું જોઇ ગયો. મે મારા મનમાં તેની નોંધ લીધી. કંઈક થવાનું છે એમ પણ ધાર્યું. હું ઑફિસમાં પેઠો. પ્રમુખ ઇસપમિયાં અને બીજા મિત્રો આવી પહોંચ્યા અને અમે એશિયાટિક ઑફિસ ભણી રવાના થયા. સાથે મીરઆલમ અને તેના સાથીઓ પણ ચાલ્યા. મારી ઑફિસથી એશિયાટિક ઑફિસે લીધેલું મકાન એક માઇલની અંદર હશે. એ મકાન મોટા ચૌટામાં હતું. ત્યાં પહોંચતાં અમારે સરિયામ રસ્તાઓમાંથી જવાનું હતું. ઑફિસ પાંચેક મિનીટના રસ્તા જેટલી દૂર રહી હશે તેટલામાં મીરઆલમ મારે પડખે આવ્યો. મીરઆલમે મને પૂછ્યું "કહાં જાતે હો ?" મેં જવાબ આપ્યો, "મેં દશ અંગલીઆં દે કર રજીસ્ટર નીકલવાના ચહાતા હું; અગર તુમ ભી ચલોગે તો તુમારે અંગુલીયાં દેને કી જરૂરત નહિ હૈ. તુમારા રજીસ્ટર પહેલે નીકલવા કે મેં અંગુલીઓં દે કર મેરા નીકલવાઉંગા." આટલું હું કહી રહ્યો ત્યાં તો મારી ખોપરી ઉપર પછવાડેથી એક લાકડીનો ફટકો પડ્યો. હું તો બેભાન થઇને ઉંધો પડ્યો. પછી જે થયું તેનું મને કંઇ ભાન ન હતું. પણ મીર આલમે તેમજ તેના સાથીઓએ વધારે લાકડીઓ મારી અને પાટુઓ પણ મારી. તેમાંની કેટલીક ઇસપમીયાંએ તથા થંબી નાયડુએ

ઝીલી. તેથી ઇસપમીયાંને પણ થોડો માર પડયો અને થંબી નાયડુને પણ પડયો. આટલામાં શોરબકોર થયો. આવતા જતા ગોરાઓ ભેળા થઇ ગયા. મીરઆલમ તથા તેના સાથીઓ ભાગ્યા પણ તેઓને ગોરાઓએ પકડી લીધા. દરમ્યાન પોલીસ પણ આવી પહોંચી. તેઓ પોલીસને હવાલે થયા. પડખેજ એક ગોરાની ઑફિસ હતી તેમાં મને ઉંચકી લઇ ગયા. થોડીવારે મને ભાન આવ્યું તો મેં મારા મ્હોં ઉપર નમેલા રેવરંડ ડોકને જોયા. તેમણે મને પૂછ્યું 'તને કેમ છે?' મેં હસીને જવાબ આપ્યો 'મને તો ઠીક છે, પણ મારા દાંત અને પાંસળીઓ દુખે છે' મેં પૂછ્યું 'મીર આલમ ક્યાં છે?' તેણે કહ્યું—"તે તો પકડાઇ ગયો છે અને તેની સાથે બીજા પણ. મેં કહ્યું—"તેઓ છુટવા જોઇએ." ડોકે જવાબ આપ્યો—"એ બધું તો થઇ રહેશે. અહીંઆં તો તું એક પરાઇ ઑફિસમાં પડેલો છે. તારો હોઠ ફાટી ગયો છે. પોલીસ તને ઇસ્પિતાલમાં લઈ જવાને તૈયાર છે. પણ જો મારે ત્યાં તું આવે તો મીસીસ ડોક અને હું તારી બનતી સારવાર કરીશું." મેં કહ્યું—"મને તો તમારે ત્યાં લઇ જાઓ. પોલીસની કહેણને સારૂ તેનો આભાર માનજો. પણ તમારે ત્યાં આવવું મને પસંદ છે એમ એ લોકોને કહેજો." આટલામાં એશિયાટિક ઑફિસર પણ આવી પહોંચ્યા. એક ગાડીમાં મને આ ભલા પાદરીને ત્યાં લઇ ગયા. દાકતરને બોલાવવામાં આવ્યા હતા. દરમ્યાન મેં એશિયાટિક અમલદાર મી. ચમનીને કહ્યું: "મારી ઉમેદ તો તમારી ઑફિસમાં આવીને દસ આંગળાં આપી પહેલો પરવાનો કાઢવાની હતી. તે તો ઇશ્વરને મંજુર ન હતું. પણ હવે મારી વિનંતી છે કે તમે હમણાં જ કાગળિઆં લઇ આવો અને મને રજીસ્ટર કરો. હું આશા

રાખું છું કે મારા પહેલાં બીજાને નહિ કરો." તેમણે કહ્યું: "એવી શી ઉતાવળ છે? હમણાં દાકતર આવશે. તમે આરામ લ્યો. પછી બધું થઇ રહેશે. બીજાઓને પરવાના આપીશ તોપણ તમારૂં નામ પહેલું રાખીશ." મેં કહ્યું: "એમ નહિ; મારી પણ પ્રતિજ્ઞા છે કે જો હું જીવતો રહું તો અને ઇશ્વરને મંજુર હોય તો સૌ પહેલો હું પોતે જ પરવાનો કઢાવું. તેથી જ મારો આગ્રહ છે કે તમે કાગળીઆં લઇ આવો." આથી તે ગયા. મારૂં બીજું કામ એ હતું કે એટર્ની જનરલ એટલે સરકારી વકીલને તાર કરવો કે 'મીર આલમ અને તેના સાથીઓએ મારી ઉપર જે હુમલો કર્યો છે તેને સારૂ હું તેઓને દોષિત ગણતો જ નથી. ગમે તેમ હોય તોપણ હું તેઓની ઉપર ફોજદારી ચાલે એમ ઇચ્છતો નથી. મારી ઉમેદ છે કે મારે ખાતર તમે તેઓને છોડી મૂકશો.' એ તારના જવાબમાં મીર આલમ અને તેના સાથીઓને છોડી મૂકવામાં આવ્યા.

પણ જોહાનિસબર્ગના ગોરાઓએ એટર્ની જનરલ ઉપર આવા પ્રકારનો સખત કાગળ લખ્યો:—'ગુન્હેગારોને સજા થવા વિષે ગાંધીના વિચારો ગમે તેવા હોય, તે આ મુલકમાં ન ચાલી શકે. તેને જે માર પડયો છે તે વિષે એ ભલે કશું ન કરે પણ ગુન્હેગારોએ ઘરને ખૂણે માર નથી માર્યો. સરીઆમ રસ્તા વચ્ચે ગુન્હો થયો છે. એ જાહેર ગુન્હો ગણાય. કેટલાક અંગ્રેજો પણ ગુન્હાનો પુરાવો આપી શકે એમ છે. ગુન્હેગારોને પકડવા જ જોઇએ." આ હીલચાલને લીધે સરકારી વકીલે મીર આલમ અને તેના સાથીઓને ફરી પાછા પકડયા, અને તેઓને છ છ મહીનાની ટીપ મળી. માત્ર મને સાક્ષી તરીકે બોલાવવામાં નહોતો આવ્યો.

ફરી આપણે દરદીની કોટડી ભણી નજર કરીએ. મી. ચમની કાગળીઆં લેવા ગયા એટલામાં ડૉક્ટર આવી પહોંચ્યા. તેમણે મને

ા. મારો ઉપલો હોઠ ચીરાઇ ગયો હતો તે સાંધ્યો. પાંસળીઓ તપાસીને તેને લગાડવાની દવા આપી અને જ્યાં સુધી તે ન તોડે ત્યાંસુધી બોલવાની મનાઇ કરી. ખાવામાં પણ પ્રવાહી સિવાય બીજું ખાવાની મનાઇ કરી. મને કોઇ જગ્યાણી સખ્ત ઈજા થઇ નહોતી એવું તેણે નિદાન કર્યું. અઠવાની અંદર હું બીછાનું છોડી શકીશ અને સામાન્ય પ્રવૃત્તિમાં કીશ, માત્ર બેએક મહીના શરીરને બહુ પરિશ્રમ ન આપવાની રહેશે, આમ કહી તે વિદાય થયા. આમ માઇ બોલવાનું થયું પણ મારા હાથ ચાલી શકતા હતા. કોમની પ્રત્યે ની મારફતે મેં એક ટુંકો ગુજરાતી કાગળ લખીને પ્રકટ મોકલી દીધો. તે નીચે આપું છું:

'મારી તબિયત સારી છે મી અને મીસીસ ડોક મરી પડે ને હું થોડા દિવસમાં પાછો નોકરી ઉપર ચડીશ. જેઓએ માર્યો છે તેઓની ઉપર મને ગુસ્સો નથી, તેઓએ મજથી આ કામ કર્યું છે. તેઓની ઉપર કંઇ કામ વાની જરૂર નથી. જો બીજાઓ શાંત રહેશે તો આ થી પણ આપણને લાભ જ છે.

હિંદુએ જરા પણ મનમાં રોષ રાખવાનો નથી, આમાંથી હિંદુ માન વચ્ચે ખટાશ પેદા થવાને બદલે મીઠાશ થાય એમ છું, ને ખુદા—ઇશ્વરની પાસે તેવું માગું છું.

માર પડયો ને વધારે પડે તોપણ હું તો એક જ સલાહ આપીશ. કે ઘણે ભાગે બધાએ દશ આંગળાં આપવાં તેમાં જ કોમનું ગરીઓનું ભલું તથા રક્ષણ થાય છે.

જો આપણે ખરા સત્યાગ્રહી હોઇશું તો મારથી કે ભવિષ્યના બીકથી જરાએ ડરશું નહિ.

જેઓ દશ આંગળાં બાબત વળગી રહ્યા છે તેને હું અજ્ઞાન સમજું છું.

હું ખુદાની આગળ માગું છું કે કોમનું ભલું કરે, તેને સત્ય રસ્તે ચડાવે, અને હિંદુ તથા મુસલમાનને મારા લોહીના પાટાવડે સાંધે.”

મી૰ ચમની આવ્યા. દુ:ખેસુખે ને જેવાં તેવાં પણ મારાં આંગળાં મેં આપ્યાં. એ વખતે એમની આંખમાં મેં પાણી પણ જોયાં. એમની સામે તો મારે કડવું લખાણુ પણ કરવું પડેલું, પણ પ્રસંગ પડ્યે માણસનું હૃદય કેવું કોમળ બની શકે છે એનો ચિતાર મારી આગળ ખડો થયો. આ બધો વિધિ પૂરો થતાં ઘણી મિનિટો નહિ ગઈ હોય એમ વાંચનાર કલ્પી લેશે. હું તદ્દન શાંત અને સ્વસ્થ થઇ જાઉં એ મી. ડોક અને તેમનાં ભલાં પત્ની ઝંખી રહ્યાં હતાં. જખમ પછીની મારી માનસિક પ્રવૃત્તિથી તેમને દુ:ખ થતું હતું. રખેને તેની માઠી અસર મારી તબીયત ઉપર થાય એ તેમનં ભય હતો. એટલે સાનો કરીને અને બીજી યુક્તિઓ રચીને તેઓ મારા ખાટલા આગળથી બધાઓને લઈ ગયાં અને મને લખવાની કે કંઇ પણ કરવાની મનાઈ કરી. મેં માગણી કરી (અને તે લખાને જણાવેલી) કે હું તદ્દન શાંત થઇ સૂઈ રહું તે પહેલાં અને તેને સારૂ તેમના દીકરી ઑલિવ જે એ વખતે તદ્દન બાલિકા હતી તેણે મને મારૂં પ્રિય અંગ્રેજી ભજન સંભળાવવું. નરસિંહરાવના નેના તરજુમાની મારફતે ઘણા ગુજરાતીઓ એ ભજનનો અર્થ તો જાણે છે. તેની પહેલી લીટીઓ નીચે પ્રમાણે છે:

“પ્રેમલ જ્યોતિ તારો દાખવી
મુજ જીવન પંથ ઉજાળ.”

આ મારી વિનંતિ તો ડોકને બહુ જ ગમી. પોતાના મધુર હાસ્યથી તેમણે મને એ સમજાવ્યું અને ઑલિવને ઇશારાથી

વી બારણા બહાર ઉભાં રહી ધીમે સાદે ભજન ગાવાનો હુકમ
આ લખાવતી વેળાએ એ આખું દૃશ્ય મારી નજર આગળ
છે અને ઑલિવના દિવ્ય સૂરના ભણકારા હજુ પણ મારા
ાં સંભળાઇ રહ્યા છે.

આ પ્રકરણને સારૂ હું અપ્રસ્તુત ગણું અને વાંચનાર પણ ગણે
ઘણું આમાં હું લખી ગયો છું અને છતાં તેમાં એક સ્મરણનો
કર્યા વિના હું આ પ્રકરણ પૂરૂં કરી શકતો નથી. એ સમયનાં
સ્મરણો મારે સારૂ એટલાં બધાં પવિત્ર છે કે તે હું પડતાં મેલી
ા જ નથી. ડોક કુટુંબની ચાકરીનું વર્ણન હું કેવી રીતે કરી
જોસફ ડોક બૅપ્ટિસ્ટ સંપ્રદાયના પાદરી હતા. દક્ષિણ આફ્રિકામાં
ા પહેલાં તેઓ ન્યુઝીલેન્ડમાં હતા. આ હુમલા પહેલાં છએક
ાની વાત પર તે મારી ઑફિસે આવ્યા અને મને પોતાનું
મોકલાવ્યું. તેમાં રેવરંડ વિશેષણ વાપરવામાં આવ્યું હતું તે
ી મેં ખોટી રીતે કલ્પી લીધું કે જેમ કેટલાક પાદરીઓ
ખ્રિસ્તી બનાવવાના ઇરાદાથી અથવા તો લડત બંધ કરવાનું
ાવવાને સારૂ આવતા તેમ અથવા મુરબ્બી બની
ાં દીલસોજી બતાવવા આવ્યા હશે. પણ મી. ડોક અંદર
ા ને અમને વાતચીત કરતાં ઘણી મિનીટ નહિ થઈ હોય
ામાં જ મેં મારી ભૂલ જોઇ અને મનમાં ને મનમાં
ા ક્ષમા માગી. તે દિવસથી અમે ગાઢ મિત્ર બન્યા.
ી અખબારોમાં આવતી દરેક હકીકતથી પોતાની વાકેફ-
તેઓએ બતાવી. 'આ લડતમાં તમે મને તમારો
જ ગણજો. મારાથી જે કંઈ સેવા થઇ શકે તે હું મારો
સમજી કરવા ઇચ્છું છું. ઇશુના જીવનનું ચિંતન કરીને
ે કંઇ શીખ્યો હોઉં તો એ જ કે દુઃખિઆરાંના દુઃખમાં

ભાગ લેવો.' આમ અમારી ઓળખાણ થઇ અને દિવસે દિવસે અમારી વચ્ચે સ્નેહ અને સંબંધ વધતાં જ ગયાં. ડોકનું નામ આ ઇતિહાસમાં હવે પછી વાંચનાર ઘણે પ્રસંગે જોશે. પણ ડોક કુટુંબે મારી કરેલી ચાકરીનું વર્ણન આપતાં આટલી ઓળખાણ વાંચનારને આપવાની જરૂર હતી. રાત ને દિવસ કોઇ ને કોઇ તો મારી પાસે હાજર હોય જ. જ્યાં સુધી હું તેમના ઘરમાં રહ્યો ત્યાં સુધી એ ઘર ધર્મશાળા બની ગયું હતું! હિન્દી કોમમાં ફેરીઆ વગેરે હોય, એમણે તો મજુરના જેવાં કપડાં પહેર્યાં હોય, મેલાં પણ હોય, જોડા પર શેર ધૂળ પણ હોય. વળી પોતાની ગાંસડી કે ટોપલી પણ સાથે હોય. આવા હિન્દીઓથી માંડીને પ્રમુખ જેવા એમ બંને પંક્તિના હિન્દીઓની મી૦ ડોકને ઘેર સેર ચાલી હતી. સહુ મારી ખબર કાઢવા અને જ્યારે ડૉકટરની રજા મળી ત્યારે મને મળવા આવતા. બધાને એકસરખા માનથી અને ભાવથી પોતાના દીવાનખાનામાં મી૦ ડોક બેસાડતા અને જ્યાં સુધી મારૂં રહેવાનું ડોક કુટુંબની સાથે રહ્યું ત્યાં સુધી મારી માવજતમાં અને સેંકડો જોવા આવનારના આદર-સત્કારમાં તેમનો બધો વખત જતો. રાતના પણ બે ત્રણ વખત ચૂપચાપ મારી કોટડીમાં ડોક જોઈ તો જાય જ. એમના ઘરમાં મને કોઈ દિવસે એવો ખ્યાલ ન આવી શકયો કે આ મારૂં ઘર નથી અથવા તો મારાં વહાલામાં વહાલા સગાં હોય તો તેઓ મારી સંભાળ વધારે લે. વાંચનાર એમ પણ ન માને કે હિન્દી કોમની લડતની આટલી બધી જાહેર રીતે તરફદારી કરવા સારૂ અથવા મને પોતાના ઘરમાં સંઘરવા સારૂ ડોકને કંઇ જ સહન કરવું પડયું નહોતું. એના પંથના ગોરાઓને અર્થે એઓ એક દેવળ ચલાવતા હતા. તેમની આજીવિકા આ પંથવાળા મારફતે

મળતી હતી. આવા લોકો કંઇ બધા ઉદાર દિલના હોય એવું કોઇએ માનવું નહિ. હિન્દીઓ પ્રત્યેનો સામાન્ય અણગમો તેઓમાં પણ હતો જ. કોઇ એ વાતની દરકાર જ કરી નહિ. અમારા પરિચયના આરંભમાં જ મેં આ નાજુક વિષય તેમની સાથે ચર્ચેલો. તેમનો જવાબ નોંધવાલાયક છે. તેમણે કહ્યુંઃ 'મારા વ્હાલા મિત્ર! ઇશુના ધર્મને તું કેવો માને છે? જે માણસ પોતાના ધર્મને ખાતર શૂળીએ ચઢયો અને જેનો પ્રેમ જગતના જેટલો વિશાળ હતો તેનો હું અનુયાયી છું. જે ગોરાઓથી મારા ત્યાગનો તને ભય છે તેઓના પ્રત્યે હું ઇશુના અનુયાયી તરીકે જરાએ શોભવા ઇચ્છતો હોઉં તો આ લડતમાં મારે જાહેર રીતે ભાગ લેવો જ જોઇએ અને તેમ કરતાં મને મારૂં મંડળ તજી દે તો મારે તેમાં જરાએ દુઃખ ન માનવું જોઇએ. મારી આજીવિકા તેઓની પાસેથી મળે છે એ ખરૂં, પણ તું એમ તો નહિ જ માને કે આજીવિકાને ખાતર હું તેઓની સાથે સંબંધ રાખું છું અથવા તો તેઓ મારી રોજીના આપનાર છે. મારી રોજી તો મને ઇશ્વર આપે છે. તેઓ નિમિત્તમાત્ર છે. મારા તેઓની સાથેના સંબંધની વગરબોલ્યે સમજાઇ ગએલી એ શરત છે કે મારી ધાર્મિક સ્વતંત્રતામાં તેમનામાંથી કોઇ વચ્ચે આવી જ ન શકે. એટલે મારે વિષે તું બેફિકર જ રહેજે. હું કંઈ હિન્દીઓની ઉપર મહેરબાની કરવા આ લડતમાં પડયો નથી. મારો તો એ ધર્મ છે એમ સમજીને પડયો છું. પણ હકીકત એવી છે કે મારા ડીન (દેવળના મુખીયા) ની સાથે મેં આ બાબતની ચોખવટ કરી લીધી છે. તેઓને મેં વિનયપુર્વક જણાવી દીધું છે કે જો મારો હિન્દી કોમ સાથેનો સંબંધ તેઓને ન રૂચતો હોય તો તેઓ મને સુખેથી રજા આપી શકે છે, અને બીજા ગોવાળ (મિનિસ્ટરને રોકી શકે છે. પણ તેઓએ મને તદ્દન નિશ્ચિંત

કરી મૂકયો છે એટલું જ નહિ પણ મને ઉત્તેજન આપ્યું છે વળી એમ પણ તારે ન સમજવું કે બધા ગોરા એકસરખી જ રીતે તમ લોકોની તરફ તિરસ્કારની નજરે જુએ છે. પરોક્ષપણે તમારા પ્રત્યે કેટલી બધી લાગણી છે તેનો તને ખ્યાલ ન હોઇ શકે, પણ મને તો અનુભવ હોવો જોઇએ એમ તું કબૂલ કરશે.' આટલી સ્પષ્ટ વાર્તા થયા પછી મેં ફરી એ વિષય કોઇ દિવસ છેડયો જ નહિ અને પાછળથી પણ હજુ લડત ચાલતી હતી તે દરમ્યાન જ્યારે ડોક પોતાનું ધર્મકાર્ય કરતાં કરતાં રોડેશિઆમાં દેવલોક થયા ત્યારે તેમના દેવળમાં તેમના પંથવાળાઓએ સભા કરી હતી તેમાં મરહૂમ કાછલીઆ અને બીજા હિન્દીઓ તેમ જ મને બોલાવ્યો હતો; અને તેમાં મને બોલવાનું પણ નિમંત્રણ આવ્યું હતું.

હું ઠીક ઠીક હાલવા ચાલવા જેવો થાઉં તેને દશેક દિવસ થયા હશે. એવી સ્થિતિએ પહોંચ્યા પછી મેં આ માયાળુ કુટુંબની રજા લીધી. અમને બન્નેને એ વિયોગ દુઃખદાયી થઇ પડયો હતો.

પ્રકરણ ૨૩

ગોરા સહાયકો

આ લડતમાં એટલા બધા અને પ્રતિષ્ઠિત ગોરાઓએ હિન્દી કોમ તરફથી આગળ પડતો ભાગ લીધો હતો કે આ સ્થળે તેઓનો એક સાથે પરિચય કરાવવો અયોગ્ય નહિ ગણાય. આથી ઠેકઠેકાણે તેઓનાં નામ આવ્યાં કરશે તે વખતે વાંચનારને તે અપરિચિત નહિ લાગે અને લડતના ચાલુ વર્ણનમાં તેઓની ઓળખાણ કરાવવાને સારુ મારે રોકાઈ પણ નહિ જવું પડે. જે ક્રમમાં હું તેઓનાં નામ આપવાનો છું તે ક્રમ વાંચનારે ન પ્રતિષ્ઠાવાર સમજવો કે ન તેમની મદદની કિંમતવાર. કંઈક તેમના પરિચયના વખત પ્રમાણેનો ક્રમ અને લડતના જે જે પેટા વિભાગમાં તેઓની મદદ મળી તે પ્રમાણે તેને ગોઠવાએલો સમજવાનો છે.

તેમાં પ્રથમ નામ આલ્બર્ટ વેસ્ટનું આવે છે. તેમનો કોમની સાથેનો સંબંધ તો લડાઈ પહેલાં શરૂ થયો, મારી સાથેનો સંબંધ તેથી પણ વહેલો. મેં જ્યારે જોહાનિસ્બર્ગમાં ઑફિસ ખોલી ત્યારે મારું કુટુમ્બ મારી સાથે ન હતું. વાંચનારને યાદ હશે કે હું

દક્ષિણ આફ્રિકાના હિન્દીઓનો તાર મળવાથી ૧૯૦૩માં એકાએક ચાલી નીકળેલો અને તે પણ એક વર્ષની અંદર પાછા ફરવાના ઇરાદાથી. જોહાનિસ્બર્ગમાં એક નિરામિષ ભોજનગૃહ હતું તેમાં હું નિયમસર બપોરે અને સાંજે ખાવા જતો ત્યાં વેસ્ટ પણ આવતા અને ત્યાં જ અમારી ઓળખાણ થએલી. તે એક બીજા ગોરાની સાથે ભાગમાં છાપખાનું ચલાવતા હતા. ૧૯૦૪માં જોહાનિસ્બર્ગના હિન્દુઓમાં સખત મરકી ફાટી નીકળી. દરદીઓની સારવારમાં હું રોકાઇ ગયો અને પેલા ભોજનગૃહમાં મારૂં જવાનું અનિયમિત થયું; અને જયારે જતો ત્યારે પણ મારા ચેપનો બીજાને ભય ન રહે એટલા સારૂ બીજા જમનારાઓ આવ્યા હોય તેમના વહેલાં હું ત્યાં જઈ આવતો. બે દિવસ મને જયારે ઉપરાઉપરી જોયો નહિ ત્યારે વેસ્ટ ગભરાયા. તેમણે છાપાંઓમાં જોએલું કે હું દરદીઓની સારવારમાં રોકાએલો હતો. ત્રીજે દિવસે સવારના છ વાગે હજુ હું હાથ મોં ધોઇ રહ્યો હતો તેટલામાં વેસ્ટે મારી કોટડીનું બારણું ઠોક્યું. મેં બારણું ઉઘાડ્યું તો વેસ્ટનો હસમુખો ચહેરો જોયો.

તે તરત જ રાજી થઇને બોલી ઉઠ્યા, "તને જોઇને મને નિરાંત થઇ. તને ભોજનગૃહમાં ન જોયો તેથી હું ગભરાઇ ગયો હતો. મારાથી તને કંઇ મદદ થઇ શકે એમ હોય તો જરૂર કહેવું."

મેં હસીને જવાબ દીધો, "દરદીની સારવાર?"

"કેમ નહિ? જરૂર હું તૈયાર છું."

આટલા વિનોદમાં મારો વિચાર મેં કરી લીધો હતો. મેં કહ્યું,

"તમારી પાસેથી મને બીજા જવાબની આશા હોય જ નહિ; પણ તેમાં તો મારી પાસે ઘણા મદદગાર છે પણ તમારી પાસેથી તો હું એથી વધારે કઠણ કામ લેવા ઇચ્છું

છું. મદનજીત અહીં છે. 'ઇન્ડિઅન ઓપીનિઅન'નું પ્રેસ નિરાધાર છે. મદનજીતને તો મેં મરકીના કામમાં રોકી જ લીધા છે. તમે ડરબન જાઓ અને તે સંભાળો તો એ ખરેખરી મદદ છે. તેમાં લલચાવા જેવું તો કંઇ છે જ નહિ. હું તો તમને જુજ જ રકમ આપી શકું; એટલે મહિનાના દસ પાઉન્ડ. અને જો પ્રેસમાં કંઇ લાભ થાય તો તેમાંથી અર્ધું તમારૂં"

"એ કામ જરા અટપટું ખરૂં. મારે ભાગીદારની રજા લેવી પડશે. કેટલીક ઉઘરાણીઓ છે, પણ કંઈ ફિકર નહિ. આજ સાંજ સુધીની છુટ તું મને આપશે?"

"હા! છ વાગે આપણે પાર્કમાં મળીએ."

"હું જરૂર પહોંચીશ."

તે પ્રમાણે અમે મળ્યા. ભાગીદારની રજા લઇ લીધી. ઉઘરાણીઓ ઉઘરાવવાની મને સોંપી દીધી અને બીજે દિવસે સાંજની ટ્રેનમાં તે રવાના થયા. એક મહિનાની અંદર તેનો રિપોર્ટ આવ્યો કે "આ છાપખાનામાં નફો તો છે જ નહિ, ખોટ ઘણી છે. ઉઘરાણી પારવગરની છે, પણ ચોપડા ઢંગધડા વિનાના છે. ઘરાકોનાં પૂરાં નામ નથી, ઠેકાણાં નથી. બીજી અવ્યવસ્થા પણ ઘણી છે. આ હું ફરીઆદ રૂપે નથી લખતો. હું નફાને સારૂ નથી આવ્યો એટલે આ લીધેલું કામ હું છોડવાનો નથી એ ચોક્કસ માનજે પણ એટલી નોટીસ હું અત્યારથી આપી દઉં છું કે તારે લાંબા કાળ સુધી ખોટ તો ભર્યે જ જવી જોઇશે."

મદનજીત જોહાનિસ્બર્ગ આવ્યા હતા. ઘરાકો કરવા અને છાપખાનાની વ્યવસ્થાની મારી સાથે વાતચીત કરવા. હું દર મહિને તેની થોડી ઘણી પણ ખોટ ભર્યા કરતો હતો તેથી મારે તેમાં કેટલે સુધી ઉતરવું પડશે એ જાણવા ઇચ્છતો હતો. વાંચનારને

હું જણાવી ગયો છું કે મદનજીતને આરંભ વેળાએ પણ છાપખાનાનો અનુભવ હતો નહિ એટલે છાપખાનામાં અનુભવી માણસને તેમની સાથે રોકી શકાય તો સારૂં એમ તો હું વિચાર્યા જ કરતો હતો. દરમ્યાન મરકી આવી અને મદનજીત એવા કામમાં તો બહુ કુશળ અને નિર્ભય માણસ, એટલે તેમને રોકી લીધા; તેથી વેસ્ટનું અણધાર્યું કહેણ મેં ઝીલી લીધું, અને મરકી દરમ્યાનના પ્રસંગને સારૂ જ નહિ પણ જાથુને સારૂ તેમને જવું જોઇએ એ મેં સમજાવી દીધું હતું. તેથી ઉપર પ્રમાણેનો તેનો રિપોર્ટ આવ્યો. છેવટે છાપું અને છાપખાનું ફિનિક્સ ગયાં એ વાંચનાર જાણે છે. વેસ્ટના મહિનાના દસ પાઉંડને બદલે ફિનિક્સમાં ત્રણ પાઉન્ડ થયા. આ બધા ફેરફારોમાં તેમની સંપૂર્ણ સંમતિ હતી. પોતાની આજીવિકા કેમ મળશે એનો તો એને કોઇ દિવસ જરાયે ભય થયો હોય એવું મેં અનુભવ્યું નથી. ધર્મનો અભ્યાસ ન છતાં અત્યંત ધાર્મિક માણસ તરીકે તેને હું ઓળખું છું. તે અતિશય સ્વતંત્ર સ્વભાવના માણસ છે. જે વસ્તુ જેવી માને તેવી જ તેને કહી બતાવે. કાળાને કૃષ્ણવર્ણનું ન કહેતાં કાળું જ કહે. તેમની રહેણી અત્યંત સાદી હતી. અમારા પરિચય વખતે તે બ્રહ્મચારી હતા અને હું જાણું છું કે એ બ્રહ્મચર્યનું પાલન કરતા. કેટલાંક વર્ષ પછી તેમણે વિલાયત જઇ પોતાનાં માબાપની યાત્રા કરી, અને ત્યાંથી પરણીને આવ્યા. મારી સલાહથી પોતાની સ્ત્રીને, સાસુને અને કુંવારી બહેનને સાથે લાવ્યા. તેઓ બધાં ફિનિક્સમાં અત્યંત સાદાઇથી રહ્યાં અને દરેક રીતે હિન્દીઓની સાથે ભળી જતાં. મિસ વેસ્ટ હવે ૬૫ વર્ષનાં થયાં હશે, પણ હજુ કુંવારી અવસ્થામાં જ છે, અને અતિશય પવિત્ર જીંદગી ગાળે છે. તેણે પણ કંઇ ઓછી સેવા કરી નથી. ફિનિક્સમાં વસતા

બાળશિષ્યોને રાખવા, તેઓને અંગ્રેજીનું શિક્ષણ આપવું, સાર્વજનિક રસોડામાં રસોઇ કરવી, મકાન સાફ રાખવાં, ચોપડા પણ રાખવા, બીબાં પણ ગોઠવવાં, છાપખાનાનું બીજું કામ કરવું. તેમાં ક્યાંય આ બાઇએ કોઇ દિવસ આનાકાની કરી નથી. હાલ તેઓ ફિનિક્સમાં નથી. તો એનું કારણ માત્ર એટલું જ કે તેઓનું જુજ ખર્ચ પણ મારા હિન્દુસ્તાનમાં આવવા પછી છાપખાનાથી ઉપડી શકે એમ ન હતું. વેસ્ટનાં સાસુની ઉમર અત્યારે ૮૦ વર્ષની ઉપરની હશે. તેમને શીવણનું કામ અતિશય સુંદર આવડે છે એટલે એવા કામમાં તે બુઢ્ઢી બાઇ પણ પૂરી મદદ કરે. ફિનિક્સમાં તેમને સૌ દાદી (ગ્રેની) કહેતા અને માનતા. મિસીસ વેસ્ટને વિષે કંઈ કહેવાની જરૂર હોય નહિ. જ્યારે ફિનિક્સમાંથી ઘણાં માણસો જેલમાં ગયાં ત્યારે વેસ્ટ કુટુંબે મગનલાલ ગાંધીની સાથે મળીને ફિનિક્સનો કારભાર ચલાવ્યો. છાપાને અને છાપખાનાને લગતાં ઘણાં કામ વેસ્ટ કરે. મારી અને બીજાઓની ગેરહાજરીમાં ડરબનથી ગોખલેને મોકલવાના તાર તે વેસ્ટ મોકલે. છેવટે વેસ્ટ પણ પકડાયા (જો કે તેમને તરત છોડી મૂકવામાં આવ્યા હતા) ત્યારે ગોખલે ગભરાએલા, અને ઍન્ડ્રુસ તથા પીઅર્સનને મોકલ્યા.

બીજા રિચ. તેમને વિષે હું લખી ચુક્યો છું. તે પણ લડાઇ પહેલાં જ મારી ઑફિસમાં દાખલ થઇ ગયા હતા. તે મારી પછી મારૂં કામ સંભાળી શકે એ ઉમેદથી વિલાયત બૅરિસ્ટર થવા ગએલા. ત્યાં કમિટીની બધી જવાબદારી તેમના જ હાથમાં હતી.

ત્રીજા પોલાક. વેસ્ટની જેમ પોલાકની ઓળખાણ પણ અનાયાસે ભોજનગૃહમાં થએલી. તેઓ પણ ક્ષણવારમાં ટ્રાન્સવાલના 'ક્રિટિક'ના ઉપતંત્રીની જગ્યા છોડીને 'ઇન્ડિઅન ઓપીનિઅન'માં ગયેલા. તેમણે વિલાયતમાં અને આખા હિન્દુસ્તાનમાં લડતને અંગે

મુસાફરી કરી એ સૌ જાણે છે. રિચ વિલાયત ગયા એટલે એમને ફિનિક્સથી મારી ઑફિસમાં બોલાવી લીધા. ત્યાં આર્ટીકલ્સ આપ્યા, અને તે પણ વકીલ થયા. પાછળથી પરણ્યા. મિસીસ પોલાકને પણ હિન્દુસ્તાન ઓળખે છે. તે બાઇએ પોતાના પતિને લડતના કામમાં પૂરેપૂરી મદદ આપી. કોઈ દિવસ તેમાં વિઘ્ન નાખ્યું જ નથી અને હાલ એ બન્ને જો કે અસહકારની લડતમાં આપણાં સહકારી નથી છતાં હિન્દુસ્તાનની સેવા યથાશક્તિ કર્યા કરે છે.

પછી હર્મન કૅલનબૅક. એમનો પરિચય પણ લડાઈ પહેલાં થયેલો. એ જાતે જર્મન છે. અને જો અંગ્રેજ—જર્મનની લડાઇ ન થઈ હોત તો આજે તે હિન્દુસ્તાનમાં હોત. તેમનું હૃદય વિશાળ છે. તેમના ભોળપણનો પાર નથી. તેમની લાગણીઓ ઘણી તીવ્ર છે. તેમનો ધંધો સિલ્પીનો છે. એવું એક પણ કામ નહિ હોય કે જે કરવામાં તેમણે આનાકાની કરી હોય. જ્યારે મેં જોહાનિસ્બર્ગનાં ઘરબાર કાઢી નાખેલાં ત્યારે અમે બન્ને સાથે જ રહેતા, એટલે મારું ખર્ચ એ જ ઉપાડતા. ઘર તો એમનું પોતાનું જ હતું. ખાધાખર્ચમાં હું મારો ભાગ આપવા કહેતો ત્યારે તે ચીઢાય અને એને ઉડાઉપણામાંથી બચાવનાર તો હું જ હતો એ કહી મને વાળે. આ તેમના કહેવામાં વજૂદ હતું. પણ ગોરાઓ સાથેના મારા અંગત પ્રસંગોનું વર્ણન કરવાનું આ સ્થળ નથી. ગોખલે આવ્યા ત્યારે જોહાનિસ્બર્ગનો તેમનો ઉતારો કોમની વતી કૅલનબૅકની બંગલીમાં હતો. એ મકાન ગોખલેને અત્યંત પસંદ પડ્યું. તેમને વળાવવાને ઝાંઝીબાર સુધી તે મારી સાથે આવેલા. પોલાકની સાથે તે પણ પકડાએલા અને જેલ ભોગવેલી. અને છેવટે જ્યારે દક્ષિણ આફ્રિકા છોડીને ગોખલેને વિલાયતમાં મળીને હું હિન્દુસ્તાન આવતો હતો ત્યારે કૅલનબૅક મારી

સાથે હતા અને લડાઇને લીધે જ તેમને હિન્દુસ્તાન આવવાની પરવાનગી ન મળી. બધા જર્મનોની સાથે તેમને પણ વિલાયતમાં નજરકેદમાં રાખવામાં આવ્યા હતા. લડાઇ પૂરી થયા પછી તે જોહાનિસ્બર્ગ પાછા ગયા છે, અને પોતાનો ધંધો પાછો શરૂ કર્યો છે. જોહાનિસ્બર્ગમાં સત્યાગ્રહી કેદીઓના કુટુંબને એક સાથે રાખવાનો જ્યારે વિચાર થયો ત્યારે કૅલનબૅક પોતાનું ૧૧૦૦ વીઘાનું ખેતર કોમને વગર ભાડે સોંપ્યું. તેની વિગત વાંચનાર હવે પછી જોશે.

હવે, એક પવિત્ર બાળાની ઓળખાણ આપું. તેને ગોખલેએ આપેલું પ્રમાણપત્ર વાંચનારની પાસે રજુ કર્યા વિના મારાથી નહિ રહી શકાય. આ બાળાનું નામ મિસ સ્લેઝીન. ગોખલેની માણસોને પિછાણવાની શક્તિ અદ્દભુત હતી. ડેલાગોઆ બેથી ઝાંઝીબાર સુધી અમને વાતો કરવાનો અને શાન્તિનો સુંદર પ્રસંગ હતો. દક્ષિણ આફ્રિકાના હિન્દી તેમજ ગોરા આગેવાનોના પરિચય પણ તેમને ઠીક થયો હતો. એમાંના બધા મુખ્ય પાત્રોનાં સૂક્ષ્મ પૃથક્કરણ તેમણે કરી બતાવ્યાં, અને મને બરાબર યાદ છે કે તેમણે મિસ સ્લેઝીનને હિન્દી અને ગોરા બધામાં સૌથી પ્રથમ પદ આપ્યું હતું. "એના જેવું નિર્મળ અંતઃકરણ, કામમાં એકાગ્રતા, દઢતા, મેં ઘણા થોડામાં જોયાં છે. અને હિન્દીઓની લડતમાં કશાયે લાભની આશા વિના આટલું સર્વાર્પણ જોઇને હું તો આશ્ચર્યચકિત થયો. વળી, આ બધા ગુણોની સાથે તેની હોશિયારી ને ચપળતા તમારી આ લડતમાં તેને એક અમૂલ્ય સેવિકા બનાવે છે. મારે કહેવાની તો જરૂર ન હોય તો પણ કહું છું કે તેને તું સંઘરજે." મારી પાસે એક સ્કૅાચ કુમારીકા શૉર્ટહેન્ડ અને ટાઇપીસ્ટ તરીકે હતી. તેની વફાદારી અને નીતિનો કંઈ પાર ન

હતો. આ જીંદગીમાં મને કડવા અનુભવો તો ઘણાયે થયા છે, પણ મારા સંબંધમાં એટલા બધા સુંદર ચારિત્રવાળા અંગ્રેજ અને હિન્દી આવ્યા છે, કે હું હમેશાં એને મારૂં સદ્‌ભાગ્ય જ માનતો આવ્યો છું. આ સ્કૅાચ કુમારિકા મીસ ડિકના વિવાહનો પ્રસંગ આવ્યો એટલે તેનો વિયોગ થયો. મી. કૅલનબૅક મીસ શ્લેઝીનને લાવ્યા અને મને કહ્યું, "આ બાળાને તેની માએ મને સોંપી છે. એ ચાલાક છે, પ્રમાણિક છે પણ એનામાં ટીખળ અને સ્વતંત્રતા બહુ છે. કદાચ તે ઉદ્ધત પણ ગણાય. તને પોસાય તો તું તેને રાખજે. પગારને ખાતર હું એને તારી નીચે નથી મૂકતો." હું તો સારી શૉર્ટહૅન્ડ ટાઇપીસ્ટને મહિનાના ૨૦ પૌંડ આપવાને તૈયાર હતો. મીસ શ્લેઝીનની શક્તિની મને કાંઇ ખબર ન હતી. મી. કૅલનબૅકે કહ્યું, "હાલ તો મહિનાના ૬ પૌંડ આપજે." મને તો એ કબૂલ હોય જ. મીસ શ્લેઝીનના ટીખળનો અનુભવ તો મને તરત જ થયો. પણ એક મહિનાની અંદર તો મીસ શ્લેઝીને જ મને વશ કરી લીધો. રાત અને દહાડો ગમે ત્યારે કામ આપે. તેને સારૂ કંઇ અશકય કે મુશ્કેલ તો મળે જ નહિ. આ વખતે તેની ઉમર ૧૬ વર્ષની હતી. અસીલોનાં અને સત્યાગ્રહીઓનાં મન પણ પોતાની નિખાલસતા અને સેવાની તત્પરતાથી તેણે હરી લીધાં. ઑફિસની અને લડતની નીતિની એ કુમારિકા ચોકીદાર અને રખેવાળ થઇ પડી. કોઈ પણ કાર્યની નીતિને વિષે તેને જરાએ શંકા આવે એટલે અતિશય છૂટથી મારી સાથે વાદવિવાદ કરે અને હું જ્યાં સુધી તે વસ્તુની નીતિને વિષે તેની ખાત્રી ન કરી આપું ત્યાં સુધી તેને સંતોષ વળે જ નહિ. જ્યારે બધા પકડાયા અને આગેવાનોમાં લગભગ એક કાછલીઆ જ બહાર હતા તે વખતે એ બાઇએ લાખો

બાનો હિસાબ સાચવ્યો. જુદી જુદી પ્રકૃતિના માણસોની
થી કામ લીધું. કાછલીઆ પણ તેનો આશ્રય લે, તેની સલાહ
અમે બધા જેલમાં ગયા ત્યારે ડો૦ 'ઇન્ડિઅન ઓપીનિઅન'ની
ન હાથમાં લીધી. પણ એ ધોળા વાળવાળો અનુભવી
' 'ઇન્ડિઅન ઓપીનિઅન'ને સારૂ લખાએલા લેખો મિસ
ોનની પાસે પાસ કરાવે! અને તેણે મને કહેલું "જો મિસ
ોન ન હત તો હું નથી જાણતો કે હું કઇ રીતે મારા કામમાં
પોતાને પણ સંતોષ આપી શકત. તેની મદદ અને તેની
ાઓનું મૂલ્ય હું આંકી શકું એમ નથી." અને ઘણી વખત
સૂચવેલા સુધારાવધારા યોગ્ય જ હતા એમ ધારીને મેં
ા કરેલા છે. પઠાણો, પટેલીઆઓ, ગીરમીટીઆઓ બધી
ના અને બધી ઉમરના હિન્દીઓ તેની આસપાસ વીંટળાઇ
ા. તેની સલાહ લેતા અને તે કહે તેમ કરતા. દક્ષિણ
ફ્રેકામાં ઘણેભાગે ગોરાઓ હિન્દીઓ સાથે આગગાડીમાં એક જ
ામાં બેસતા નથી. ટ્રાન્સવાલમાં તો બેસવાની મનાઇ પણ કરે
સત્યાગ્રહીઓનો કાયદો તો ત્રીજા વર્ગમાં જ ફરવાનો હતો. તેમ
મિસ શ્લેઝીન ઇરાદાપૂર્વક હિન્દીઓના જ ડબ્બામાં બેસે અને
ની સાથે વઢવેડ પણ કરે. મને ભય હતો ને મિસ શ્લેઝીનને હોંશ
કે કોઇ વખત પોતે પણ પકડાય. પણ તેની શક્તિ, તેનું લડાઇને
તું પૂરૂં જ્ઞાન અને સત્યાગ્રહીઓના હૃદય ઉપર તેણે મેળવેલું
ાજ્ય એ ત્રણ વસ્તુ ટ્રાન્સવાલની સરકારના ધ્યાનમાં હોવા
મિસ શ્લેઝીનને નહિ પકડવાની પોતાની નીતિ અને પોતાના
કનો ટ્રાન્સવાલની સરકારે ત્યાગ ન જ કર્યો. મિસ શ્લેઝીને
દિવસ પોતાના માસિક ૬ પાઉંડમાં વધારો માગ્યો કે
ર્યો જ નહિ. તેની કેટલીક હાજતોની મને જાણ થઇ ત્યારે

તેને ૧૦ પાઉંડ આપવાનું શરૂ કર્યું. તે પણ તેણે આનાકાનીથી લીધા. પણ તેથી આગળ વધવાની તો તેણે ચોખ્ખી ના જ પાડી. "તે ઉપરાંત મારી હાજત છે જ નહિ તેમ છતાં જો હું લઉં તો જે નિષ્ઠાથી તમારી પાસે આવી છું તે ખોટી ઠરે" આ જવાબથી હું ચૂપ રહ્યો. વાંચનાર કદાચ જાણવાને ઇચ્છે કે મિસ શ્લેઝીનની કેળવણી શું હતી? કેપ યુનિવર્સિટીની ઇન્ટરમીડિએટ પરીક્ષા તેણે પસાર કરેલી. શૉર્ટહૅન્ડ વગેરેમાં પહેલા નંબરનાં પ્રમાણપત્રો મેળવેલાં. લડાઇમાંથી મુક્ત થયા પછી એ યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ થઇ અને હાલ કોઇ ટ્રાન્સવાલની સરકારી છોકરીઓની નિશાળમાં મુખ્ય શિક્ષિકા છે.

હર્બર્ટ કિચન એક શુદ્ધ હૃદયના વિજળીનું કામ જાણનાર અંગ્રેજ હતા. તેમણે બોઅર લડાઇમાં અમારી સાથે કામ કર્યું. તેઓ થોડી મુદત સુધી 'ઇન્ડિઅન ઓપીનિઅન'ના અધિપતિ પણ હતા. તેમણે મરણપર્યન્ત બ્રહ્મચર્ય પાળ્યું હતું.

હું ઉપર ગણાવી ગયો તે વ્યક્તિઓ તો મારા ખાસ પ્રસંગમાં આવેલી એવી વ્યક્તિઓ હતી. તેઓને ટ્રાન્સવાલના આગેવાન ગોરાઓમાં ન ગણી શકાય. છતાં તેઓની મદદ પુષ્કળ મળી હતી એમ કહી શકાય. પ્રતિષ્ઠાની દૃષ્ટિએ હૉસ્કિનનું અગ્રસ્થાન છે. તેમની ઓળખાણ હું અગાઉ કરાવી ગયો છું. તેમના પ્રમુખપણા નીચે સત્યાગ્રહની લડતમાં સહાયકારી ગોરાઓનું સ્થાયી મંડળ પણ ઉભું કરવામાં આવ્યું હતું. એ મંડળે પોતાથી બને તેટલી મદદ કરી હતી. લડતનો બરોબર રંગ જામ્યા પછી સ્થાનિક સરકારની સાથે મસલતનો વહેવાર તો કેમ જ રહી શકે? તે અસહકારના તત્ત્વને લીધે નહિ પણ સરકાર જ તેના કાયદાનો

જંગ કરનારની સાથે મસલતનો વહેવાર ન રાખે, તેથી આ વેળાએ ગોરાઓની કમિટી સરકાર અને સત્યાગ્રહીની વચ્ચે એક અનુસંધાન રૂપ હતી.

આલ્બર્ટ કાર્ટરાઇટની ઓળખાણ પણ હું આગળ કરાવી ગયો. ડોકના જ જેવો સંબંધ ધરાવનારા અને બહુ મદદ કરનારા એક બીજા પણ ભલા પાદરી હતા. તેમનું નામ રેવરંડ ચાર્લ્સ ફિલિપ્સ. એ ટ્રાન્સવાલમાં ઘણાં વર્ષો થયાં કોંગ્રીગેશનલ મિનિસ્ટર હતા. તેમનાં ભલાં પત્ની પણ ઘણી મદદ દેતાં. એક ત્રીજા નામાંકિત પાદરી જેમણે પાદરીપણું છોડીને અખબારનું અધિપતિપણું ગ્રહણ કર્યું હતું તે બ્લુમફોંટીનમાં પ્રકટ થતા 'ફ્રેંડ'નામના દૈનિકના અધિપતિ રેવરંડ ડુડની છે. તેમણે ગોરાઓની અવગણના વ્હોરીને પણ પોતાના પત્રમાં હિન્દીઓની હિમાયત કરી હતી. દક્ષિણ આફ્રિકાના પ્રસિદ્ધ વક્તાઓમાં તેમની ગણના થતી હતી. એજ પ્રમાણે સ્વતંત્રતાએ મદદ કરનાર 'પ્રીટોરીઆ ન્યુઝ'ના અધિપતિ વેરસ્ટેન્ટ હતા. એક વેળાએ પ્રીટોરીઆ ટાઉનહૉલમાં ત્યાંના મેયરના અધિપતિપણા નીચે ગોરાઓએ જંગી સભા બોલાવી હતી. તેનો હેતુ એશિયાટિકને વખોડવાનો અને ખૂની કાયદાને વખાણવાનો હતો. વેરસ્ટેન્ટે એકલાએ એ સભામાં વિરોધ કર્યો. પ્રમુખે બેસી જવાનું કહ્યું તે છતાં તેમણે બેસી જવાની ના પાડી. ગોરાઓએ તેમના શરીર પર હાથ નાંખવાની ધમકી આપી. તેમ છતાં એ નર સિંહની માફક ગર્જતો એ ટાઉનહૉલમાં અડગ રહ્યો અને સભાને પોતાનો ઠરાવ પસાર કર્યા વિના વિખરાઈ જવું પડ્યું! કોઇ પણ મંડળમાં દાખલ થયા વિના પણ મદદ કરવાના એક પણ પ્રસંગ નહિ ભૂલનાર એવા બીજા ગોરાઓનાં પણ નામ હું ગણાવી શકું એમ છું. પણ વધુ ન લંબાવતાં ત્રણ સ્ત્રીઓની ઓળખાણ

કરાવીને જ આ પ્રકરણ પૂરું કરવા ઇચ્છું છું. તેમાંની એક મિસ હૉબ્‌હાઉસ. તે લૉર્ડ હૉબ હાઉસની દીકરી. એ બાઇ બોઅરની લડાઇ સમયે લૉર્ડ મિલ્નરની સામે થઇને ટ્રાન્સવાલમાં પહોંચી હતી. જ્યારે લૉર્ડ કિચનરે આખા જગતમાં ગવાએલી અને વખોડાએલી પોતાની "કૉન્સેન્ટ્રેશન કૅંપ"* ટ્રાન્સવાલ અને ફ્રી સ્ટેટમાં જમાવી ત્યારે એ બાઇ એકલી બોઅર ઓરતોમાં ઘુમતી અને તેઓને મક્કમ રહેવાનું સમજાવતી ને શૂર ચઢાવતી. બોઅર લડાઇને વિષે અંગ્રેજી રાજનીતિ કેવળ ખોટી છે એવી પોતાની માન્યતા હોવાથી મર્હુમ સ્ટેડની માફક તે ઇચ્છતી અને ઇશ્વર પ્રત્યે પ્રાર્થના કરતી કે અંગ્રેજોની હાર થાય. આટલી બધી બોઅરોની સેવા કર્યા પછી જ્યારે તેણે જાણ્યું કે બોઅરો જે અન્યાયની સામે લઢેલા તેઓ જ હિન્દીઓ પ્રત્યે અજ્ઞાનથી દોરવાઇ જઇને અન્યાય કરવા તૈયાર થયા છે ત્યારે તેનાથી તે સહન ન થઇ શક્યું. બોઅર પ્રજા તેના પ્રત્યે બહુ માન અને પ્રેમ રાખતી હતી. તેને જનરલ બોથાની સાથે ઘણો નિકટ સંબંધ હતો. તેને ત્યાં એ ઉતરતી. ખૂની કાયદો રદ થવા વિષે બોઅર મંડળોમાં તેનાથી બની શકે એટલું તેણે કર્યું.

બીજી બાઇ ઓલિવ શ્રાઇનર. આ બાઇને વિષે હું પાંચમા પ્રકરણમાં લખી ગયો છું. એ દક્ષિણ આફ્રિકાનાં પ્રખ્યાત શ્રાઇનર કુટુંબમાં જન્મેલી વિદુષી બાઇ હતી. શ્રાઇનર નામ એટલું બધું પ્રખ્યાત છે કે જ્યારે તે પરણી ત્યારે તેના ધણીને તે નામ ગ્રહણ કરવું પડ્યું કે જેથી ઓલિવનો શ્રાઇનર કુટુંબ

---

* એટલે લડાઇ કરનારા બોઅરોની સ્ત્રીઓને એકઠી કરી કેદમાં રાખવાની છાવણી. મો૦ ક૦ ગાંધી

સાથેનો સંબંધ દક્ષિણ આફ્રિકાના ગોરાઓમાં અલોપ ન થાય. એ કંઈ તેનું ખોટું સ્વાભિમાન ન હતું. મારો પરિચય તેમની સાથે સરસ હતો એમ હું માનું છું. પણ એ બાઈની સાદાઈ, નમ્રતા એ તેની વિદ્વત્તાના જેવાં જ તેનાં આભૂષણ હતાં. પોતાના હબસી નોકરો અને પોતાની વચ્ચે અંતર છે એમ તેણે કોઈ દિવસ માનેલું નહિ. જ્યાં અંગ્રેજી ભાષા બોલાય છે ત્યાં તેનું 'ડ્રીમ્સ' નામનું પુસ્તક આદરપૂર્વક વંચાય છે. એ ગદ્ય છે તે છતાં કાવ્યની પંક્તિમાં મૂકાય છે. બીજું તો તેણે ઘણું લખેલું છે. એટલો કલમ ઉપરનો તેનો કાબૂ હોવા છતાં, પોતે ઘરની રસોઈ પોતાને હાથે કરતાં, ઘર સાફસૂફ રાખતાં, વાસણ ઈ. ધોતાં, શરમાય નહિ–અચકાય નહિ. તે એમ માનતી કે એવી ઉપયોગી અંગમહેનત તેની લેખનશક્તિને મંદ કરવાને બદલે ઉત્તેજિત કરતી અને ભાષામાં અને વિચારોમાં એક પ્રકારનો વિવેક અને ડાવકાઈ જાળવતી. એ બાઈએ પણ દક્ષિણ આફ્રિકાના ગોરાઓમાં જે કંઈ વજન પડી શકે તે બધું હિન્દીઓની તરફેણમાં વાપર્યું હતું.

ત્રીજી બાઈ મીસ મોલ્ટીનો. એ પણ દક્ષિણ આફ્રિકાના પુરાણા મોલ્ટીનો કુટુંબની બુઝર્ગ બાઈ હતી. તેણે પણ યથાશક્તિ મદદ કરી.

વાંચનાર પૂછે કે આ બધા ગોરાઓની મદદનું પરિણામ શું આવ્યું? તો હું જવાબ આપું કે પરિણામ જણાવવા સારૂ આ પ્રકરણ નથી લખાયું. કેટલાકનાં કામ જેનો ચિતાર અપાઈ ગયો છે તે જ તેના પરિણામની સાક્ષી રૂપે છે. પણ આવા હિતેચ્છુ ગોરાઓની સમસ્ત પ્રવૃત્તિનું શું પરિણામ આવ્યું? એ જ સવાલ

ઉત્પન્ન થઇ શકે. આ લડત જ એવી હતી કે જેનું પરિણામ એ લડતમાં જ સમાએલું હતું. જાતમહેનતની, જાતિભોગની તથા ઇશ્વર ઉપરની શ્રદ્ધાની આ લડત હતી. ગોરા સહાયકોનાં નામ ગણાવી જવાનો એક હેતુ એ કે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઇતિહાસમાં જો તેઓએ કરેલી મદદની સ્તુતિ ન આવે તો એ ઇતિહાસની ખામી ગણાય. મેં કંઇ બધા ગોરા સહાયકોનાં નામ તો આપ્યાં નથી. પણ જેટલાં આપ્યાં છે તેથી સહાયક માત્રનો આભાર આ પ્રકરણમાં આવી જાય છે. અને બીજું કારણ એ કે જો કે આપણે અમુક પ્રવૃત્તિનાં પરિણામ સ્પષ્ટ રીતે જોઇ નથી શકતા તે છતાં શુદ્ધ ચિત્તથી થએલી પ્રવૃત્તિનું પરિણામ શુભ આવે જ છે—પછી તે દશ્ય હો કે અદશ્ય,—એ સિદ્ધાંતને વિષેની સત્યાગ્રહી તરીકેની મારી શ્રદ્ધા પ્રગટ કરવી. વળી ત્રીજું સબળ કારણ એ કે સત્ય પ્રવૃત્તિઓ આવી અનેક પ્રકારની શુદ્ધ અને નિઃસ્વાર્થ મદદો પોતાની તરફ વિનાપ્રયાસે આકર્ષે જ છે, એ બતાવવું. જો આ પ્રકરણમાં હજુ સુધી એ વાત ન સમજાઇ ગઇ હોય તો હું સ્પષ્ટ કરવા ઇચ્છું છું કે સત્યાગ્રહની લડતમાં સત્યને જ જાળવવું. એને જો પ્રયાસ ગણીએ તો એ પ્રયાસ ઉપરાંત બીજો કોઇપણ પ્રયાસ આ ગોરાઓની મદદ લેવાને સારૂ કરવામાં આવ્યો ન હતો. લડતના બળથી જ તેઓ આકર્ષાયા હતા.

પ્રકરણ ૨૪ મું

અંતરની વિશેષ મુસીબતો

એકવીસમા પ્રકરણમાં આપણને કંઇક અંતરની મુસીબતોનો ખ્યાલ આવ્યો. હુમલાને વખતે મારું કુટુંબ તો ફિનિક્સમાં વસતું હતું. હુમલાથી તેઓનો જીવ ઉંચો થાય એ સ્વાભાવિક હતું. મને જોવાને ફિનિક્સથી જોહાનિસબર્ગ પૈસા ખરચીને દોડી અવાય એવું તો ન જ બની શકે. એટલે સાજો થયે મારે જ જવાનું રહ્યું હતું. નાતાલ અને ટ્રાન્સવાલ વચ્ચે મારી આવજા તો કામ પ્રસંગે થયાં જ કરતી. સમાધાની વિષે નાતાલમાં પણ ખુબ ગેરસમજુતી ફેલાઇ હતી, એ મારી જાણ બહાર ન હતું. મારી ઉપર અને બીજાઓની ઉપર કાગળો આવતા, તેથી હું જાણતો અને ઘણા કટાક્ષ કરનારા કાગળ 'ઇન્ડિઅન ઓપીનિઅન' ઉપર આવેલા તેનો થોકડો મારી પાસે હતો. જો કે હજુ સુધી સત્યાગ્રહ તો ટ્રાન્સવાલના હિન્દીઓને જ કરવાનો રહ્યો હતો તો પણ નાતાલના હિન્દીઓની સંમતિ અને લાગણી જાળવવી રહી હતી. ટ્રાન્સવાલના હિન્દીઓ ટ્રાન્સવાલ નિમિત્તે આખા દક્ષિણ આફ્રિકાના હિન્દીઓની લડત લડી રહ્યા હતા.

તેથી નાતાલમાં થએલી ગેરસમજુતી દૂર કરવાને સારૂ પણ મારે ડર્બન જવાની જરૂર હતી. તેથી પહેલો જ પ્રસંગ લઇને હું ત્યાં ગયો.

ડર્બનમાં હિન્દીઓની જાહેર સભા ભરવામાં આવી. મને કેટલાક મિત્રોએ પહેલેથી જ જણાવી દીધું હતું કે આ સભામાં મારી ઉપર હુમલો થવાનો છે, અને મારે કાંતો સભામાં જવાનું જ મુલતવી રાખવું અથવા રક્ષણને સારૂ કંઇ ઉપાય લેવા. બેમાંથી એકે વસ્તુ મારાથી થઇ શકે તેમ ન હતી. સેવકને શેઠ બોલાવે અને તે બીકથી ન જાય એટલે તેનો સેવાધર્મ ગયો અને શેઠની સજાથી બ્હીએ તે સેવક શાનો? જાહેર સેવા સેવાની ખાતર કરવી એ ખાંડાની ધારે ચાલવા જેવું છે. જાહેર સેવક સ્તુતિ લેવાને તૈયાર થઇ જાય છે તો નિંદાથી કેમ ભાગી શકે? તેથી હું તો નીમેલે વખતે બરાબર હાજર થયો. સમાધાની કેમ થઇ એ સમજાવ્યું. સવાલો થયા તેના જવાબ પણ આપ્યા. આ સભા રાતના આઠેક વાગે થઇ હતી. કામ લગભગ પૂરૂં થવા આવ્યું હતું તેટલામાં એક પઠાણ પોતાની ડાંગ લઇને માંચડા ઉપર આવ્યો. તે જ વખતે બત્તીઓ ઠરી. હું સમજી ગયો. પ્રમુખ શેઠ દાઉદ મહમદ ટેબલ ઉપર ચઢયા, લોકોને સમજાવવા લાગ્યા. મને બચાવ કરવાવાળાઓએ ઘેરી લીધો. મેં રક્ષણનાં પગલાં નહોતાં ભર્યાં, પણ મેં પાછળથી જોયું કે જેઓને હુમલાની બ્હીક હતી તેઓ તો સજ્જ થઇને આવ્યા હતા. તેમાંથી એક તો પોતાના ખીસામાં રિવોલ્વર રાખીને આવેલો, અને તેનો એણે ખાલી ભડાકો પણ કર્યો. દરમ્યાન પારસી રૂસ્તમજી જેમણે હુમલાની તૈયારીઓ જોઇ હતી એઓ વિજળીને વેગે દોડયા અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ એલેક્ઝેન્ડરને ખબર આપી. તેણે પોતાની

પોલીસની એક ટુકડી મોકલાવી, અને પોલીસ એ ગરબડમાં રસ્તો કરી મને પોતાની વચ્ચે રાખી પારસી રૂસ્તમજીને ત્યાં લઈ ગઇ.

બીજે દિવસે સવારે પારસી રૂસ્તમજીએ ડર્બનના પઠાણોને ભેળા કર્યા; અને તેમને મારી સામે જે કંઇ ફરીઆદ હોય તે મારી પાસે મૂકવા કહ્યું. તેઓને હું મળ્યો. તેઓને શાંત કરવાની કોશીશ કરી, પણ મને લાગતું નથી કે તેઓને હું શાંત કરી શક્યો. વહેમની દવા દલીલથી કે સમજુતીથી થઇ શકતી નથી. તેઓના મનમાં ઠસી ગયું હતું કે મેં કોમને દગો દીધો છે અને એ મેલ જ્યાં સુધી તેમના મગજમાંથી ન નીકળે ત્યાં સુધી મારૂં સમજાવવું નકામું જ હોય.

તેજ દિવસે ફિનિક્સ પહોંચ્યો. જે મિત્રો આગલી રાતે મારૂં રક્ષણ કરવામાં રોકાયા હતા તેઓએ મને એકલો મૂકવાની સાફ ના પાડી, અને પોતે ફિનિક્સમાં પડાવ નાંખશે એવું મને સંભળાવી દીધું. મેં કહ્યું, "તમે મારી ના ઉપરવટ થઇને આવવાને ઇચ્છશો તો હું રોકી નહિ શકું; પણ ત્યાં તો જંગલ છે અને ત્યાંના વસનારાઓ અમે તમને ખાવાનું પણ નહિ આપીએ તો તમે શું કરશો?" તેમાંના એકે જવાબ આપ્યો, "અમને એવો ડર બતાવવાની જરૂર નથી. અમારી સગવડ અમે કરી શકીશું. અને અમે જ્યાં સુધી સિપાઇગીરી કરતા હોઇશું ત્યાં સુધી તમારા કોઠારની લૂંટ કરતાં પણ અમને કોણ રોકનાર હતું!"

એવા પ્રકારનો વિનોદ કરતા અમે ફિનિક્સ ગયા. આ ટુકડીનો મુખી એક હિન્દીઓમાં પ્રખ્યાતિ પામેલો જૅક મુડલી નામે હતો. તે

નાતાલમાં તામિલ માબાપને ત્યાં જન્મ્યો હતો. તેણે મુક્કાબાજીની (બૉક્સીંગની) ખાસ તાલીમ લીધી હતી, અને તે એમ માનતો હતો અને તેના સાથીઓ પણ એમ માનતા કે મુક્કાબાજીમાં ગોરા કે કાળામાંથી કોઇ જૅક મુડલીનો હરીફ થઇ શકે એવો ન હતો. દક્ષિણ આફ્રિકામાં મારી આદત જ્યારે વરસાદ ન હોય ત્યારે ઘણાં વરસ થયાં તદ્દન બહાર ઉઘાડામાં સૂવાની હતી. તેમાં આ વખતે ફેરફાર કરવા હું તૈયાર ન હતો, તેથી સ્વનિર્મિત રક્ષકોની ટુકડીએ રાતના મારા બિછાનાની પાસે પહેરા ભરવાનું નક્કી કર્યું. જો કે આ ટુકડીની ઉર્પનમાં મેં મજાક કરેલી ને તેઓને આવતા રોકવાનો પણ પ્રયત્ન કરેલો. છતાં મારે મારી એટલી નબળાઈ કબૂલ કરવી જોઇએ કે જ્યારે તેઓએ પહેરો શરૂ કર્યો ત્યારે મને વધારે નિર્ભયતા લાગી, અને મનમાં એમ પણ થયું કે જો તેઓ ન આવ્યા હોત, તો હું આટલો જ નિર્ભય થઇને સૂઇ શકત ખરો? મને એમ ભાસે છે કે કંઇ અવાજથી હું અવશ્ય ચમકી ઉઠત. ઇશ્વરની ઉપરની મારી શ્રદ્ધા અવિચળ છે એમ હું માનું છું. મોત એ મનુષ્ય જીંદગીમાં એક મોટો ફેરફાર જ છે અને તે ગમે ત્યારે આવે ત્યારે આવકારદાયક જ છે એમ પણ મારી બુદ્ધિ ઘણાંયે વર્ષો થયાં કબૂલ કરતી આવી છે. હૃદયમાંથી મોતનો તેમ જ બીજા ભયો કાઢી નાંખવાને મેં જ્ઞાનપૂર્વક મહાપ્રયત્ન કરેલો છે, આમ છતાં મારી જીંદગીમા એવા અવસરો મને યાદ આવી શકે છે કે જ્યારે મોતની ભેટનો વિચાર કરતાં જેમ એક વિયોગી મિત્રની ભેટનો વિચાર કરતા આપણે ઉછળીએ તેમ હું ઉછળી શક્યો નથી. આ પ્રમાણે સબળ થવા મહા પ્રયત્ન કરવા છતાં પણ મનુષ્ય ઘણીવાર નબળો રહે છે, અને બુદ્ધિમાં કરેલું જ્ઞાન

અનુભવનો અવસર આવ્યે તેને બહુ ઉપયોગમાં નથી આવી શકતું. તેમાંએ વળી જ્યારે તેને બાહ્ય આશ્રય મળે છે અને તેનો તે સ્વીકાર કરી લે છે ત્યારે તો તે પોતાનું અંતરબળ ઘણે ભાગે ખોઇ બેસે છે. સત્યાગ્રહીને આવી જાતના ભયોમાંથી સદાય બચતા રહેવાનું છે.

ફિનિક્સમાં મેં એક જ ધંધો કર્યો. ગેરસમજુતી દૂર કરવા સારૂ ખૂબ લખવાનું શરૂ કર્યું. અધિપતિ અને શંકાશીલ વાચક વર્ગની વચ્ચે એક કલ્પિત સંવાદ લખી નાંખ્યો. તેમાં જે જે શંકાઓ અને આક્ષેપો મેં સાંભળ્યા હતા તે બધાનો મારાથી બની શકે તેટલી વિગતથી નિકાલ કર્યો. પરિણામ સારૂં આવ્યું, એમ હું માનું છું. જેઓમાં ખરેખર ગેરસમજુત થઇ હોત અથવા રહી હોત તો દુઃખદ પરિણામ આવત તેઓમાં ગેરસમજુતીએ ઘર ન કર્યું એ તો જાહેર રીતે પ્રસિદ્ધ થયું. સમાધાનીને માન આપવું ન આપવું એ કેવળ ટ્રાન્સવાલમાં વસતા હિન્દીઓનું કામ હતું. તેથી તેઓનાં કાર્યો ઉપરથી તેઓની કસોટી થનાર હતી અને મારી પણ નેતા અને સેવક તરીકેની પરીક્ષા હતી. ઘણા જ થોડા હિન્દી રહ્યા હશે કે જેઓએ મરજીઆત પરવાના નહિ કઢાવ્યા હોય. પરવાના કાઢનાર અમલદારોને નિરાંત ન રહે એટલા બધા માણસો પરવાના કઢાવવા જતા હતા, અને ઘણી જ ત્વરાથી કોમે સમાધાનીની શરતોમાં પોતાને પાળવાની શરતોનું પાલન કરી બતાવ્યું. આ વાત સરકારને પણ કબૂલ કરવી પડી, અને હું જોઈ શક્યો કે ગેરસમજુતીએ જો કે ઉગ્ર સ્વરૂપ પકડયું હતું પણ તેનું ક્ષેત્ર તો ઘણું જ સંકુચિત હતું. કેટલાક પઠાણોએ જ્યારે કાયદો પોતાના જ હાથમાં લીધો

અને બલાત્કારનો રસ્તો ગ્રહણ કર્યો, ત્યારે મહાખળભળાટ થયો. પણ તેવા ખળભળાટનું પૃથક્કરણ કરવા બેસીએ ત્યારે માલમ પડી જાય છે કે તેને તળીઉં હોતું નથી. અને ઘણી વેળા તે માત્ર ક્ષણિક હોય છે. આમ છતાં તેનું જોર આજે પણ દુનિયામાં કાયમ છે કેમ કે ખૂનામરકીથી આપણે કંપી ઉઠીએ છીએ. પણ જો ધીરજપૂર્વક વિચાર કરવા બેસીએ તો તુરત માલમ પડે કે, કંપવાનું કંઈ જ કારણ નથી. ધારો કે મીર આલમ અને તેના સાથીઓના હાથી જ મારૂં શરીર જખમી થવાને બદલે નાશ પામ્યું હોત અને સાથે એમ પણ ધારો કે કોમ ઇરાદાપૂર્વક નિશ્ચિંત અને શાંત રહી હોત, મીર આલમ પોતાની બુદ્ધિને અનુસરીને બીજું નજ કરી શકે એમ જાણી તેના પ્રત્યે મિત્રભાવ અને ક્ષમાભાવ રાખ્યો હોત તો કોમને નુકસાન ન થયું હોત એટલું જ નહિ પણ કોમને તેમાંથી અતિશય લાભ થયો હોત. કેમકે કોમમાં તો ગેરસમજુતીનો અભાવ હોત તેથી કોમ બમણા જુસ્સાથી પોતાની પ્રતિજ્ઞાને વળગી રહેત અને પોતાના કર્તવ્યનું પાલન કરત. મને તો કેવળ લાભ થયો હોત. કેમકે સત્યાગ્રહીને પોતાના સત્યનો આગ્રહ રાખતાં સત્યાગ્રહના પ્રસંગમાં જ અનાયાસે મોતની ભેટ થાય તેના જેવું મંગલ પરિણામ બીજું તે કલ્પીજ ન શકે. ઉપરની દલીલો સત્યાગ્રહ જેવી લડતને જ લાગૂ પડી શકે છે. કેમકે તેમાં વેરભાવને સ્થાન જ નથી. આત્મશક્તિ અથવા સ્વાવલંબન એજ એક સાધન છે. તેમાં એકે બીજાની સામે જોઇને બેસવાનું નથી રહ્યું. તેમાં કોઈ નેતા નથી, એટલે કોઇ સેવક નથી. અથવા તો સૌ સેવક અને સૌ નેતા છે. તેથી ગમે તેવા પીઢ માણસનું મૃત્યુ એ લડતને ઢીલી નથી કરતું, એટલું જ નહિ પણ લડતનો વેગ વધારે છે.

આ સત્યાગ્રહનું શુદ્ધ અને મૂળ સ્વરૂપ છે. અનુભવમાં ાપણે એવું જોતા નથી. કેમકે બધાએ વેરનો ત્યાગ કર્યો હોતો થી. અનુભવમાં સૌ સત્યાગ્રહનું રહસ્ય સમજતા પણ જોવામાં ાવતા નથી અને ઘણા થોડાનું જોઇને તેનું મૂઢ અનુકરણ કરે . વળી સામુદાયિક અને સામાજીક સત્યાગ્રહનો. ટ્રાન્સવાલનો ખતરો એ ટૉલસ્ટૉયના કહેવા પ્રમાણે તો પહેલો જ ગણાય. પોતે શુદ્ધ સત્યાગ્રહના ઐતિહાસિક દાખલા જાણતો નથી. મારૂં ૈતિહાસિક જ્ઞાન નજીવું હોવાથી હું આ વિષે નિશ્ચયપૂર્વક ભિપ્રાય નથી બાંધી શકતો. પણ ખરૂં જોતાં આપણને એવા ાખલાઓની સાથે પણ સંબંધ નથી. સત્યાગ્રહનાં મુળતત્ત્વો ીકારો એટલે મેં કહ્યાં એ પરિણામ તેમાં રહેલાં જ છે એમ જોઇ કાશે. એનો અમલ કરવો એ મુશ્કેલ અથવા અશક્ય છે એમ ીલ કરીને આવી અમૂલ્ય વસ્તુને ઉડાવી ન શકાય. શસ્ત્રબળના ીજા અખતરાઓ તો હજારો વર્ષ થયાં થતા જ આવ્યા છે. તેનાં ડવાં પરિણામો આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. ભવિષ્યમાં તેમાંથી ારાં પરિણામો ઉપજવાની આશા થોડી જ બાંધી શકાય. અંધારા-ંથી જો અજવાળું ઉત્પન્ન કરી શકાતું હોય તો વેરભાવ-ંથી પ્રેમભાવ પ્રકટાવી શકાય.

[પ્રથમ ખંડ સમાપ્ત]

સૂચી

[નામવાર]

અ

આ

ઇ

ઉ

એ

[વિષયવાર]

અ

આ

ઈ

પ

ફ

બ

હ